બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૫૯ના જાન્યુઆરી માસની સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર તા. ૨૪-૧-૧૯૫૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી અને રવિવાર તા. ૨૫-૧-૧૯૫૯ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

	૨૪-૧-૧૯૫૯	૨૫-૧-૧૯૫૯
૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનોટ, ડેપ્યૂટી ડાયરેક્ટર ઑફ એજ્યૂકેશન	હાજર	ગેરહાજર
૩. શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર	હાજર
૪. શ્રી. એસ. એમ. શાહ	ગેરહાજર	ગેરહાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર	ગેરહાજર
૬. શ્રી. અંબેલાલ એમ. નાયક	હાજર	હાજર
૭. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	હાજર	હાજર
૮. ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર	ગેરહાજર
૧૦. ડૉ. નાનુભાઈ ર. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર	હાજર
૧૪. પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર	હાજર
૧૫. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર	હાજર
૧૬. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૭. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	ગેરહાજર	ગેરહાજર
૧૮. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	ગેરહાજર	હાજર

૧. તા. ૬-૧૨-૧૯૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની ડિસેમ્બર માસની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૬-૧૨-૧૯૫૮ના રોજ મળેલી સિન્ડિકેટની ડિસેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૪-૧૧-૫૮ના રોજ મળેલ બેઠકની નીચેની ભલામણો મંજૂર કરવા બાબત.

૧. યુનિવર્સિટી કાર્યાલયના લેાડ અંગે તપાસ કરવા નિષ્ણાતની નિમણૂક કરવા બાબત

ચર્ચા દરમિયાન પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ એ જણાવ્યું હતું કે, પૂના યુનિવર્સિટીની કાર્યાલયની કામગીરીની વ્યવસ્થા અંગે શ્રી. વાય. ડી. ખાને તાજેતરમાં એક રિપોર્ટ કર્યો છે. તે ઉપરથી લાગ્યું કે, શ્રી. ખાનને આપણે ત્યાં પણ આમંત્રણ આપી તેમનાં સલાહ-સૂચનો મેળવવાં ઉપયોગી થશે. તેથી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. વાય. ડી. ખાનની સાથે પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ એ પત્રવ્યવહાર કરીને તેમની સંમતિ મેળવીને જણાવે તે પછી તેમને આ કામ માટે વિધિસર આમંત્રણ મોકલવું. દરમિયાન કામનો બોજો તપાસવાના કાર્યનો ખર્ચનો રૂા. ૧૪,૦૦૦નો અડસટ્ટો જોતાં યુનિવર્સિટીએ હાલ એ માટે એટલી મોટી રકમ ખર્ચીને તપાસ કરાવવાની આ સમિતિને જરૂર જણાતી નથી.

૨. ટેલિફોન ઓપરેટરની જગાનું પગાર ધોરણ નક્કી કરવા બાબત

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ટેલિફોન ઓપરેટરની જગા માટે લાયકાત તથા પગારનું ધોરણ જૂનિયર ક્લાર્કની લાયકાત તથા પગારના ધોરણ પ્રમાણે રાખવાં.

૪. યુનિવર્સિટી બુલેટિનનું સંપાદન કાર્ય સોંપવા અંગે વિચારણા કરવા બાબત

અને

૬. યુ. જી. સી.એ તેઓને માહિતી પૂરી પાડવા માટે કેટલોક સ્ટાફ નીમવા અંગે વાર્ષિક રૂા. ૬,૦૦૦ ની જે ગ્રાન્ટ આપી છે તે પેટે એક કારકુન અને એક ક્લાર્ક-ટાઈપિસ્ટની જગા મંજૂર કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા સરકારી તંત્રો વગેરેને જરૂરી માહિતી પૂરી પાડવા માટે એક અલાયદો વિભાગ ખોલવો અને તે માટે નીચે પ્રમાણે કર્મચારીઓની વધુ જગાઓ ખોલવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧.	સુપરિન્ટેન્ડેન્ટ, (જનસંપર્ક અને માહિતી)	૧
૨.	જૂનિયર ક્લાર્ક	૧
૩.	ટાઇપિસ્ટ	૧

આ વિભાગને " વિદ્યા " અને બુલેટિન " જેવાં યુનિવર્સીટીનાં પ્રકાશનોનું કામકાજ સંભાળવાનું (રજિસ્ટ્રારની સામાન્ય દેખરેખ હેઠળ) પણ સોંપવામાં આવે. તે વિભાગ શરૂ થાય તે દરમિયાન આ કામકાજ શ્રી. એસિસ્ટન્ટ રજિસ્ટ્રારને સોંપવું અને તે માટે તેમને વધારાનું ભથ્થું આપવું નહિ.

સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૪-૧૧-૫૮ના રોજ મળેલી બેઠકની નીચેની ભલામણો મંજૂર કરવામાં આવી :-

૧. ચર્ચા દરમ્યાન પ્રિ. એલ. આર. દેસાઇએ જણાવ્યું હતું કે પૂના યુનિવર્સિટીની કાર્યાલયની કામગીરીની વ્યવસ્થા અંગે શ્રી. વાય. ડી. ખાને તાજેતરમાં એક રિપોર્ટ કર્યો છે. તે ઉપરથી લાગ્યું કે, શ્રી. ખાનને આપણે ત્યાં પણ આમંત્રણ આપી તેમના સલાહસૂચનો મેળવવા ઉપયોગી થશે. તેથી ઠરાવવામાં આવ્યું કે શ્રી. વાય. ડી. ખાનની સાથે પ્રિ. એલ. આર. દેસાઈએ પત્રવ્યવહાર કરીને તેમની સંમતિ મેળવીને જણાવે તે પછી તેમને આ કામ માટે વિધિસર આમંત્રણ મોકલવું. દરમ્યાન કામનો બોજો તપાસવાના કાર્યના ખર્ચનો રૂા. ૧૪,૦૦૦નો અડસટ્ટો જોતાં યુનિવર્સિટીએ હાલ એ માટે એટલી મોટી રકમ ખર્ચીને તપાસ કરાવવાની આ સમિતિને જરૂર જણાતી નથી.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ટેલીફોન આપરેટરની જગા માટે લાયકાત તથા પગારનું ધોરણ જુનિયર કલાર્કની લાયકાત તથા પગારના ધોરણ પ્રમાણે રાખવાં.

૩ આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા સરકારી તંત્રોને વગેરે જરૂરી માહિતી પૂરી પાડવા માટે એક અલાયદો વિભાગ ખોલવો અને તે માટે નીચે પ્રમાણે કર્મચારીઓની વધુ જગાઓ ખોલવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :-

૧.	સુપ્રિન્ટેન્ડન્ટ (જનસંપર્ક અને માહિતી.)	૧
૨.	જુનિયર કલાર્ક	૧
૩.	ટાઇપિસ્ટ	૧

આ વિભાગને " વિદ્યા " અને " બુલેટિન " જેવાં યુનિવર્સિટીનાં પ્રકાશનોનું કામકાજ સંભાળવાનું (રજિસ્ટારની સામાન્ય દેખરેખ હેઠળ) પણ સોંપવામાં આવે. તે વિભાગ શરૂ થાય તે દરમ્યાન આ કામકાજ શ્રી. આસી: જિસ્ટારને સોંપવું અને તે માટે તેમને વધારાનું ભથ્થું આપવું નહિ.

૩. બી. ફાર્મ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા ઓક્ટોબર ૧૯૫૯ સુધી નવા અભ્યાસક્રમ સાથે લેવાની ચાલુ રાખવા અંગે ફાર્મસી કૉલેજના આચાર્ય તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. ફાર્મ. ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા ઓક્ટોબર ૧૯૫૯ સુધી નવા અભ્યાસક્રમની સાથે લેવાનું રાખવું.

૪. પ્રિન્સિપલ સહિતના શિક્ષક મતદાર વિભાગમાથી ફેબ્રુઆરી માસમાં યોજવામાં આવનારી સેનેટ પરની કેટલીક પેટા-ચૂંટણીઓ માટે મતદાન મથકો નક્કી કરવા અને ચૂંટણી અધિકારીઓની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

ચૂંટણીના મથક બાબત કાર્યાલયનું સૂચન નીચે મુજબ છે.

	કેન્દ્ર	મતદાન મથક
૧.	અમદાવાદ	યુનિવર્સિટી સેનેટ હૉલ,
૨.	મોરબી	લખધીરજી એન્જિનિયરીંગ કૉલેજ, મોરબી.

૩. સુરત — સાર્વજનિક લૉ કૉલેજ, સુરત.
૪. જામનગર — આયુર્વેદિક મહાવિદ્યાલય, જામનગર.
૫. રાજકોટ — એ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટ.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિન્સિપલો સહિતના શિક્ષકમતદાર વિભાગમાં ખાલી પડેલી જગાઓ માટે આગામી ફેબ્રુઆરી માસમાં યોજવામાં આવનાર સેનેટની કેટલીક પેટા-ચૂંટણીઓ માટે નીચે પ્રમાણે મતદાન-મથકો રાખવાં તથા ચૂંટણી-અધિકારીઓની નિમણૂંક કરવી :

કેન્દ્ર	મતદાન-મથક	ચૂંટણી-અધિકારી
૧. અમદાવાદ	યુનિવર્સિટી સેનેટ હૉલ	શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઈ
૨. મોરબી	લખધીરજી એન્જિનિયરીંગ કૉલેજ	મોરબી મ્યુનિસિપાલિટીના ચીફ ઓફિસર
૩. સુરત	સાર્વજનિક લો કૉલેજ, સુરત	હેડમાસ્તર, ટી. એન્ડ ટી. વી. સાર્વજનિક હાઇસ્કૂલ, સુરત
૪. જામનગર	આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર	જામનગર મ્યુનિસિપાલિટીના ચીફ ઓફિસર
૫. રાજકોટ	એ.એમ.પારેખ લૉ કૉલેજ, રાજકોટ	રાજકોટ મ્યુનિસિપાલિટીના ચીફ ઓફિસર

૫. કૉમર્સ અને લૉ ની વિદ્યાશાખામાં એક્સ્ટર્નલ પરીક્ષા પદ્ધતિ દાખલ કરવા અંગે લૉ અને કૉમર્સની વિદ્યાશાખાઓનો નીચેનો અભિપ્રાય : (જાણ માટે.)

તા. ૩-૯-૧૯૫૮ની લૉ ની વિદ્યાશાખાનો અભિપ્રાય:

".....ઠરાવવામાં આવ્યું કે આ ફેકલ્ટી એક્સ્ટર્નલ પરીક્ષાપદ્ધતિ દાખલ કરવાની તરફેણમાં નથી."

તા. ૩૦-૮-૧૯૫૮ની કૉમર્સની વિદ્યાશાખાનો અભિપ્રાય :

"આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે એક્સ્ટર્નલ પરીક્ષાપદ્ધતિ કૉમર્સ ફેકલ્ટીમાં દાખલ કરવાની તરફેણમાં આ ફેકલ્ટી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે, લૉ અને કૉમર્સની વિદ્યાશાખાઓના મજકૂર અભિપ્રાયોની નોંધ લેવી.

૬. સેનેટે તેની તા. ૯-૧૦-૧૯૫૮ની બેઠકમાં કેટલાંક નવા ડિપ્લોમા સ્થાપવા અંગેની ભલામણ મંજૂર કરી હોવાથી તે અંગેના સ્ટે. ૧૭૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

St. 179 : The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed course at an institution or institutions affiliated to the University under Sec. 33. of the Act and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations :

1. Diploma in Teaching
2. Diploma in Statistics
3. Diploma in Journalism
4. Diploma in Labour Welfare
5. Diploma in Labour Laws and Practice
6. Diploma in Taxation Law and Practice
7. Diploma in Pharmacy
8. Diploma in Opthalmology
9. Diploma in Anaesthesia (D.A.)
10. Diploma in Child Health (D.C.H.)
11. Diploma in Public Health (D.P.H.)
12. Diploma in E.N.T. (D.L.O.)
13. Diploma in Gynaecology (D.G.O.)
14. Diploma in Skin Veneral Diseases (D.V.D.)
15. Diploma in Medical Radiology and Electro Therapeutics (D.M.R.E.)

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૭૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા વારતે સેનેટને ભલામણ કરવી :

St. 179 : The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed course at an Institution or Institutions affiliated to the University under Sec. 33 of the Act and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations :

1. Diploma in Teaching
2. Diploma in Statistics
3. Diploma in Journalism
4. Diploma in Labour Welfare
5. Diploma in Labour Laws and Practice

6. Diploma in Taxation Laws and Practice
7. Diploma in Pharmacy
8. Diploma in Opthalmology
9. Diploma in Anaesthesia (D.A.)
10. Diploma in Child Health (D C.H.)
11. Diploma in Public Health (D.P.H.)
12. Diploma in E.N.T. (D.L.O.)
13. Diploma in Gynaecology (D.G.O.)
14. Diploma in Skin Veneral Diseases (D.V.D.)
15. Diploma in Medical Radiology and Electro Therapeutics (D.M.R.E.)

૭. એકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર એમ. કોમ.ના વિદ્યાર્થીઓને સ્પેશ્યલ (મુખ્ય) વિષયમાં બેસવા દેવા બાબતના નવા ઓ. ૩૧૨-એ નો નીચે મુજબનો મુસદ્દો :

O. 312–A : A candidate who is declared to have passed the examination for the degree of Master of Commerce under the Regulations of this University, on payment of a fresh fee of Rs. 100/– be admitted to the M.Com. Degree Examination after keeping two additional terms in any one of the special subjects specified in Regulation 216 in which he has not already passed, and will, on passing in such additional subject, be awarded a certificate to that effect.

આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિનન્સ નં. ૩૧૨–એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો અને સુધારાયેલા ઓર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

0. 312 A. : A candidate who is declared to have passed the examination for the Degree of Master of Commerce under the Regulations of this University may, on payment of a fresh fee of Rs. 100/–be admitted to the M. Com Degree Examination after keeping two additional terms in any one of the special subjects specified in Regulation 216 in which he has not already passed, and will, on passing in such additional subject, be awarded a certificate to that effect.

૮. આગામી માર્ચ–એપ્રિલમાં લેવાનારી પરીક્ષાઓ માટે નીચે જણાવેલ કોલેજો તરફથી તેમના નામ સામે જણાવેલ પરીક્ષાઓ વાસ્તે કેન્દ્ર આપવા માટે માંગણી કરતા આવેલ પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

	કૉલેજ	પરીક્ષાનું નામ	બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા બી.એ.	બી.એસસી.
૧.	આર. આર. લાલન કૉલેજ ભૂજ	બી. એ. (સ્પે. અને. જન.) બી. એસસી. (પ્રિન્સિ. અને સબ્સી.)	૫૦	૩૫
૨.	બહાઉદીન કૉલેજ, જુનાગઢ	બી. એ. (સ્પે. અને જન.) બી. એસસી. (પ્રિન્સિ. અને સબ્સી.)	૧૦૯	૬૩
૩.	એમ. એન. કૉલેજ, વિસનગર	,,	૯૦	૬૬
			ઇન્ટર આર્ટસ	ઇન્ટર સાયન્સ
૪.	જયેન્દ્રપુરી આર્ટસ અને સાયન્સ કૉલેજ, ભરૂચ	ઇન્ટર આર્ટસ અને સાયન્સ	૧૫૦	૧૦૦
૫.	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર	,,	૧૯૦	૯૦
૬.	આર્ટસ કૉલેજ, ડભોઇ	ઇન્ટર આર્ટસ	૩૯	
			ઇન્ટર કૉમર્સ	
૭.	પી.ડી. માલવીઆ કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ	ઇન્ટર કૉમર્સ	૮૧	

આથી ઠરાવવામાં આવે છે કે, ભૂજ, જૂનાગઢ અને વિસનગર ખાતે આ યુનિવર્સિટીની બી. એ. તથા બી. એસસી. (થિયરી) ની ૧૯૫૯ અને તે પછીની પરીક્ષાઓ માટે કેન્દ્રો રાખવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જો કોઈ કેન્દ્રમાં ૨૫ કે તેથી વધુ વિદ્યાર્થીઓ કોઈ એક વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે બેસવાના હોય તો તે સ્થળે પ્રાયોગિક પરીક્ષાનું કેન્દ્ર પણ રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભરૂચ, સુરેન્દ્રનગર અને રાજકોટ ખાતે ઇન્ટરમિડિયેટ આર્ટસ અને ઇન્ટરમિડિયેટ સાયન્સ (પ્રશ્નપત્રો તથા પ્રાયોગિક) પરીક્ષાઓ માટે તથા રાજકોટ ખાતે ઇન્ટરમિડિયેટ કૉમર્સ માટે ૧૯૫૯ અને તે પછીની પરીક્ષાઓ માટે કેન્દ્રો રાખવાં તથા ડભોઇ ખાતે ઇન્ટરમિડિયેટ આર્ટસનું કેન્દ્ર રાખવું નહિ.

૯. યુનિવર્સિટીના નીચેના બે વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસ માટે સમિતિ નીમવા બાબત.

૧. સમાજ વિદ્યાભવન
૨. ગુજરાતી ભાષા સાહિત્ય ભવન

(**નોંધ :** સિન્ડિકેટે તેની તા. ૭-૯-૫૮ની બેઠકમાં બાબત નં. ૨૧થી ઉપર મુજબ ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે,

૧. સમાજવિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસ માટે નીચે જણાવેલા સભ્યોની તપાસસમિતિ નીમવી :

૧. પ્રોફેસર જી. એસ. ઘૂર્યે; અને

૨. પ્રોફેસર ડી. ટી. લાકડાવાળા.

૨. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનની ત્રિવાર્ષિક તપાસ માટે નીચે જણાવેલા સભ્યોની તપાસ સમિતિ નીમવી :

૧. પ્રોફેસર વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદી; અને

૨. પ્રોફેસર બી. જે. સાંડેસરા.

૧૦. ત્રિવાર્ષિક તપાસ સમિતિની ભલામણ અનુસાર ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં સેનિટેશનની સગવડ વધારવા બાબત લખતાં કૉલેજના આચાર્યનો જવાબ.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર કૉલેજના આચાર્યના જવાબની નોંધ લેવી.

૧૧. નીચેના શિક્ષકોની તેમના નામ સામે જણાવેલ કૉલેજમાં કરવામાં આવેલી નિમણૂંકો મંજૂર કરવા બાબત.

૧.	ડૉ. આર. એચ. મહેતા	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	ઓન.ડેન્ટલ સર્જન
૨.	ડૉ. સી. એચ. વૈદ્ય	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	સિનિયર લેકચરર ઇન ફોરેન્સિક મેડિસિન
૩.	ડૉ. એચ. સી. મંકોડી	,,	સિનિયર લેકચરર ઇન ઓપ્થેલમોલોજી
૪.	ડૉ. કે. એન. બક્ષી	,,	સિનિયર લેકચરર ઇન રેડિયોલોજી
૫.	ડૉ. વી. એલ. કામદાર	,,	સિનિયર લેકચરર ઇન એનેસ્થેશીઓ

(**નોંધ :** મેડિકલ ફેકલ્ટીના ડીનના અભિપ્રાય પ્રમાણે તેમની લાયકાત જોતાં ખાસ કેસ તરીકે તેમને લાયક ગણવા)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા શિક્ષકોની નિમણૂંકો અપવાદરૂપ ગણીને મંજૂર કરવી.

૧૨. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાં અંગ્રેજીના પ્રાધ્યાપક મળી શકતા નહી હોવાથી હાલના લેકચરર શ્રી. બી. જે. પંડ્યાને ચાલુ સાલ પૂરતા પ્રોફેસર તરીકે ચાલુ રાખવા દેવા મજકૂર કૉલેજના પ્રિન્સિપલના તા. ૨૧-૧૨-૫૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદના અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે શ્રી. બી. જે. પંડ્યાને ચાલુ સત્ર પૂરતા જ માન્ય કરવા તથા આવતા સત્રથી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂંક કરીને રિપોર્ટ કરવા માટે મજકૂર કૉલેજના સત્તાવાળાઓને જણાવવું.

૧૩. સવાર તથા સાંજે ચાલતા વર્ગો અંગે સિન્ડિકેટના તા. ૭-૯-૫૮ની સભાના ઠરાવ અનુસાર મંગાવવામાં આવેલી માહિતી પર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચા-વિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

જે કૉલેજમાં એક કરતાં વધારે વિદ્યાશાખાઓના અભ્યાસ માટે જોગવાઇ કરવામાં આવતી ન હોય તે કૉલેજે સવારે અને અથવા સાંજે વર્ગો ચલાવે તે પ્રથા ચાલુ રાખવી હિતાવહ નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે.

(**નોંધ** : વ્યવસાયી શિક્ષણ માટેની કૉલેજોને આ અભિપ્રાય લાગુ પડતો નથી.)

૧૪. આર્ટ્સ કૉલેજ, ડભોઇમાં અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક મળી શકતા ન હોવાથી શ્રી. એસ. એન દેરાસરીની નિમણૂંકને ચાલુ સત્ર પૂરતી ચાલુ રાખવા દેવાની કૉલેજના આચાર્યની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ કૉલેજ, ડભોઇમાં અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે શ્રી. એસ. એન. દેરાસરીની નિમણૂંકને ફક્ત ચાલુ સત્ર પૂરતી જ માન્ય કરવી તથા આવતા સત્રથી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂંક કરીને રિપોર્ટ કરવા માટે મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું.

૧૫. એમ. જે. કૉલેજ ઓફ કૉમર્સ, ભાવનગરમાં કામ કરતાં શ્રીમતી વીણા આર. શાહ લેક્ચરરને ચાલુ સત્ર પૂરતા ચાલુ રાખવા દેવા માટે પ્રિન્સિપલની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જે. કૉલેજ ઓફ કૉમર્સ, ભાવનગરમાં શ્રીમતી વીણા આર. શાહની વાણિજ્યના વિષયના લેક્ચરર તરીકેની નિમણૂંકને ચાલુ સત્ર પૂરતી જ માન્યતા આપવી તથા આવતા સત્રથી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂંક કરીને રિપોર્ટ કરવા માટે મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું.

૧૬. જરૂરી પ્રમાણપત્રોના અભાવે સિન્ડિકેટના તા. ૭-૯-૫૮ના ઠરાવથી રદ કરવામાં આવેલાં પોતાના સત્રો હવે પ્રમાણપત્રો આવી ગયાં હોવાથી મંજૂર કરવા માટેની બી. એમ. ઇન્સ્ટીટ્યૂટ ઓફ ચાઇલ્ડ ડેવલપમેન્ટના વિદ્યાર્થિની કુ. એસ. એન. પારેખની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. એસ. એન. પારેખનાં તા. ૭-૯-૧૯૫૮ ની સિન્ડિકેટના ઠરાવથી રદ કરવામાં આવેલાં સત્રો મંજૂર કરવાં.

૧૭. અનુસ્નાતક નિયમ નં. ૨૩ "એ" અનુસાર એમ. એન. કૉલેજ, વિસનગરમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ પ્રિન્સિપલ કે. આર. પોતદારની ખાલી પડેલી જગ્યાએ શ્રી. વી. જી. પંડ્યાની સંસ્કૃતના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ, વીસનગરના સંસ્કૃતના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. વી. જી. પંડ્યાની નિમણૂક કરવી.

૧૮. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રને ૧૯૫૮-૫૯ના વર્ષની બચેલી પુરાંતમાંથી રૂા. ૧,૫૦૦ના સાયકોલોજી ટેસ્ટ મટીરીયલ્સ ખરીદવાની પરવાનગી માગતાં તે કૉલેજના પ્રિન્સિપલ તરફથી આવેલા તા. ૫-૧-૧૯૫૯ના પત્રાંક ૪૬૭ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ચાલતા મેથેમેટીક્સ વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રોફેસર પી. સી. વૈદ્યની જગાએ અનુસ્નાતક નિયમ નં. ૨૩ "એ" અનુસાર કૉલેજના આચાર્યની સૂચના મુજબ શ્રી. પી. વી. પારેખની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદના મેથેમેટિકસના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. પી. વી. પારેખની નિમણૂક કરવી.

૨૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૨૪-૧૧-૧૯૫૮ની સભાનો નીચેનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે દર્શાવેલ શિક્ષકોને તેમના નામ સામે જણાવેલા વિષયો કે શાખાઓ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષકોને માન્ય કરવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૨૪-૧૧-૧૯૫૮ ની ભલામણો મંજૂર કરવી. (માન્ય કરેલા શિક્ષકોની નામાવલિ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૧. માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષક તરીકે જુદા જુદા વિષયોમાં જે જે શિક્ષકોને શ્રી. ઉપકુલપતિશ્રીએ માન્યતા આપી હતી તે કાર્યને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૨૪-૧૧-૧૯૫૮ની બેઠકમાં બહાલી આપવામાં આવી તે અંગે નીચેનો ઠરાવ.

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો ઉપરનો ઠરાવ મંજૂર કરવો. (આ ઠરાવ અન્વયે માન્ય થયેલા અનુસ્નાતક શિક્ષકોના મદદની સૌની યાદી પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૨૪-૧૧-૧૯૫૮ની સભાના કામકાજની નોંધને મંજૂર કરવી. (સભાની નોંધની નકલ પણ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૨ તા. ૧૨-૮-૧૯૫૮ના રોજ અમદાવાદ શહેરના અંદરના વિસ્તારમાં તોફાનોને લઈને અને તા. ૧૩-૧૪-૮-૫૮ના રોજ કરફ્યુ હોઇ કાર્યાલયના તથા મુદ્રણાલયના કેટલાક કર્મચારીઓ કાર્યાલયમાં હાજર રહી શકયા નહોતા તો તેમની ગેરહાજરી માફ કરવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના તથા મુદ્રણાલયના મજદૂર કર્મચારીઓની ગેરહાજરી માફ કરવી.

૨૩. સમાજવિદ્યાભવનમાં અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે નીમાયેલા શ્રી. બી. એમ. ભટ્ટ તેમના તા. ૧૯-૧૧-૫૮ના પત્રથી જણાવે છે કે, તેઓ અંગત કારણોસર હાજર થઈ શકશે નહિ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજદૂર બાબતની નોંધ લેવી.

૨૪. જુનિયર ક્લાર્ક શ્રી. પી. વી. શેઠ રાજીનામું આપી છુટા થયા હોવાથી તેમને તેમના ફાળાની પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જુનિયર ક્લાર્ક શ્રી. પી. વી. શેઠને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમની પ્રોવિડંટ ફંડની રકમ પરત પરવી.

૨૫. જુનિયર ક્લાર્ક શ્રી. કે. બી. દવે રાજીનામું આપી છુટા થયા હોઈ તેઓને તેમના ફાળાની પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જુનિયર ક્લાર્ક શ્રી. કે. બી. દવેને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમની પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૨૬. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનની એક સાયકલ કાર્યાલયમાંથી ચોરાયાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજદૂર બાબતની નોંધ લેવી.

૨૭. સુદૃઢ શરીર હરીફાઈમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને કેટલું અને શું ઈનામ આપવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુદૃઢ શરીર હરીફાઈના વિજેતાઓને પ્રત્યેક વર્ષે નીચે પ્રમાણે ઈનામો આપવાં :

૧. પુરુષ-વિદ્યાર્થીઓની હરીફાઈમાં પ્રથમ આવનારને રૂા. ૧૦૦નું રોકડ ઇનામ તથા પ્રમાણપત્ર.

૨. વિદ્યાર્થિનીઓની પૈકી હરીફાઈમાં પ્રથમ આવનાર રૂા. ૧૦૦ નું રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર.

૨૮. સન ૧૯૫૮-૫૯ના વર્ષ માટે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા માટે નીમાયેલ વ્યાખ્યાતા શ્રી. વી. આર. ત્રિવેદીએ તબીયતને કારણે જુલાઈ ૧૯૫૯માં આ વ્યાખ્યાનો આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત તથા વ્યાખ્યાનમાળા માટે સ્થળ અને તારીખો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગોવર્ધનરામ માધવલાલ ત્રિપાઠી વ્યાખ્યાનમાળામાં પ્રોફેસર વી. આર. ત્રિવેદીનાં વ્યાખ્યાનો જુલાઈ ૧૯૫૯ માં અમદાવાદ ખાતે રાખવાં.

૨૯. યુનિવર્સિટીના જુદાં જુદાં ખાતાં બેન્ક ઑફ ઈન્ડિયાની તેમની નવરંગપુરાની શાખામાં ખોલવાનું વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં નીચેનાં ખાતાઓ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાંથી બંધ કરીને બેન્ક ઓફ ઇન્ડિયા લિમિટેડની નવરંગપુરા, અમદાવાદની શાખામાં ખોલવાં:

૧. યુનિવર્સિટી પ્રોવિડંટ ફંડ એકાઉન્ટ;
૨. યુનિવર્સિટી એન્ડાઉમેન્ટ એકાઉન્ટ;
૩. યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ;
૪. યુનિવર્સિટી બિલ્ડીંગ એકાઉન્ટ; અને
૫. યુનિવર્સિટી ઇયર માર્કડ ફંડ એકાઉન્ટ.

આ ખાતાઓ "ઓપરેટ" કરવા માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

A. Resolved that the Banking Accounts to be called (1) the University Provident Fund Account and (2) the University Endowment Account be opened with the Navrangpura Branch of the Bank of India Ltd., Ahmedabad; and that the said Bank be and is hereby authorised to honour cheques, bills of exchange and promissory notes drawn, accepted or made on behalf of the Gujarat University by Shri K. C. Parikh, Registrar, Gujarat University and to act on any instructions so given relating to the Accounts, whether the same be overdrawn or not; or relating to the transactions of the Gujarat University.

B. Rasolved that the Banking Accounts to be called (1) the University Fund Account, (2) the University Building Account and (3) the University Earmarked Fund Account be opened with the Navrangpura Branch of the Bank India Ltd. Ahmedabad, and that the said Bank be and is hereby authorised to honour cheques, bills of exchange and promissory notes drawn, accepted or made on behalf of the Gujarat University by any two of the following persons jointly and to act on any instructions so given relating to the Accounts, whether the same be overdrawn or not; or relating to the transactions of the Gujerat University :

1. Shri Maganbhai P. Desai, Vice-Chancellor, Gujarat University;
2. Dr. M. D. Patel, Member of the Syndicate, Gujarat University;
3. Principal L. R. Desai, Member of the Syndicate, Gujarat University;
4. Principal S. V. Desai, Member of the Syndicate, Gujarat Univereity;
5. Shri S. M. Shah, Member of the Syndicate, Gujarat University; and
6. Shri K. C. Parikh, Registrar, Gujarat University.

૩૦ ન્યુ દિલ્હી ખાતે "India International Centre" સ્થાપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૬-૧૨-૫૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ન્યૂ દિલ્હી ખાતે "ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર"ની સ્થાપના માટે આ યુનિવર્સિટી તરફથી રૂા. ૧૦,૦૦૦ નો ફાળો આપવો.

૩૧. સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭/૧૧-૫૭ની સભામાં યુનિવર્સિટીમાં જુદી જુદી જગાઓ પૂરવા માટે નિયત કરેલા અરજીપત્રની કિંમત રૂા. ૧) ઠરાવેલી પરંતુ વહીવટી સુગમતાની દૃષ્ટિએ તેની કિંમત લેવાને બદલે અરજી સાથે રૂા. ૧) ફી લેવાનું રાખવા માટે કાર્યાલયના સૂચન પર વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અરજીપત્રની કિંમત રૂા. ૧.૦૦ નહિ રાખતાં અરજી સાથે રૂા. ૧.૦૦ ની ફી લેવાનું કાર્યાલયનું સૂચન મંજૂર કરવું.

(**નોંધ:** અરજીપત્ર માગે તેને વિના મૂલ્યે આપવાનું રહેશે.)

૩૨. ૧૯૫૬-૫૭ના વર્ષમાં યુનિવર્સિટીને મળેલ સરકારી ગ્રાન્ટસ ઉપરની તા. ૨૧-૫-૧૯૫૮ની ઓડીટ નોટ ન. એલ. ૩૦-૧૩૯૫૯ તથા તે અંગે કાર્યાલયે તૈયાર કરેલી નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૬-૫૭ના વર્ષમાં યુનિવર્સિટીને મળેલી સરકારી ગ્રાન્ટ્સ ઉપરની તા. ૨૧-૫-૧૯૫૮ ની ઓડિટ નોટ નં. એલ. ૩૦-૧૩૯૫૯ ઉપર કાર્યાલયે તૈયાર કરેલી નોંધ મંજૂર કરવી.

(મજકૂર ઓડિટ નોટ તથા કાર્યાલયે તૈયાર કરેલી નોંધની નકલો પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૩. તા. ૨૦-૩-૧૯૫૯ના રોજ યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી. કીકુભાઇ ર. દેસાઈને ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ પોતાની સેવાઓની મુદત લંબાવવા બાબતમાં તેમની તા. ૨૫-૧૧-૫૮ની અરજી (નોકરી અંગે નક્કી કરેલા નિયમ ૧૪ની રૂએ) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ગ્રન્થપાલ શ્રી. કીકુભાઈ ર. દેસાઈની સેવાઓ વધુ બે વર્ષ માટે ચાલુ રાખવાનું હાલ પૂરતું નક્કી કરવું.

૩૪. "શ્રીનાથ શતાબ્દી મહોત્સવ મહાસમિતિ, આનંદાશ્રમ, બીલખા (સૌરાષ્ટ્ર)" તરફથી મળેલ દેણગીના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "શ્રીનાથ શતાબ્દિ મહોત્સવ મહાસમિતિ, આનંદાશ્રમ, બિલખા સૌરાષ્ટ્ર" તરફથી મળેલ દેણગીમાંથી "મહારાજશ્રી નથુરામ શર્મા, આનંદાશ્રમ, બિલખા સુવર્ણચન્દ્રક" પ્રદાન કરવા માટેના નિયમો મંજૂર કરવા. (મંજૂર કરેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૫. એલએલ.એમ.ની પરીક્ષામાં ૧૯૫૫માં ઉત્તીર્ણ થયેલ શ્રી. ડી. સી. ઘીવાળા તરફથી તેમને નવા રે. ૧૬૩ મુજબ શ્રેણી આપવા બાબતમાં તેમના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. સી. ઘીવાળાને આપવામાં આવેલા પ્રમાણપત્રમાં કશો ફેરફાર થઈ શકે નહિ પણ તેઆ જ્યારે એલએલ. એમ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા ત્યારે તે પરીક્ષામાં બીજો વર્ગ આપવાની આ યુનિવર્સિટીના નિયમોમાં જોગવાઈ ન હોતી તે હવે યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર કરવામાં આવી છે તે મતલબનું ઘટતું પ્રમાણપત્ર કાર્યાલયે આપવું.

૩૬. કુમારી ડો. એસ.સી. પંડ્યા તથા તેઓશ્રીની બહેનો તરફથી બીજી એલએલ.બી. ની પરીક્ષામાં તથા ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવા વાસ્તે રૂા. ૧૦,૦૦૦ની દેણગી આપવાના આવેલા પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડો. કુ. એસ. સી. પંડ્યા તથા તેમની બહેનો તરફથી ૧. બીજી એલએલ. બી. ની પરીક્ષામાં તથા ૨. ત્રીજી એમ. બી., બી. એસ.ની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવા વાસ્તે રૂા. ૧૦,૦૦૦ની સખાવતનો સાભાર સ્વીકાર કરવો તથા આ બાબતની સેનેટને જાણ કરવી.

૩૭. શ્રીમતી શૃંગારલક્ષ્મી માંકડ લેક્ચરશીપ ઉભી કરવા માટે રૂા. ૬,૦૦૦ની દેણગી આપવાની શ્રી. જી. બી. માંકડની દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સખાવતનો સાભાર અસ્વીકાર કરવો.

૩૮. સિન્ડિકેટે તેની તા. ૭-૯-૫૮ની સભામાં "યૂથ વેલફેર કમિટી" ન નીમતાં "બોર્ડ ઑફ સ્ટુડન્ટસ વેલફેર" ને અંગે મધ્યસ્થ સરકાર તરફથી મળેલી રૂા. ૪,૦૦૦ની ગ્રાન્ટ વાપરવા માટે ભારત સરકારની સંમતિ મંગાવવા કરેલા ઠરાવની મધ્યસ્થ સરકારને જાણ કરતાં તેઓએ કરેલા જવાબ વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીનું બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલફેર "યૂથ વેલફેર કમિટી" નામની કોઈ સમિતિ રચીને ભારત સરકારની મજકૂર યોજનાનો લાભ લઈ શકે કે કેમ તે માટે મજકૂર બોર્ડનો અભિપ્રાય પૂછાવવો તથા તે દરમિયાન વચગાળાનો જવાબ ભારત સરકારને લખી મોકલવો.

૩૯. સીન્ડર ટ્રેક અને પેવેલીઅન બાંધવા અંગે નિમાયેલા આર્કિટેક્ટ શ્રી. વી. બી. દોશી સાથે કરવાના કરારનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડર ટ્રેક અને પેવેલિયન બાંધવા માટે આર્કિટેક્ટ શ્રી. બી. વી. દોશી સાથે કરવાના કરારનો મુસદ્દો મંજૂર કરવો. (કરારના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૦. સ્ટાફ ક્વાર્ટર્સ બાંધવા માટે રૂા. ૧,૫૩,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યા બાબતના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૮-૧૨-૫૮ના પત્રાંક નં. એફ. ૪૦૯-૫૬ (એચ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૧. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને સમાજ વિદ્યાભવન તથા ગુજરાતી ભાષાસાહિત્ય ભવન માટે મંજૂર કરેલી વધારાની શિક્ષકોની જગાઓ અંગેના ખર્ચના ૫૦ ટકા હિસ્સો આપવાની સંમતિ દર્શાવતા મુંબઈ સરકારના તા. ૧૭ ડિસેમ્બર ૧૯૫૮ના પત્રાંક નં. યુ. એસ. જી. ૧૧૫૫-યુ-૧૦૬૪૮૭ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૨. સને ૧૯૫૭-૫૮ના વર્ષ આખરની રૂા. ૪,૩૫,૦૦૦ની બચતને ફાળવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૫૭-૫૮ના વર્ષની આખરે રહેલી બચતને નીચેનાં ફંડોમાં ૬૪૨-માર્કસ ફંડ તરીકે ફાળવવી :

૧.	યુનિવર્સિટી ડેવેલપમેન્ટ ફંડ	રૂા. ૩,૦૦,૦૦૦
૨.	યુનિવર્સિટી પ્રેસ તથા કામદારોનાં રહેઠાણો માટેનું બિલ્ડીંગ ફંડ	રૂા. ૧,૩૫,૦૦૦

૪૩. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી ન્યૂ દિલ્હી ખાતે તા. ૪ થી ૬ માર્ચ ૧૯૫૯ દરમ્યાન યોજાનાર "Seminar on Workflow in University & College Libraries" માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે પત્ર છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સેમિનારમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે યુનિવર્સિટીના ગ્રન્થપાલ શ્રી. ફીકુભાઈ ર. દેસાઈ તથા યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો તરફથી જે નામોનાં સૂચનો આવ્યાં છે તે પૈકી ઉપકુલપતિની પસંદ કરે તે ચાર સભ્યોને મોકલવા.

૪૪. શ્રી. એમ. એમ. ઠાકોરે હાઇકોર્ટમાં કરેલી અરજી અને શ્રી. એન. ટી. દવેએ હાઇકોર્ટમાં કરેલ રીટ અરજી અંગે અનુક્રમે રૂા. ૪૧૨.૩૭ અને રૂા. ૧૮૯૫.૧૨ના વકીલાત ફીના તથા અન્ય ખર્ચનાં બીલ યુનિવર્સિટીએ રોકેલ એડવોકેટ શ્રી. અરૂણ એચ. મહેતા તરફથી છે તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી એમ. એમ. ઠાકોરે હાઇકોર્ટમાં કરેલી અરજી અને શ્રી. એન. ટી. દવેએ કરેલી "રીટ" અરજી અંગે વકીલાત ફી વગેરે અંગેના ખર્ચ માટે અનુક્રમે રૂા. ૪૧૨,૩૭ અને રૂા. ૧૮૦૦.૦૦ ની રકમો મંજૂર કરવી.

૪૫. લાયબ્રેરી કમિટી ઉપર સિન્ડિકેટે નીમેલા સભ્ય ડો. વાય. જી. નાયક હવે સાયન્સ ફેકલ્ટીના ડીન થયા હોઇ તેઓ હોદ્દાની રૂએ લાયબ્રેરી કમિટીના સભ્ય બને છે. તો તેમની ખાલી પડેલી જગાએ તા. ૪-૩-૬૦ સુધીની મુદત સારૂ સિંન્ડિકેટ તરફથી એ. ૨૨ હેઠળ એક સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરી કમિટિ પર પ્રિન્સિપલ ડો. વાય. જી. નાયકની ખાલી પડેલી જગા પર બાકીની મુદત માટે ડો નાનુભાઈ ર. દેસાઈની નિમણૂક કરવી.

૪૬. ઈન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડસ કમિશન ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીમવામાં આવેલા શ્રી. રસિકલાલ છો. પરીખે પોતાની નાદુરસ્ત તબીયતના કારણે કામ કરવાની અશક્તિ દર્શાવી છે, તો તેમની જગાએ બાકી રહેલી મુદત (એટલે કે ૩૧-૩-૧૯૬૦ સુધીની મુદત) માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઈન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ્સ કમિશન ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે બાકી રહેલી મુદત માટે શ્રી, ઝીણાભાઇ ર. દેસાઈની નિમણૂક કરવી.

૪૭. ઈન્ડિયન ફાર્માસ્યુટીકલ કોંગ્રેસની અગીયારમી બેઠક જે લખનૌ મુકામે તા. ૧૭થી ૧૯ જાન્યુઆરી ૧૯૫૯ સુધી મળનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિ. ડો. આર. પી. પટેલને નીમવા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૮. ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ તેમજ "1959 Conference of Psychologists in India" ના દિલ્હી ખાતે મળનાર અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મનોવિજ્ઞાનભવનના અધ્યક્ષ ડો. પંઢરીનાથ પ્રભુને નીમવા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૯. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની તારીખ જે સિન્ડિકેટે તા. ૩૧-૧૨-૫૮ સુધી લંબાવી હતી. હજી પણ એલિજિબિલિટીના કેસો બાકી હોવાથી જે વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યા ન હોય તેવા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવા માટે તેમજ જ્યાં સુધી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ ન કઢાવે ત્યાં સુધી તેમનું પરિણામ અનામત રાખવા શ્રી. વાઇસ-ચાન્સેલરે આપેલા આદેશની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૦. મહેન્દ્રકુમાર મોહનલાલ માણેકે એલએલ. એમ. સાથે બી. એ. એક્સટર્નલ પરીક્ષા માટે નામ નોંધાવવા વાસ્તે ઉપકુલપતિશ્રીએ આ. ૧૭૮-અ. મુજબ મંજૂરી આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૧. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય અને ડીગ્રી માટેનો આવેલ મહાનિબંધ રેફરીઓ તરફથી સ્વીકારાયો હોવાથી તેમને તે પરીક્ષામાં ઉતીર્ણ થયેલા જાહેર કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીએ મહામાત્રશ્રીને આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

નામ	**ડિગ્રી**	**વિષય**
શ્રી. પરમાનંદ મગનલાલ શાહ	પીએચ. ડી.	કેમિસ્ટ્રી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા.

૫૨. યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રેસમાં કરેલી કાયમી નિમણૂકની નોંધ લેવા બાબત.

નામ	હોદ્દો.	તારીખ
૧. શ્રી. સી. સી. શાહ	જુનિયર કલાર્ક	૧-૧૨-૧૯૫૮
૨. શ્રી. સી. સી. દવે	,,	,,
૩. શ્રી. એમ. એ. ત્રિવેદી	,,	,,
૪. શ્રી. પી. પી. જોશી	,,	,,
૫. શ્રી. એન. એસ. સતવારા	જુનિયર કોમ્પોઝીટર	૪-૧૨-૧૯૫૮
૬. શ્રી. આ. ટી. પરીખ	,,	,,

આથી ઠરાવવામાં આવે છે કે. ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૩. ચાલુ વર્ષ દરમ્યાન નિયમિત તેમજ એકસ્ટર્નલ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કામચલાઉ એનરોલમેન્ટ સર્ટિફીકેટોને રાખેતા મુજબ કાયમી સર્ટિફીકેટો ગણી લેવા અંગે ઉપકુલપતિશ્રીએ આપેલ આદેશની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૪. ૧૯૫૯ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂંક કરવા વાસ્તે એકેડેમિક કાઉન્સિલની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૯ ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનારી પરીક્ષામાં માટે સભામાં કરવામાં આવેલા ફેરફારો કરી લઇને પરીક્ષકો અને પ્રાપ્તિકોની નિમણૂંક કરવી. (પરીક્ષકો અને પ્રાપ્તિકોની યાદી સામેલ કરવામા આવી નથી.)

૫૫. ઉત્તર ગુજરાત યુવક મંડળ તરફથી પાટણ ખાતે શરૂ કરાનારી આર્ટસ કોલેજના જોડાણ માટે આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the proposed Arts College sponsored by thc Utter Gujarat Yuvak Mandal, Patan be granted affiliation for teaching courses of studies leading to the Intermediate Arts Examination for a period of one year from 20th June 1959 to 19th June 1960 on the fulfilment, by 31st May 1259, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. The following staff be appointed :
   1. A Lecturer in English;
   2. A Lecturer in Hindi;
   3. A Lecturer in Gujarati;
   4. A Lecturer in Sanskrit;
   5. A Lecturer in Ardhamagadhi;
   6. A Lecturer in Economics;
   7. A Lecturer in Logic and Psychology;
   8. A Lecturer in History or Politics or Economics;
   9. A Lecturer in Mathematics; and
   10. A Physical Instructor :
2. A sum of Rs. 5,000/- be spent for purchasing books for the Library;
3. An assurance be given that a suitable building for the College together with a suitable building for the Principal and Hostels will be construted by 31st May 1960; and
3. An assurance that the deficit, if any, will be made good from the resources of the Madal, be given."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૫૬. શ્રી. ચંદાગૌરી ગોરધનદાસ સોનાવાલા મહિલા મહાવિદ્યાલય, સુરત તરફથી સુરત ખાતે મહિલાઓ માટેની એક આર્ટ્સ કૉલેજ ખોલવા માટે જોડાણ માગતી આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the proposed Arts ollege for Ladies sponsored by Shree Chandagauri Gordhandas Sonawala

Mahila Vidyalaya, Surat be granted affiliation for teaching courses of studies leading to the Intermediate Arts Examination for a peried of one year from 20th June 1959 to 19th June 1960 on fulfilment, by 31st May 1959, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. The following staff be appointed :

    1. A Lecturer in English (in case, however, the Principal of the proposed College is himself or herself a Professor of English, appointment of a tutor in English would suffice).
    2. A Lecturer in Gujarati;
    3. A Lecturer in Sanskrit and world Religion;
    4. A Lecturer in Logic and Psychology;
    5. A Lecturer in Hindi;
    6. A Lecturer in Economics and Indian Administration;
    7. A Lecturer in world History, Civics and Sociology; and
    8. A Physical Instructor (preferably a lady instructor).

2. A Sum of Rs. 5,000/– be spent for the Library and Rs. 1,000/– as non–recurring expenditure be provided in the budget for the year 1959–60; and

3. An assurance that deficit, if any, will be made good from the resources of the Mandal, be given. ''

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ ઈયર અને ઇન્ટરમિડિએટના વર્ગોમાં કેટલી સંખ્યામાં વિદ્યાર્થિનીઓને દાખલ કરવા માટે પરવાનગી આપવી તે બાબત જગ્યા અંગેની જરૂરી માહિતી કૉલેજના સત્તાવાળાઓ પાસેથી મંગાવીને ઘટતો નિર્ણય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોકત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

(નોંધ : ફર્સ્ટ ઈયર અને ઈન્ટરમિડિયેટના વર્ગોમાં કેટલી સંખ્યામાં વિદ્યાર્થિનિઓને દાખલ કરવી તે માટે, તે અંગેની માહિતી આવેથી વિચાર કરવાનો રહેશે.)

૫૭. સાંસ્કૃતિક શિક્ષણ સમાજ, રાજકોટ તરફથી રાજકોટ, ખાતે શરૂ કરાનાર નવી આર્ટ્સ કૉલેજને જોડાણ આપવા અંગે આવેલી અરજી ઉપરથી સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની તારીખ ૧૯-૧-૧૯૫૯ ની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the P-D. Malavia College of Commerce, Rajkot be granted extension of affiliation for teaching courses leading to the Intermediate Arts Examination for a period of two years from 20-6-1959 to 19-6-1961 on the following conditions being fulfilled to the satisfaction of the Syndicate by 31st May 1959.

I. The following staff be appointed;

(i) One lecturer and one tutor in English.

(ii) One Lecturer in Sanskrit.

(iii) Two lecturers in History and/or Economics to teach Civics, Administration, world History and Economics.

(iv) One lecturer in Logic, Psychology, and Principal Religions of the World.

2. Books worth Rs. 5000/- be purchased during the first year and recurring expenditure of Rs. 1500/-be provided for the subsequent years.

3. A building to accomodate atleast 30 students be hired for the hostels.

4. The Samaj gives an assurpence that the deficit, if any, will be made good from its resources."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલના ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૫૮. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ તરફથી અમદાવાદ શહેરમાં ચાલતી સીટી લૉ કૉલેજમાં આર્ટસ વિભાગ ખોલવા માટે જોડાણ માગતી આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the City Law College, Ahmedabad be granted permission to open an Arts Section and the College be granted affiliation for teaching courses of studies leading to the Intermediate Arts Examination for a period of one year from 20th June 1959 to 19th June 1960 on the fulfilment, by 31st May 1959, to the Satisfaction of the Syndicate, of the following conditions ;

1. The proposed additions to the building as indicated in the blue-print submitted to the Local Inquiry Committee be completed and separate provision be made for the College office, a staff room, a library, a reading room, a boys' common-room, and a girls' common-room over and above the proposed additions to the old building;

2. The following additional staff be appointed ;

   (1) One or more Lecturers as may be necessary under the rules of the University, in each of the following Subjects;
   English, Gujarati, Sanskrit, Hindi, Economics-Civics-Administration, Logic-Psychology; and

   (2) One Lecturer each in other optional Subjects:

3. A sum of Rs. 5000/- be spent for purchasing books pertaining to the Section of Arts in the Library; and

4. An assurance that the deficit, if any, will be made good from the Gujarat Law Society's resources, be given "

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલના ઉપરના ઠરાવમાં શરત નં. ૨ ના પેટા-વિભાગમાં પી. ટી. ઈન્સ્ટ્રક્ટરની નિમણૂકની શરત ઉમેરીને તે મંજૂર કરવા વાસ્તે સેનેટને ભલામણ કરવી.

પ્રો. બી. એમ. શાહ આર્ટ્સ કૉલેજ, ભાવનગરને ઈન્ટર આર્ટ્સ પરીક્ષા માટે ચાલુ જોડાણ આપવા બાબત અંગે આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલા સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Shri B. M. Shah Intermediate Arts College, Bhavnagar, be granted continuation affiliation for teaching courses of studies leading to the Intermediate Arts Examination for a period of two years from 20th June 1959 to 19th June 1961 on the fulfilment by 31st May, 1959, to the satisfaction of the Syndicate, on the following conditions :

1. The Principal be provided with suitable residential quarters near the College;

2. Suitable hostel accommodation for at least 55 students with independent control of Shri B. M. Shah Intermediate Arts College be provided; and

3. An undertaking to spend an amount of Rs. 1500/- per year for purchasing books be given. "

(NOTE:–The College authoritics be informed that the minimum starting basic salary for a Lecturer shall be Rs. 200/– p.m according to the University rules.)

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૬૦. આર્ટ્સ કૉલેજ, ડભોઈ તરફથી ઈન્ટર આર્ટ્સના ચાલુ જોડાણ તથા બી.એ.ની પરીક્ષા માટે નીચેના વિષયો માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નિમેલી સ્થાનિકતપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

બી.એ. (મુખ્ય અને ગૌણ)

૧. અંગ્રેજી
૨. ગુજરાતી
૩. અર્થશાસ્ત્ર

બી.એ. (ગૌણ)

૧. માનસશાસ્ત્ર
૨. સંસ્કૃત
૩. હિન્દી
૪. ઇતિહાસ
૫. પોલિટિકલ સાયન્સ

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

Resolved that it be recommended to the Syndicate and the Senate that the Arts College, Dabhoi, be granted continuation of affiliation for teaching courses of studies leading to the Intermediate Arts Examination for a period of two years from 20th June 1959 to 19th 1961 and (2) extention of affiliation for teaching courses of studies leading to B.A. (Special) Degree Examination in English, Gujarati and Economics and B A. (General) Degree Examination in Hindi, Sanskrit, Psychology, Politics and History for a period of two years from 20th June 1959 to 19th June 1961 on the fulfilment, by 31st May 1959, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. The following staff be appointed:
   1. One Professor in English;
   2. One Professor in Economics;
   3. One Lecturer in Gujarati; and
   4. One Lecturer in Persian.
2. (a) The necessary accommodation as follows be made available :
   (1) Four Lecture-rooms each admeasuring 800 Sq.ft.;
   (2) Six Lecture-rooms each admeasuring 400 Sq.ft.;

(3) A room for the Library;

(4) A Reading room;

(5) A Professors' Common room;

(6) A common room for women students;

(7) Principal's room; and

(8) Office accommodation;

(b) A suitable playground be made available;

3. Books worth Rs. 8,000/- be purchased; and

4. An assurance that the deficit, if any, will be made good from the resources of the Mandal, be given.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મજકૂર કૉલેજમાં જુદાજુદા વર્ગોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની નીચે મુજબની મર્યાદાઓ મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ફર્સ્ટ યર (પ્રિ-યુનિવર્સિટી) આર્ટ્સ	૨૦૦
ઇન્ટરમિડિયેટ આર્ટ્સ	૧૦૦
બી. એ.	૧૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મજકૂર કૉલેજમાં જુદા જુદા વર્ગોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મર્યાદા નીચે મુજબ રાખવી :

ફર્સ્ટ યર (પ્રિ-યુનિવર્સિટી) આર્ટ્સ	૨૦૦
ઇન્ટરમિડિયેટ પ્રથમ વર્ષ પદવી આર્ટ્સ	૧૦૦
બી. એ.	૧૦૦

૬૧. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચને બી. એ. (મુખ્ય) ની પરીક્ષામાં સાયકૉલોજી, સોશિયોલોજી અને પૉલિટિકલ સાયન્સના વિષયોમાં વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલ સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૧-૧૯૫૯ ની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

" Resolved that it be recommended to the Syndicate and the Senate that the Jayendrapuri Arts and Science College, Broach, be granted extension of affiliation for teaching courses of studies leading to the B. A. (Special) degree examination in Psyc-

hology, Sociology, and Political Science for Period of 2 years from 20-6-1959 to 19th June 1961 on the following conditions being fulfilled to the satisfaction of the Syndicate by 31st May 1959 :

1. The following staff be appointed :

   (i) One professor each in the subjects of Psychology, Sociology and Political Science.

   (ii) One lecturer in Psychology.

2. Books worth Rs. 7500 – (Rs. 2500 to be spent on each subject) be purchased during the first year and a recurring expenditure of Rs. 1500/– per annum be provided for purchasing books during the subsequent year."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૬૨. બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને હિન્દી (મુખ્ય) અને સોશિયોલોજી (ગૌણ) માં વધારાનું જોડાણ આપવા અંગે આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

" Resolved that it be recommended to the Syndicate and the Senate that the B. D. Arts College, Ahmedabad, be granted extension of affiliation for teaching courses of studies leading to the B. A. (Special) Degree Examination in Hindi and B. A. (General) Degree Examination in Sociology for a period of two years from 20th June 1959 to 19th June 1961, on the fulfilment by 31st May 1959, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. That in addition to the present staff a Professor of Hindi be appointed :

2. That the annual recurring expenses on library books be increased by Rs. 400 (Rs. 200/– on books for Hindi Section and Rs. 200/– on books for Sociology); and.

3. That in addition to the recurring expenees on library books amounts of Rs. 1000/– and Rs. 300/– more as nonrecurring be spent in order to equip fully both the Hindi and Sociology sections respectively. "

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૬૩. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદને બી. એ. પરીક્ષાના અભ્યાસક્રમોમાં અમુક વિષયોમાં ચાલુ જોડાણ આપવા અંગેની આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Shree Ramanand Mahavidyalaya, Ahmedabad, be granted permanent affiliation for teaching courses of studies leading to the B. A. (Special and General) Degree Examination in English, Sanskrit, Gujarati, History, Econmics, Political Scienee and Ancient Indian Culture and B. A. (General) Degree Examination in Hindi, Sociology, Psychology and Ardhamagadhi from 20th June 1959."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

આ પછી બાબત નં. ૧૨૦ હાથ ધરવામાં આવી હતી.

૧૨૦. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ.ની પરીક્ષામાં હીન્દી (સ્પે. અને જન.) તથા સંસ્કૃત જનરલના વિષયોમાં વધારાનું જોડાણ તા. ૨૦-૬-૫૮થી આપવા માટે અરજી આવી હતી તે અરજી અંગે મુકેલી શરતોનું પાલન થયું કે નહિ તે બાબત સિન્ડિકેટની તેની તા.૧૫-૧૧-૫૮ ની સભાના ઠરાવ અનુસાર શ્રી. ઉમાશંકર જોશીનો આવેલો રીપોર્ટ

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ.ની પરીક્ષામાં હિન્દી (સ્પેશિયલ અને જનરલ) તથા સંસ્કૃત (જનરલ)ના વિષયમાં વધારાનું જોડાણ તા. ૨૦-૬-૧૯૫૮થી આપવા માટે મુંબઈ સરકારને ભલામણ કરવી.

૬૪. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી. એ. (મુખ્ય) અને (ગૌણ) માં માનસ-શાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સંસ્કૃતના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the Prakash Arts College, Ahmedabad, be granted extension of affiliation for teaching courses of studies leading to the B. A. (Special) Degree Examination in Psychology, Sanskrit, and Economics for a period of two years from 20th June 1959 to 19th June 1961 on the fulfilment, by 31st May 1959, to the satisfaction of the Syndicate of the following conditions :

1. The following staff be appointed;
   1. A Professor in Sanskrit;
   2. A Professor in Economics;
   3. A Professor in English;
   4. **A Part-time Lecturer in Sanskrit;**

5. A Lecturer in Economics–Civics–Administration; and

6. A Lecturer in Philosophy–Psychology over and above the present Professor of Philosophy; and

2. A sum of Rs. 2000/– be spent for purchasing books for Economics; Rs. 1000/– for purchasing books in Sanskrit and Rs. 2000/– for purchasing books in Philosophy–Psychology, over and above their current expenditure of Rs. 5000/– per year."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૬૫. સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદ. બી. એ. (મુખ્ય) માં ગુજરાતીના વિષય માટે ચાલુ જોડાણ તથા સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ગણિતના વિષયમાં વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજીઓ ઉપર સિન્ડિકેટે નીમેલ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

" Resolved that it be recommended to the Syndicate and the Senate that the St. Xavier's College Ahmedabad, be granted continuation of atfiliation for teaching courses of studies leading to the B. A. (Special) Degree Examination in Gujarati for a period of two years from 20th June 1959 to 19th June 1961 and (2) extension of affiliation for teaching courses of studies leading to the B. A. (Special) Degree Examination in Sanskrit, Mathematics and Psychology for a period of two years from 20th June 1959 to 19th June 1961 on the fulfilment, by 31st May 1959, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. A Professor in Sanskrit and Professor in Psychology be appointed; and

2 (a) A Sum of Rs. 1000/– to begin with and a sum of Rs. 500/– every year be spent for purchasing books in Sanskrit and a sum of Rs. 500/– be spent every year for purchasing Gujarati books.

2. (b) Books worth Rs. 1000/– in Mathematics be added in the College library.

2. (c) Books worth Rs. 2000/– in Psychology be added initially in the college library and books worth Rs. 700/– be added annually.

3. The College may be allowed to teach experimental Psychology provided a Laboratory with equipment worth Rs. 15000/– be set up and a sum of Rs. 3000/– be added every year for running the laboratory in addition to the new equipment and provided further that one of the teachers in Psychology be adequately qualified to teach experimental Psychology. "

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૬૬. પેટલાદ કૉલેજ, પેટલાદને, બી. એ. (મુખ્ય અને ગૌણ) માં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત તથા બી. એ. ગૌણમાં સમાજશાસ્ત્ર, નૈતિક (મોરલ) અને સામાજિક તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્રના વિષયો શિખવવા માટે ચાલુ જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

" Resolved that it be recommended to the Syndicate and the Senate that the Petlad College, Petlad be granted continuation of affiliation for teaching courses of studies leading to the B. A. (Special and (General) Degree Examinations in English, Sanskrit and Gujarati and B. A. (General) Degree Examination in Sociology, Moral and Social Philosophy, Principles of Economics, Chemistry, Physics, Botany and Zoology for a period of three years from 20th June 1959, to 19th June 1962 on the fulfilment, by 31st May 1959, to the satisfaction of the Syndicate, of the following condition :

That a Professor of Gujarati be appointed. "

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૬૭. ગુજરાત કૉલેજ, અમદાવાદને બી.એ.ની પરીક્ષા માટે હિન્દી (મુખ્ય) વિષય શીખવવા વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિ તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

Resolved that it be recommended to the Syndicate and the Senate that the Gujarat College, Ahmedabad, be granted extension of affiliation for teaching courses of studies leading to the B.A. Degree Examination in Hindi (special) for a period of two years from 20th June 1959 to 19th June 1961, on fulfilment, by 31st May 1959, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. A sum of Rs. 250/- be spent every year for purchasi Hindi books of all branches of literature;
2. A sum of Rs. 125/- be spent annually for purchasing periodicals and journals in Hindi; and

3. An additional appointment of a Lecturer in Hindi be made when teaching of Special courses in Hindi is introduced."

(Note:—The minimum basic starting salary for a Lecturer shall be Rs. 200/- according to the University Rules.)

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૬૮. બિલીમોરા વિભાગ કેળવણી મંડળ તરફથી બિલીમોરા ખાતે શરૂ કરનાર આર્ટસ અને સાયન્સ કૉલેજને જોડાણ આપવા અંગે આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the proposed College sponsored by the Bilimora Vibhag Kelvani Mandal, Bilimora be granted affiliation for teaching courses of studies leading to the Intermediate Arts and Science Examinations at Bilimora for a period of one year from 20th June 1959 to 19th June 1960 on the fulfilment, by 31st May 1959, to the satisfaction of the Syndicate, of the following conditions:

1. The plot of 12 acres of land shown to the Local Inquiry Committee be transferred to the Trusties of the Mandal on the records of the Revenue Department and the final plans and estimates of the proposed building be submitted;
2. Suitable accommodation for Hostels, and residential accommodation for the Principal and the Rector be made available;
3. The following staff be appointed:
   1. A Principal;
   2. A Professor or a Lecturer in each of the following subjects:

૨૬. ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી તે કૉલેજમાં જૂન ૧૯૫૯ થી એમ.એ. પર્શિયન વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર ખોલવા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧-૧૯૫૯ ની બેઠકની નીચેની ભલામણ :

" આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદને એમ.એ. પર્શિયન વિષય માટે જૂન ૧૯૫૯ થી અનુસ્નાતક કેન્દ્ર આપવા સિન્ડિકેટને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧-૧૯૫૯ ની બેઠકની નીચેની ભલામણ :

" આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિન્સિપલ એમ.એમ. પારેખની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ૧. એમ.એસસી. ઈન ઓર્ગેનિક કેમિસ્ટ્રી (શિક્ષણથી) તથા એમ.એસસી. ઓર્ગેનિક કેમિસ્ટ્રી (શિક્ષણથી અને સંશોધનથી) ની માન્યતા સામળદાસ કૉલેજ, ભાવનગરમાંથી એમ.પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગરમાં બદલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧-૧૯૫૯ ની બેઠકની નીચેની ભલામણ :

" આથી ઠરાવવામાં આવે છે કે, રમેશ ચુ. બેટાઈની એમ.એ. સંસ્કૃત વિષયની માન્ય અનુસ્નાતક

શિક્ષક તરીકેની માન્યતા બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાંથી ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં બદલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧-૧૯૫૯ ની બેઠકની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જયેન્દ્ર એ. યાજ્ઞિકની એમ.એ. "ફિલોસોફી એ" વિષયની માન્ય અનુસ્નાતક શિક્ષકના બદલની શિક્ષક તરીકેની માન્યતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાંથી ડી.કે.વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર ખાતે બદલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. ઈન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઈન્ડિયાની ૩૩ મી વાર્ષિક બેઠકના નીચેના ઠરાવ નં. ૬ ઉપર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧-૧૯૫૯ ની બેઠકનો નીચેનો ઠરાવ:

"Resolved that edited texts of calendars of unpublished manuscripts, records or documents, when accompained by adequate introductions and critcal apparatus should be given the same recognition as original dissertations or Arts or Science subjects and should be regarded as equally worthy of consideration for the award of doctorate degree.

"આથી ઠરાવવામાં આવે છે કે, ઈન્ટર યુનિવર્સિટી બોર્ડના ઉપરોક્ત ઠરાવમાં જણાવ્યા પ્રમાણેના વિદ્યાર્થીઓની અરજીઓ તેમના ગુણદોષ પર વિચારવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. ગુજરાત કૉલેજ અમદાવાદમાંથી એમ. એન. કૉલેજ, વિસનગરમાં બદલી થવાથી શ્રી. જી. સી. અમીનને તેમના હાથ નીચે કામ કરતાં કેટલાક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા દેવા અંગે તેમના તરફથી આવેલ પત્ર ઉપર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧-૧૯૫૯ની બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. જી. સી. અમીનના માર્ગદર્શન હેઠળ કામ કરતા નીચેના વિદ્યાર્થીઓને તેમના વિષય અને પદવી અંગેના રજિસ્ટ્રેશન બાબત નીચે પ્રમાણે કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧.	શ્રી. જી. આર. દવે.	પી. એચ. ડી.	કેમિસ્ટ્રીને ડૉ. અમીનના હાથ નીચે કામ કરવા પરવાનગી આપવી.
૨.	શ્રી. જી. એસ. મેવાડા	પી. એચ. ડી.	કેમિસ્ટ્રી શ્રી. જી. સી. અમીનના માર્ગદર્શન હેઠળ
૩.	શ્રી. કે. સી. અમીન	એમ. એસસી.	કેમિસ્ટ્રી પણ બાકી રહેલાં સત્રો દરમ્યાન કામ ચાલુ રાખવાની પરવાનગી આપવી નહિ. સંશોધનનું કામ બીજા માન્ય શિક્ષકના હાથ નીચે કરવા વાસ્તે પરવાનગી આપવા.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧-૧૯૫૯ની બેઠકનો નીચેનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે :—

અ. નીચે જણાવેલા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે તેમના નામ સામે જણાવેલ વિષય અને ડીગ્રી માટે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

અરજદારનું નામ	ડીગ્રી અને વિષય	કૉલેજ અગર સંસ્થાનુ નામ
૧. શ્રીમતી ઝવેરી ઇંદુકલા હીરાચંદ.	સંસ્કૃત એમ. એ. (શિક્ષણથી.)	શ્રી. રામાનંદ મહાવિદ્યાલય. અમદાવાદ.
૨. શ્રી. ગાંધી હેમેન્દ્રકુમાર પૃથ્વીરાજ	એમ. એસસી. બોટાની (શિક્ષણથી)	એમ. એન. કૉલેજ, વિસનગર
૩. શ્રી. પ્રભુ પંઢરીનાથ એચ.	પી.એચ. ડી. સાયકૉલોજી.	યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકૉલોજી ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

બ. નીચેના શિક્ષકને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવી નહિ.

નામ	વિષય અને ડીગ્રી	કૉલેજ અગર સંસ્થાનું નામ
પ્રો. યુ. એસ. ભટનાગર	એમ. એ. હિન્દી	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. કેટલીક કૉલેજોમાં એકજ દિવસે બે કલાકના સમય માટે એક વિષયનું અનુસ્નાતક વ્યાખ્યાન આપવામાં આવે છે અને તેને તે વિષયના બે વ્યાખ્યાનો ગણી બે વ્યાખ્યાનનું મહેનતાણું લેવામાં આવે છે તે બાબતમાં ડૉ. આર. ડી. દેસાઈ તથા ડૉ. એ. એમ. ત્રિવેદીના પત્ર ઉપર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧-૫૯ની બેઠકમાં થયેલ નીચેનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કેન્દ્રોમાં એક બેઠકમાં (સેશનમાં) થયેલા કામને બે કે વધુ વ્યાખ્યાનો ગણી શકાય નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. સમાજ વિદ્યાભવનના સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. પી.જે. જ્યોર્જનું રાજીનામું મંજૂર થઈ ગયેલા હોવાથી તેમ્બાને તેમનું પ્રોવિડંટ ફંડ પરત કરવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનના એક વખતના સ્ટેનોગ્રાફર શ્રી. પી.જે. જ્યોર્જને તેમના ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૫. મધ્યસ્થ સરકારના સેન્ટ્રલ બોર્ડ ઑફ જીયોફીજિક્સના આશ્રય હેઠળ જુલાઈ ૧૯૫૯ના બીજા અઠવાડિયામાં યોજનાર "Symposium on Geophysical Exploration" માં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે મજકૂર બોર્ડના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં ફિઝિકલ રીસર્ચ લેબોરેટરી, અમદાવાદના અધ્યક્ષ ડૉ. કે.આર. રામનાથનનો અભિપ્રાય મેળવીને ઘટતું કરવા વાસ્તે શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૩૬. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં શ્રી યોગેશ મહેતાને ચાલુ સત્રથી અંત સુધી અંગ્રેજીના લેક્ચરર તરીકે ચાલુ રાખવા માટે આચાર્યની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં, શ્રી. યોગેશ મહેતાને અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ સત્ર પૂરતી જ મંજૂરી આપવી અને નવા સત્રથી યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂંક કરીને યુનિવર્સિટીને રિપોર્ટ કરવા વાસ્તે મજકૂર કૉલેજના સત્તાવાળાઓને જણાવવું.

૩૭. ઓ. ૧૨૯ મુજબ ૨૦ મી એપ્રિલ ૧૯૫૯ થી ડિપ્લોમા ઇન લેબર વેલ્ફેરની પરીક્ષા શરૂ થવી જરૂરી છે, પરંતુ ચાલુ વર્ષે બેસનાર વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મોડું શરૂ થયું હોવાથી તે પરીક્ષા મે મહીનાની અધવચ્ચમાં લેવા માટે સમાજ વિદ્યાભવનના અધ્યક્ષની આવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા ઇન લેબર વેલ્ફેરની આગામી પરીક્ષા તા. ૨૦મી એપ્રિલ ૧૯૫૯ને બદલે ત્રણ અઠવાડીઆ પછી એટલે કે તા. ૧૧મી મે ૧૯૫૯થી શરૂ કરવાનું રાખવું.

૩૮. યુનિવર્સિટીના પ્રકાશનોના વેચાણ માટે એજન્ટ નીમવાનું તથા તેઓને વેચાણ અંગે કમિશન આપવા વિગેરે બાબત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં પ્રકાશનોના વેચાણ માટે એજન્ટ નીમવા વાસ્તે તથા તેઓને વેચાણ અંગે કમિશન આપવા વાસ્તેની શરતો વગેરે વર્તમાનપત્રો દ્વારા જાહેરખબર આપીને મંગાવવી.

૩૯. લાયબ્રેરીમાં કામ કરતાં શ્રી. અમૃતલાલ ઠાકોરલાલ મીસ્ત્રીને લાયબ્રેરી સાયન્સ ડિપ્લોમાના વર્ગમાં જોડાવાની પરવાનગી માટે તથા તા. ૨૦-૬-૧૯૫૯ થી ૨૦-૪-૧૯૬૦ સુધી કપાતે પગારે રજા આપવા બાબતની તેઓની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી લાયબ્રેરીમાં કામ કરતા જુનિયર ક્લાર્ક શ્રી. અમૃતલાલ ઠાકોરલાલ મિસ્ત્રીને તા. ૨૦-૬-૧૯૫૯ થી તા. ૨૦-૪-૧૯૬૦ સુધી લાયબ્રેરી સાયન્સના ડિપ્લોમા માટે અભ્યાસ કરવા વાસ્તે કપાતે પગારે રજા આપવી.

૪૦. ન્યુ દિલ્હી ખાતે તા. ૨૬ થી ૨૯ મી માર્ચ ૧૯૫૯ના રોજ મળનાર ઇન્ડિયન લે ઇન્સ્ટિટ્યૂટના વાર્ષિક અધિવેશનમાં તેમજ ઓલ ઇન્ડિયા લેા કૉન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા મજકૂર સંસ્થાના મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ફેકલ્ટી ઑફ લૉના ડીન શ્રી. એચ. પી. શુકલની નિમણૂંક કરવી અને સંજોગવશાત્ તેઓ ન જઈ શકે તો કાયદાની અભ્યાસસમિતિના અધ્યક્ષ શ્રી. બટુભાઈ હ. દેસાઈની નિમણૂંક કરવી.

૪૧. તા. ૧૧-૩-૧૯૫૯ના રોજ મળનાર સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. શ્રી. પી. એમ. પટવારીના પ્રેસ મેનેજર તરીકેની જગા ઉપરનો કામચલાઉ સમય તા. ૭-૩-૫૯ ના રોજ પૂરો થતો હોઇ તેમને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રેસ મેનેજર શ્રી. પી. એમ. પટવારીને તેમના પ્રોબેશનનો સમય એક વર્ષ વધારી આપવો.

૪૩. સમાજ વિદ્યાભવનમાં લેકચરર ઇન પોલિટિકલ સાયન્સ તરીકે કામ કરતા શ્રી. વી. વી. રમણમૂર્તિનો પ્રોબેશન સમય તા. ૩-૧-૧૯૫૯ના રોજ પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનમાં લેકચરર ઇન પોલિટિકલ સાયન્સ તરીકે કામ કરતા શ્રી. વી.વી. રમણમૂર્તિને તેમની હાલની જગા પર તા. ૩-૧-૧૯૫૯ થી કાયમ કરવા.

૪૪. શ્રી. ડી. કે. ભટ્ટનું રાજીનામું મંજૂર થઈ ગયેલ છે તો તેમનું પ્રોવીડંટ ફંડ પરત કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એક કર્મચારીના જુનિયર ક્લાર્ક શ્રી. ડી. કે. ભટ્ટને તેમના ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર પરત કરવી.

૪૫. પરીક્ષા સુધાર સમિતિની તા. ૩-૩-૧૯૫૯ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

પરીક્ષા સુધાર સમિતિની ભલામણ

It was the view of the Committee that its task was to formulate specific proposals concerning reforms in the evalution system and also indicate the consequential changes that would be necessary in methods of teaching if the reforms are to be implemented. The Committee had already given a great deal of attention to discuss

and clarify general principles. In order now to arrive at specific proposals concerning some of the important subjects in the fields of Arts and Science, the Committee decided to entrust the task in each subject to individuals as indicated below :—

1. Gujarati	Prof. Umashanker Joshi
2. English	Prin. DeSouza
3. Sanskrit	Prof. Athawale
4. Economics	Prof. B. R. Shenoy
5. Philosophy, Psychology	Prof. Prabhu
6. Physics	Prof. K. R. Ramanathan
7. Chemistry	Prof. A. M. Trivedi
8. Mathematics	Dr. B. K. Vaidya
9. Biology	Prof. Oza.

The Convener would invite the individuals concerned on behalf of the Committee and request them to complete by the 1st of June 1959 the allotted task. For this purpose the Convener would call a meeting of the individuals to explain to them the terms of reference which would include.

(a) Clarification of the educational purposes of each course. For the time being consideration should be confirmed to the courses which cover the four-year period up to B. A. or B. Sc. degree.

(b) The evaluation techniques that should be used at each stage along with model question papers.

and (c) Changes in teaching methods which might be necessary, taking into account existing conditions in affiliated colleges.

The Committee decided that it would meet again during the first half of June to consider the reports from the various individuals.

The Committee decided to recommend to the Syndicate approval to pay travelling expenses to the individuals when they have to undertake special journeys for work of the Committee. It was also recommended that if postal or secretarial expense is incurred by the individuals, this should also be reimbursed.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણમાં જે નવ વિદ્વાનોનાં નામ સૂચવવામાં આવ્યાં છે તેમને મજકૂર કામ માટે અમદાવાદ જવા-આવવાનું થાય ત્યારે યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર ભાડાંભથ્થાં આપવાં તથા મજકૂર કામ માટે રૂા. ૫૦૦ સુધીનો ખર્ચ કુલ કન્ટીન્જન્ટ ખર્ચ તરીકે મંજૂર કરવો અને તે માટે કન્વીનર તરફથી વાઉચર આવ્યેથી તે ખર્ચ ભરપાઈ કરવાનું રાખવું.

૪૬. બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલફેરની તા. ૧૦-૩-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવી.

૧. ચાલુ વર્ષે ઉનાળાની રજાઓ દરમિયાન બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલફેરના આશરા હેઠળ નાટય પ્રવૃત્તિ તાલીમ શિબિર અને યુવક પ્રવૃત્તિ તાલીમ શિબિર એમ બે શિબિરો યોજવા અને તે માટે રૂા. ૫૫૦૦)-સુધીનું ખર્ચ મંજૂર કરવું.

આ શિબિરો માટે ખર્ચ, સ્થળ, સમય અને કાર્યક્રમ તથા અન્ય વિગતો નક્કી કરવા માટે નીચેના સભ્યોની બનેલી ઉપસમિતિ નીમવી અને તે સમિતિના અધ્યક્ષને તે શિબિરના સંચાલન માટે ઘટતાં પગલાં લેવાની સત્તા આપવી.

૧. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ, વાઇસ-ચાન્સેલર.....અધ્યક્ષ.
૨. પ્રિન્સિ. વાય. પી. શુકલ
૩. પ્રિન્સિ. વાય. જી. નાયક
૪. ડૉ. પી. સી. વૈદ્ય
૫. ડૉ. ધીરુભાઈ ઠાકર
૬. શ્રી. વી. જે. ત્રિવેદી
૭. શ્રી. વાસુદેવ મહેતા.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે ઉનાળાની રજાઓ દરમ્યાન બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલફેરના આશરા હેઠળ નાટય પ્રવૃત્તિ તાલીમ-શિબિર અને યુવક પ્રવૃત્તિ તાલીમ-શિબિર એમ બે શિબિરો યોજવા અને તે માટે કુલ રૂા. ૫૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ શિબિરો માટે ખર્ચ, સ્થળ, સમય અને કાર્યક્રમ તથા અન્ય વિગતો નક્કી કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી અને તે સમિતિના અધ્યક્ષને તે શિબિરોના સંચાલન માટે તમામ ઘટતાં પગલાં લેવાની સત્તા આપવી :

૧. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ, વાઇસ-ચાન્સેલર.....અધ્યક્ષ
૨. પ્રિન્સિપલ વાય. પી. શુકલ
૩. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક
૪. ડૉ. પી સી. વૈદ્ય
૫. ડૉ. ધીરુભાઈ ઠાકર
૬. શ્રી. વિ. જે. ત્રિવેદી
૭. શ્રી. વાસુદેવ પી. મહેતા

૪૭. સિન્ડિકેટે તેની તા. ૨૪-૧-૫૯ની સભામાં કરેલા ઠરાવ અનુસાર બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલફેરની તા. ૧૦-૩-૧૯૫૯ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો તા. ૨૪-૧-૫૯નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનું બોર્ડ ઑફ સ્ટુડન્સ વેલફેર "યુથ વેલફેર કમિટિ" નામની કોઈ સમિતિ રચીને ભારત સરકારની મજકૂર યોજનાનો લાભ લઈ શકે કે કેમ એ માટે મજકૂર બોર્ડનો અભિપ્રાય પૂછાવવો તથા તે દરમિયાન વચગાળાનો જવાબ ભારત સરકારને લખી મોકલવો."

બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલફેરની તા. ૧૦-૩-૧૯૫૯ની ભલામણ.

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટને અભિપ્રાય જણાવવો કે આ બોર્ડના આશરા હેઠળ ભારત સરકારે સૂચવેલા બંધારણ પ્રમાણે વિદ્યાર્થીઓને પણ પ્રતિનિધિત્વ મળે તેવી અને તેનાં દર્શાવેલ કાર્યપ્રદેશને આવરી લેતી એક સ્ટેન્ડિંગ યુથ વેલફેર કમિટિ નીમવી. તથા તે અંગેના ઑર્ડિનાન્સોમાં ઘટતા ફેરફાર કરવા સિન્ડિકેટને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલફેરની ભલામણ સ્વીકારવી તથા તે અનુસાર ઑર્ડિનન્સમાં ઘટતો ફેરફાર કરીને તેનો પાઠ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

૪૮. સમાજવિદ્યાભવનના બાંધકામ માટે નીમાયેલા કોન્ટ્રેક્ટર મેસર્સ શાહ એન્ડ પટવાએ આપેલ ડીપોઝીટની રકમ ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાની ૩ ટકાની કન્વર્ઝન લોન ૧૯૪૬ની સ્ક્રીપ્ટ્સમાં રોકવામાં આવેલી જે સામે નીચે પ્રમાણે સ્ક્રીપ્ટ્સ મળી હતી :—

નંબર	બી. વાય.	૨૫૯૫૧૨	રૂા. ૫,૦૦૦)-
,,	બી. વાય	૨૬૩૩૪૭-૫૦	રૂા. ૪૦૦)-

ઉપરોક્ત સ્ક્રીપ્ટ્સ (મકાનનું બાંધકામ પૂરું થઇ ગયું હોવાની) મેસર્સ શાહ એન્ડ પટવાને પાછી આપી તે માટે કરેલા ટ્રાન્સફર એન્ડોર્સમેન્ટ માટે સિન્ડિકેટનો ઘટતો ઠરાવ કરવા બાબત.

આથી સમાજવિદ્યાભવનના મકાન અંગેના કોન્ટ્રેક્ટ બાબતમાં મે. શાહ એન્ડ પટવાએ યુનિવર્સિટી પાસે મૂકેલી રૂા. ૫,૪૦૦ની હિઝ મેજેસ્ટી સરકારની કન્વરઝન લોન નંબરો બી.વાય. ૨૫૯૫૧૨ (૫૦૦૦) અને બી.વાય. ૨૬૩૩૪૭.૫૦ (૪/૧૦૦) તેઓનું આ અંગેનું કામકાજ પૂરું થઈ થયું હોવાથી તેઓને ટ્રાન્સફર કરી આપવા અંગેની રજિસ્ટ્રાર શ્રી. કે. સી. પરીખે તા. ૩-૧૦-૫૮ના રોજ સ્ક્રીપ્ટ્રસ ઉપર કરેલા ટ્રાન્સફર્સ અંગેના એન્ડોર્સમેન્ટને બહાલી આપવામાં આવે છે.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ. ૨૯૩૪૪-૬૧-૧૯૫૯
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. ૨૪-૩-૫૯

કે. સી. પરીખ
રજિસ્ટ્રાર

GUJARAT UNIVERSITY PRESS, AHMEDABAD-9

GUJARAT UNIVERSITY PRESS, AHMEDABAD-9

સિન્ડિકેટ (એપ્રિલ)
તા. ૧૧-૪-'૫૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૫૯ના એપ્રિલ માસની સભા, શનિવાર તા. ૧૧-૪-૧૯૫૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનોટ, ડેપ્યુટી ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર
૩. શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ	હાજર
૪. શ્રી. એસ. એમ. શાહ	હાજર
૫. શ્રી. અંબુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. એ. એમ. નાયક	હાજર
૭. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	હાજર
૮. ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૯. શ્રી. નગીનલાલ એસ. શોધન	ગેરહાજર
૧૦. ડૉ. નાનુભાઈ ર. દેસાઈ	હાજર
૧૧. શ્રી. બિલાસીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર

૧૩. ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર
૧૪. પ્રૉફેસર ઉમાશંકર જે. જોશી	હાજર
૧૫. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	ગેરહાજર
૧૬. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર
૧૭. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૮. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	હાજર.

૧. તા. ૧૪-૩-૧૯૫૯ના રોજ મળેલી સિન્ડિકેટની માર્ચ માસની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૪-૩-૧૯૫૯ના રોજ મળેલી સિન્ડિકેટની ૧૯૫૯ના માર્ચ માસની સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી તથા તે પર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. સેનેટે તેની તા. ૭-૩-૫૯ની બેઠકમાં રીફર બેક કરેલ સેકશન ૨૫ (૨) અને (૩) અંગેની દરખાસ્ત અંગે પુનર્વિચારણા કરવા બાબત.

સેક્શન ૨૫ (૨) અને (૩) સુધારવા અંગે પ્રિન્સિ. ય. પ્રા. શુકલની દરખાસ્ત નીચે મુજબ હતી:

"That the Senate requests the Government of Bombay to make the following amendments in Section 25 (2) and (3) of the Gujarat University Act :

1. Substitute 'one board' in place of 'two boards' in clause (I) in the para under Ex-officio members' in the sub-section (2) ;
2. Add the following after the end of the para under 'Ex-officio members' in the sub-section (2) :

Ordinary Members

Five representatives who are also recognised post-graduate teachers, if any, elected by the teachers of the subject or the group of subjects covered by the Board from among themselves.

3. Add 'and ordinary' after 'Ex-officio' in the sub-section (3) so that the amended clauses may be read as follows :

(2) Each Board shall consist of the members as follows :

Ex-officio members

Such members of the Faculty under which the Board is constituted as have elected to be members of the Board.

Provided that :—

(i) no members of a Faculty shall elect to serve on more than one board under the Faculty; and

(i) the election once made shall not be changed during the term of office of the member.

Ordinary members

Five representatives who are also recognised post-graduate teachers, if any, elected by the teachers of the subject or the group of subjects covered by the Board from amongst themselves.

Co-opted members

The para under this heading is to be retained as it is at present.

(3) The Chairman shall be elected by the members from amongst the Ex-officio and ordinary members."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ફરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની ૨૫મી કલમની પેટાકલમ (૨) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા વારતે તથા પેટાકલમ (૩) ૨૬ કરવા માટે સેનેટને ભલામણ કરવી.

"(2) Such members of the Faculty under which the Board is constituted as have been assigned to it by the Syndicate in its discretion after ascertaining the wish of the member concerned; provided that :

(i) No member of a Faculty shall be assigned to more than two Boards under the Faculty;

(ii) The assignment once made shall not be changed during the term of the office of the member, except when the Board or Boards are re-arranged, in which event the member concerned shall have an option to choose one of the Boards into which the parent Board is split up; and

(iii) Not more than three persons to be nominated by the Syndicate in its discretion from among the recognised post-graduate teachers of the subject or subjects covered under the Board concerned."

આથી ફરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અને (૩) સુધારવા બાબતમાં નીચે પ્રમાણે સેનેટને રિપોર્ટ કરવો :

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અને (૩) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરવા માટે મુંબઈ સરકારને ભલામણ કરવી :

"(2) Each Board shall consist of the following members :

(1) Such members of the Faculty under which the Board is consituted as have been assigned to it by the Syndicate in its discretion after ascertaining the wish of the members concerned; provided that :

(i) No member of the Faculty shall be assigned to more than two Boards under the Faculty;

(ii) Assignment, once made, shall not be changed during the term of office of the members, except when the Board or Boards are re-arranged, in which event the member concerned shall have an option to choose one of the Boards into which the parent Board is split up; and

(2) Three persons to be coopted by the Board of Studies concerned from among the recognised postgraduate Teachers, provided that in the event of there being no recognised Postgraduate Teacher or Teachers in the University Area, it shall be competent for the Board to coopt such teacher or teachers in the affiliated colleges as hold the status of at least a Professor of the subject covered under the Board;

(3) The Chairman shall be elected by all the members including the coopted members"

૩. સેનેટે તેની તા. ૬-૩-૫૯ના રોજ મળેલ બેઠકમાં રીફર બેક કરેલા નીચેના સ્ટેચ્યૂટ ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

Statute No. 4 (3)

"In addition,

The following persons shall, on payment of Rs. 5/–, be enrolled as Registered Graduates for a period of five years :–

(a) All graduates of any Indian University established by Law, whose mother-tongue is Gujarati, or who ordinarily reside in the University area.

(b) Graduates of the following Institutions whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University Area :–

(i) Guiarat Vidyapith, Ahmedabad.

(ii) Maharashtra Tilak Vidyapith, Poona.

(iii) Bihar Vidyapith, Patna.

(iv) Vishwa Bharti, Shantiniketan.

(v) Jamia Millia, Delhi.

(vi) Gurukul Vishwa Vidyalaya, Kangadi.

(vii) Kashi Vidyapith, Benaras.

(viii) S.N.D.T. Women's University prior to its incorporation as University established by Law.

(c) All graduates of any foreign University recognised by the Syndicate for the purpose, whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area.

(d) In the Faculty of Ayurvedic Medicine the following persons whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area :-

(i) G.F.A.M. degree holders of the Faculty of Ayurvedic and Unani Tibbi Systems of Medicines of Bombay State;

(ii) D.A.S.F. diploma holders of the Faculty of Ayurvedic and Unani Tibbi Systems of Medicines of Bombay State.

(iii) Licentiates of Ayurvedic Medicine of Patan.

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ફરાવવામાં આવે છે કે, મજકૂર સ્ટેટ્યૂટ ૪ (૩) માં પેટાકલમ ડી. (ii) & (iii) માં જણાવેલા ડી.એ.એસ.એફ. ડિપ્લોમા ધરાવનારાઓને તથા પાટણ આયુર્વેદિક મેડિસિનના લાયસન્સ ધરાવનારાઓને આ યુનિવર્સિટીની આયુર્વેદિક મેડિસિનની વિદ્યાશાખામાં રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ તરીકે સ્થાન આપવા સિન્ડિકેટ ભલામણ કરી શકતી નથી."

આથી ફરાવવામાં આવે છે કે, સેનેટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવો : સ્ટેટ્યૂટ ૪ (૩) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા સેનેટને ભલામણ કરવામાં આવે છે :

Statute No. 4 (3):

"In addition,

The following persons shall, on payment of Rs. 5/-, be enrolled as Registered Graduates for a period of five years :

(a) All graduates of any Indian University established by Law whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area;

(b) Graduates of the following Institutions whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area:

(i) Gujarat Vidyapith, Ahmedabad;
(ii) Maharashtra Tilak Vidyapith, Poona;
(iii) Bihar Vidyapith, Patna;
(iv) Vishwa Bharati, Shantiniketan;
(v) Jamia Millia, Delhi;
(vi) Gurukul Vishwa Vidyalaya, Kangadi;
(vii) Kashi Vidyapith, Benaras;
(viii) S.N.D.T. Women's University prior to its incorporation as University established by Law;

(c) All graduates of any foreign University recognised by the Syndicate for the purpose, whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area;

(d) In the Faculty of Ayurvedic Medicine the following persons whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area;

G.F.M.A. Degree holders in the Faculty of Ayurvedic Medicine and Unani Tibbi Systems of Medicine of the Bombay State.

૪. સેનેટે તેની તા. ૯-૩-૫૯ના રોજ મળેલ બેઠકમાં રીફરબેક કરેલા નીચેના સ્ટેટ્યૂટ ઉપર પુનર્વિચારણા કરવા બાબત:

સ્ટેટ્યૂટ ૧૧૩ (સી)

પેટાકલમ (સી) માં અંતે આટલું ઉમેરો :

If there is no quorum at the commencement of the meeting even at the expiration of a quarter of an hour, the meeting shall forthwith be adjourned to such a date as the Chairman may appoint. In the case of a meeting adjourned for want of a quorum, no quorum will be required."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૧૩માં પેટાકલમ (સી)માં "one-half" શબ્દને બદલે "one-third" એ શબ્દ મૂકીને તથા મજકૂર ઠરાવમાં જે ઉમેરો સૂચવાયો છે તે ઉમેરો કરીને સ્ટે. ૧૧૩ (સી) સુધારવા વાસ્તે સેનેટને ભલામણ કરવી.

સિન્ડિકેટના અભિપ્રાય પ્રમાણેનો સુધારેલો સ્ટે. ૧૧૩ (સી) નીચે પ્રમાણે વંચાશે :

St. 113 (C) : Not less than one-third of the members shall constitute a quorum. If there is no quorum at the commencement of the meeting even at the expiration of a quarter of an hour, the meeting shall forthwith be adjourned to such a date as the Chairman may appoint. In the case of a meeting adjourned for want of a quorum, no quorum will be requried."

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવો : સ્ટેટ્યૂટ ૧૧૩(સી) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા સેનેટને ભલામણ કરવામાં આવે છે :

St. 113 (C) : Not less than one-third of the members shall consitute a quorum. If there is no quorum at the commencement of the meeting even at the expiration of a quarter of an hour, the meeting shall forthwith be adjourned to such a date as the Chairman may appoint. In the case of a meeting adjourned for want of a quorum no quorum will be required.

૫. સેનેટે તેની તા. ૭-૩-૫૯ના રોજ મળેલ બેઠકમાં રીફર બેક કરેલા નીચેના સ્ટેટ્યૂટ ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

S. 156 (C) :—A Voting paper is invalid, if....

(a) .....

or

(b) .....

or

add: (c) the figure 1 standing above, indicating a first preference and some other figures and/or marks are placed opposite the name of the same candidate.

or

(d) .....

Or

(e) .....

Or

(f) .....

add (g) The marks or figures indicating the preference is not recorded (placed) in the space provided for the said purpose in the ballot papers.

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ઠરાવમાં જે સુધારો સૂચવાયો છે તે સુધારામાં સ્ટેટ્યૂટ ૧૫૬ સી. ની પેટા કલમ (જી)માં "માર્ક્ડ ઓર રેકોર્ડેડ" એ શબ્દો કાઢી નાખીને મજકૂર સુધારેલો સ્ટેટ્યૂટ ૧૫૬-સી. સ્વીકારવા સેનેટને ભલામણ કરે છે. સિન્ડિકેટના અભિપ્રાય પ્રમાણે સુધાવામાં આવે તો સ્ટે. ૧૫૬-સી. નીચે પ્રમાણે વંચાશે :

S.156-C. A voting paper is invalid, if-

(a) the figure standing alone, indicating a first preference, is not placed;

Or

(b) the figure 1 standing alone, indicating a first preference, is placed opposite the names of more than one candidate;

Or

Or

(c) the figure 1 standing alone, indicating a first preference, and some other figure and or marks are placed opposite the name of the same candidate;

Or

(d) it cannot be determined for which candidate, the first preference of the voter is recorded;

Or

(e) in an election by ballot any mark is placed by the voter by which he may afterwards be identified;

Or

(f) there is any erasure or alteration in the figures indicating the voter's Preferences:

Or

(g) the figure indicating the preference is not recorded in the space provided for the said purpose in the ballot paper.

વધુમાં સ્ટે. ૧૫૬-એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે પણ સિન્ડિકેટ સેનેટને સાથે સાથે ભલામણ કરે છે.

S.156 (A) : A voting paper shall be, as far as possible, in the following form :

THE GUJARAT UNIVERSITY

Voting Paper

Election by.....

Names of candidates	Mark order or preference in spaces below

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવો :
સ્ટેટયૂટ ૧૫૬–એ અને ૧૫૬–સી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે છે :

"S.156–A : A voting paper shall be, as far as possible, in the following form :

THE GUJARAT UNIVERSITY

Voting paper

Election by.....

Names of candidates	Mark order or preference in spaces below

"S.156–C. A voting paper is invalid, if–

(a) the figure 1 standing alone indicating a first preference, is not placed;

Or

(b) the figure 1 standing alone, indicating a first preference, is placed opposite the names of more than one candidate;

Or

(c) the figure i standing alone, indicating a first preference and some other figures and/or marks are placed opposite the name of the same candidate;

Or

(d) it cannot be determined for which candidate, the first preference of the voter is recorded;

Or

(e) in an election by ballot any mark is placed by the voter by which he may afterwards be identified;

Or

(f) there is any erasure or an alteration in the figures indicating the voter's preference;

Or

(g) the figure indicating the preference is not recorded in the space provided for the said purpose in the ballot paper."

૬. સેનેટે તેની તા. ૭-૩-'૫૯ના રોજ મળેલ બેઠકમાં રીફર બેક કરેલા નીચેના સ્ટેટ્યૂટ ઉપર પુનર્વિચારણા કરવા બાબત:

"St. 173

(1) For Admission to the First Year (Pre-University) Class in the Faculties of Arts including Education and Commerce a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Bombay State or an Examination considered equivalent thereto in at least seven subjects of which English (at higher or lower level) shall be one, provided he obtains in the aggregate at least 40% of the total marks obtainable at that examination.

(2) For admission to the First Year (Pre-University) Class in Science or Diploma in Pharmacy, a candidate must have passed the S.S.C. Examination conducted by the S S.C. Examination Board of the Bombay State or an Examination considered equivalent thereto in at least seven subjects of which at least three shall be (i) English (at higher or lower level); (ii) Algebra and Geometry; and (iii) one subject from amongst the group of subjects of Science, provided he obtains in the aggregate at least 40% of the total number of marks obtainable at that examination."

Note : This statute shall come into operation from 20th June 1961

આથી ઠરાવવામાં આવે છે કે, હાલ જે રૂટે. ૧૭૩ અમલમાં છે તેના પાઠમાં કશો ફેરફાર કરવાની જરૂર નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭. સને ૧૯૫૯-૬૦ના બજેટ એસ્ટીમેટ્સ અંગે બજેટ કમિટીની તા. ૩-૪-૫૯ના રોજ મળેલી બેઠકની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર કમિટીની ભલામણ પ્રમાણે સને ૧૯૫૮-૫૯નું રિવાઇઝ્ડ અંદાજપત્ર તથા સને ૧૯૫૯-૬૦નું અંદાજપત્ર મંજૂર કરવું. (મંજૂર થયેલા સને ૧૯૫૮-૫૯ના રિવાઇઝ્ડ અંદાજપત્ર તથા સને ૧૯૫૯-૬૦ના અંદાજપત્રની નકલ પરિશિષ્ટ "ક" તરીકે રાખવામાં આવે છે.)

૮. સને ૧૯૫૭-૫૮નો વાર્ષિક હેવાલ તૈયાર કરવા અંગે નિમાયેલી કમિટીની તા. ૪-૪-૫૯ના રોજ મળેલી બેઠકની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર કમિટીની ભલામણ પ્રમાણે સને ૧૯૫૭-૫૮નો વાર્ષિક હેવાલ મંજૂર કરવો. (મંજૂર કરેલા વાર્ષિક હેવાલની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે રાખવામાં આવે છે.)

૯. તા. ૮-૪-૫૯ના રોજ મળનાર બિલ્ડીંગ કમિટીની ભલામણો ઉપર વિચારણા બાબત :

બિલ્ડીંગ કમિટીની તા. ૯-૪-૧૯૫૯ના રોજ મળેલ સભાએ કરેલી ભલામણો વિષે નીચે જણાવ્યા પ્રમાણે ઠરાવવામાં આવે છે:—

(૧) મેસર્સ આસરપોટા એન્ડ આસરપોટાએ તૈયાર કરેલા યુનિવર્સિટી પ્રેસ, પ્રેસ મેનેજર, વગેરે માટેનાં મકાનોના આલેખો મંજૂર કરવા તથા તે માટે કુલ રૂા. ૧,૮૩,૦૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો, તથા મજકૂર મકાનોના બાંધકામ માટે ટેન્ડરો મંગાવીને કાર્યાલયે ઘટતાં પગલાં લેવાં.

(૨) યુનિવર્સિટી વિસ્તારનો માસ્ટર પ્લેન બનાવવા અંગેની ભલામણ રિફર બેક કરવી. તે અંગે ઉપકુલપતિશ્રીએ રજૂ કર્યું કે, શ્રી. દોશીએ તેમને આપેલી સૂચના પ્રમાણે કામ નથી કર્યું, એની નોંધ લેવામાં આવે છે.

(૩) ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના મકાન માટે નીચે મુજબનાં વધારાનાં કામકાજના દરો નક્કી કરવા :

	Description	Estimated quantity	Rates approved Rs. n.P.	Estimated expenses
1.	4" rain-water (A.C.) pipe	500 Rft.	3—00 per. Rft.	Rs. 1500-00

2.	3" patent stone over water shed complete	500 S.ft.	0·90 per S.ft.	Rs. 450·00
3.	Terrazo finished Dasa for stair-cases as per Architect's drawing.	100 S.ft.	2·50 per S.ft.	Rs. 250·00
4.	3" dia. architecural holes for staircase including encircling in plaster with a separate in colour.	75 Nos.	1·50 per No.	Rs. 112·50

ઉપરાંત 6" thick sand face plaster bands અને 4" thick sand face plaster bands અંગેના ભાવો નક્કી કરવા બાબતનું કામ હાલ મુલતવી રાખવું. Providing R. C. C. Patali for 4½" wall અંગેના ભાવ ટેન્ડરમાં લીન્ટલના આવી ગયેલા ભાવ પ્રમાણે આપવા અને Providing M. T. wood architrave for flush doorsના ભાવ બારણા અંગેના મંજૂર થયેલા ભાવમાં આવી જતા હોવાથી આ અંગેના નવા ભાવ આપવાના રહેતા નથી.

(૬) કર્મચારીઓનાં "ડી" ટાઈપનાં રહેણાંકોના આલેખો વિષે ચર્ચા બાદ તે બિલ્ડીંગ કમિટીને પુનર્વિચારણા માટે પાછા મોકલી આપવા.

(૫) શ્રી. આત્મારામ એમ. ગજ્જરે તૈયાર કરેલા સેનેટ હોલના ઇલેક્ટ્રીકલ ઈન્સ્ટોલેશન અંગેના આલેખો મંજૂર કરવા અને આવેલા ચાર ટેન્ડરોમાંથી મેસર્સ જયભારત ઇલેકટ્રીક સિન્ડિકેટનું રૂા. ૧૫,૫૦૭,૦૦નું ટેન્ડર મંજૂર કરવું.

(૬) સેનેટ હોલમાં વધુ ૨૦૦ થી ૨૫૦ વ્યક્તિઓ બેસી શકે તેવી એક વધારાની ગેલેરી બાંધવાનું સૂચન સ્વીકારવું નહિ, અને મંજૂર પ્લેનમાં છે તેમજ ઓરડા બાંધવા.

(૭) આર. સી. સી. સ્પેશિયાલિસ્ટ શ્રી. સબનીસની સૂચના પ્રમાણે મેસનરી કામને બદલે ૧:૩:૬ ના પ્રમાણમાં ૯૪૭૪ ચોરસ ફૂટનો સિમેન્ટ કોન્ક્રીટ કરવાના સેનેટ હોલના વધારાના કામકાજનો ૧૦૦ ચોરસ ફૂટના રૂા. ૨૧૩·૦૦ લેખેનો દર મંજૂર કરવો તથા તે માટે કુલ રૂા. ૨૦,૧૮૦·૦૦ સુધીનો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

(૮) ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના મકાનના બાંધકામ અંગે સિમેન્ટ પ્લાસ્ટર અને સેન્ડ ફેઇસ સિમેન્ટ પ્લાસ્ટર માટે નીચે પ્રમાણેના દર તથા તે અંગેનો ખર્ચ મંજૂર કરવા.

Description	Estimated quantity	Rate recommended by the Architect	Estimated expenditure
½" C Plaster	30,000 sq.ft.	Rs. 20·00 per 100 sq.ft.	Rs. 6,000.00
Sand face plaster	14,000 sq.ft.	Rs. 45·00 per sq.ft.	Rs. 6,300.00

૧૦. તા. ૯-૪-૫૯ના રોજ મળનાર ફાઇનેન્સ કમિટીની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનેન્સ કમિટીની તા. ૯-૪-૧૯૫૯ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી. (ફાઇનેન્સ કમિટીની ભલામણો પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૧. તા. ૧૧-૩-૫૯ના રોજ મળેલ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

સિન્ડિકેટે તેની તા. ૩-૪ ઓગસ્ટ ૧૯૫૮ના રોજની સભામાં યુનિવર્સિટી સ્ટાફના નવા પગારનું ધોરણ નક્કી કર્યું હતું. તેનો અમલ ૧-૭-૧૯૫૭થી કરવામાં આવે એમ જણાવ્યું છે, અને એવો આદેશ આપ્યો છે કે, આ સુધારેલા પગારધોરણને કારણે જે સભ્યોના પગારના આંકડા બે પગથિયાં કે સ્ટેજની વચ્ચે આવે, તેમને નીચેના સ્ટેજનો પગાર આપવો. અને તે ઉપરાંતની બાકીની રકમ "પર્સનલ એલાવન્સ દુબી મર્જ્ડ ઇન ફ્યુચર ઇન્ક્રીમેન્ટ" તરીકે મૂકીને ગણવી.

આ પ્રમાણે કરવા જતાં કેટલાક સવાલો પેદા થાય છે એમ શ્રી. રજિસ્ટ્રારે જણાવીને કેટલીક ચોખવટ માગી.

જેમ કે, (૧) એક કારકુનને ૧-૪-૫૭ના રોજ રૂા. ૭૯ મળે છે. બીજે વર્ષે ૧-૪-૫૮ના રોજ જૂના પગારધોરણ પ્રમાણે રૂ. નો ૩ વધારો મળવાથી રૂ. ૮૨ મળતા થયા. તો તેવા કેસમાં ગણતરી કેવી રીતે કરવી ?

આ બાબતમાં ચોખવટ આપવામાં આવી કે, ૧-૭-૫૭ના રોજ નવા ધોરણમાં તેમને રૂ.૭૫+ રૂ. ૪ અંગત પગાર તરીકે એમ આંકડો સમજાય. ૧-૪-૫૮ના રોજ એમને રૂ. ૮૨ મળે છે. નવા ધોરણ પ્રમાણે રૂા. ૫ નો વધારો ગણીએ, કે જેમાં રૂા. ૪ અંગત પગારના મર્જ થઇ જાય, તો એમને રૂા. ૮૦ નવા ગ્રેડ પ્રમાણે મળે. પરંતુ તેમને રૂા. ૮૨ મળતા હોવાથી તે ઓછા થઇ શકે નહિ. એટલે તે રૂા. ૮૨ ને રૂા. ૮૦ મૂળ પગાર + રૂા. ૨ અંગત પગાર (જે આગળના વર્ષે મર્જ થશે) એમ નવા ધોરણ પ્રમાણે સમજવું જોઇએ. પછી ૧-૪-૫૯ના રોજ સદરહુ કારકુનનો વધારો પાકે ત્યારે તેમને રૂા. ૫ મળે કે જેમાં રૂ. ૨ નો અંગત પગાર મર્જ થશે. પરિણામે રૂા. ૮૫ મૂળ પગાર તરીકે તે તારીખથી મળશે અને અંગત પગાર તરીકે કાંઇ રહેશે નહીં.

(૨) બીજો એક દાખલો એવો રજૂ કરવામાં આવ્યો છે કે, એક પટાવાળાને તા. ૧-૪-૫૭ના રોજ રૂા. ૩૧ નો પગાર હોય તો તા. ૧-૭-૫૭થી અમલમાં આણવાના નવા ધોરણ મુજબ એમને રૂા. ૩૧ મૂળ પગાર તરીકે નક્કી થશે. નવા ધોરણ પ્રમાણે બે વર્ષને બદલે વર્ષે વર્ષે રૂા. ૧ નો વધારો મળે. એટલે તા. ૧-૪-૫૮ના રોજ સદરહુ પટાવાળાને રૂા. ૩૨ પગાર મળે. એટલે જો તે તારીખથી તેને રૂા. ૩૧ જ મળતા રહયા હોય તો એને રૂા. ૩૨ ના હિસાબે જે વધુ મળતર થાય તે મજરે આપવાનું રહે. તા. ૧-૪-૫૯ થી બીજો વાર્ષિક વધારો એને મળે ત્યારે એનો પગાર રૂા. ૩૨ નવા ધોરણ પ્રમાણે થશે.

આ ઉપરાંત આ બાબતમાં નીચે પ્રમાણે વધુ ચોખવટ કરવામાં આવી કે, નવા પગારધોરણને કારણે સભ્યોના પગારમાં ફેરફાર થાય. એથી કરીને કોઈની નોકરીમાં દાખલ-તારીખને હિસાબે રહેતી સિનિયોરીટી ઉપર કશી અસર થશે નહીં.

તે ઉપરાંત બીજો એક ખુલાસો એ કરવામાં આવ્યો કે, જે સભ્યો સિન્ડિકેટે નવા પગારધોરણ મંજૂર કર્યા તે પહેલાં, એટલે તા. ૨૩-૮-૧૯૫૯ પહેલાં, નોકરી છોડી ચાલ્યા ગયા હોય, તેઓને આ નવો પગારધોરણો લાગુ પાડવાપણું રહેતું નથી."

૨. "આથી ચોખવટ કરવામાં આવે છે કે, રિસર્ચ એસિસ્ટેન્ટ, રિસર્ચ ફેલો તથા તેવી કક્ષાના બીજા કર્મચારીઓને બિનશિક્ષણગણ માટેના નિયમો લાગુ પાડવાનો ઠરાવ સિન્ડિકેટની તા. ૬-૧૨-૫૮ ની સભામાં થયો તેથી તેનો અમલ તે તારીખથી કરવાનો રહે."

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૧-૩-૫૯ના રોજ મળેલી સ્ટાફની બાબતની સ્થાયી સમિતિની ભલામણો મંજૂર કરવી.

૧૨. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ તરફથી અમદાવાદ શહેરમાં ચાલતી લૉ કૉલેજના વિભાગ તરીકે અથવા સ્વતંત્ર કૉલેજ તરીકે ઇન્ટરમિડિયેટ કૉમર્સ સુધીના અભ્યાસક્રમ શીખવવા માટે શરૂ કરાનાર નવી કૉલેજના જોડાણ માટે આવેલી અરજી ઉપર એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૧-૫૯ની ભલામણ.

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ તરફથી શહેરમાં ચાલતી લૉ કૉલેજના એક વિભાગ તરીકે અથવા સ્વતંત્ર કૉલેજ તરીકે ઈન્ટરમિડિયેટ કૉમર્સ સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે શરૂ કરાનાર નવી કૉલેજને જોડાણ આપવું નહિ એવી ભલામણ સિન્ડિકેટ તથા સેનેટને કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩. ભૂવનેશ્વર ખાતે તા. ૨ થી ૪ ઑક્ટોબર ૧૯૫૯ના રોજ મળનાર "ઑલ ઇન્ડિયા ઓરીએન્ટલ કૉન્ફરન્સ" ના ૨૦ મા અધિવેશન પ્રસંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા વાસ્તે મજકૂર સંસ્થાના સ્થાનિક મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ ડોલરરાય માંકડને મોકલવા અને કોઈ કારણે તેઓ જવા ના કહે તો પ્રોફેસર જે. ટી. પરીખને મોકલવા.

૧૪. યુનિવર્સિટીના ઝડપી અને સર્વદેશીય વિકાસનું આયોજન કરવા વાસ્તે સેનેટે નીમેલી વિકાસ આયોજન સમિતિના સેનેટે મંજૂર કરેલા હેવાલ પર વિચારણા કરવા બાબત.

મજકૂર બાબતની વિચારણા મોકુફ રાખવામાં આવી હતી.

૧૫. લાયબ્રેરી કમિટીના નીચે દર્શાવેલા ઠરાવ નં. ૧૩, ૧૪ અને ૧૫.

ઠરાવ નં. ૧૩:- લાયબ્રેરીના ઉપયોગની માહિતી દર્શાવતા જુલાઈ ૧૯૫૮ થી ડિસેમ્બર ૧૯૫૮ સુધીના ૭ માસિકપત્રકની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે,

ઠરાવ નં. ૧૪:- લાયબ્રેરીમાં તા. ૧-૭-૫૭ થી તા. ૩૦-૬-૫૮ સુધીના વાર્ષિક અહેવાલને મંજૂરી આપવામાં આવે છે તથા તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧૫:- લાયબ્રેરીના તા. ૧-૭-૫૭ થી તા. ૩૦-૬-૫૮ સુધીના વાર્ષિક આવક-ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટના જાણ માટે મોકલી આપવો.

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરી કમિટીના ઉપરોક્ત ઠરાવ નં. ૧૩, ૧૪ અને ૧૫ ની નોંધ લેવી.

૧૬. લાયબ્રેરી કમિટીની નીચેનો ઠરાવ નં ૨૪.

ઠરાવ નં. ૨૪:- સને ૧૯૫૭-૫૮ના અંતમાં લાયબ્રેરીના પુસ્તકોની મેળવણી કરતાં નીચેનાં બાવીસ પુસ્તકો જેની કિંમત આશરે રૂા. ૧૦૦ થાય છે તે મળ્યાં નથી તે કમી થયેલાં ગણી તેને માંડી વાળવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે:-

૧. હજરત મહંમદ અને ઇસ્લામ
૨. આપણું અમદાવાદ
૩. મા
૪. વિચાર રત્ન અને જ્યોતિ-ઝાંખી
૫. શિક્ષાપત્રી
૬. સંક્ષિપ્ત આત્મકથા : જવાહરલાલ નહેરૂ.
૭. સાચું જીવન
૮. પ્રાયશ્ચિત
૯. માતૃત્વ : લાભુ બહેન :
૧૦. દિવા સ્વપ્ન
૧૧. ગુજરાતની ખેતીવાડીની હાલની સ્થિતિ
૧૨. પ્રાચીન સાહિત્ય
૧૩. નારી પ્રતિષ્ઠા

14. Gazette of India Part I Section I
15. Better Villages
16. India Part 3–Advance Eco. Geography of India and Pakistan.
17. Return of the Native
18. Spiritual Development of the Child.
19. Some theory of Sampling
20. Personality of Man.
21. Surrender and Paid-up policy values.
22. Digest of Workman's Compensation cases.

આથી ઠરાવવામા આવે છે કે, લાયબ્રેરી કમિટીના ઉપરોકત ઠરાવ નં. ૨૪ ની નોંધ લેવી.

૧૭ લાયબ્રેરી કમિટીના નીચેનો ઠરાવ. (જાણ માટે.)

કામ નં. ૧૨ : સને ૧૯૫૫-૫૬ તથા ૧૯૫૬-૫૭માં લાયબ્રેરીનાં પુસ્તકોની મેળવણી કરતાં કુલ ૧૭ પુસ્તકો જેની કિંમત આશરે રૂા. ૧૦૦-૦૦ થતી હતી અને જેને કમી કરવા તથા જેની કિંમત માંડી વાળવા માટે સિન્ડિકેટે ઠરાવ કરેલો છે તે પૈકી નીચેનાં ૭ પુસ્તકો જેની કિંમત આશરે રૂા. ૩૭-૦૦ થાય છે તે ૧૯૫૭-૫૮ના અંતમાં લાયબ્રેરીના પુસ્તકોની મેળવણી કરતાં મળી આવ્યાં છે તો તે અંગે યોગ્ય કરવા બાબત.

૧. હિન્દુ જાતિ કે સંસ્કાર. –હિન્દી.
2. Study of Public Administration
3. International Literature
4. Physical and Mathematical Tables.
5. Study of the Anirothopy of Cosmic Rays with narrow angle Telescope.
6. History of Chemistry.

લાયબ્રેરી કમિટીનો ઠરાવ :– નોંધ લેવામાં આવે છે અને આ બાબતની સિન્ડિકેટને જાણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીના ઉપરોકત ઠરાવ નં: ૧૨ ની નોંધ લેવી.

૧૮. મનોવિજ્ઞાન ભવનના રીડર ઇન સાયકોલોજી ડૉ. એમ. કે. ડે. ના બે વર્ષનો પ્રોબેશન સમય તા. ૧૦-૬-૧૯૫૯ના રોજ પુરો થતો હોવાથી તેમને કાયમ કરવાના સવાલ પર વિચારણા કરવા બાબત.

(યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના રીડર ડો. એમ.કે. ડેની કામગીરી બાબતમાં ભવનના અધ્યક્ષ ડો. પી. એચ. પ્રભુનો બાનગી રિપોર્ટ સભ્યોને મોકલી આપવામાં આવ્યો હતો. આ વિષે કેટલીક ચર્ચા બાદ ઠરાવવામાં આવ્યું કે, ડો. એમ. કે. ડેને રીડરની જગા ઉપર કાયમ ન કરતાં તેમને તા.

૧૦-૬-૧૯૫૯ ના રોજ એમનો પ્રોબેશન સમય પૂરો થાય છે ત્યારથી છૂટા કરવામાં આવે. તે અંગે ઘટતી નોટિસ વગેરેનાં પગલાં વેળાસર લેવા કાર્યાલયને સૂચવવામાં આવે છે. વધુમાં ઠરાવવામાં આવ્યું કે, ભવિષ્યમાં યુનિવર્સિટીના શિક્ષકોની કામગીરી અંગેના હેવાલ સિન્ડિકેટના સભ્યોને પરિપત્રિત નહિ કરતાં સભા સમક્ષ ખાનગીરૂપે રજૂ કરવાનું ચોરણ રાખવું.

૧૯. "ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર" ના સભ્ય તરીકે પ્રતિવર્ષ રૂા. ૧,૦૦૦ નું સભ્યપદ લવાજમ ભરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટરનું સભ્યપદ સ્વીકારવું તથા તે માટે દર વર્ષે રૂા. ૧,૦૦૦ નું લવાજમ ભરવાનું મંજૂર કરવું.

૨૦. ફાઇનેન્સ કમિટીની તા. ૧૦-૨-૫૯ની સભાની ભલામણ ઉપર સિન્ડિકેટનો નીચેનો ઠરાવ :

" વધુમાં ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાનાં પ્રશ્નપત્રો છાપવાની વ્યવસ્થા માટે જુદા જુદા કેન્દ્રોમાંથી અમુક પસંદ કરેલાં મુખ્ય કેન્દ્રો પર પ્રશ્નપત્રો છપાય અને ત્યાંથી યોગ્ય જણ્યા હેઠળ આજુબાજુનાં કેન્દ્રો પર વખતસર પહોંચાડી શકાય તેવી કોઈ વ્યવસ્થા વિચારવાનો સવાલ સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવો. "

મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૨૧. લાયબ્રેરી વિંગમાં લિફ્ટ મૂકવાનો ઓર્ડર મે. ઑટીસ એલીવેટર કું. ને રૂા. ૨૫૪૫૫-૦૦માં આપવામાં આવ્યો હતો. પરંતુ બિલ્ડીંગ કમિટીની તા. ૭-૧૧-૫૮ની સભાની ભલામણથી ઉપરોક્ત લિફ્ટ લાયબ્રેરી વિંગમાં મૂકવાને બદલે સેન્ટ્રલ હોલમાં મૂકવાનું નક્કી થયેલ છે. અને સેન્ટ્રલ હોલમાં લિફ્ટ મૂકવાનો ખર્ચ રૂા : ૨૮૫૦૦-૦૦ થશે. તેથી વધારાના રૂા ૩૦૪૫ ના ખર્ચને મંજૂરી આપવા બાબત તથા પાર્ટીએ ૩૦ ટકા એડવાન્સ માગેલ હોવાથી એડવાન્સ આપવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બિલ્ડીંગ કમિટીની ભલામણ અનુસાર લિફ્ટ સેન્ટ્રલ હોલમાં મૂકવાનું રાખવું તથા તે માટે વધારાનો ખર્ચ મંજૂર કરીને કુલ રૂા. ૨૮,૫૦૦-૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ કામ મેસર્સ ઓટિસ એલિવેટર કંપનીને સોંપવું અને તેમની માગણી અનુસાર કુલ ખર્ચના ૩૦ ટકા જેટલી રકમ તેમને એડવાન્સ ખર્ચ પેટે આપવી.

૨૨. યુનિવર્સિટી તરફથી મોકલાતા તારો સંબંધી પોસ્ટલ ડિપાર્ટમેન્ટ સાથે ડિપોઝિટ મૂકવાની યોજના કરી હોઈ તે અંગે ડિપાર્ટમેન્ટ સાથે કરવાના જરૂરી કરારને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કરારનો મુસદ્દો મંજૂર કરવો તથા તે પર સહી કરવા માટે શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી. (મંજૂર કરેલા કરારના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૨૩. "રાયબહાદુર ડો. જયસિંગ પી. મોદી અને શ્રીમતી મંગળાગૌરી મોદી ગોલ્ડ મેડલ એન્ડોમેન્ટ" તથા "લક્ષ્મીલાલ ચાંદમા સ્કોલરશીપ એન્ડોમેન્ટ" એનાયત કરવાના નિયમો મંજૂર કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, "રાયબહાદુર જયસિંગ પી મોદી અને શ્રીમતી મંગલાગૌરી મોદી ગોલ્ડ મેડલ એન્ડોમેન્ટ" તથા "લક્ષ્મીલાલ ચાંદમા સ્કોલરશિપ એન્ડોમેન્ટ"ના નિયમો મંજૂર કરવા. (મંજૂર કરેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે)

૨૪. એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટની જગા માટે વારંવાર જાહેરખબર આપવા છતાં લાયક ઉમેદવારો મળતા નહિ હોવાથી લાયકાતના ધોરણમાં ઘટાડો કરવા કે પગારના ધોરણમાં વધારો કરવા બાબત વિચારવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે, એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટની જગા માટે અગાઉ મંજૂર કરેલું રૂા ૨૦૦-૧૦-૩૦૦નું પગારધોરણ રદ કરીને રૂા ૨૫૦-૧૫-૪૦૦નું કરવું તથા આ જગા માટે ઓછામાં ઓછી લાયકાત ડિપ્લોમા ઇન સિવિલ એન્જિનિયરિંગ અને ત્રણ વર્ષના અનુભવની રાખવી.

૨૫. મનોવિજ્ઞાન ભવનની પ્રયોગશાળાના સાધનો સાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટ કું. મારફતે આયાત કરવાનું આ સમિતિની તા. ૧૫-૩-૫૮ની સભામાં ઠરાવવામાં આવ્યું હતું પરંતુ આયાત કરવા માટેના લેટર ઓફ ઓથોરિટી તેમના નામના નહિ મળી શકવાથી તેમણે યુનિવર્સિટીના નામથી પરદેશની પેઢીઓ પાસે ઓર્ડર મૂકેલ છે ઓર્ડર યુનિવર્સિટીના નામનો હોવાથી પરદેશની પેઢીઓને યુનિવર્સિટીએ સીધુ પેમેન્ટ કરવા મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાન ભવનની પ્રયોગશાળા માટે જે સાધનો સાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટ કંપની મારફતે મંગાવ્યાં હતાં, પણ જે સાધનો માટે યુનિવર્સિટીના નામથી પરદેશની પેઢીઓ પાસે ઓર્ડર મૂકવામાં આવેલા છે, તે સાધનો માટે પરદેશી પેઢીઓને યુનિવર્સિટીએ સીધા પૈસા ભરવા.

૨૬. મુંબઈ સરકાર તરફથી પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે રૂા. ૫૦,૦૦૦ સુધીની વ્યાજમુક્ત લોન આપવા બાબતમાં ડાયરેક્ટર ઓફ એજ્યુકેશનના તા. ૧૩-૩-૫૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મુંબઈ સરકાર તરફથી પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે રૂા. ૫૦,૦૦૦ સુધીની વ્યાજમુક્ત લોન ડાયરેક્ટર ઓફ એજ્યુકેશનના તા. ૧૩-૩-૧૯૫૬ના પત્રમાં જણાવેલી શરતોએ સ્વીકારવી. (ડાયરેક્ટર ઓફ એજ્યુકેશનના પત્રની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૭. સિન્ડિકેટની તા. ૧૪-૨-૫૬ની સભાના ઠરાવને અનુલક્ષીને સ્વ. ધનલક્ષ્મી હરિલાલ પારેખની મિલકતના વહીવટકર્તાઓએ બીજી એલએલ. બી.ની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક તથા પુસ્તકો ઇનામ આપવા માટે રૂા. ૫.૦૦૦ ની સંભાવતના વ્યાજની

પૂરી રકમ વાપરવાની સંમતિ આપી હોઈ તે સખાવત સ્વીકારવા અંગે તથા ચાલુ સાલ સુવર્ણચંદ્રક આપવા માટે આવેલ રૂા. ૨૦૦ ની સખાવત સ્વીકારવા અંગે સ્વ. ધનલક્ષ્મી હરિલાલ પારેખની મિલ્કતના એકઝીકયુટર્સના પત્ર પર વિચારણા કરવા બાબત.

મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૨૮. મુંબઈ સરકાર તરફથી તથા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી નીચે મુજબ મળેલી ગ્રાન્ટસની નોંધ લેવા બાબત.

૧.	મુંબઇ સરકાર :-	પોસ્ટ ગ્રેજ્યુએટ સાયન્સ ડિપાર્ટમેન્ટ માટે મેચીંગ ગ્રાન્ટ.	રૂા. ૨,૬૫,૯૨૩-૮૭
	,,	- યુનિ. ના શિક્ષકોના પગારના ૬૨ના ધોરણ સામે	રૂા. ૬૪૭-૬૭
૨.	યુનિ. ગ્રાન્ટસ કમીશન.	- મનોવિજ્ઞાન ભવન અને લેબર વેલ્ફેરના શિક્ષકોના પગાર સામે.	રૂા. ૧૬,૬૦૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૨૯. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૯-૧-૧૯૫૯ની બેઠકનો નીચેનો ઠરાવ :

" આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. એચ. કુલકર્ણીને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે મેથેમેટિક્સ ગ્રૂપ "એ" માટે માન્યતા આપવાની તેમની વિનંતી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૯-૧-૧૯૫૯ ની ભલામણ પ્રમાણે શ્રી. કે. એચ. કુલકર્ણીને મેથેમેટિક્સ ગ્રૂપ "એ" માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્ય કરવા.

૩૦. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના રીચર્સ ફેલો શ્રી રમણલાલ જોશીને શિક્ષકોને લાગુ પડતા રજાના નિયમો ૨૦મી જૂન ૧૯૫૯ થી લાગુ પાડવાના શ્રી. વાઈસ-ચાન્સેલરના આદેશની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૩૧. ૧૯૫૯ની પરીક્ષાના પ્રશ્નપત્રો છાપવા માટે સાથે જણાવેલ પ્રેસોના તેની સામે જણાવેલ ભાવ સિન્ડિકેટે તેની તા:૧૪-૨-૫૯ની સભામાં મંજૂર કર્યા હતા પરંતુ જે તે

પ્રેસોને તે ભાવ સ્વીકાર્ય નહિ હોવાથી મે. વાઇસ-ચાન્સેલરે જે તે પ્રેસની સામે જણાવેલ ભાવો મંજૂર કર્યા તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી. (મંજૂર કરેલા ભાવોની યાદી પરિશિષ્ટ "જ" તરીકે છે.)

૩૨. નીચેના વિદ્યાર્થીઓના તેમના નામ સામે દર્શાવેલ પદવી માટેના મહાનિબંધો રેફરીઓએ સ્વીકાર્યા હોવાથી તેમને સદરહુ પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવા વાસ્તે મહામાત્રશ્રીને ઉપકુલપતિશ્રીએ આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

નામ :	વિષય :	પદવી :
૧. શ્રી. પી.એમ. ભુચ	ફિલોસોફી	એમ. એ.
૨. શ્રી. ડી.બી. ઘડાવાળા	કેમિસ્ટ્રી	એમ.એસસી.
૩, શ્રીમતી યુ.જી. ન્હેશી	,,	,,
૪. શ્રી. એચ.સી. શાહ	,,	,,
૫. શ્રી. ટી. એસ. જી. શાસ્ત્રી	ફિઝિકસ	પીએચ.ડી.
૬. શ્રી. એ.એન. દેસાઈ	સાયકોલોજી	,,
૭. મીસ ડી.એચ. કાંગા	માયકોબાયોલોજી	એમ.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૩૩ અ. નાટ્ય પ્રવૃત્તિ તાલીમ-શિબિર અને યુવક પ્રવૃતિ તાલીમ-શિબિરના વિગતવાર ખર્ચને મંજૂર કરવા બાબત :

(નોંધ :—વિગતવાર ખર્ચ અંગે કાર્યાલયે રજૂ કરેલો ફોર્મ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, નાટય પ્રવૃતિ તાલીમ-શિબિર અને યુવક પ્રવૃતિ તાલીમ-શિબિર માટે કાર્યાલયે રજૂ કરેલા ફોર્મ પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરવો. આ રીતે મંજૂર કરેલો અંદાજી ખર્ચ ઉપરના બેઉ શિબિરો માટે અનુક્રમે રૂા. ૫૫૦૦ અને ૩૦૦૦ થશે.

બ. ઉપર દર્શાવેલા બન્ને શિબિરો માટે મુખ્ય વ્યવસ્થાપક અને સહાયક વ્યવસ્થાપકને માનદ વેતન આપવાની વિચારણા કરવા બાબત.

મજકૂર બાબત પર વિચારણા થઈ નહોતી, તેથી તે સિન્ડિકેટની આગામી **સભા સમક્ષ** રજૂ કરવાની રહેશે.

૩૪. પેટલાદ કૉલેજ, પેટલાદના અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી. એસ. કે. કોટેશ્વરને ખાસ કેસ તરીકે માન્ય કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ કૉલેજ, પેટલાદના અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી. એસ. કે. કોટેશ્વરને મૈસુર યુનિવર્સિટીની બી. એ. ઓનર્સ પરીક્ષા ત્રીજા વર્ગમાં, પણ ૪૮ ટકા ગુણથી પાસ કરેલી છે તે મુદ્દો લક્ષમાં લઇને અપવાદ તરીકે તેમને પ્રોફેસરની જગા માટે લાયક ગણવા.

૩૫. લાયબ્રેરી કમિટીના નીચેના ઠરાવ નં. ૩૧ ઉપર વિચારણા કરવા બાબત:

૧. લાયબ્રેરીના ચાલુ તથા ચઢેલા કામને પહોંચી વળવા માટે લાયબ્રેરી સ્ટાફમાં ૨ કારકુન તથા ૩ ટાઇપિસ્ટોની એક વર્ષ માટે હંગામી જગ્યાઓ ઉભી કરવા તથા લાયબ્રેરીના સ્ટાફમાં કામ કરતા કારકુન શ્રી. એ. ટી. મિસ્ત્રીને લાયબ્રેરી સાયન્સનો ડિપ્લોમા કોર્સનો અભ્યાસ કરવા માટે તા. ૨૦-૬-૫૯ થી તા. ૨૦-૪-૬૦ સુધી કપાતે પગારે રજા આપવામાં આવેલી હોવાથી તેમની જગ્યા પર કામ કરવા માટે ૧૦ મહિના માટે એક હંગામી કારકુનની નિમણૂંક માટે મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

આ ઉપરાંત લાયબ્રેરીના સ્ટાફની હક્ક રજા દરમ્યાન તેમની જગ્યા પર કામ કરવા માટે જુનિયર ક્લાર્કની એક નવી જગ્યા ઉભી કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૨. સને ૧૯૫૮-૫૯નું રીવાઇઝડ અંદાજપત્રક તથા સને ૧૯૫૯-૬૦નું અંદાજપત્રક મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. ઉપર ૧ માં ભલામણ કરેલી વધુ જગ્યાઓનો સમાવેશ અંદાજપત્રકમાં કરવામાં આવેલો છે.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરી કમિટીના ઉપરના ઠરાવ નં. ૩૧ માં જણાવેલી રિવાઇઝડ ભલામણો મંજૂર કરવામાં આવે છે તથા તે અનુસાર નીચે પ્રમાણે જગાઓ ઉભી કરવામાં આવે છે :

જગાનુ નામ :	પ્રકાર:	નિમણૂકની મુદત:
૨ કારકુન તથા ૩ ટાઇપિસ્ટ	હંગામી	એક વર્ષ માટે
૧ જગા જુનિયર ક્લાર્કની	હંગામી	તા. ૨૦-૬-૧૯૫૯ થી તા. ૧૯-૪-૧૯૬૦ સુધી.
૧ જગા જુનિયર ક્લાર્કની	કાયમી	કાયમી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી લાયબ્રેરીનું સને ૧૯૫૮-૫૯ નું રિવાઇઝ્ડ અંદાજપત્ર તથા સને ૧૯૫૯-૬૦નું અંદાજપત્ર મંજૂર કરવું. (મંજૂર થયેલા સને ૧૯૫૮-૫૯ના રિવાઇઝ્ડ અંદાજપત્ર તથા સને ૧૯૫૯-૬૦ના અંદાજપત્રની નકલો પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૩૬. સિન્ડર ટ્રેક અને પેવેલીયન આંધવા માટે પાણીની વ્યવસ્થા તથા વાયર ફેન્સીંગ કરવા માટે અનુક્રમે રૂા. ૩૦૦૦ અને રૂા. ૬૦૦૦નો ખર્ચ મંજૂર કરવા તથા દેખરેખ માટે એક ચોકીદાર અને ચોકીદારના પગારના ક્રમમાં એક આઉન્ડ્રજમેનની જગાઓ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડર ટ્રેક માટે વાયર ફેન્સીંગ કરવાનો પ્રસ્તાવ તથા તેના અંદાજી ખર્ચ માટે ભલામણ કરવાની બાબત બિલ્ડીંગ કમિટીને મોકલી આપવી તથા સિન્ડર ટ્રેક માટે ચોકીદાર અને આઉન્ડસ્મેનની જગાઓ ઉભી કરવાની બાબત યુનિવર્સિટી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને અભિપ્રાય માટે મોકલી આપવી.

૩૭. લાયબ્રેરી કમિટીના ઠરાવ નં. ૩૦ અન્વયે લાયબ્રેરીના તા. ૧-૬-૫૮ થી તા. ૨૮-૨-૫૯ સુધીના આવક-ખર્ચના હિસાબ. (જાણ માટે).

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી લાયબ્રેરીના તા : ૧-૭-૧૯૫૮થી તા. ૨૮-૨-૧૯૫૯ સુધીના આવક-ખર્ચના હિસાબની નોંધ લેવી. (હિસાબની નકલ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૩૮. નીચેના માણસોનો પ્રોબેશન સમય તેમના નામ સામે બતાવેલ તારીખે પૂરો થાય છે તો તેમને કાયમી કરવાનું વિચારવા બાબત.

૧.	શ્રી. એચ. એમ. શાહ	૧૨-૪-૫૯
૨.	શ્રી. બી. ડી. પટેલ	૧૨-૪-૫૯
૩.	શ્રી. એ. ટી. મીસ્ત્રી	૧૪-૪-૫૯
૪.	શ્રી. એ. બી. દવે	૧૨-૪-૫૯

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા કર્મચારીઓને, તેમનાં નામ સામે જણાવેલી જગા પર તથા તારીખથી કાયમ કરવા :

૧.	શ્રી. એચ. એમ. શાહ	જુનિયર ક્લાર્ક તા : ૧૨-૪-૧૯૫૯
૨.	શ્રી. બી. ડી. પટેલ	જુનિયર ક્લાર્ક તા : ૧૨-૪-૧૯૫૯
૩.	શ્રી. એ. ટી. મિસ્ત્રી	જુનિયર ક્લાર્ક તા : ૧૪-૪-૧૯૫૯
૪.	શ્રી. એ. બી. દવે	ટાઇપિસ્ટ તા : ૧૨-૪-૧૯૫૯.

૩૯. યુનિવર્સિટી કાર્યાલયમાં/ભવનોમાં ખાલી જગાઓ પર નીચેની વ્યક્તિઓની નિમણૂંકની નોંધ લેવા બાબત.

૧.	શ્રી. એસ. એસ. વોરા	હેડ ક્લાર્ક
૨.	શ્રી. આર. ડી. ભગત	,,
૩.	શ્રી. કે. આર. જોશી	,,
૪	શ્રી. આર. એચ. ભટ્ટ	જુનિ. ક્લાર્ક
૫.	શ્રી. બી. આર. શાહ	,,
૬.	શ્રી. ઇ. જે. વીમાવાલા	,,
૭.	શ્રી. એસ. એમ. પટેલ	,,
૮.	શ્રી. જે. એચ. શાહ	,,
૯.	શ્રી. પી. જે. ત્રિવેદી	,,
૧૦.	શ્રી. બી. એમ. ગજ્જર	,,
૧૧.	શ્રી. બી. સી. શાહ	,,
૧૨.	શ્રી. એચ. જે. શાહ	,,
૧૩.	શ્રી. સી. એમ. શાહ	,,
૧૪.	શ્રી. એસ. જી. શાહ	,,

આથી ઠરાવવામાં આવે છે કે, મંજૂર બાબતની નોંધ લેવી.

૪૦. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૮-૩-૫૯ની સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ

"આથી સને ૧૯૫૯-૬૦ના વર્ષ માટે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના નીચે પ્રમાણેના બજેટને મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૧.	ઇન્ટર-કોલેજીએટ સ્પોર્ટ્સ	... ...	રૂ. ૧૧,૦૦૦
૧૫. ભારત સરકારના સેન્ટ્રલ બોર્ડ ઓફ જિયોફિઝિકસ તરફથી ઓગસ્ટ ૧૯૫૯ના બીજા અઠવાડિયામાં Exploration Geophysics અંગે ભરનાર સિમ્પોઝિયમ (Symposium) ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે ભરવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ જિયોફિઝિકસના ચેરમેન ડૉ. કે. આર. રામનાથનના તા. ૯-૬-૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

મજકૂર સિમ્પોઝિયમ વડોદરા ખાતે યોજવાનું નક્કી કર્યું છે એ મતલબનો ડૉ. કે. આર. રામનાથનનો પત્ર આવેલો હોવાથી આ બાબતમાં કશું વિચારવાપણું રહ્યું નથી.

૧૬. હૈદરાબાદ મુકામે તા. ૨૭ ડિસેમ્બર ૧૯૫૯થી જાન્યુઆરી ૧૯૬૦ સુધી મળનાર પાંચમા ઇન્ડિયન સ્ટાન્ડર્ડ કન્વેન્શનમાં પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર કન્વેન્શનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૭. મેડિકલ ફેકલ્ટીની તા. ૧૩/૧૪-૪-૧૯૫૯ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

મેડિકલ ફેકલ્ટીની ભલામણ

પ્રી-ક્લિનિકલ વગેરેની અભ્યાસસમિતિના મજકૂર ઠરાવ અંગે યોગ્ય કરવા નીચેની બાબત માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

This Faculty is of the opinion that in view of the considerable expenditure involved, some arrangements should be made so that unnecessary duplication of the Books and Journals be avoided in the libraries of the affiliated Medical Colleges, recognised

Medical Institutions and the Library of the University and that all bonafide Teachers and students of the Colleges and Institutions should have free access to the above mentioned Libraries.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં સિન્ડિકેટને કશું કરવાની જરૂર જણાતી નથી.

૧૮. યુનિવર્સિટીના ઝડપી અને સર્વદેશીય વિકાસનું આયોજન કરવા વાસ્તે સેનેટે નીમેલી વિકાસ આયોજન સમિતિના સેનેટે મંજૂર કરેલા હેવાલ પર વિચારણા કરવા બાબત

૧ આથી ઠરાવવામાં આવે છે કે :

(૧) યુનિવર્સિટી કાર્યાલયમાં પ્રકાશનવિભાગ ખોલવો તથા તે વિભાગના વડા તરીકે એક પ્રકાશન અધિકારી (પબ્લિકેશન ઑફિસર)ની નવી જગા ઊભી કરવી તથા તેનું પગાર-ધોરણ માસિક રૂા. ૩૦૦-૧૫-૬૦૦નું રાખવું.
આ જગા માટે લાયકાતનું ધોરણ નક્કી કરી ઉમેદવારોની અરજીઓ મંગાવવા વગેરેનો સવાલ હવે પછીની સિન્ડિકેટની સભામાં રજૂ કરવો.

(૨) યુનિવર્સિટીનાં પ્રકાશનો તૈયાર કરવા માટે અભ્યાસક્રમ અને કયાં પ્રકાશનો તાત્કાલિક છપાવવાં તથા કયાં પ્રકાશનો ત્યાર પછી આગળ હાથ ધરવાં તે બાબત અંગેની કમવાર સૂચનાઓ આપવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓને વિનંતી કરવી.

(૩) આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ અને ફાર્મસીના પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમમાં, ભાષાઓના વિષયોને માટે, તે તે ભાષાઓને અંગે મૂળ એસ એસ.સી.નું ધોરણ ધ્યાનમાં રાખીને તેની આગળ વધતાં યોગ્ય ગણાય એ ધોરણે ગદ્ય અને પદ્યની પસંદ કરેલી કૃતિઓના સંગ્રહો (Selections) તૈયાર કરાવવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓનાં સૂચનો મેળવવાં.

(૪) જે તે વિષયના આધારભૂત અંગ્રેજી ગ્રન્થો, ભાષાંતર, રૂપાંતર, છાયાનુવાદ વગેરે જેવું ઠીક ગણાય તે રીતે ગુજરાતીમાં ઉતારવાની પ્રવૃત્તિ હાથ ધરવાનો સવાલ, યુનિવર્સિટી બોર્ડ ઑફ પબ્લિકેશનને વિચારણા માટે મોકલી આપવો.

(૫) પ્રત્યેક વિદ્યાશાખાનાં પ્રકાશનોની પસંદગી બાબતમાં ઘટતી પેટાસમિતિઓ નીમવાની બાબતમાં તથા બહારના વિદ્વાનો અને અન્ય નિષ્ણાતોની મદદ મળી શકે તે માટે તેમને કો-ઓપ્ટ કરવાની બાબતમાં જોગવાઈ કરવા માટે ઑર્ડિનન્સમાં ઘટતા સુધારા કરીને તે બાબત રજૂ કરવી.

૨. પોસ્ટ-ઇન્ટરમીડિયેટ શિક્ષણની વ્યવસ્થા અને સંયોજનની જવાબદારી બાબતમાં મજકૂર સમિતિના ઠરાવની નોંધ લેવામાં આવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્કૂલ ઑફ ફિલોસોફી એન્ડ સાયકોલોજીમાં શિક્ષણશાસ્ત્રના અનુસ્નાતક અભ્યાસક્રમની જોગવાઈ કરવા બાબતમાં ઘટતાં પગલાં લેવાં તથા "યુનિવર્સિટી

સ્કૂલ ઑફ ફિલોસોફી ઍન્ડ સાયકોલોજી"નું નામ બદલીને " યુનિવર્સિટી સ્કૂલ ઑફ ફિલોસોફી, સાયકોલોજી ઍન્ડ એજ્યૂકેશન " રાખવા માટે સ્ટેટ્યૂટમાં ઘટતો સુધારો કરવા માટે પગલાં લેવાં.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં સત્રો અને વેકેશન બાબતમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવી :

પ્રથમ સત્ર : ૧૫મી જૂનથી ૧૫મી ઑક્ટોબર
બીજું સત્ર : ૫મી નવેમ્બરથી ૧૫મી માર્ચ (તા. ૨૫મી ડિસેમ્બરથી ૧લી જાન્યુઆરી સુધીની રજાઓ સાથે)

આ બાબતમાં ઑર્ડિનન્સના પાઠમાં ઘટતો સુધારો કરીને તે હવે પછીની સિન્ડિકેટની સભામાં રજૂ કરવો.

૧૯. શ્રી. ભટ્ટ રાજેન્દ્રપ્રસાદ નટવરલાલને એમ. કૉમ.ની પદવી માટે તેમનો મહાનિબંધ માન્ય થયેલ હોઈ તેમને તે પરીક્ષામાં પાસ જાહેર કરવા માટે ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

મજકૂર બાબતની નોંધ લેવામાં આવી.

૨૦. યુનિવર્સિટી કાર્યાલયમાં ડ્રાઇવરની જગા ઉપર કામ કરતા શ્રી. ગોવિંદ જીવાજી પરમારનો અજમાયશી સમય તા. ૪-૧૦-'૫૭ના રોજ પૂરો થયેલ હોવાથી તેમને કાયમી કરવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડ્રાઇવર શ્રી. ગોવિંદ જીવાજી પરમારને મોટર ડ્રાઇવરની જગાએ કાયમ કરવા.

૨૧. બી.એ.ની એક્સપેરિમેન્ટલ સાયકોલોજીની પ્રાયોગિક પરીક્ષા પ્રથમ વખત લેવાતી હોવાથી તેની પ્રાયોગિક પરીક્ષા અંગેના મહેનતાણાના ભાવ નક્કી કરવા બાબત તથા તે અંગે લૅબોરેટરી માટે કેટલો સ્ટાફ કેટલા દિવસ માટે લેવો તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એ.ની મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે નીચે પ્રમાણે મહેનતાણાના દર મંજૂર કરવા :

એક્સપર્ટ ઑસિસ્ટન્ટ	:	દરરોજના રૂા. ૮.૦૦
લૅબોરેટરી ઑસિસ્ટન્ટ	:	દરરોજના રૂા. ૫.૦૦
પરીક્ષા માટે " સબ્જેક્ટ "	:	દરરોજના રૂા. ૫.૦૦
હમાલ	:	દરરોજના રૂા. ૨.૫૦

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ પરીક્ષા માટે સ્ટાફ, દિવસો વગેરેની સંખ્યા નીચે મુજબ રાખવી.

તૈયારી માટેના દિવસ		સાફસૂફી માટેના દિવસ		એક્સપર્ટ ઑસિસ્ટન્ટ	લૅબોરેટરી ઑસિસ્ટન્ટ	હમાલ
૧	દિવસ	૧	દિવસ	૧	૧	૧
૧	એક્સપર્ટ ઑસિસ્ટન્ટ	૧	લૅબોરેટરી ઑસિસ્ટન્ટ			
૧	લૅબોરેટરી ઑસિસ્ટન્ટ	૧	હમાલ			
૧	હમાલ					

૨૨. ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના માણસોનો કામચલાઉ સમય તેમના નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને કાયમ કરવાનું વિચારવા બાબત.

(તેમના કામ અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

અનુ નં.	નામ	હોદ્દો	તારીખ
૧.	શ્રી. બી. જે. પટેલ	જુનિ. કોમ્પોઝિટર	૯-૬-૧૯૫૮
૨.	,, બી. પી. ત્રિવેદી	,,	૯-૬-૧૯૫૮
૩.	,, આર. બી. પટેલ	,,	૯-૬-૧૯૫૮
૪.	,, જે. કે. પરમાર	,,	૯-૬-૧૯૫૮
૫.	,, યુ. એ. શેખ	,,	૯-૬-૧૯૫૮
૬.	,, જે. ડી. પરમાર	,,	૯-૬-૧૯૫૮
૭.	,, ડી. કે. ચુડાસમા	,,	૯-૬-૧૯૫૮
૮.	,, બી. આર ભાવસાર	,,	૯-૬-૧૯૫૮
૯.	,, એસ. વી. ભાવસાર	,,	૯-૬-૧૯૫૮
૧૦.	,, કે. એલ. પટેલ	,,	૧૬-૬-૧૯૫૮
૧૧.	,, પી. એમ. ગાંધી	હેડ કોમ્પોઝિટર	૨૧-૬-૧૯૫૮
૧૨.	,, બી. વી. માલવણિયા	ટ્રેડલમેન	૯-૬-૧૯૫૮
૧૩.	,, પી. ડી. ભટ્ટ	મશીનમેન	૧૪-૬-૧૯૫૮
૧૪.	,, સી. વી. પટેલ	બૉલરમેન	૯-૬-૧૯૫૮
૧૫.	,, એન. એન. ઉપાધ્યાય	,,	,,
૧૬.	,, જી. કે. મેમીન	હેલ્પર	૨૦-૬-૧૯૫૮

મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૩. યુનિવર્સિટી પ્રેસમાં કોમ્પોઝિટર તરીકે કામ કરતા શ્રી. ભાવસાર હસમુખલાલ માધવલાલનું રાજીનામું મંજૂર થઈ ગયેલ હોવાથી તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ રૂા. ૩૨.૫૧ ન.પૈ. ની પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના છૂટા થયેલા કોમ્પોઝિટર શ્રી. ભાવસાર હસમુખલાલ માધવલાલને, તેમના પ્રોવિડન્ટ ફંડ ફાળાની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવી.

૨૪. પ્રોફેસર ઑફ સોશિયોલોજીની જગા માટે સિન્ડિકેટના ઠરાવ અનુસાર ભારતની યુનિવર્સિટીઓ પાસેથી મંગાવવામાં આવેલાં સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત

(સૂચનોનું તારણ આ સાથે સામેલ છે).

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર ઇન સોશિયોલોજીની જગાને રીડર ઇન સોશિયોલોજીની જગામાં ફેરવવી અને તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સંમતિ મેળવવી.

૨૫. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઇન લિંગ્વિસ્ટિક્સની જગા માટે અરજીઓ મંગાવેલ, પરંતુ અરજીઓમાં કોઈ જ ઉમેદવાર જરૂરી લાયકાત ધરાવતો ન હોવાથી આ અંગે શું કરવું તે બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઇન લિંગ્વિસ્ટિક્સની જગા, જે મૂળે રીડર ઇન ગુજરાતી (લિંગ્વિસ્ટિક્સ)ની જગા હતી, તેને ફેરવવી નહીં અને હતું તેમ તે જગાને પાછી રીડર ઇન ગુજરાતી (લિંગ્વિસ્ટિક્સ)ની જગા તરીકે જ રાખવી. આ બાબતની ગ્રાન્ટ્સ કમિશનને જાણ કરવી.

૨૬. યુનિવર્સિટીના વિજ્ઞાન ભવન માટે ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર અને રીડરોની નિમણૂક માટે નિમાયેલ વરણી સમિતિની નોંધ

આથી ઠરાવવામાં આવે છે કે:

૧. પ્રોફેસર ઑફ ફિઝિક્સની જગા માટે એક જ નામ સમિતિએ સૂચવ્યું છે. તે ઉપરાંત બીજાં સૂચનો માટે ભારતની જુદી જુદી યુનિવર્સિટીઓ તથા વરણીસમિતિના ગેરહાજર સભ્યો ડૉ. ડી. એસ. કોઠારી, ડૉ. કે. એસ. કૃષ્ણન અને પ્રોફેસર એસ. એન. મિત્ર પાસેથી સૂચનો મંગાવવાં. ત્યાર બાદ આ નિમણૂક કરવા અંગે આગળ ઘટતું કરવામાં આવે.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિએ કરેલી ભલામણ મંજૂર રાખી. શ્રી. પી. ડી પાટકની, રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણ પર (on proba ion) નિમણૂક કરવી.

(આ અંગેની વરણીસમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૭. યુનિવર્સિટીમાં ફિલ્મ કલબ સ્થાપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત પર સ્થાનિક કૉલેજોના આચાર્યોના અભિપ્રાય મંગાવવા.

૨૮. યુનિવર્સિટીના વિજ્ઞાનભવન માટે ગણિતશાસ્ત્રના પ્રોફેસર અને રીડરોની નિમણૂક કરવા માટે નીમાયેલ વરણીસમિતિની નોંધ:

આથી ઠરાવવામાં આવે છે કે :

૧. પ્રોફેસર ઇન મેથેમેટિક્સની જગા પર, ડૉ. પી. સી. વૈદ્યની નિમણૂક કરવાની સમિતિની ભલામણ મંજૂર રાખી, તેમને રૂા. ૮૦૦-૫૦-૧૨૫૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૮૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે (on probation) નીમવામાં આવે છે.

૨. રીડર ઇન મેથેમેટિક્સની જગા માટેની ભલામણ સમિતિએ કરી છે તે મંજૂર રાખી, રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં, અજમાયશી (probation)ના સમય દરમિયાન સંશોધનની પ્રવૃત્તિમાં પોતાને રસ છે એ બાબતની સંતોષકારક સાબિતી આપે તે શરતે, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી શ્રી. એચ. એન. રાવળની નિમણૂક બે વર્ષના અજમાયશી ધોરણે (on probation) કરવી.

(આ અંગેની વરણીસમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૯. નીચેની દેણગીઓના નિયમો મંજૂર કરવા બાબત.

(નિયમોની નકલો સામેલ છે.)

૧. "હરિભાઈ ગોપાળજી સુવર્ણચંદ્રક એન્ડાઉમેન્ટ."

૨. 'ચંદ્રમુખ ધનવંત પંડ્યા પ્રાઇઝ" એન્ડાઉમેન્ટ અને "શ્રીમતી નૌતમબેન ચંદ્રમુખ પંડ્યા પ્રાઇઝ "એન્ડોવમેન્ટ".

૩. "શ્રી. કાશીબા સુવર્ણચંદ્રક એન્ડાઉમેન્ટ."

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેની દેણગીઓના નિયમો મંજૂર કરવા :

૧. "શ્રી. હરિભાઈ ગોપાળજી સુવર્ણચન્દ્રક" એન્ડાઉમેન્ટ;

૨. "શ્રી. ચન્દ્રમુખ ધનવંત પંડ્યા પ્રાઇઝ" એન્ડાઉમેન્ટ અને "શ્રીમતી નૌતમબેન ચન્દ્રમુખ પંડ્યા પાઇઝ" એન્ડાઉમેન્ટ;

૩. "શ્રીમતી કાશીબા સુવર્ણચન્દ્રક" એન્ડાઉમેન્ટ.

(મંજૂર કરેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૩૦. ઇન્ટર કૉમર્સની પરીક્ષામાં એકાઉન્ટન્સીના પેપરમાં સૌથી વધુ માર્ક મેળવનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા માટે શ્રી. ગોરધનદાસ બાલુભાઈ તરફથી રૂા. ૪૦૦૦ની સખાવત સ્વીકારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ટર કૉમર્સના એકાઉન્ટન્સીના વિષયમાં એક સુવર્ણચન્દ્રક આપવાની જોગવાઈ થઈ ચૂકેલી છે તેથી તે પરત્વે શ્રી. ગોરધનદાસ બાલુભાઈનું ધ્યાન ખેંચીને, કોઈ બીજો વિષય પસંદ કરવાને માટે, યુનિવર્સિટીના ધોરણ મુજબ, ઓછામાં ઓછા રૂા. ૫,૦૦૦ની સખાવત કરવા વાસ્તે ઘટતો પત્ર લખવો.

૩૧. સિન્ડિકેટની તા. ૧૪–૨–૫૯ની સભાના ઠરાવને અનુલક્ષીને સ્વ. ધનલક્ષ્મી હરિલાલ પારેખની મિલકતના વહીવટ કર્તાઓએ બીજી એલ.એલ.બી.ની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક તથા પુસ્તકો ઇનામ આપવા માટે રૂા. ૫૦૦૦ની સખાવતના વ્યાજની પૂરી રકમ વાપરવાની સંમતિ આપી હોઈ તે સખાવત સ્વીકારવા અંગે તથા ચાલુ સાલ સુવર્ણચંદ્રક આપવા માટે આવેલ રૂા. ૨૦૦ની સખાવત સ્વીકારવા અંગે સ્વ. ધનલક્ષ્મી હરિલાલ પારેખની મિલકતના એક્ઝીક્યુટર્સના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સખાવતનો સાભાર સ્વીકાર કરવો તથા સ્વ. ધનલક્ષ્મી હરિલાલ પારેખની મિલકતના વહીવટકર્તાઓને જણાવવું કે, તે સખાવતનો સ્વીકાર ફક્ત સુવર્ણચંદ્રક માટે જ કરવામાં આવે છે અને તેમાંથી પુસ્તકો આપવાનું બની શકશે નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૯ના વર્ષ દરમિયાન બીજી એલએલ.બી.ની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને સુવર્ણચન્દ્રક આપવા માટે રૂા. ૨૦૦ની વધારાની સખાવતનો પણ સાભાર સ્વીકાર કરવો

૩૨. ડૉ. નરેન્દ્ર દેસાઈ તરફથી યુનિવર્સિટી લાયબ્રેરીને Standard Medical Journals ની ભેટ અંગે આવેલી દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ભેટનો સાભાર સ્વીકાર કરવો.

૩૩. ફાઇનન્સ કમિટીની તા. ૧૦-૨-૫૯ની સભાની ભલામણ ઉપર સિન્ડિકેટનો નીચેનો ઠરાવ :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાના પ્રશ્નપત્રો છાપવાની વ્યવસ્થા માટે જુદાં જુદાં કેન્દ્રોમાંથી અમુક પસંદ કરેલાં મુખ્ય કેન્દ્રો પર પ્રશ્નપત્રો છપાય અને ત્યાંથી યોગ્ય જણાતા હેઠળ આજુબાજુનાં કેન્દ્રો પર વખતસર પહોંચાડી શકાય તેવી વ્યવસ્થા વિચારવાનો સવાલ સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવો."

મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૪. મેસર્સ ઓટીસ એલેવેટર કું. ઇન્ડિયા (પ્રાઇવેટ) લિમિ. સાથે યુનિવર્સિટીના મકાનના સેન્ટ્રલ હૉલમાં લિફ્ટ મૂકવા અંગેના કરાર કરવા બાબત અને તે કરારનામામાં સહી કરવા વાસ્તે રજિસ્ટ્રારને સત્તા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કરારનો મુસદ્દો મંજૂર કરવા તથા તે પર સહી કરવા શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી.

(મંજૂર કરેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૫. "કરન્ટ સાયન્સ" નામના સામયિકને આર્થિક મદદ કરવા બાબતના 'કરન્ટ સાયન્સ' એસોસિયેશનના અધ્યક્ષ ડૉ. સી. વી. રમણના તા. ૩૦-૪-૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "કરન્ટ" સામયિકને રૂા. ૧૦૦ની મદદ "ટોકન ગ્રાન્ટ" તરીકે આપવી.

૩૬. મેસર્સ દીલીપ પબ્લિશિંગ હાઉસ, પૂનાએ યુનિવર્સિટીના પ્રશ્નપત્રો પોતાના પ્રકાશનમાં સંકલિત કરી યુનિવર્સિટીના પ્રકાશન હકોનું ઉલ્લંઘન કર્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ : નીચેના પ્રકાશનમાં પેપર્સ છપેલા છે.

Hand-book to B.Com. examination papers. 1952 to up to date.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત લીગલ કમિટીની વિચારણા માટે મોકલી આપવી.

૩૭. મેસર્સ પૉપ્યુલર બુક સ્ટોલ, સુરતે યુનિવર્સિટીના પ્રશ્નપત્રો પોતાના પ્રકાશનમાં સંકલિત કરી યુનિવર્સિટીના પ્રકાશન હકોનું ઉલ્લંઘન કર્યું હોઇ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:—નીચેનાં પ્રકાશનોમાં આપણા પ્રશ્નપત્રો સામેલ કરેલ છે.

૧. ગાઇડ ટુ ઇન્ટર સાયન્સ મૅથેમેટિક્સ પેપર્સ,
૨. " " " " ફિઝિક્સ પેપર્સ,
૩. " " " " કેમિસ્ટ્રી પેપર્સ.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત લીગલ કમિટીની વિચારણા માટે મોકલી આપવી.

૩૯. મુંબઈ તથા મધ્યસ્થ સરકાર અને યુ.જી.સી. તરફથી નીચે મુજબ મળેલી ગ્રાન્ટસની નોંધ લેવા બાબત.

૧. મુંબઈ સરકાર રીકરિંગ ગ્રાન્ટ ૧૯૫૯-૬૦ના વર્ષ પેટે એડવાન્સ રૂા. ૨,૫૨,૫૦૦/-

૨. મધ્યસ્થ સરકાર ગ્રાન્ટ-ઇન-એઇડ ટૂ ઇન્ડિવિયુલ રિસર્ચ વર્કર્સ
ફન્ડામેન્ટલ રિસર્ચ કામ અંગે રૂા. ૩,૬૦૦/-

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન :

૧. મનોવિજ્ઞાન ભવન તથા લેબર વેલ્ફેર ડિપાર્ટમેન્ટ અને
પુસ્તકખરીદી માટેની ગ્રાન્ટ રૂા. ૧૬,૬૦૦/-

૨. લ્યુમેનિટીઝનાં પુસ્તકો તથા સામયિકો ખરીદવા માટેની ગ્રાન્ટ રૂા. ૫૦,૦૦૦/-

આથી ઠરાવવામાં આવે છે કે, મંજૂર બાબતની નોંધ લેવી.

૩૯. સિટી લૉ કૉલેજ, અમદાવાદને એલએલ.બી. ડિગ્રી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. હિંમતલાલ પી. શુકલ અને શ્રી. બદુભાઈ હ. દેસાઈની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૪૦. યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશન ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા તરફથી યુનિવર્સિટીના સમાજ-વિદ્યા ભવનને ડૉ. મેન્ટો બેર્કોવીટ્ઝની ફુલબ્રાઇટ પ્રૉફેસર તરીકે ૧૯૫૯-૬૦ના વર્ષ માટે સેવાઓ મળવા અંગેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા તરફથી યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનને ડૉ. મેન્ટો બર્કોવીટ્ઝની ફુલબ્રાઇટ પ્રૉફેસર તરીકે ૧૯૫૯-૬૦ના વર્ષ માટે મળેલી સેવાઓનો સાભાર સ્વીકાર કરવો.

૪૧. લાયબ્રેરીમાં ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એમ. સી. શાહનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેમને બાકે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટી કૉન્ટ્રિબ્યુશનની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરીના છૂટા થયેલા જુનિયર ક્લાર્ક શ્રી. એમ સી. શાહને તેમના પ્રોવિડંટ ફંડ ફાળાની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૪૨. ગુજરાતી ભાષાસાહિત્ય ભવનમાં રિસર્ચ ફેલો તરીકે કામ કરતા શ્રી. રમણલાલ જોશીનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેમને બાકે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટી કૉન્ટ્રિબ્યુશનની રકમ તેમને પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી ભાષાસાહિત્ય ભવનના છૂટા થયેલા રિસર્ચ ફેલો શ્રી. રમણલાલ જોશીને તેમના પ્રોવિડન્ટ ફંડ ફાળાની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવી.

૪૩. શ્રી. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ-૯, નામાભિધાન 'શ્રી. રામાનંદ મહાવિદ્યાલય' ને બદલે 'શ્રી. હરિવલ્લભદાસ કાલિદાસ આર્ટ્સ કોલેજ' રાખવા બાબત ઉપર્યુક્ત કોલેજના આચાર્યશ્રી. તરફથી આવેલ તા. ૧૬-૬-૫૯ના પત્રકમાંક ૩૦૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રામાનન્દ મહાવિદ્યાલયનું નામ બદલીને "શ્રી. હરિવલ્લભદાસ કાલિદાસ આર્ટ્સ કૉલેજ" રાખવાની પરવાનગી આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી

૪૪. (૧) તા. ૧૪-૨-૫૯ની સિન્ડિકેટની કામકાજ યાદી ક્રમાંક ૫૨માં થયેલ સુધારા-વધારા મંજૂર કરવા બાબત.

(જૂની યાદી તેમજ સુધારાવધારા સામેલ છે.)

(પ્રી-યુનિવર્સિટી તેમજ ઇન્ટરમીડિયેટ પરીક્ષાઓના સુપરવાઇઝરો બાબત.)

(૨) બી.એ., બી.એસસી., પોસ્ટ-ગ્રેજ્યુએટ પરીક્ષાઓ, બી.ફાર્મ., એન્જિનિયરિંગ, મેડિકલ, લૉ, ડિપ્લોમાં ફાર્મસી તેમજ ટી. ટી., બી.એડ., લેબર વેલફેર અને એલએલ. એમ., એમ.એડ્, પરીક્ષાઓમાં નિમાયેલા સીનિયર સુપરવાઇઝરોની યાદી મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે :

(૧) સિન્ડિકેટની તા. ૧૪-૨-૧૯૫૯ની સભામાં મંજૂર કરવામાં આવેલી સીનિયર સુપરવાઇઝરોની નિમણૂકમાં જે ફેરફાર પાછળથી કરવા પડયા છે તે મંજૂર કરવા.

(૨) બી. એ., બી.એસસી , બી. ફાર્મ., એન્જિનિયરિંગ, મેડિકલ અને લૉની પરીક્ષાઓ, ડિપ્લોમા ઇન ફાર્મસી, ટી. ડી. અને બી એડ્, લેબર વેલફેર, એલએલ. એમ. અને અન્ય અનુસ્નાતક પરીક્ષાઓ માટે નિમાયેલા સીનિયર સુપરવાઇઝરોની નિમણૂક મંજૂર કરવી.

(૧) અને (૨) માં જણાવેલી સીનિયર સુપરવાઇઝરોની યાદીઓ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૪૫. સ્ટુડન્ટ્સ એઇડ ફંડ અંગે યુ.જી.સી. તરફથી આવેલા તા. ૧૬-૩-૫૯ના પત્રાંક એફા.૩૬-૧૦-૫૭ (એચ) થી ઉપસ્થિત થતા નીચેના મુદ્દાઓ ઉપર વિચારણા બાબત

૧. ૧૯૫૮-૫૯ના નાણાકીય વર્ષ માટે આવેલા રૂા. ૧૦;૦૦૦ની ફાળાની રકમનું શું કરવું;

૨. ૧૯૫૮-૫૯ના નાણાકીય વર્ષ માટે માન્ય સંસ્થાઓ અને સંલગ્ન કૉલેજો વગેરે તરફથી આવેલ રૂા. ૨૨,૮૦૦-૯૫ની રકમનું શું કરવું;

૩. યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં થનાર ફંડની રકમના વહીવટ અંગે નિયમો ઘડવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે :

૧. ૧૯૫૮-૫૯ના નાણાકીય વર્ષમાં આવેલી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રૂા. ૧૦,૦૦૦ના ફાળાની રકમ જે તે કૉલેજમાંથી "સ્ટુડન્ટ્સ એઇડ ફંડ"માં આવેલી રકમના પ્રમાણમાં (prorata) વહેંચી આપવી, તે મુજબ U. G. C. ને લખી જણાવવું.

૨ ૧૯૫૮-૫૯ના વર્ષ દરમ્યાન સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓ વગેરે તરફથી આવેલી રૂા. ૨૨,૮૦૦-૯૫ની રકમ જે તે કૉલેજોને પાછી મોકલાવી આપવી.

૩. યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનો માટે સદરહુ ફંડની રકમના વહીવટ બાબતમાં ઘટતા નિયમો ઘડીને રજૂ કરવા.

૪૬. યુનિવર્સિટી વિજ્ઞાન ભવન માટે કેમિસ્ટ્રીના પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટના પ્રૉફેસર તથા રીડર માટેની વરણીસમિતિની તા. ૩૦-૫-૫૯ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે :

૧. પ્રૉફેસર ઇન કેમિસ્ટ્રીની જગા માટે સમિતિએ એક જ નામ સૂચવ્યું છે. તે ઉપરાંત બીજાં સૂચનો માટે ભારતની જુદી જુદી યુનિવર્સિટીઓને લખવું. ત્યાર બાદ આ નિમણૂક કરવા અંગે આગળ ઘટતું કરવામાં આવે.

૨. રીડર ઇન કેમિસ્ટ્રીની જગા પર, રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં, ડૉ. અશ્વિન એમ. ત્રિવેદીની નિમણૂક કરવાની સમિતિની ભલામણ મંજૂર કરવામાં આવે છે. તે મુજબ તેમને શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૬૫૦થી, બે વર્ષના અજમાયશી ધોરણે (on probation) નીમવામાં આવે છે.

૩. રીડર ઇન કેમિસ્ટ્રીની બીજી જગા પર, નીમવાની સમિતિની ભલામણ મંજૂર રાખી રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૫૫૦થી, ડૉ. કે. બે હાકરની નિમણૂક બે વર્ષના અજમાયશી ધોરણે (on probation) કરવામાં આવે છે.

(વરણી સમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે)

૪૭. મનોવિજ્ઞાન ભવનમાં રીડર તરીકે કામ કરતા શ્રી એમ. કે. ડેનું રાજીનામું સિન્ડિકેટે તેની તા. ૬-૬-૫૯થી મંજૂર કરેલ હોવાથી શ્રી. ડેને ખાતે જમા નીકળતી રૂા. ૨૦૦૪.૫૭ પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનમાંથી છૂટા થયેલા રીડર ડૉ. એમ. કે. ડેને તેમના પ્રોવિડન્ટ ફંડ ફાળાની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર આપવી.

૪૮. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને યુનિવર્સિટી મિલકતની જે રેટેબલ વેલ્યુ આકારી છે તે સામે વાંધાઅરજી બાબત શ્રી. કુલીન એમ. શેઠને વકીલ તરીકે રોકવા તથા તેમની ફીના રૂા. ૨૧૦.૫૦ મંજૂર કર્યા બાબતના કાર્યની નોંધ લેવા બાબત

મંજૂર બાબતની નોંધ લેવામાં આવી.

૪૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૨-૬-૫૯ની સભામાં કરેલી નીચેની ભલામણ :

"આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે આર, આર. લાલન કૉલેજ, ભૂજ

(કચ્છ)ને એમ. એ. ગુજરાતી વિષયમાં ઓર્ડિનન્સ ૬૫-એચ.ની શરતોને આધીન રહીને અનુસ્નાતક કેન્દ્ર આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૦. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૨-૬-૫૯ની બેઠકમાં કરેલી નીચેની ભલામણ :

"આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે આર. આર. લાલન કૉલેજ, ભુજ (કચ્છ)ને એમ. એ. અંગ્રેજી વિષયમાં ઓર્ડિનન્સ ૬૫-એચ.ની શરતોને અધીન રહીને અનુસ્નાતક કેન્દ્ર આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૧. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૨-૬-૫૯ની સભામાં કરેલી નીચેની ભલામણ :

"આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ચાલતા એમ. એ. ફિલોસોફીના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રોફેસર વી. એમ. કુલકર્ણીની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણુક કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૨. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૨-૬-૫૯ની સભામાં કરેલી નીચેની ભલામણ :

"આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, સર કે. પી. કૉલેજ ઓફ કૉમર્સ, સુરતમાં ચાલતા એમ. કૉમ.ના વિષયો માટે પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રિન્સિપાલ એ. આર. દેસાઈની નિમણૂક કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૩. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૨-૬-૧૯૫૯ની સભાની ભલામણ :

"આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, નીચે જણાવેલ શિક્ષકોની માન્યતા તેમના નામ સામે જણાવ્યા પ્રમાણે તે તે વિષયમાં અન કૉલેજોમાં બદલી આપવી."

નામ	વિષય તથા ડિગ્રી	પ્રથમની કૉલેજ	માન્યતા બદલી આપી તે કૉલેજ અગર સંસ્થાનું નામ
૧. શ્રી. અમીન ગુણવંતલાલ ચંદુલાલ	ઓર્ગેનિક કેમિસ્ટ્રી (શિક્ષણ અને સંશોધનથી) એમ.એસસી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	એમ.એન. કૉલેજ, વિસનગર.

૨.	શ્રી. અમીન ગુણવંતલાલ ચંદુલાલ	ઓર્ગેનિક કેમિસ્ટ્રી પી.એચ.ડી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	એમ. એન. કૉલેજ, વિસનગર.
૩.	શ્રી. શ્રીવાસ્તવ આર. વી.	હિસ્ટરી ગ્રુપ્સ "એ" અને "બી"	,,	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર
૪.	શ્રી. ત્રિવેદી પ્રમોદચંદ્ર લક્ષ્મીશંકર	ઓર્ગેનિક કેમિસ્ટરી (શિક્ષણ અને સંશોધનથી)	એમ, એન. કૉલેજ, વિસનગર.	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૫	શ્રી. દવે જિતેન્દ્ર અમૃતલાલ	ગુજરાતી એમ.એ. (શિક્ષણથી)	,,	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર
૬.	શ્રી. પંડિત દત્તાત્રય નરહર	અંગ્રેજી એમ એ. (શિક્ષણથી)	બી. એમ. શાહ કૉલેજ, ભાવનગર	અમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.

આથી ઠરાવમાં આવે છે કે, ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૨-૬-૧૯૫૯ની સભામાં કરેલી નીચેની ભલામણ :

"આથી આ બોર્ડ સેન્ડિકેટને ભલામણ કરે છે કે (૧) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ઝૂલોજી વિષયના પ્રોફેસર શ્રી. એમ. એસ. દુબલેને એમ.એસસી. ઝૂલોજી (સંશોધનથી) માટે તથા એલ એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના પ્રોફેસર શ્રી. સી. સી. શાહને પીએચ ડી. ફાર્મેકોગ્નોસી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૨-૬-૧૯૫૯ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટે આવેલ અરજીઓ પૈકી (૧) શ્રી. ભિંડે રતનસિંહ દયાળજી તથા (૨) શ્રીમતી મહેતા સરોજિની છોટાલાલની અરજીની વિચારણા હાલ મુલતવી રાખવી, જ્યારે શ્રી. સુતરિયા દેવેન્દ્ર હીરાલાલની એમ. એ. હિસ્ટરી ગ્રુપ્સ "જી" અને "એચ"ની માન્યતા એમ.એ. હિસ્ટરી ગ્રુપ્સ "એ" અને "એચ"માં બદલી આપવા અંગેની વિનંતી સ્વીકારવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૬. જુદી જુદી કૉલેજો-સંસ્થાઓમાંથી માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટે આવેલ અરજીઓ ઉપરથી ઉપકુલપતિશ્રીને આપવામાં આવેલી સત્તાની રૂએ જે મદદનીશ શિક્ષકોને માન્ય કર્યા છે તે શિક્ષકોના નામની યાદી

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૨-૬-૧૯૫૯ની સભામાં કરેલી નીચેની ભલામણ :

"આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે ઑર્ડિનન્સ ૩૨૪(એ), (બી) અને (સી) અનુસાર પી.એચ.ડીની પદવી માટે અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે સભામાં સૂચવવામાં આવેલા ફેરફાર કરીને અરજીપત્રનો મુસદ્દો મંજૂર કરવો

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

(અરજીપત્રના મુસદ્દાની નકલ પરિશિષ્ટ " ઝ " તરીકે સામેલ છે.)

૫૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૨-૬-૧૯૫૯ની સભામાં કરેલી નીચેની ભલામણ :

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે દર્શાવેલ શિક્ષકોને તેમના નામ સામે જણાવેલ વિષયો કે શાખાઓ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

	નામ	વિષય	ડિગ્રી	શિક્ષણ કે સંશોધન	કૉલેજ અગર સંસ્થાનું નામ
૧.	શ્રી. દવે ચંદુલાલ અમૃતલાલ	ગુજરાતી	એમ.એ.	શિક્ષણથી	આર. આર. લાલન કૉલેજ, ભૂજ.
૨.	શ્રી. સ્વાદિયા સુમંતલાલ વી.	હિસ્ટરી ગ્રુપ્સ 'એ' અને 'સી'	એમ.એ.	,,	બહાઉદ્દીન કૉલેજ જૂનાગઢ
૩.	શ્રી. વસાવડા કનકપ્રસાદ વ્રજલાલ	હિસ્ટરી ગ્રુપ્સ 'એ' અને 'સી'	એમ.એ.	,,	ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર
૪.	શ્રી. પન્નાલાલ લાલભાઈ શાહ	જનરલ સર્જરી	એમ એસ.	શિક્ષણથી.	બી. જે. મેડિકલ કૉલેજ અમદાવાદ.
૫.	શ્રી. અંબેલાલ આર. દેસાઈ	એમ.કૉમના વિષયો ગ્રુપ. એ. ૧. પબ્લીક ઈકૉનોમીકસ. ૨. ઑગ્રેનાઇઝડ માર્કેટ ગ્રુપ "બી" ડી: ૧. ફારેન એક્ષચેઇન્જ ૨. ઇન્ટરનેશનલ બેન્કીંગ	એમ.કૉમ	,,	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરત.

(૨) નીચે દર્શાવેલ શિક્ષકોની અનુસ્નાતક શિક્ષકોની માન્યતા માટે આવેલ અરજીઓ સ્વીકારવી નહિ.

	નામ	વિષય	ડિગ્રી	સંશોધન કે શિક્ષણથી	કૉલેજ અગર સંસ્થાનું નામ
૧.	શ્રીમતી પટેલ સુભદ્રાબેન એન.	હિન્દી	એમ.એ.	શિક્ષણથી	મહિલા કૉલેજ, પોરબંદર.
૨.	ડૉ. જાવડેકર ભાલચંદ્ર શંકર	ઍનેટૉમી	એમ એસસી. (મેડ) એમ.એસ., પાર્ટ ૧ એમ.ડી., પાર્ટ ૧	,,	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૩.	શ્રીમતી સોલોમન ઈશ્વર અબ્રાહમ	સંસ્કૃત	પીએચ.ડી.	સંશોધનથી	બી. જે. ઇન્સ્ટિ. ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.
૪.	શ્રીમતી તારાબેન પટેલ	સોશ્યોલોજી	પીએચ.ડી.	સંશોધનથી	સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ તારાબેન પટેલના સંશોધનકામ અંગે ડૉ. ઈરાવતી કર્વેનો અભિપ્રાય મંગાવવો, તે પછી તેમની અરજીનો આગળ વિચાર કરવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી સુભદ્રાબહેન પટેલ, ડૉ. ભાલચન્દ્ર શંકર જાવડેકર અને શ્રીમતી સોલોમન ઈશ્વર અબ્રાહમની બાબતમાં ઑર્ડની ભલામણ મંજૂર કરવી.

૫૯. તા. ૨૩/૨૪-૬-૧૯૫૯ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની નોંધ ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિની ભલામણો મંજૂર કરવી. (ભલામણોની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૬૦. "યુનિવર્સિટીના વિજ્ઞાનના અનુસ્નાતક વિદ્યાભવનમાં રસાયણશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન, ગણિત અને વનસ્પતિશાસ્ત્રના લેક્ચરરોની તથા યુનિવર્સિટીને માટે એસ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટની જગાઓ માટે, ઉમેદવારોની મુલાકાત લઈ ભલામણો કરવા માટે, સિન્ડિકેટના તમામ સભ્યોની બનેલી સિન્ડિકેટે નીમેલી વરણીસમિતિની તા. ૨૫-૬-૧૯૫૯ના રોજ મળેલી સભાની નોંધ.

૧. આથી ઠરાવવામાં આવે છે કે :

(૧) લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની એ જગા પર, રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં, શરૂઆતના માસિક મૂળ પગાર રૂા. ૪૦૦થી, ડૉ. એસ. આર. પટેલની નિમણૂક બે વર્ષના અજમાયશી ધોરણે (on probation) કરવી.

(૨) લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની બીજી જગા પર, રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં, શરૂઆતના માસિક મૂળ પગાર રૂા. ૨૫૦થી, ડૉ. આર. કે. શાહની નિમણૂંક બે વર્ષના અજમાયશી ધોરણે (on probation) કરવી.

(૩) લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની ત્રીજી જગા પર, રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં, શરૂઆતના માસિક મૂળ પગાર રૂા. ૨૫૦થી, ડૉ. એમ. એન દેસાઈની નિમણૂક બે વર્ષના અજમાયશી ધોરણે (on probation) કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ઇન ફિઝિક્સની જગા માટે નવેસરથી અરજીઓ મંગાવવી અને એ અરજીઓની વિચારણા થાય ત્યારે શ્રી. વી. એમ. ત્રિવેદીની અરજી પણ વિચારણા માટે લક્ષમાં લેવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, લેક્ચરર ઇન મેથેમેટિક્સની જગા માટે નવેસરથી અરજીઓ મંગાવવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે :

(૧) લેક્ચરર ઇન બૉટનીની જગા પર, ડૉ. કુ. એસ. આર. દેસાઈની, રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક રૂા. ૪૦૦ના પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે (on probation) નિમણૂક કરવી.

(૨) લેક્ચરર ઇન બૉટનીની બીજી જગા પર, ડૉ. જે. કે. મહેશ્વરીની, રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૫૦થી, બે વર્ષના અજમાયશી ધોરણે (on probation) નિમણૂક કરવી.

૫. આથી ઠરાવવામાં આવે છે કે, એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટની જગા પર, શ્રી. પી. ડી. મિસ્ત્રીની નિમણૂક, રૂા. ૨૫૦-૧૫-૪૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક રૂા. ૨૫૦ના પગારથી એક વર્ષના અજમાયશી ધોરણે (on probation) કરવી.

(વરણી સમિતિની નોંધ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે)

૬૧. નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદરની ઇન્ટરમીડિયેટ આર્ટ્સ અને કૉમર્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે આચાર્યશ્રી તરફથી આવેલ જવાબ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ** :-સદરહુ કૉલેજના આચાર્ય ગણિત ઐચ્છિક વિષય હોઈ શીખવવાની ના પાડે છે અને તે માટે વ્યાખ્યાતા નીમવાની જરૂર નથી એમ જણાવે છે.

૨. આચાર્યશ્રીએ ઇન્ટરમીડિયેટ સુધી પર્શિયન અને ઉર્દૂ શીખવવાની પરવાનગી માગતાં તેઓને તે માટે વ્યાખ્યાતા નીમવા કહેલું, જે તેઓએ નીમેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદરને ઇન્ટરમીડિયેટ આર્ટ્સ અને કૉમર્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જરૂરી રોકાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૬૨. શ્રી. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરના આચાર્ય તરફથી તેમની કૉલેજમાંથી બીજી બી.એ.,એમ.એસ.ની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને ત્રીજી બી.એ., એમ.એસ.ના મજકૂર અભ્યાસક્રમ માટે જોડાણ મળ્યું નથી. તે સંજોગોમાં ત્રીજી બી.એ., એમ.એસ.ના વર્ગમાં વિદ્યાર્થીઓને દાખલ કરવા વાસ્તે પરવાનગી માગતા તા. ૧૯-૬-૧૯૫૯ના પત્રાંક ૮૫૪-૫૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બીજી બી.એ.,એમ.એસ.ના જોડાણ માટે મજકૂર કૉલેજની અરજી હાલ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા હેઠળ છે તે સંજોગોમાં મજકૂર કૉલેજને બીજી બી.એ.,એમ.એસ.માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે હાલ પૂરતી (પ્રોવિઝનલ) પરવાનગી આપવા વાસ્તે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૬૩. મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન સાયકોલોજીની નિમણૂક કરવા વાસ્તે વરણીસમિતિ ઉપર સિન્ડિકેટે નીમવાના સભ્યોની પસંદગી બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રીડર ઇન સાઇકોલોજીની જગા માટેની વરણીસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી:

૧. પ્રોફેસર એ. આર. વાડિયા
૨ ડો. જી. ડી. ઓઝા

૬૪. હૉટેલની ફી વગેરે અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

મજકૂર બાબતની વિચારણામા મોકૂફ રાખવામાં આવી.

૬૫. સુધારેલા ઑર્ડિનન્સ નં. ૭ પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ ઉપર ત્રણ ઝોનના ચેરમેન સિવાયના, રમતની જાણકારી ધરાવતા દરેક વિભાગમાંથી એક એમ ત્રણ આચાર્યોને નિયુક્ત કરવાના છે તે મુજબ નિયુક્ત કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ તરફથી પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ, પ્રિન્સિપલ એચ. એસ. સંઘવી, અને પ્રિન્સિપલ પી. સી. વૈદ્યની નિમણૂક કરવી.

૬૬. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઈક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૧૦-૬-૧૯૫૯ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ :

૧. આથી ઠરાવવામાં આવે છે કે, મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરોના સંયુક્ત મંડળના ઉપર જણાવેલા ઠરાવનો સિદ્ધાંત સ્વીકારવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨. આ બાબતના સંદર્ભમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા, અને સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગરમાં ગુજરાત યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) સાયન્સ અને ઇન્ટરમીડિયેટ સાયન્સની પરીક્ષાઓમાં ઉતીર્ણ થઈને એન્જિનિયરિંગ કે મેડિકલ કૉલેજોમાં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે વધારાની પરીક્ષા (ટેસ્ટ) લેવામાં આવે છે તે બાબતની ચર્ચા થવા પામી હતી. તે પરથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા, અને સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગરને જણાવવું કે, આ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) સાયન્સ અને ઇન્ટરમીડિયેટ સાયન્સની પરીક્ષાઓમાં પાસ થઈને તે યુનિવર્સિટીઓમાં જવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે કોઈ ભેદભાવભરી વધારાની પરીક્ષા તે યુનિવર્સિટીઓમાં કે તેમની કૉલેજોમાં લેવામાં નહિ આવે તે શરતે, યુનિવર્સિટીઓની નીચે જણાવેલી પરીક્ષાઓ, તેની સામે જણાવેલી ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓને તુલ્ય ગણવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી:

	મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ	ગુજરાત યુનિવર્સિટી
૧.	પ્રી-યુનિવર્સિટી અથવા પ્રેપરેટરી સાયન્સ	પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વિજ્ઞાન
૨.	પ્રી-એન્જિનિયરિંગ	ઇન્ટરમીડિયેટ પદવી પરીક્ષાનું પ્રથમ વર્ષ સાયન્સ–'એ' ગ્રુપ.
૩.	પ્રી-મેડિકલ	ઇન્ટરમીડિયેટ પદવી પરીક્ષાનું પ્રથમ વર્ષ 'બી'–ગ્રુપ.

૪ વધુમાં ઠરાવવામાં આવે છે કે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગરની (૧) પ્રેપરેટરી આર્ટ્સ અને કૉમર્સ, તથા (૨) આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પ્રથમ વર્ષની પદવી પરીક્ષાઓને, અનુક્રમે (૧) ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) આર્ટ્સ અને કૉમર્સ, તથા (૨) ઇન્ટરમીડિયેટ (પદવી પરીક્ષાનું પ્રથમ વર્ષ) આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ તુલ્ય માન્ય કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

નોંધ:– સદરહુ બાબત તા. ૧૦-૭-૧૯૫૯ના રોજ મળનારી ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા હેઠળ છે. લંબાણ ચર્ચા વિચારણાને અંતે સિન્ડિકેટે નીચે પ્રમાણે અભિપ્રાય દર્શાવ્યો :

૧. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં, તેમની ઇજનેરી અને તબીબી વિદ્યાશાખાઓમાં, આ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) સાયન્સની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની ફેરપરીક્ષા લેવામાં આવે છે, તેથી પરસ્પરની બિનશરતી માન્યતાનું ધોરણ સચવાતું નથી.

૨. આ યુનિવર્સિટીના ફર્સ્ટ ઇયર સાયન્સ ("એ" ગ્રૂપમાં) પાસ થઈને જતા વિદ્યાર્થીઓને (જૂના બેઝ. ઈ. (નવા બેસ. ઈ.)ના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવે, અને ઇન્ટર સાયન્સ (બી. ગ્રૂપમાં) પાસ થઈને જતા વિદ્યાર્થીઓને જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પહેલી એમ.બી. બી.એસ.માં દાખલ કરવામાં આવે તે શરતે, સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠમાં પ્રી-એન્જિનિયરિંગના અભ્યાસક્રમ, અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પ્રી-એન્જિનિયરિંગ અને પ્રી-મેડિકલના અભ્યાસક્રમો દાખલ કરેલા હોવાથી તેમાં ઉત્તીર્ણ થઈને આવતા તેમના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય.

૩. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીના જુનિયર બી એસસી. કે ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં પરસ્પર માન્યતાના ધોરણે પ્રવેશ આપી શકાય, પણ એફ.ઈ.ના વર્ગમાં પ્રવેશ આપી શકાય નહિ. તે જ રીતે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફર્સ્ટ બી એસસી.ની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને પરસ્પર માન્યતાના ધોરણે આ યુનિવર્સિટીના જુનિયર બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ આપી શકાય, પણ તેમને એફ.ઈ. કે ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં પ્રવેશ આપી શકાય નહિ.

૬૭. ઉપકુલપતિ પર પત્ર લખીને શ્રી. હિંમતલાલ પી. શુક્લ અને બીજા કેટલાક સભ્યોએ સમાજવિદ્યા ભવનના એમ.એ.ના વિદ્યાર્થી શ્રી. અજિત ઉમરવાડિયાનાં સત્રોની માન્યતાની બાબત રજૂ કરવા ઇચ્છા દર્શાવેલી. તેથી તે રજૂ કરવાની પરવાનગી પ્રમુખે આપતાં તે બાબત શ્રી. શુક્લે રજૂ કરી. તે વિષે કેટલીક ચર્ચાવિચારણાને અંતે મજકૂર બાબત સિન્ડિકેટની હવે પછીની સભા પર મોકૂફ રાખવાની દરખાસ્ત શ્રી. હિંમતલાલ શુક્લએ કરી, જે સ્વીકારવામાં આવી.

(સિન્ડિકેટના કેટલાક સભ્યોનો આ બાબતમાં આવેલો પત્ર તથા તેના જવાબમાં સિન્ડિકેટના સભ્યો જોગ ઉપકુલપતિશ્રીએ લખેલો પત્ર એઉની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૯૦૧૪૭-૧૬૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ, ૯.
તા. ૨૯-૭-'૫૯.

કું. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
ક્રમાંક નં. ૧

Recognition of Post-graduate Institution

INSTRUCTIONS TO LOCAL INQUIRY COMMITTEE RECOGNITION

Applications for recognition or continuation and/or extension of recognition are to be submitted to the Registrar as to reach him not later than the 1st of July of the year previous to that from which recognition or continuation and/or extension thereof is desired. A form has been prescribed by the Syndicate, a specimen of which is printed as Appendix 'A'. The applying authorities shall send four copies for the use of members to be appointed by the Syndicate for reporting on the application.

While ordering an inquiry into an application for recognition of an institution for the first time, the Syndicate direct the members of the Inquiry Committee to conduct the inquiry with special reference to the need or otherwise of the institution, the type of education intended to be provided by the institution, the existing provision for students by other institutions, if any, of the same type in the neighbourhood.

The Syndicate further instruct all Local Inquriy Committee to bring to the notice of the instruction the following requirements which an institution seeking recognition should fulfil.

(A) **Finance :**

Every institution applying for recognition should have sufficient amount of reserve fund and sources of income to cover the maintenance and upkeep of the institution including its library and laboratory, if any needed, and other expenses for the research work to be undertaken in the institution.

(B) **Buildings :**

(a) The building should be adequate for the purpose of the institution and shall have sufficient accommodation for instruction and research.

(b) The accommodation provided for the institution, the hostel, if any, and the residential quarters for the Director and a member of the teaching staff to be in charge of the hostel, should be adequate and separately provided.

Note—No separate hostel accommodation may be insisted upon in the case of Post-graduate institutions in the Ahmedabad area where the University provides for hostel accommodation for Post-graduate students.

(c) The building or buildings shall provide the followlng minimum accommodation.

Class room with a floor area calculated at the rate of 8 sq. ft. per student, it being open to the Committee in prescribing the area to take into consideration the fact that the seats for the students are changed in tiers.

(d) In addition to the class room, the building should have:—

(1) A Professors' Common Room,
(2) A Common Room for students,
(3) A Common Room for women students,
(4) A Library and Reading Room.

(e) When an institution is not housed in a permanent building of its own, adequate financial provision should be made for the construction of permanent building.

(C) Hostel :

The minimum accommodation for students in the hostel should be on the basis of 100 sq. ft. for one student, 175 sq. ft. for two students and 250 sq. ft. for three students (*Note*—The condition shall apply only to Buildings to be built hereafter specially in this purpose).

(D) That the Library and the Laboratories are, or will be adequately equipped to meet the requiremants of the courses of instruction taught in the institution.

When certain conditions are imposed as condition precedent to recognition, they must be clearly stated as condition to be complied with to the satisfaction of the Syndicate on or before fixed date, which should not be later than 31st May of the year in which the institution intends to start functioning.

(E) Teaching staff :

A copy of the circular containing the minimum qualifications laid down by the Syndicate for teaching appointments in affiliated colleges and recognised Institutions is sent herewith alongwith the copy of the Ordi. 65 (for recognition, etc., as Post-graduate Teacher).

(F) A copy of circular containing the terms and conditions of service of the teaching staff in affiliated colleges and recognised institutions, is sent herewith.

POINTS FOR INSPECTION OF POST-GRADUATE DEPARTMENT

I. (1) Director and the teaching staff, including Professors, Readers, Lecturers, with
(i) their qualifications as regards (a) degrees, (b) teaching experience, (c) experience in original work; and
(ii) periods devoted to lecturing.

(2) Subjects and groups taught for the M. A. Degree course.

(3) Teaching and Examination :

(a) The class time tables showing the periods devoted to each subject in each class in the lecture room.

(b) Time-tables of individual teachers.

(c) Periods in each subject for M. A. Classes.

(4) Methods of testing.

(5) Provision for research and research work being done by teachers and/or students.

II. Students :

(1) Number of men and women students according to the districts from which they come.

(2) Number in each class:

(a) number enrolled in each subject.

(b) number actually attending.

(3) Method of taking the roll and checking the attendance.

(4) Result of Examinations:

(a) Result of M. A. Examination of last 3 years.

(b) Distinction.

(5) Department societies and other activities.

(a) Societies, academic and social.

(b) Department magazine.

(c) Other activities.

III. Other remarks:

પરિશિષ્ટ "૫"
કામકાજ નં. ૨૬

A meeting of the Selection Committee for the Professor and Readers in Physics was held on Tuesday, the 2nd of June 1959 at 11-3o a.m., the Vice-Chancellor, Shri Maganbhai P. Desai presiding. The following was the attendance :

1.	Shri Maganbhai P. Desai (Vice-Chancellor)	Present
2.	Dr. D. S. Kothari	Absent
3.	Dr. N. R. Tavade	Present
4.	Dr. K. S. Krishnan	Absent
5.	Prof. S. N. Mitra	Absent

I. The following candidates were called for interview for the post of Professor of Physics :

1.	Dr. Madan Mahendra Pratap	Absent
2.	Shri Swadeshkumar Trikha	Present
3.	Dr. K. G. Ramanathan	Absent
4.	Dr. M. S. Ramachandra Chari	Present

After interviewing the candidates who remained present for the interview and considering them, the Committee resolved as follows ;

That, in the opinion of the Committee, none of the above candidates is suitable for appointment to the post of Professor of Physics. The Committee, however, is of the opinion that Prof. K. R. Dixit who is reported to have retired from the Bombay State Government Service, would be suitable for the post and recommends to the Syndicate to explore the possibilities of obtaining his services as Professor of Physics.

II. The following candidates were called for interview for two posts of Readers in Physics :

1.	Prof. N. J. Patel	Present
2.	Dr. K. M. Kotadia	Present
3.	Prof. P. D. Pathak	Present
4.	Dr. K. C. Chandy	Absent
5.	Dr. P. D. Bhavsar	Absent
6.	Dr. U. D. Desai	Absent
7.	Dr. T. S. Rao	Absent
8.	Dr. K. S. Subudhi	Absent
9.	Dr. Lakshman Singh	Absent
10.	Dr. K. K. Sen	Absent

After interviewing the candidates, who were present and considering them, the Committee resolved as follows :

That it be recommended to the Syndicate that Shri P. D. Pathak be appointed to the post of a Reader in Physics.

The Committee regrets that it has not found it possible to recommend anybody else for another post of a Reader in Physics.

2nd June, 1959

(Sd)-M. P. Desai
(Sd)-N. R. Tavade

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૨૮

A meeting of the Selection Committee for recommending appointments to the post of Professor in Mathematics and two posts of Readers in Mathematics was held on Monday, the 1st of June 1959 at 11-30 a.m. **Vice-Chancellor, Shri M. P. Desai, presiding.** The following was the attendance:

1.	Shri M. P. Desai (Vice-Chancellor)	Present
2.	Dr. V. V. Narlikar	Present
3.	Shri N. R. Trivedi	Present
4.	Dr. K. Chandrashekharan	Absent
5.	Dr. Ram Bihari	Absent

I. The following candidates for the post of Professor in Mathematics were called for interview:

1.	Dr. P. C. Vaidya	Present
2.	Shri V. P. Godambe	Absent
3.	Shri D. M. Patel	Present
4.	Shri A. R. Rao	Absent
5.	Shri Kshetra Mohan Basu	Absent
6.	Shri P. P. Chatterji	Absent

After interviewing the candidate and considering their qualifications and experiences, the Committee resolved as follows:

That it be recommended to the Syndicate that Dr. P. C. Vaidya be appointed to the post of Professor in Mathematics.

II. The following candidates were called for two posts of Readers in Mathematics:

1.	Shri R. Ramchandran	Absent
2.	Shri D. M. Patel	Present
3.	Shri H. N. Raval	Present
4.	Shri K. R. Dave	Present
5.	Shri S. C. Das	Absent
6.	Shri H. C. Shukla	Absent
7.	Shri Narendra Deo Gautam	Absent
8.	Shri N. K. Mehta	Present
9.	Shri P. V. Parekh	Present
10.	Shri M. V. Krishna	Absent
11.	Shri Bandopadhyaya Shyama Prasad	Present

After interviewing the candidates and considering them, the Committee resolved as follows:

That it be recommended to the Syndicate that Shri H. N. Raval be appointed to the post of a Reader in Mathematics, on condition that he gives satisfactory evidence of his interest in research activities during his probationary period.

The Committee regrets, it has not been found possible to recommend any other candidate for another post of a Reader in Mathematics.

(Sd)—M. P. Desai
(Sd)—V. V. Narlikar
(Sd)—N. R. Trivedi

પરિશિષ્ટ "ઘ"
કામકાજ નં. ૨૯

"Shree Haribhai Gopalji Desai Gold Medal" Endowment

1. The name of the Donor; ... Shri Batubhai H. Desai, Raipur Baua's Pole, Ahmedabad.
2. The amount of Donation ... Cash of Rs. 5,000 invested in Government of India 3% Conversion Loan of 1946 of the face value of Rs. 6,700.
3. Description of the Award ... One Gold Medal.
4. Accepted under the Syndicate Resolution from the Chair, dated 14-4-1959.

RULES

1. A Gold Medal called "Shri Haribhai Gopalji Desai Gold Medal" of the value of about Rs.190 shall be awarded annually to a candidate who passes either in a First Class or Second Class with entire Economics and secures the highest number of marks at the B.A. (Special) Examination as a regular student.
2. The Medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.
3. The annual income of the endowment shall be subject to a deduction of five percent as contribution to the General Fund of the University.

"Shri Chandramukh Dhanvant Pandya Prize" and "Shrimati Nautamben Chandramukh Panday Prize" Endowment

1. The name of the Donor ... Kumari Dr. S. C. Pandya and her Sisters Maharashtra Society, Ahmedabad-6.
2. The amount of Donation ... Cash of Rs. 10,000 invested in Govt. of India 3% Conversion Loan of 1946 of the face value of Rs. 13,400.
3. Description of the Award ... Prize in cash.
4. Accepted under the Syndicate Resolution Item No. 36, dated 24/25-1-1959.

RULES

1. A prize to be called "Shri Chandramukh Dhanvant Pandya Prize" of about Rs. 190 in cash shall be awarded to a candidate who stands first at the 2nd LL.B. Degree Examination.

2. A prize to be called "Shrimati Nautamben Chandramukh Pandya Prize" of about Rs. 190 in cash shall be awarded to a candidate who stands first at the final M.B.,B.S. Examination as a regular student.

3. Any surplus after the payment of the prizes, shall be added to the principal amount every year.

4. If on any account the prizes are not awarded in any year, the amount shall be added to the principal fund.

5. The amount of income of the endowment shall be subject to a deduction of 5% to be contributed to the General Fund of the University.

"Shree Kashiba Gold Medal" Endowment

1. The name of the Donor ... Shri C. C. Desai,
44, Friends Colony, New Delhi.
2. The amount of Donation ... Cash of Rs. 5,000 invested in Government of India 3% Conversion Loan of 1946 of the face value of Rs. 6,7000.
3. Description of the Award ... One Gold Medal.
4. Accepted under the Syndicate Resolution No. 125, dated 24/25-1-1959.

RULES

1. A Gold Medal called "Shri Kashiba Gold Medal" of the value of about Rs. 190 shall be awarded annually to a candidate who passes either in a First Class or Second Class with Home Science and secures the highest snumber of marks at the B.A. (Special) Examination.

2. The Medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.

3. The annual income of the endowment shall be subject to a deduction of five percent as contribution to the General Fund of the University.

પરિશિષ્ટ "ચ"
કામકાજ નં. ૩૪

To

The Registrar,

Gujarat University, Ahmedabad–9.

We propose to furnish and erect the elevator installation outline in the foregoing specifications for the sum of price for the lift delivered f. o. r. Ahmedabad including erection at site Rs. 28,500 (Rupees twenty-eight thousand five hundred onl)y Sales/General tax extra.

Note–Our estimate includes costoms duty on the basis of 25% and if assessment is made at any different rate, the price will be subject to adjustment due to this variation.

1. Quotations are effective for 60 days from date of proposal, and thereafter are subject to change without notice.

2. You are to furnish us, within thirty days, from the date of this agreement, sufficient data including guarantee of hoistway size and confirmation of current characteristics to permit us, at our discretion, to buy and manufacture any or all parts.

3. This price is based on the ocean freight rates, marine insurance rates, and other importation charges, local erection labour rate, local material costs, local Social Security and Employee Benefit Laws, in effect on the date of this proposal and this price is subject to adjustment for the amount of increased or decreased cost resulting from any cost changes in these items. The resulting adjustment in price under this provision shall be made with the final payment. Sales and local taxes extra.

4. Payment shall be made pro-rata per elevator as follows :–30 per cent with the order; 60 per cent on receipt of shipping documents from our Factories; and the remaining 10 per cent plus or minus any adjustments required, on completion of erection, or in any case within six months of delivery of equipment, if erection is delayed due to reasons beyond our control. We reserve the right to discontinue our work at any time until payments shall have been made as agreed, and we have assurance satisfactory to us that the subsequent payments will be made as they fall due.

5. It is agreed that our workmen shall be given a safe place in which to work and we reserve the right to discontinue our work in the building whenever, in our opinion, this provision is being violated.

6. Unless otherwise agreed, it is understood that the work will be performed during our regular working hours of our regular working days. If overtime work is mutually agreed upon and performed, an additional charge therefor, at our usual rates for such work, shall be added to the contract price.

7. You agree that in case you do not take delivery of the machines and material at the building when we notify you they are ready, you will immediately make the payment due when the machine is ready for shipment as provided above, and designate some local point where you will take delivery. Upon your failure to designate within two weeks such point of delivery, we are authorised to warehouse machines and material within our factory or elsewhere at your risk and expense.

8. Should we be delayed by reason of any default on your part, the entire contract price less payment theretofore made, shall become due six months after the date the machine is ready for shipment and shall bear interest at the full legal rate from such due date.

9. We shall not be liable for any loss, damage or delay caused by lack of shipping space, embargoes, acts of any government, shortages of material or workmen, strikes, lockouts, fire, explosion, theft, floods, riot, civil commotion, war, malicious mischief, act of God, or by any case beyond our reasonable control and in any event we shall not be liable for consequential damages. Should damage occur to our material, tools or work on the premises from any of said causes, you shall compensate us therefor.

10. If, for any such reasons, we cannot manufacture the equipment covered by your order within nine months of the date we receive your order, we may, at our option, cancel the order without payment of damages. If we are unable to ship the material covered by your order within twelve months from receipt of your order, you may, at your option, cancel the order. If you elect to cancel, you shall pay us the value of all materials fabricated, less the salvage value thereof.

11. It is agreed that all the apparatus furnished hereunder can be removed without material injury to the freehold, and we retain title thereto until final payment in cash is made, with the right to retake possession of the same or any part thereof at your cost if default is made by you in any of the payments, irrespective of the manner of attachment to the realty, the acceptance of notes, extension of time payments, or the sale, mortgage, or lease of the premises.

12. We hereby guarantee the material and workmanship of the apparatus furnished by us under this contract and we will make good any defects not due to ordinary wear and tear or to improper use or care which may develop within one year from the date of completion.

13. If any drawings, illustrations or descriptive matter are furnished with this proposal, they are approximate and submitted only to show the general style, arrangement and dimensions of the machinery offered.

14. This proposal, when accepted by you below and approved by our authorised representative, shall constitute the contract between us, and all prior representations or agreement not incorporated herein are superseded.

સિનિ-કેટ (જુલાઈ)
તા.૪-૭-'૫૯

ACCEPTED OTIS ELEVATOR COMPANY (INDIA) PRIVATE LTD.

૬. શ્રી. ડેપ્યુટી રજિસ્ટ્રાર.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, સેનેટના મજકૂર ઠરાવનો આશય ઉપર નં. (૧)ના ઠરાવથી સચવાય છે અને પરીક્ષાના ખર્ચને અંગે જરૂરી જોગવાઈ ૧૯૫૯-૬૦ના વર્ષમાં યુનિવર્સિટીના અંદાજપત્રના ત્રીજા મથાળા હેઠળ કરી છે. તેથી મૉડરેશન માટે ખાસ જુદી કે વધુ રકમની જોગવાઈ કરવાની જરૂર નથી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપરના ઠરાવ અનુસાર ૧૯૫૯-૬૦ના અંદાજપત્રના સાતમા મથાળા હેઠળ વિદ્યાર્થીઓને તબીબી મદદ માટે રૂ. ૧,૦૦૦ની જોગવાઈ કરી છે તેને બદલે રૂ. ૧૦,૦૦૦ની જોગવાઈ કરવી અને તે રકમના ઉપયોગ અંગે ઘટતી યોજના વિચારીને રજૂ કરવા માટે સ્ટુડન્ટ્સ વેલફેર બોર્ડને જણાવવું.

૨૮. સેનેટે તેની તા. ૨૯/૩૦-૬-૧૯૫૯ની સભામાં યુનિવર્સિટી સાથે સંકળાયેલ મહાવિદ્યાલયોના શિક્ષકોનાં પગારધોરણમાં સુધારો કરવા અંગે નીચે પ્રમાણે કરેલા ઠરાવ ઉપર વિચારવા બાબત:

"મહાવિદ્યાલયોના અધ્યાપકોનાં પગારધોરણ નીચે પ્રમાણે રાખવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

૧.	પ્રોફેસરો	રૂ. ૩૦૦-૧૫-૬૦૦
૨.	લેક્ચરરો	રૂ. ૨૦૦-૧૦-૪૦૦
૩.	માસ્ટર ડિગ્રી ધરાવતા ડેમોન્સ્ટ્રેટરો અને ટયૂટરો (આમાં કશો ફેરફાર થતો નથી.)	રૂ. ૧૫૦-૧૦-૨૫૦
૪.	બેચેલર ડિગ્રી ધરાવતા ડેમોન્સ્ટ્રેટરો અને ટયૂટરો	રૂ. ૧૦૦-૧૦-૧૫૦
૫.	પ્રોફેસરો અને લેક્ચરરોની વચ્ચેની કક્ષાના શિક્ષકો, જેવા કે, આસિ. પ્રોફેસરો	રૂ. ૩૦૦-૧૫-૬૦૦ અને રૂ. ૨૦૦-૧૦-૪૦૦ ની વચ્ચે આવતું કોઈ પગારધોરણ."

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટનો ઉપરનો ઠરાવ મંજૂર કરવો તથા તે અનુસાર યુનિવર્સિટીના શિક્ષકોનાં પગારધોરણોમાં જરૂરી ફેરફાર કરીને તે નિયમો તા. ૧લી જૂન ૧૯૬૦થી અમલમાં મૂકવાં (પગાર ધોરણો અંગેના સુધારેલા નિયમની નકલ પરિશિષ્ટ 'ક' તરીકે સામેલ છે).

૨૯. સુધારેલો ઑર્ડિનન્સ નં. ૭૫ મંજૂર કરવા બાબત.

સુધારેલો ઑર્ડિનન્સ નીચે પ્રમાણે વંચાશે :

O. 75. : The following is the arrangement of terms in all the Faculties except the Faculties of medicine and Ayurvedic Medicine :

First Term		Second Term	
Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
15th June	15th October	5th November	15th March (Inclusive of holidays from 25th December to 1st January)

The arrangement of terms in the Faculties of Medicine and Ayurvedic Medicine is as follows :

	First Term		Second Term	
	Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
Medical College	15th June	15th October	5th November	5th April (Inclusive of holidays from 25th December to 1st January)

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં. ૭૫ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તા. ૫મી નવેમ્બર ૧૯૫૯થી અમલમાં મૂકવો.

૩૦. ઑર્ડિ. ૫૧ અને ૫૭, ૫૭–અ અને ૫૭–બ સુધારવા બાબત (સૂચિત સુધારાવાળા ઑર્ડિનન્સોના પાઠની નકલ આ સાથે સામેલ છે).

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં. ૫૧, ૫૭, ૫૭–અ અને ૫૭–બ સુધારવા (સુધારાયેલા ઑર્ડિનન્સોના પાઠની નકલ પરિશિષ્ટ 'ખ' તરીકે સામેલ છે).

૩૧. યુનિવર્સિટી વિજ્ઞાનભવનમાં વનસ્પતિશાસ્ત્રના પ્રોફેસર અને રીડરોની નિમણૂક બાબતમાં તા. ૧૯–૬–૧૯૫૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો અંગે વિચારવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. જે. ચિનોયની આ યુનિવર્સિટીના વિજ્ઞાનભવનમાં વનસ્પતિશાસ્ત્રના પ્રોફેસર તરીકે રૂા. ૮૦૦–૫૦–૧૨૫૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૮૦૦થી બે વર્ષના પ્રોબેશન પર નિમણૂક કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. જે. શાહની આ યુનિવર્સિટીના વિજ્ઞાનભવનમાં વનસ્પતિશાસ્ત્રના રીડર તરીકે રૂા. ૫૦૦–૨૫–૮૦૦ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી બે વર્ષના પ્રોબેશન પર નિમણૂક કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર સી. એમ. પટેલની આ યુનિવર્સિટીના વિજ્ઞાન-ભવનમાં વનસ્પતિશાસ્ત્રના રીડર તરીકે રૂા. ૫૦૦–૨૫–૮૦૦ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૬૦૦થી બે વર્ષના પ્રોબેશન પર નિમણૂક કરવી.

૩૨. ભાષાશાસ્ત્રના ઉચ્ચ શિક્ષણ માટે, ડેક્કન કૉલેજ, પૂના–૬, મુકામે એક વર્ષ માટે યોજાનાર "સ્કૂલ ઑફ લિંગ્વિસ્ટિક્સ"માં શિક્ષણ લેવા બેથી ત્રણ જુનિયર શિક્ષકોની નિમણૂક કરવા માટે મજકૂર સંસ્થાના અધ્યક્ષના તા. ૨૨મી જૂન ૧૯૫૯ના પત્ર નં. ૬૮૦ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ : નિમણૂક કરાયેલા શિક્ષકોએ ફક્ત રૂા. ૫૦ પ્રવેશ–ફી આપવાની છે જ્યારે તેમનો જવા–આવવાનો ખર્ચ તથા પૂના ખાતે રહેવા વગેરેનો ખર્ચ યુનિવર્સિટીએ ઉપાડવાનો છે. ટ્રેઇનિંગ પૂરી થયે શિક્ષકો પ્રથમ અથવા દ્વિતીય વર્ષ ડિપ્લોમાની પરીક્ષામાં બેસી શકશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત અંગે જોડાયેલી કૉલેજોમાંથી કોઈ સૂચનો આવ્યાં ન હોઈ, કોઈ શિક્ષકને મોકલવાપણું રહેતું નથી.

૩૩. ઇન્ટરનેશનલ લૉ એસોસિયેશન અને ઇન્ડિયન સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડીઝના સંયુક્ત ઉપક્રમે બે અઠવાડિયાં માટે તા. ૧૩મી ઑગસ્ટથી તા. ૧૨મી સપ્ટેમ્બર ૧૯૫૯ સુધી દિલ્હી મુકામે યોજાનાર વ્યાખ્યાનમાળામાં કાયદાની વિદ્યાશાખાના કોઈ સીનિયર શિક્ષકને મોકલવા માટે મજકૂર સંસ્થાના ઉપપ્રમુખ તરફથી આવેલ તા. ૮–૬–૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ : પ્રતિનિધિના રહેવાજમવાનો ખર્ચ રોજના રૂા. ૨૦ના પ્રમાણે એસોસિયેશન તરફથી મળનાર છે, પરંતુ જવાઆવવા વગેરેનો ખર્ચ યુનિવર્સિટીએ ઉપાડવાનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર વ્યાખ્યાનમાળામાં આ યુનિવર્સિટી તરફથી પ્રિન્સિપલ ડી. ડી. દેસાઈને મોકલવા અને તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પ્રવાસભથ્થું આપવું (તેમને મજકૂર એસોસિયેશન તરફથી રહેવાજમવાના ખર્ચ પેટે જરૂરી ભથ્થું મળનાર હોવાથી તેમને યુનિવર્સિટી તરફથી દૈનિક ભથ્થું આપવાનું રહેતું નથી).

૩૪. રૉયલ સોસાયટી, લંડન, સંસ્થા તરફથી આગામી જૂન માસમાં યોજનાર ત્રિશતાબ્દી મહોત્સવ પ્રસંગે આપણી યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિ નીમવા વાસ્તે મજકૂર સંસ્થાના મદદનીશ મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આ બાબતમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, પ્રસંગની ગંભીરતા ને મહત્ત્વ જોતાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ઉપકુલપતિ જાય તો સારું ગણાય. પરંતુ પોતે જવા ચાહતા નથી એમ જણાવ્યું.

એ વિષે વધુ વિચાર અંગે ડૉ. વિક્રમ સારાભાઈએ જણાવ્યું કે, મજકૂર મહોત્સવ પ્રસંગે પોતે લંડનમાં હોવાની વકી છે. તે પરથી ઠરાવવામાં આવ્યું કે, ડૉ. વિક્રમ સારાભાઈને મજકૂર મહોત્સવમાં હાજર રહેવા માટે આ યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિત્વ આપવું.

ડૉ. વિક્રમ સારાભાઈને આ મહોત્સવમાં હાજર રહેવા માટે ભાડાંભથ્થાં પેટે કશો ખર્ચ આપવાપણું રહેશે નહિ તેની પણ સ્પષ્ટતા કરવામાં આવી.

૩૫. "ઝૂલોજિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા" તરફથી જબલપુર ખાતે અખિલ ભારતીય પ્રાણીશાસ્ત્રનું પ્રથમ સંમેલન (First All-India Congress of Zoology) યોજનાર હોવાથી તે નિમિત્તે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૭-૭-૧૯૫૯ના પત્ર નં. સી. ઝેડ. એફ. (૬) ૫/૫૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમ્મેલનમાં આ યુનિવર્સિટી કોઈ પ્રતિનિધિ મોકલી શકે તેમ નથી એમ જણાવવું.

૩૬. નીચે બતાવેલા સજ્જનોના પ્રોબેશન સમય તેમનાં નામ સામે જણાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને કાયમી કરવા બાબત (તેમના કામ અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે).

૧. શ્રી. વી. કે. સિંગ	લેક્ચરર ઇન સાયકોલોજી (મનોવિજ્ઞાનભવન)	તા. ૧૨-૮-૧૯૫૯
૨. શ્રી. રામચંદ્ર સેલાર બાપુ	પટાવાળા	તા. ૧૩-૮-૧૯૫૯
૩. શ્રી. કે. એ. શાહ	ક્લાર્ક (લાયબ્રેરી)	તા. ૩૦-૮-૧૯૫૯
૪. શ્રી. બી. એમ. તન્ના	ક્લાર્ક (લાયબ્રેરી)	તા. ૩૦-૮-૧૯૫૯

(૧) યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના લેક્ચરર શ્રી. વી. કે. સિંગની કામગીરી બાબતમાં ભવનના અધ્યક્ષનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે પરથી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. વી. કે. સિંગને હાલ તેમની જગા પર કાયમ ન કરતાં તેમના પ્રોબેશનનો સમય વધુ એક વર્ષ લંબાવી આપવો અને તેમની કામગીરી બાબતમાં ઘટતી સૂચનાઓ આપવા માટે ભવનના અધ્યક્ષને જણાવવું.

(૨) શ્રી. રામચંદ્ર સેલાર બાપુ, શ્રી. કે. એ. શાહ અને શ્રી. બી. એમ. તન્નાની કામગીરી બાબતના બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને તે પરથી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. રામચંદ્ર સેલાર બાપુને પટાવાળાની જગા પર તા. ૧૩-૮-૧૯૫૯થી તથા શ્રી. બી. એમ. તન્નાને

પુસ્તકાલયના (જુનિયર) ક્લાર્ક તરીકે તા. ૩૦-૮-૧૯૫૯થી કાયમ કરવા; જ્યારે શ્રી. કે. એ. શાહને તેમના પ્રોબેશનનો સમય વધુ એક વર્ષ લંબાવી આપવો અને દરમિયાન તેમને ઘટતી ચેતવણી આપીને જણાવવું કે, પ્રોબેશનના સમય દરમિયાન તેઓ કાર્યાલયને સંતોષી શકશે નહિ તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

૩૭. શ્રી. સત્યપ્રકાશનો પીએચ. ડી. પદવી માટે મહાનિબંધ (ભૌતિકવિજ્ઞાનના વિષયમાં) રેફરીએ સ્વીકાર્યો હોઈ તેમને સદરહુ પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવા વાસ્તે મહામાત્રશ્રીને ઉપકુલપતિશ્રીએ આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૩૮. શ્રી. સારાભાઈ ડાહ્યાભાઈ સુવર્ણચંદ્રકના નિયમો મંજૂર કરવા બાબત (નિયમોની નકલ સામેલ છે).

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર નિયમો મંજૂર કરવા (મંજૂર કરેલા નિયમોની નકલ પરિશિષ્ટ 'ગ' તરીકે સામેલ છે).

૩૯. યુનિવર્સિટીના વોટર કુલરની વાર્ષિક સર્વિસ માટે વોલ્ટાસ લિ. સાથે કરાર કરવા અને તે કરારનામામાં સહી કરવા વાસ્તે શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવા બાબત (મુસદ્દાની નકલ સામેલ છે).

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો (મંજૂર કરેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ 'ગ' તરીકે સામેલ છે)

૪૦. સને ૧૯૫૮-૫૯ના વર્ષ માટેના પ્રો. ફંડની રકમ ઉપર વ્યાજ કેટલું આપવું તેની વિચારણા કરવા બાબત (મુંબઈ સરકારે સ્ટાફને ૩½ ટકા પ્રમાણે વ્યાજ આપવાનું નકકી કર્યું છે)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮-૫૯ના વર્ષમાં કાર્યાલયના સભ્યોના પ્રોવિડંટ ફંડની રકમ ઉપર ૩½ ટકાના દરે વ્યાજ આપવું.

૪૧. યુનિવર્સિટીનાં ફાજલ નાણાં મુંબઈ સરકારની જમીનગીરીઓમાં રોકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મુંબઈ સરકારની જમીનગીરીઓમાં રૂા. ૨,૦૦,૦૦૦ સુધીનું રોકાણ કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. તા. ૧૦-૨-૧૯૫૯ના રોજ મળેલી સીનિયર ડિવિઝન એડવાઇઝરી કમિટીની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

(i) A lump sum of Rs. 300 be given to every unit *plus* per capita amount of Rs. 2 per cadet.

(ii) Minor units may put up their specific proposals for additional funds to the University which will be considered on their merit.

આથી ઠરાવવામાં આવે છે કે, એન. સી. સી.ના પ્રત્યેક એકમ દીઠ રૂા. ૩૦૦ની તથા કેડેટ દીઠ રૂા. ૨ની આર્થિક સહાય આપવાની સૂચના છે તે મંજૂર કરવી તથા તે અંગેનો વધુ ખર્ચ થાય તે મંજૂર કરવામાં આવે છે.

૪૩. યુ. એસ. એ.ની થ્રીજ વોટર કૉલેજની બી. એ. પરીક્ષા પાસ કરીને આવેલ એક વિદ્યાર્થીને એમ. એ. (સાયકૉલોજી) માં પ્રવેશ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર વિદ્યાર્થીને એમ.એ. (સાયકૉલોજી)માં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું.

૪૪. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. ટી. ત્રિવેદી રાજીનામું આપી છૂટા થયેલા હોઈ તેમને પ્રોવિડન્ટ ફંડની રકમ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. ટી. ત્રિવેદીને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પરત કરવી.

૪૫. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ખાલી પડેલ લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સની જગા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી પણ યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ફક્ત એક જ ઉમેદવાર જરૂરી લાયકાત ધરાવે છે, તો તે બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સની ખાલી જગા માટે જે ઉમેદવારોની અરજીઓ આવી છે તે પૈકી જે એક ઉમેદવાર જરૂરી લાયકાત ધરાવે છે તેને મુલાકાત માટે બોલાવવો, અને બની શકે તો સિન્ડિકેટના તમામ સભ્યોની બનેલી વરણીસમિતિની સભા, સિન્ડિકેટની આગામી સભા જે દિવસે મળવાની હોય તે દિવસે અર્ધો કલાક વહેલાં બોલાવવી.

૪૬. સને ૧૯૫૯-૬૦ની આંતર-યુનિવર્સિટીની ક્રિકેટ અને બોબો (ભાઇઓ-બહેનો)ની હરીફાઈ અમદાવાદમાં યોજવાનું ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટ્સે આમંત્રણ આપ્યું હતું, તેમાંથી આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડની મે માસની સભામાં બોબો (ભાઇઓ-બહેનો)ની હરીફાઈ યોજવાનું આમંત્રણ સ્વીકારવામાં આવ્યું છે તેની નોંધ લેવા બાબત.

(**નોંધ :** આંતરયુનિવર્સિટી બોબો (ભાઈઓ તેમ જ બહેનો)ની હરીફાઈ અમદાવાદમાં જાન્યુઆરીની તા. ૧૦મી અને ૨૦મી વચ્ચે યોજવાની છે.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૭. શ્રી. મહેતા નરેન્દ્ર છોટુભાઈનો એમ.એસસી. પદવી માટેનો મહાનિબંધ (રસાયણ વિજ્ઞાનના વિષયમાં) રેફરીએ સ્વીકાર્યો હોઈ, તેમને સદરહુ પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવા વાસ્તે મહામાત્રશ્રીને ઉપકુલપતિશ્રીએ આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૮. નોન-રેસિડેન્ટ સ્ટુડન્ટ્સ સેન્ટર સ્થાપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ સ્કીમ અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ :** સિન્ડિકેટની તા. ૧૮-૧-૧૯૫૮ની સભામાં સ્ટુડન્ટ્સ ડે હોમ સ્થાપવા અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ મંજૂર કરેલી અને તે અંગે નોન-રિકરિંગ ખર્ચ રૂા. ૨,૧૫,૦૦૦ મંજૂર કરેલ. ચાલુ સ્કીમમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ખર્ચ રૂા. ૧,૦૦,૦૦૦ અંદાજે છે અને તેને પેટે રૂા. ૭૦,૦૦૦ સુધીની ગ્રાન્ટ આપશે તો વધારાનો રૂા. ૩૦,૦૦૦ નો ખર્ચ મંજૂર કરવાનો રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, નોન-રેસિડન્ટ સ્ટુડન્ટ્સ સેન્ટર માટેની યોજના મંજૂર કરવી તથા તે યોજનાના ખર્ચ પેટે યુનિવર્સિટીના ફાળા તરીકે રૂા. ૩૦,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૪૯. રેગ્યુ. નં. ૧૮માં સુધારો કરવા વાસ્તે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૬-'૫૯ની નીચેની ભલામણ :

Sub-Head (2) *of Paper I* :

"Society and Nature; Physical basis of human society; geographical factors; biological factors; racial traits and mental differences."

Sub-Haad (1) *of Paper II* :

"The geographical environment and its influence on society; the Indian society in particular; languages of India; races and tribes of India."

Sub-Head (6) *of Papers* I :

"The nature of social institutions; associations; their classification with reference to family, marriage and other political; economic and educational associations; crowd and crowd-sentiments."

M.A., History Group 'F', Paper IV, Master Essay :

"The Essay should not be less than 100 type-written pages, each page having about 200 words."

"The Essay should not be less than 50 type-written pages, each page having about 200 words."

Paper IV, Master Essay :

"A student is required to conduct field work on a topic approved by the head of the Department of Sociology and an essay based on field work prepared in consultation with his teachers should be submitted together with the from of application for admission to the examination.

The Essay would carry 100 marks. The essay of the candidate for M.A. should be examined by a Board of two examiners of whom at least one shall be an internal examiner. The eassay should not be less than 50 type-written pages, each having about 200 words."

આથી ઠરાવામાં આવે છે કે, રેગ્યુલેશન નં. ૧૮ મંજૂર કરવો તથા તેને ૧૯૬૧ના એપ્રિલમાં લેવાનાર પરીક્ષા માટે પ્રથમ વખત અમલમાં આવે તે રીતે અમલમાં આવેલો ગણવો.

૫૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૭-૧૯૫૯ની સભાએ કરેલ નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, બી.એ. (સ્પેશિયલ અને જનરલ) તેમ જ બી.એસસી. (પ્રિન્સિપલ)ની પરીક્ષાઓ વર્ષમાં બે વખત લેવાનું પ્રિન્સિપલ ડૉ. મ. દ. અવસારેનું સૂચન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી નહિ.

૫૧. ઑર્ડિનન્સ નં. ૩૪૩-બી, ૩૪૪-બી અને ૩૪૩-એ સુધારવા વાસ્તે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૭-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ :

O. 343-B: "If a student fails in Padarth-Vijnan or Swasthavritta or both, he will be allowed to keep terms for the Second B A .M.S. Examination, provided he passes in the remaining subjects, viz., Dosh-Dhatu-Mal-Vijnan (Sharir-Kriya Vijnan) and Sharir-Rachana-Vijnan, and further provided that he shall not be declared to have passed the Second B.A.,M.S. Examination unless he has passed in all the remaining subjects of the First B.A.M.S. Examination either in the same examination season or before it."

O. 344-B: If a candidate fails (1) in 4(a) Manovijnan, Manas-Roga and their treatment, (b) History of Ayurveda; or (2) 5(a) Vishavijnan Vyavahar Ayurveda; (b) Sankramaka Rogas; or (3) both, he shall be allowed to keep terms for the Third B.A.,M.S. Examination; provided further that he shall not be allowed to appear in the Third B.A.,M.S. Examination unlese he has passed at least one clear term before his admission to the Third B,A., M.S. Examination, in the subject or subjects in which he failed at the Second B.A.,M.S. Examination.

O. 343-A: Failure to pass the examination will not debar candidates from appearing at a subsequent examination on the submission of a new application, the payment of a fresh fee and the production of certificates showing that they have, during the interval between the declaration of their failure and subsequent re-appearance at the examination, pursued a further course of studies in the subjects of the examination to the satisfaction of the Head of an Ayurvedic Medical College affiliated to the University.

This Ordinance shall apply to the students who have been allowed to keep terms for the Second B.A.,M.S. Examination or the Final B.A.,M.S. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં. ૩૪૩-બી, ૩૪૪-બી અને ૩૪૩-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

૫૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૭-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એ. જી. પવાર, એમ.એ.,એલએલ.બી., પીએચ.ડી. (લંડન), બાર-એટ-લૉ, અને પ્રૉફેસર ડી. જી. કર્વે, એમ.એ., ને આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશનની વિદ્યાશાખામાં સભ્ય તરીકે લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૭-૧૯૫૯ની સભાના નીચે મુજબના ઠરાવની નોંધ લેવા બાબત ["આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદે ૧૯૬૦ના જૂનથી મજકૂર વિષયોના જોડાણ માટે અરજી કરેલ હોવાથી ઉપરની બાબત પરત્વે એકેડેમિક કાઉન્સિલને અરજી કરવા વાસ્તે તે કૉલેજને જણાવ્યા સિવાય આ તબક્કે હવે કશું વિચારવાપણું રહેતું નથી, એમ સિન્ડિકેટને તથા સેનેટને રિપોર્ટ કરવો.]

નોંધ : મજકૂર વિષયો એટલે અંગ્રેજી (સ્પેશિયલ) અને અર્થશાસ્ત્ર (જનરલ)."

" આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદે ૧૯૬૦ના જૂનથી મજકૂર વિષયોના જોડાણ માટે અરજી કરવા વાસ્તે કૉલેજને જણાવવા સિવાય ઉપરની બાબત પરત્વે એકેડેમિક કાઉન્સિલને આ તબક્કે હવે કશું વિચારવાપણું રહેતું નથી, એમ સિન્ડિકેટ તથા સેનેટને રિપોર્ટ કરવો."

નોંધ : મજકૂર વિષયો એટલે અંગ્રેજી (સ્પેશિયલ) અને અર્થશાસ્ત્ર (જનરલ).

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલના ઉપરના ઠરાવ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૪. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરને પ્રથમ તથા બીજી બી. એ., એમ. એસ. પરીક્ષા માટે ચાલુ જોડાણ તથા ત્રીજી બી. એ., એમ. એસ.ની પરીક્ષા માટે વધારાનું જોડાણ આપવા વાસ્તે આવેલી અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ (અરજી તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલની નકલ સામેલ છે) તપાસી તે ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦-૭-૧૯૫૯ની સભામાં કરેલી નીચે મુજબની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" Resolved that it be recommended to the Syndicate and the Senate that Shree Gulabkunverba Ayurvedic Mahavidyalaya, Jamnagar, be granted—

1. Continuation of affiliation for teaching courses of studies leading to the First B. A. M. S. Examination for a period of 1½ years, i. e., from 11th November 1959 to 20th June 1961, on fulfilment, by 10th October 1959 of the following conditions, to the satisfaction of the Syndicate:

Either a full-time Lecturer in Anatomy be appointed in place of the part-time one, *OR* an additional appointment of a Demonstrator in Anatomy be made.

2. Continuation of affiliation for teaching courses of studies leading to the Second B. A., M. S. Examination for a period of one year from 11th November 1960 to 10th November 1961, on fulfilment, by 10th October 1960, of the following conditions to the satisfaction of the Syndicate :

The following teaching staff be appointed:

(i) An Asst. Professor in Rasashastra, a Lecturer in Modern Materia Medica; and two Demonstrators in Modern Materia Medica:

(ii) An additional Lecturer in Shalyashalakya and a Lecturer in E. N. T.

(iii) A full-time Professor in Kanychikatsa (Pathology).

3. Extension of Affiliation for teaching courses of studies leading to the Third B.A.,M S. Examination for a period of 1½ years, i. e., from 20th June 1959 to 10th November 1960, on immediate fulfilment of the following conditions to the satisfaction of the Syndicate:

The following appointments be made :

(i) Additional appointment of two Lecturers in Prasutitantra (Gynaecology) (One for Modern Gynaecology and another for Ayurveda);

(ii) Additional appointment of a Lecturer in Shalyashalakya and Kayachikitsa and a Professor in Prasutitantra (Gynaecology).

If condition (ii) is fulfiled for the extension of affiliation for the Third B. A., M. S. Examination, condition No. (ii) in 2, regarding continuation of affiliation for teaching courses of studies leading to the Second B. A , M. S. Examination will be deemed to have been fulfilled.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૫૫. એકેડેમિક કાઉન્સિલની તા.૧૦-૭-'૫૯ની સભાએ કરેલી નીચેની ભલામણ :

" આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા વિદ્યાર્થીનો મહાનિબંધ તપાસવા માટે તેના નામ સામે જણાવવામાં આવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. એસ. જી. મહેતા	પીએચ.ડી.	Persian sources of the history of Muslim India contributed by Hindus.	૧. પ્રોફેસર એન. એ. નદવી, ડાયરેક્ટર, અન્જુમને ઇસ્લામ ઉર્દૂ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ-૧. ૨. પ્રો. ડી. બી.એમ. ગાઈ, ઇસ્લામ યુસુફ કોલેજ, જોગેશ્વરી, મુંબઈ.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૬. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોમાં ટ્યુટરો અને ડેમોન્સ્ટ્રેટર્સની નિમણૂક અંગે તેમની નીચે મુજબની લાયકાત મુકરર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૭-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ :

"The following shall be the minimum qualifications for appointment as Tutors and Demonstrators in the affiliated colleges in the various Faculties of this University :

I. Tutors : In the Faculties of Arts including Education and Science :
Bachelor's and Master's Degree in the subject.

II. Demonstrators : In the Faculties of Arts including Education, Science, Technology including Engineering, Medicine and Ayurvedic Medicine :

(1) In the Faculties of Arts including Education and Science : Bachelor's Degree in Second class in the subject.

(2) In the Faculty of Technology including Engineering :

(i) B. E. Degree in Second class

or

(ii) Diploma in Engineering and three years' practical and/or teaching experience.

(3) In the Faculty of Medicine :
Bachelor's Degree in Pass class.

Note (1) : A Tutor or a Demonstrator specified above, will mean a full-time Tutor or Demonstrator.

Note (2) : A Tutor will not be given more than four periods of lecturing work per week, provided that not more than one-third of the total lecturing work in any class in any subject shall be assigned to one or more Tutors.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૭. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦-૭-૧૯૫૯ની સભામાં કરેલી નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, હાફકીન ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈને નીચેના વિષયોમાં સંશોધન માટે "એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન" તરીકે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

વિષયો		ડિગ્રી
માયક્રોબાયોલોજી, એકિટરિયોલોજી, બાયોકેમિસ્ટ્રી ઇન્કલુડિંગ ન્યુટ્રિશન, ઝૂલોજી, ઓર્ગેનિક કેમિસ્ટ્રી	... ...	પીએચ.ડી. (સાયન્સ)
પેથોલોજી પેરાસીટોલોજી ફાર્માકોલોજી	... ...	પીએચ. ડી. (મેડિસિન)"

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા.

૫૮. એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર રેગ્યુ. નં. ૯માં નીચેની નોંધ ઉમેરીને તે મંજૂર કરવા બાબત:

"*Note* : The questions on Geometry will cover marks to the extent of not less than 35 and not more than 40 marks. "

ત્યાથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર રેગ્યુલેશન નં. ૯માં નીચેની નોંધ ઉમેરીને સુધારેલો રેગ્યુલેશન મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો:

"*Note* : The questions on Geometry will cover marks to the extent of not less then 35 and not more than 40 marks."

૫૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૬-૧૯૫૬ની સભાએ કરેલ ભલામણ અનુસાર રેગ્યુ. નં. ૯૨-૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત:

F. E.

8—C. M. E. Workshop Practice (Practical Examination, 100 masks; Termwork, 50 marks):

(*a*) *Carpentry* : Names, use and setting of hand tools, construction of halved joints, single mortise and tenon joint, Mitre joint, dove-tail single oblique mortise and tenon joint, refter joint.

(*b*) *Fitting* : Names, use and setting of hand tools, chipping cast iron tall and cross cuts. Filling square and hexagonal prisms. Callipers inside and outside centre punch.

(*c*) *Forging* : Names, use and setting of hand tools. Doved pin, ring figure 8, flat bend edge bend, upsetting and swaging.

(*d*) *Demonstration in workshop process* : Brazing Soldiering Gas and electric Welding. Oxy-acetylene cutting use of dies for cutting pipe threads. Joining and fitting pipes.
Pattern. Making Moulding and founding—Mass and surface hardening, Annealing, and tempering.

Term Work

Each candidate shall submit to the examiners, the term work mentioned below, which will be allotted marks upto a maximum of 50—with a certificate from the Principal of his college that it was completed by him in a satisfactory manner within the walls of the college.

(i)	Carpentry ..	at least 6 different joints
(ii)	Fitting and Metal Chipping	at least 4 different jobs
(iii)	Forging ..	at least 5 different jobs
(iv)	Metal turning ..	at least 2 different jobs

(v) Notes taken while attending demonstration in workshop processes mentioned in (d) above.

When once a set of work has been submitted for the examination and marked, that marking will be carried over to subsequent examinations unless new work is presented. A candidate whose marks in term work are thus carried over shall be eligible for a class.

Practical Examination

The Practical examination will be held for three days. Marks and time allotted for jobs will be as under:

Carpentry..One job..3 hours..30 marks;
Fitting ..One job..6 hours..40 marks;
Forging ..One job..3 hours..30 marks (not including hand welding).

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન નં. ૯૨(૮) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૬૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૬-૧૯૫૯ની સભાએ કરેલ ભલામણ અનુસાર રેગ્યુલેશન ૨૨૬માં નીચે મુજબ સુધારો કરવા તથા તેને ૧૯૬૦ના ઓક્ટોબરની પરીક્ષાથી અમલમાં મૂકવા વાસ્તે વિચારણા કરવા બાબત:

"1. *Dravyagunashastra* (In addition to that prescribed for the First B. A., M. S. remaining 1/3 part) :

120 Lectures, 50 Demonstrations ;
200 marks....2 question-paper....Time 3 hours each,
Practical and Oral :
100 marks, 30 minutes."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન નં. ૨૨૬ને સુધારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર સુધારેલા રેગ્યુલેશન નં. ૨૨૬ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૬૧. એકેડેમિક કાઉન્સિલની તારીખ ૧૦-૭-૧૯૫૯ની સભાએ કરેલ ભલામણ અનુસાર ઓર્ડિનન્સ ૭૮ નીચે પ્રમાણે વંચાય તેવી રીતે સુધારવા બાબત :

"**O. 78 :** The following shall be the number of day's attendance necessary for keeping terms :

Faculty	*First term*	*Second term*
Arts including Education ..	65	65
Science ..	65	65
Technology including Engineering ..	60	60

Agriculture	.. 85	85
Law	.. Three-fourths of the days on which lectures are delivered.	Three-fourths of the days on which lectures are delivered.
In subjects coming under the purview of the Medical Faculty	Lectures. 75% of the lectures delivered (to be computed annually).	
	Clinical and Practicals	75% of the clinicals, practicals, etc., in each term separately.
Commerce Courses	.. Three-fourths of the days on which lectures are delivered.	Three-fourths of the days on which lectures are delivered.
Ayurvedic Medicine	.. Lectures :	75% of the lectures delivered in each term
	Clinicals & Practicals.	75% of the clinicals, practicals, etc., in each term separately."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક વિદ્યાશાખામાં કામના દિવસો બાબતમાં, પ્રત્યેક સત્રના કુલ દિવસોની ત્રણ-ચતુર્થાંશ હાજરી વિદ્યાર્થીઓ માટે આવશ્યક બને એ રીતે ઑર્ડિનન્સ નં. ૭૮નો પાઠ સુધારવાની સૂચના સાથે મજકૂર બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલી આપવી.

૬૨. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦-૭-૧૯૫૯ની સભામાં કરેલ ભલામણ અનુસાર ઑર્ડિ-૧૫૮, ૧૬૩, ૧૯૩, ૩૦૪, ૩૦૬, ૨૫૯ (સી) તથા રેગ્યુલેશન ૨૦૨ (ડી) અને ૨૦૨(ઈ)માં નીચે મુજબનું વાક્ય ઉમેરીને તે ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનો સુધારવા બાબત :

" The members of the National Cadet Corps expempted from physical training will be required to attend at least 75% of the number of parades before they are admitted to the examination. "

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ઑર્ડિનન્સ નં. ૧૫૮, ૧૬૩, ૧૯૩, ૩૦૪, ૩૦૬, ૨૫૯(સી) તથા રેગ્યુલેશન નં. ૨૦૨(ડી) અને ૨૦૨(ઈ)માં ઉપરનું વાક્ય ઉમેરીને તે સુધારવા તથા સુધરાયેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોને તા. ૫મી નવેમ્બર ૧૯૫૯થી અમલમાં મૂકવા.

૬૩. તા. ૪-૭-૧૯૫૯ની સભામાં કામકાજ નં. ૬૭ તરીકે મોકૂફ રહેલી બાબત આગળ વિચારણા માટે.

સિન્ડિકેટની તા. ૪-૭-૧૯૫૯ની સભામાં કામકાજ નં. ૬૭ અધૂરી રહેલી ચર્ચા આગળ ચલાવવામાં આવી. ચર્ચા દરમિયાન શ્રી હિંમતલાલ પ્ર. શુકલે નીચેનો ઠરાવ રજૂ કર્યો :

"૧૯૫૯ના એપ્રિલમાં લેવાયેલી એમ.એ.ની પરીક્ષામાં બેઠેલા સમાજવિદ્યા ભવનના વિદ્યાર્થી શ્રી. અજિત ઉમરવાડિયાનું પરિણામ જે અનામત રાખવામાં આવ્યું છે, તે જાહેર કરવામાં આવે."

ઉપરના ઠરાવને શ્રી. નવનીતલાલ શોધને ટેકો આપ્યો. ચર્ચાવિચારણાને અંતે શ્રી. હિંમતલાલ પ્ર. શુકલનો ઠરાવ મંજૂર કરવામાં આવ્યો.

૬૪. ઑર્ડિ. ૨૭૨ તથા ઑર્ડિ. ૨૭૨ (એ) મુજબ ઇન્ટર્નશિપ માટે મહુવા તથા ભૂજ (કચ્છ)ની હૉસ્પિટલ અંગે મેડિકલ ફેકલ્ટીની તા. ૧-૭-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

" મ્યુનિસિપલ મેડિકલ યુનિટ, મહુવા, તથા સિવિલ હૉસ્પિટલ, ભૂજ (કચ્છ) ઇન્ટર્નશિપ માટે માન્યતા આપવા અંગેની આવેલી અરજીઓ ઉપર વિચારણા કરી નક્કી કરવામાં આવ્યું કે નીચે જણાવેલા બે સભ્યોને ઉપર જણાવેલી બંને હૉસ્પિટલોની મુલાકાત લઈ રિપોર્ટ કરવા તથા તે અંગેનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે:

૧. પ્રિન્સિ. પી. સી. રક્ષિત;
૨. ડૉ. એમ. ડી. પટેલ."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ભલામણ મંજૂર કરવી.

૬૫. ઑર્ડિ. ૧૨૦ (બી)માં સુધારો કરવા અંગે એમ. ટી. બી. કૉલેજ, સુરતના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧૧-૭-૧૯૫૮ના પત્રાંક ૨૩૫૫ ઉપર વિચારણા કરવા બાબત.

૨. ઑ. ૨૭૨ તથા ઑ. ૨૭૨ (એ) મુજબ ઇન્ટર્નશિપ માટે માન્યતા આપવા સારુ મેડિકલ ફેકલ્ટીની તા. ૧-૭-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

૧. ઑ. ૨૭૨ તથા ઑ. ૨૭૨ (એ) મુજબ ઇન્ટર્નશિપ માટે માન્યતા આપવા સારુ નીચે જણાવેલી ત્રણ હૉસ્પિટલો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:
   ૧. જે. બી. મહેતા હૉસ્પિટલ, કપડવંજ;
   ૨. તખ્તસિંહજી હૉસ્પિટલ, ભાવનગર;
   ૩. ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ, અમદાવાદ.

૨. સ્ટેટ હૉસ્પિટલ, ધરમપુર, તથા વિક્ટોરિયા જ્યુબિલી મેટરનિટી હૉસ્પિટલ, અમદાવાદને ઇન્ટર્નશિપ માટે મંજૂરી આપવી નહિ.

૩. સુરતની હૉસ્પિટલો ઇન્ટર્નીઝને બૉર્ડિંગ અને લૉજિંગની સગવડ આપી શકે તો જ ઇન્ટર્નશિપ માટે મંજૂર કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે દ્વારકાની હૉસ્પિટલને ઇન્ટર્નશિપ માટે માન્યતા આપવી નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ભલામણો મંજૂર કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં. ૧૨૦ (બી)માં સુધારો કરવાનું એમ. ટી. બી. કૉલેજ, સુરતના આચાર્ય શ્રી. કે. એલ. દેસાઈનું સૂચન સ્વીકારી શકાય એમ નથી.

(**નોંધ :** ચાલુ વર્ષ દરમિયાન કોઈ કૉલેજમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૫૦૦થી વધવા પામી હોય તે બાબતમાં જે તે કૉલેજના આચાર્યની ચોક્કસ વિનંતી આવ્યેથી તે બાબત પરત્વે અપવાદ તરીકે મંજૂરી આપવાનું ઉપકુલપતિશ્રીને સોંપવામાં આવે અને ભવિષ્યમાં કોઈ કૉલેજ કુલ ૧૫૦૦થી વધારે વિદ્યાર્થીઓ લઈ શકશે નહિ તેની સ્પષ્ટતા કરવી).

૬૭. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ તરફથી અમદાવાદ, શહેરમાં ચાલતી લૉ કૉલેજના વિભાગ તરીકે અથવા સ્વતંત્ર કૉલેજ તરીકે ઇન્ટરમીડિયેટ કૉમર્સ સુધીના અભ્યાસક્રમ શીખવવા માટે શરૂ કરાનાર નવી કૉલેજના જોડાણ માટે આવેલ અરજી સંબંધમાં સેનેટે તેની તા. ૨૯/૩૦-૬-૫૯ની સભામાં આ બાબત "રિફર બૅક" કરેલ હોઈ પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના જોડાણ માટે જે અને જ્યારે ફરીથી અરજી આવે તો અને ત્યારે તેના પર વિચારણા કરવામાં આવશે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૮. એમ. ટી. બી. કૉલેજ, સુરતને વિનયન વિભાગમાં નીચેના વિષયોમાં કાયમી જોડાણ આપવા અંગે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત :

વિષયો

બી. એ. (જનરલ) : અંગ્રેજી, સંસ્કૃત, અર્ધમાગધી, પર્શિયન, ફ્રેન્ચ, ગુજરાતી, હિંદી, ઉર્દૂ, અરેબિક, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ગણિત, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર.

બી. એ. (સ્પેશિયલ) : અંગ્રેજી, સંસ્કૃત, અરેબિક, પર્શિયન, ઉર્દૂ, ગુજરાતી, હિંદી, ગણિત, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, અને રસાયણશાસ્ત્ર.

અને

૬૯. એમ. ટી. બી. કૉલેજ, સુરતને વિજ્ઞાન વિભાગમાં નીચેના વિષયોમાં કાયમી જોડાણ આપવા અંગે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત :

	વિષયો
ઇન્ટર સાયન્સ (ગ્રુપ્સ 'એ' અને 'બી') તથા બી. એસસી. (મુખ્ય અને ગૌણ)	ગણિત, ભૌતિકશાસ્ત્ર, અને રસાયણ-શાસ્ત્ર, અને વનસ્પતિશાસ્ત્ર (ગૌણ).

બાબત નં. ૬૮ અને ૬૯ની સાથે વિચારણા કરવામાં આવી.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઈ; અને
૨. પ્રિન્સિપલ પ્રેમશંકર એચ. ભટ્ટ.

૭૦. નડિયાદ ખાતે શરૂ કરાનાર કૉમર્સ કૉલેજને ઇન્ટરમીડિયેટ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે નડિયાદ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખશ્રી તરફથી

આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ; અને
૨. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ.

૭૧. અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજને જોડાણ આપવા અંગે ગુજરાત કેળવણી મંડળ, અમદાવાદના મુખ્ય ટ્રસ્ટી તરફથી આવેલ અરજી અંગે વિચારણા કરી સ્થાનિકતપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ જે. એચ. અધ્વર્યુ; અને
૨. પ્રિન્સિપલ ભાઈલાલભાઈ પી. કોઠારી.

૭૨. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને બી.એ. (જનરલ)માં હિન્દી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

અને

૭૩. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને બી. એસસી. માં ભૌતિકશાસ્ત્ર અને ગણિત (મુખ્ય તથા ગૌણ), રસાયણશાસ્ત્ર (મુખ્ય) અને વનસ્પતિશાસ્ત્ર (ગૌણ)ના વિષયોમાં કાયમી જોડાણ આપવા અંગે આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

બાબત નં. ૭૨ અને ૭૩ની સાથે વિચારણા કરવામાં આવી.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. પી. સી. વૈદ્ય;
૨. પ્રિન્સિપલ એમ. એમ. પારેખ;
૩. ડૉ. તારાબહેન પટેલ; અને
૪. શ્રી. રણધીર ઉપાધ્યાય

૭૪. ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ સંચાલિત પીલવાઈ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને જોડાણ આપવા અંગે માનદ મંત્રી તરફથી આવેલી અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળને કૉલેજનું સ્થળ નક્કી કરીને ખબર આપવા જણાવવું.

(૨) ઉપર નં. (૧) માં જણાવ્યા પ્રમાણે સ્થળ નક્કી થયેથી નીચેના સભ્યોને સ્થાનિક તપાસ કરવા માટે વિનંતી કરવી :

૧. પ્રિન્સિપલ પ્રેમશંકર એચ. ભટ્ટ; અને
૨. પ્રિન્સિપલ સી. એન. પટેલ.

૭૫. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચને ઇન્ટરમીડિયેટ સાયન્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી. એસસી. માં રસાયણશાસ્ત્ર (મુખ્ય) અને ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર (ગૌણ)ના વિષયોમાં વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક; અને
૨. પ્રૉફેસર જે. ડી. ઓઝા.

૭૬. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને બી. એ. (જનરલ) હિન્દીના વિષયમાં કાયમી જોડાણ તથા સમાજશાસ્ત્રના વિષયમાં વધારાનું જોડાણ તથા બી. એસસી. (મુખ્ય) ભૌતિકશાસ્ત્ર વિષયમાં ચાલુ જોડાણ આપવા અંગે આવેલી અરજીઓ પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસ-સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ જે. બી. સાંડિલ; અને
૨. પ્રિન્સિપલ એન. એન. પટેલ

૭૭. આગામી ડિસેમ્બર માસમાં ન્યૂ દિલ્હી ખાતે યોજનાર "ધી ન્યૂ એજ્યુકેશન ફેલોશિપ"ની દસમી વિશ્વપરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા તેમ જ આ પરિષદની યોજના હેઠળ "ટ્રેઇનર લેક્ચરર્સ"નાં નામોની ભલામણ કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં પ્રિન્સિપલ એલ. આર. દેસાઈને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા તથા તેમાં ટ્રેઇનરલેક્ચરર્સ તરીકે કોઈના નામની ભલામણ કરી શકાય તેમ નથી એમ જણાવવું.

૭૮. સેનેટે તેની તા. ૨૯/૩૦-૬-૧૯૫૯ની સભામાં પસાર કરેલા કુ. ઉષા મુન્શાના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણનો લાભ વધુ પ્રમાણમાં અનુસ્નાતકો અભ્યાસ કરતી બહેનો મેળવી શકે તે હેતુને અનુલક્ષી યુનિવર્સિટી તરફથી તેમને માટે છાત્રાલયની વ્યવસ્થા હોવી જોઈએ એવું આ સેનેટનું મંતવ્ય હોવાથી સિન્ડિકેટને તે માટે યોગ્ય તથા જરૂરી પગલાં લેવા આ સભા આગ્રહભરી વિનંતી કરે છે."

મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૯. એલએલ.એમ.ના અનુસ્નાતક અભ્યાસક્રમ કૉલેજમાં સત્રો રાખીને તે સાથે ઓ. ૧૭૪ (એ) મુજબ બી.એ.ની પરીક્ષા માટે બહારના વિદ્યાર્થી તરીકે નોંધવા માટે શ્રી. પટેલ ઠાકોરલાલ ગોપાળજીની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પટેલ ઠાકોરલાલ ગોપાળજીની, બી.એ. ની પરીક્ષા માટે તેમને બહારના વિદ્યાર્થી તરીકે નોંધવા માટેની વિનંતી મંજૂર કરવી.

૮૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૭-૧૯૫૯ની સભાની નીચે મુજબની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં તેમની ઇજનેરી અને/અથવા તબીબી વિદ્યાશાખાઓમાં, આ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) સાયન્સની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની ફેર પરીક્ષા લેવામાં આવે છે, તેથી પરસ્પરની બિનશરતી માન્યતાનું ધોરણ સચવાતું નથી તેવો અભિપ્રાય સિન્ડિકેટને જણાવીને આ બાબતમાં ઘટતું કરવા વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીની નીચે જણાવેલી પરીક્ષાઓની સામે જણાવવામાં આવેલી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની પરીક્ષાઓ, પરસ્પરના ધોરણે માન્ય કરવામાં આવે તે શરતે, માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

	ગુજરાત યુનિવર્સિટી	મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી	સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ
૧.	ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિ.) વિનયન	પ્રેપરેટરી વિનયન	પ્રેપરેટરી વિનયન
૨.	ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિ.) વિજ્ઞાન	પ્રેપરેટરી વિજ્ઞાન	પ્રેપરેટરી વિજ્ઞાન
૩.	ફર્સ્ટ ઇયર (પ્રી–યુનિ.) વાણિજ્ય	પ્રેપરેટરી વાણિજ્ય	પ્રેપરેટરી વાણિજ્ય
૪.	ઇન્ટરમીડિયેટ આર્ટ્સ (પ્રથમ પદવીવર્ષ વિનયન)	પહેલી બી.એ.	પહેલી બી.એ.
૫.	ઇન્ટરમીડિયેટ કૉમર્સ (પ્રથમ પદવીવર્ષ વાણિજ્ય)	પહેલી બી.કૉમ.	પહેલી બી.કૉમ.
૬.	ઇન્ટરમીડિયેટ સાયન્સ ગ્રુપ "એ" (પ્રથમ પદવીવર્ષ વિજ્ઞાન)	પ્રી-એન્જિનિયરિંગ કે એફ.ઈ. (નવો અભ્યાસક્રમ)	પ્રી-એન્જિનિયરિંગ
૭.	ઇન્ટરમીડિયેટ સાયન્સ ગ્રુપ "બી" (પ્રથમ પદવીવર્ષ વિજ્ઞાન)	પ્રી-મેડિકલ	ફર્સ્ટ બી.એસસી.
૮.	ઇન્ટરમીડિયેટ સાયન્સ (ફક્ત વિજ્ઞાન)	ફર્સ્ટ બી.એસસી. (વિજ્ઞાન, કાયદો કે આયુર્વેદના અભ્યાસક્રમો માટે જ)	ફર્સ્ટ બી.એસસી. (વિજ્ઞાન, કાયદો કે આયુર્વેદના અભ્યાસક્રમ માટે જ)

અને

૮૧. ફર્સ્ટ-ઇયર (પ્રી–યુનિવર્સિટી) સાયન્સ અને ઇન્ટરમીડિયેટ સાયન્સની આપણી પરીક્ષાઓ અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓને સમકક્ષ ગણવા બાબતમાં ઊભા થતા પ્રશ્નો પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૮૦ અને ૮૧ની સાથે વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે—

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા, તથા ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિઓ વચ્ચે થયેલો પત્રવ્યવહાર ધ્યાનમાં લઈને મજકૂર બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલી આપવી;

૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફર્સ્ટ બી. એસસી. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને આ યુનિવર્સિટીના એફ. ઈ. ના અભ્યાસક્રમમાં પ્રવેશ ઇચ્છતા બે વિદ્યાર્થીઓ (૧) શ્રી. એલ. વી. આસનાની, અને (૨) શ્રી. એસ. ડી. મોટવાનીને ચાલુ વર્ષે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવાં.

૮૨. સામળદાસ કૉલેજ ભાવનગરના ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ પ્રૉ. એચ. એમ. માપારા નિવૃત્ત થયા હોવાથી તેમની જગ્યાએ પ્રૉ. એન. ઝેડ. પટેલને ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ નીમવા માટે પ્રિન્સિપલ, સામળદાસ કૉલેજ, ભાવનગરના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સામળદાસ કૉલેજ, ભાવનગરમાં પ્રૉફેસર એન. ઝેડ. પટેલને ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રીના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા.

૮૩. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના એજ્યુકેશન વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ પ્રિ. એલ. આર. દેસાઈની જગ્યાએ ડૉ. કે. જી. દેસાઈની પ્રૉફેસર-ઇન-ચાર્જની તરીકેની નિમણૂક કરવા અંગે એ. જી. ટીચર્સ કૉલેજના આચાર્યના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં શિક્ષણના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રિન્સિપલ એલ. આર. દેસાઈની જગ્યાએ ડૉ. કે. જી. દેસાઈની નિમણૂક કરવી.

૮૪. એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગના એમ. ઈ. (ઇલેક્ટ્રિકલ) વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ પ્રૉ. બી. ડી. ચૌધરીની બદલી થવાથી તેમની જગ્યાએ પ્રૉ. એમ. વી. દેશપાંડેને એમ. ઈ. (ઇલેક્ટ્રિકલ) વિષયના અનુસ્નાતક શિક્ષક તરીકે તથા અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા એ સૂચન ઉપરથી વાઇસ-ચાન્સેલરે અપેક્ષાએ મંજૂરી આપી છે તે બાબત.

મજકૂર બાબતની નોંધ લેવામાં આવી.

૮૫. સને ૧૯૫૯–૬૦ના યુનિવર્સિટીના અંદાજપત્રમાં એક્ટિંગ તથા બીજાં એલાવન્સ (ઓવર-ટાઇમ)ની રકમ ઓછી હોવાથી તે શીર્ષક નીચે રૂા. ૪,૦૦૦ વધારે મંજૂર કરવા તથા તે પૈકી શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે તે શીર્ષક નીચે રૂા. ૨,૫૦૦ વધારે મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી તથા ૧૯૫૯–૬૦ના યુનિવર્સિટીના અંદાજપત્રમાં એક્ટિંગ તથા બીજાં એલાવન્સીઝના શીર્ષક હેઠળ વધુ રૂા. ૪,૦૦૦ના ખર્ચને મંજૂર કરવો.

૮૬. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં કામ કરતા પટાવાળા શ્રી. સામંતસિંહ અભેસિંગ જાડેજાનું રાજીનામું મંજૂર થઈ ગયેલ હોવાથી તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનમાંથી છૂટા થયેલા પટાવાળા શ્રી. સામંતસિંહ અભેસિંગ જાડેજાને, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૮૭. માર્ચ-એપ્રિલ ૧૯૫૯માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં "પ્રિન્સિપલ્સ ઑફ ઇકોનોમિક્સ"ના પેપરમાં પરીક્ષકે મહેનતાણાની વહેંચણીના સવાલ પર વિચારણા કરવા બાબત (શ્રી. બી. એસ. ભણસેએ ગુજરાતીમાં ઉત્તરપત્રો તપાસી શકે તેમ ન હોઈ તેમણે ફક્ત ૨૨૭ ઉત્તરપત્રો તપાસ્યા હતા; જ્યારે બાકીના ચાર પરીક્ષકોએ, દરેકે ૭૨૪ ઉત્તરપત્રો, તપાસ્યા હતા).

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરીક્ષામાં પરીક્ષકોના મહેનતાણાની રકમ, પરીક્ષકોએ તપાસવાના ઉત્તરપત્રોની સંખ્યા પ્રમાણે પ્રો-રેટા વહેંચવી.

૮૮. યુનિવર્સિટી તરફથી ચલાવવામાં આવતા યુ.પી.એસ.સી.ની પરીક્ષાઓ માટેના વર્ગો બાબતમાં તે અંગે સમિતિની નીચેની ભલામણો :

"હાલ તુરત ફક્ત એક જ વિદ્યાર્થી હોવાથી આ વર્ગ હમણાં શરૂ કરવો નહિ, પરંતુ આ વર્ગમાં દાખલ થવાના અને ફીના નિયમો છે તેમાં નીચેનો ફેરફાર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. સત્ર-ફી રૂા. ૧૦૦ને બદલે રૂા. ૨૫ની નોંધણી-ફી જ ફક્ત રાખવી.

૨. આ નોંધણી ફક્ત એક જ વર્ષ માટે ચાલુ રહેશે. બીજા વર્ષે દાખલ થનાર વિદ્યાર્થી માટે ફી ભરીને નવેસરથી નોંધણી કરવાની આવશ્યક રહેશે.

૩. જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની સ્નાતક પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક્સ મેળવ્યા હોય તેને જ અને જેમની ઉંમર જોતાં આઈ.એ.એસ. ઇત્યાદિ પરીક્ષામાં બેસવા માટે લાયક હોય તેમને જ આ વર્ગના વિદ્યાર્થીઓ તરીકે રજિસ્ટર કરવા.

૪. જે વિદ્યાર્થીની હાજરી અને અભ્યાસ સંતોષકારક માલૂમ પડે નહિ તેનું રજિસ્ટ્રેશન યુનિવર્સિટી ગમે તે વખતે રદ કરી શકે એ નિયમ રાખવો.

૫. આ વર્ગમાં અપાતા જુદા જુદા વિષયોના શિક્ષણક્રમ માટે અમદાવાદમાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોનો શક્ય તેટલો લાભ લઈ શકાય તે જોવું."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ભલામણો મંજૂર કરવી.

૮૯. લાયબ્રેરી કમિટીએ તેની તા. ૨૪-૭-૧૯૫૯ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને નીચેના પુસ્તકવિક્રેતાઓ પાસે તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલી શરતો તથા દરોએ તા. ૧-૮-૧૯૫૯થી ૩૧-૭-૧૯૬૦ સુધી યુનિવર્સિટી લાયબ્રેરી માટે પુસ્તકો મંગાવવાનું ઠરાવવામાં આવે છે.

૧. મેસર્સ ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ;

૨. મેસર્સ બાલગોવિંદ કુબેરદાસની કંપની, અમદાવાદ (અંગ્રેજી ઉપરાંત સંસ્કૃત પુસ્તકો માટે);

૩. મેસર્સ બુક સેંટર પ્રાઇવેટ લિ., મુંબઈ;

૪. ઑકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ, મુંબઈ;

૫. મેસર્સ ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ;

૬. મેસર્સ કોહારી બુક ડીપો, મુંબઈ (માત્ર મેડિકલ પુસ્તકો માટે);

૭. મેસર્સ આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી;

૮. મેસર્સ સીમા કૉર્પોરેશન, મદ્રાસ;

૯. મેસર્સ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ (માત્ર આર. આર. શેઠ, ભારતી, નવચેતન, રવાણી પ્રકાશન અને રવાણી એન્ડ કંપની, અને લક્ષ્મી પુસ્તક ભંડારનાં ગુજરાતી પ્રકાશનો);

૧૦. મેસર્સ સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ (બારાનાં તમામ ગુજરાતી પ્રકાશનો);

૧૧. રવાણી એન્ડ કંપની, અમદાવાદ
૧૨. મેસર્સ યુડ કમ્પેનિયન, વડોદરા
૧૩. મેસર્સ બૉમ્બે બુક હાઉસ, મુંબઈ
} : માત્ર હિન્દી પુસ્તકો માટે.

પરંતુ અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જો તેમની પોતાની પાસેથી ખરીદવામાં ઉપરનાં કરતાં સસ્તાં પડે તો તે પ્રકાશકો પાસેથી તેમનાં પ્રકાશનો ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ભલામણ મંજૂર કરવી.

૯૦. મુંબઈ સરકારના નિમંત્રણથી તા. ૧૯-૧૦-૧૯૫૯થી તા. ૨૬-૧૦-૧૯૫૯ સુધી મુંબઈ ખાતે ભરાનાર ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ સેમિનારના વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર અધિવેશનમાં, એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગના પ્રોફેસર જી. જે. કુલકર્ણીને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૯૧. સોશિયોલોજી અને એન્થ્રોપોલોજીની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર તથા એન્શિયન્ટ ઇંડિયન ઍાર ઇસ્ટર્ન કલ્ચરની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર એન્શિયન્ટ ઇંડિયન કલ્ચર અંગેનો રેગ્યુ. ૧૬ નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધારવા; તથા (૧) સોશિયોલોજી અને (૨) એન્શિયન્ટ ઇંડિયન કલ્ચર અંગેના રેગ્યુ. ૧૮ નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર વિચારણા કરવા બાબત.

નોંધ:—એન્શિયન્ટ ઇંડિયન કલ્ચર અંગે રેગ્યુ. ૧૬ અને ૧૮ને જૂન ૧૯૬૦થી એટલે કે એપ્રિલ ૧૯૬૨ની પરીક્ષાથી, અમલી બનાવવા એકેડેમિક કાઉન્સિલની ભલામણ છે.

સુધારેલા રેગ્યુ. ૧૬ તથા ૧૮ નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાશે. એન્શિયન્ટ ઇંડિયન કલ્ચર માટેના બી.એ. (જનરલ તથા સ્પેશિયલ) અંગેનો સુધારેલો રેગ્યુ. ૧૬નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાશે.

B.A. (General)

R. 16: 1. Ancient Indian Culture :

(i) Cultural History.

B.A. (Speciel)

*1. Ancient Indian Culture :

(i) Cultural History, (ii) Social Institutions, (iii) Study of Monumental Remains, (iv) Religion and Literature.

*NOTE: 1. For a student offering Ancient Indian Culture as a special subject, the subject of (i) Cultural History shall be compulsory.

2. Students desiring to offer Ancient Indian Culture as a generel or subsidiary subject, but not as a special subject, shall have to choose (i) Cultural History,

3. Identical or similar subjects occuring under other groups shall not be offered by a student taking Ancient Indian Cultural (Sp. & Gen.) Group 'I' such as (i) Ancient Indian Culturel in (e) under Group 'A' or in (viii) under Group 'C' and (ii) Ancient and Mediaeval India in (iii) under Group 'C'

એન્શિયન્ટ ઇંડિયન કલ્ચર અંગેના બી.એ. (સ્પેશિયલ તથા જનરલ) માટેના રેગ્યુ. ૧૮ નો સંબંધકર્તા ભાગ જોડેના પાન ઉપર દર્શાવ્યા મુજબ વંચાશે.

R. 18: (I) Ancient Indian Culture.

B.A. (GENERAL)

(i) CULTURAL HISTORY

Paper I : Cultural History of Ancient India from the time of Bimbisar upto the rise of the Muslim powers :

Topics : The beginning of the historical period; 16 Mahajanapadas; the ascendancy of Magadha; Bimbisara; Buddha and Mahavira; the Mauryan Period; Foreign powers; the Gupta period; Harsha; Chalukyas and Rashtrakutas; the Tamil States; the Palas, the Pratiharas, the Paramaras and the Chalukyas; an outline study of these dynastic periods with special emphasis on their cultural contributions.

Paper II : Cultural History of Gujarat from the Mauryan period upto the end of the Vaghela period :

Topics : Gujarat and its people; the Mauryan rule; the Greeks and the Seythians; the Kshatrapa period; the Gupta rule; the Maitraka period; the Pratiharas, the Rashtrakutas and the Chvadas; the Golden period of the Solankis (including the Vaghelas); the outline study of these dynastic periods with special emphasis on their cultural contributions.

B.A, SPECIAL

(I) CULTURAL HISTORY

The detailed course for Paper I and Paper II shall be same as for B.A. (General) above.

(II) SOCIAL INSTITUTIONS

Paper I : Varnas, Ashramas, and Samskaras :

Topics: The concept and growth of the Varna system and its social implications, evolution and significance of Ashram ideals; Samskaras with special emphasis on Upanayana, Vivaha and Antyestimarriage; customs and ritual; Widowhood, remarriage and divorce.

Paper II: Education: Vedic, Buddhist and Jain systems :

Topics: The Vedic period; recitation and ritual; the Upanishads—aims and ideals; female education; the Sutra literature; Educational rituals; Duties of the student; courses of study; methods of teaching; the Epic period; the Gupta age—prominent centres and institutions; Monestic education; Buddhist and Jaina; the Middle Ages; Vidyapiths, Mathas Agraharas and Pathasalas.

(III) STUDY OF MONUMENTAL REMAINS

Paper I : Architecture :

Topics : Town-planning and masonry of the Harappan sites; Buddhist monuments, the Stupas, the Eaity-halls and the Viharas (Structural as well as rock-cut); Brahmanical monuments: Temples-Indo-Aryan and Dravidian types; Jain monuments: Caves, Studies and Temples, Forts, Palaces, Wells, etc.

Paper II : Sculpture and Painting :

Topics : Harappan culture, Mauryan period, Kushana period, Gupta Age, Rajput period, Statues, Figurines, Terracottas. Bronzes-Different schools of plastic art; Early mural paintings-Ajanta and Bagh, Mediaeval paintings–Miniature paintings, Different schools of Indian painting.

(IV) RELIGION AND LITERATURE

Paper I : Outline study of the Vedic, Buddhist and Jain Religions :

Topics : Vedic religion; Vaishnavism, Shaivism and other sects; Early Buddhism; Hinayana and Mahayana; Jainism.

Paper II : Outline study of Sanskrit Literature :

Topics : Vedic literature; Sutra literature; Epics; Mahakavyas; Lyrical poems; Rupakas; Fables; Akhyayikas and Kathas.

બી. એ. (જનરલ) હિસ્ટરી ગ્રુપ 'સી', બી. એ. (સ્પેશિયલ) લેંગ્વેજ ગ્રુપ 'એ', તથા હિસ્ટરી ગ્રુપ 'સી' અંગેના સુધારેલા રેગ્યુ. ૧૬ નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાશે અને રેગ્યુ. ૧૮ માટેનો વિગતવાર અભ્યાસક્રમ એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર અંગેના રેગ્યુ. ૧૮ના સંબંધિત પ્રશ્નપત્રો અનુસાર રહેશે.

B. A. (GENERAL)

History Group "C"

Substitute . . . .(viii) "Cultural History" in place of "Ancient Indian Culture."

B. A. (SPECIAL)

Languages Group 'A'

Add . . . . . "(e) Cultural History" after "(e) Ancient Indian Culture."

History Group 'C'

Add . . . . . (viii) (i) "Cultural History" after "Ancient Indian Culture."

બી. એ. સોશિયોલોજીના સુધારેલા રેગ્યુ. ૧૮ માટેના સોસાયટી એન્ડ સોશિયલ એમિલિયોરેશન એન્ડ એસેઝ, પ્રશ્નપત્ર ૨, અંગેના સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાશે :

Paper II, Essay :

The paper shall consist of two essays of fifty marks each, the topics for the essay being changed every three years. The topics for the year 1960-61-62 will be as under :

1. Urbanisation of Rural Communities,
2. Aculturation of Tribal Population,
3. Sociological Study of Untouchability,
4. Social Status of Women,
5. Casteism and Communalism.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણો અનુસાર રેગ્યુલેશન નં. ૧૬ અને ૧૮ને સુધારવા અને આ સુધારેલા રેગ્યુલેશનોને ૧૯૬૧માં લેવાનાર પરીક્ષાઓ માટે પ્રથમ વાર અમલમાં આવે તે રીતે અમલમાં મૂકવા.

૬૨. "આગામી ઑક્ટોબર ૧૯૫૯માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓની શરૂ થવાની આ. ૧૨૯ મુજબની જે તારીખ છે તે પૈકી નીચેની પરીક્ષાઓ તા. ૫-૧૦-૧૯૫૯ને બદલી

તેમની સામે દર્શાવેલ તારીખે શરૂ કરવાના કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

પરીક્ષાનું નામ	ઑ. ૧૨૯ મુજબ પરીક્ષા શરૂ કરવાની તારીખ	કાર્યાલયે શરૂ કરવા સૂચવેલ તારીખ
બી. એસસી. (સપ્લિ.)	૫-૧૦-૧૯૫૯	૧૨-૧૦-૧૯૫૯
એમ. ડી., ભાગ ૧ અને ૨	૫-૧૦-૧૯૫૯	૧૪-૧૦-૧૯૫૯
એમ. એસ., ભાગ ૧ અને ૨	૫-૧૦-૧૯૫૯	૧૪-૧૦-૧૯૫૯
બી. એસસી. (મેડિકલ)	૫-૧૦-૧૯૫૯	૧૪-૧૦-૧૯૫૯
એમ. એસસી. (મેડિકલ)	૫-૧૦-૧૯૫૯	૧૪-૧૦-૧૯૫૯

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૯૩. ૧૯૫૯ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલ પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણુકોમાં ઉપકુલપતિશ્રીની અનુમતિથી કરવામાં આવેલા ફેરફારોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૯૪. સને ૧૯૫૯ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓનાં જાહેર થયેલાં પરિણામોમાં કરવામાં આવેલા સુધારા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, જે વિદ્યાર્થીઓનાં પરિણામોનું 'વેરિફિકેશન' કરવામાં આવતાં, કાર્યાલયની કે પરીક્ષકોની ભૂલોને કારણે તે સુધારવાં પડ્યાં છે, તે બધા ઉપર જણાવેલ કેસો જોઈ તપાસીને આગળ ઉપર આમ ન બને તે સારું શું કરવું તે વિષે ઘટતી સૂચના કરવા માટે તથા ૧૩૯નો પાઠ સુધારવા વાસ્તે સૂચનો કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ;
૨. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ;
૩. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ;
૪. શ્રી. કે. સી. પરીખ, રજિસ્ટ્રાર; અને
૫. જે. એમ. મહેતા, ડેપ્યૂટી રજિસ્ટ્રાર.

૯૫. ગુજરાત કૉલેજ, અમદાવાદને બી.એ.માં હિન્દી (સ્પેશિયલ)નું તા. ૨૦મી જૂન ૧૯૫૯થી તા. ૧૯મી જૂન ૧૯૬૧ સુધીના બે વર્ષના વધારાના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતનું પરિપાલન થયેલી જોડાણ માટે મુંબઈ સરકારને કરેલા રિપોર્ટની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૯૬. એમ. પી શાહ મેડિકલ કૉલેજ, જામનગરને (૧) પ્રથમ એમ.બી., બી.એસ.ના વિષયો માટે તા. ૨૦મી જૂન ૧૯૫૯થી તા. ૧૯મી જૂન ૧૯૬૧ સુધીનું બે વર્ષનું ચાલુ જોડાણ તથા (૨) દ્વિતીય અને તૃતીય એમ.બી.,બી.એસ.ના વિષયો માટેનું તા. ૨૦મી જૂન ૧૯૫૯થી તા. ૧૯મી જૂન ૧૯૬૦ સુધીનું એક વર્ષનું વધારાનું જોડાણ આપવા અંગે સેનેટે મૂકેલી

શરતોનું પરિપાલન કર્યા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ જવાબ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને (૧) પ્રથમ એમ. બી., બી. એસ.ના વિષયો માટે તા. ૨૦મી જૂન ૧૯૫૯થી તા. ૧૯મી જૂન ૧૯૬૧ સુધીના બે વર્ષ માટે ચાલુ જોડાણ, તથા (૨) બીજી અને ત્રીજી એમ. બી., બી. એસ.ના વિષયો માટે તા. ૨૦મી જૂન ૧૯૫૯થી તા. ૧૯મી જૂન ૧૯૬૦ સુધીના એક વર્ષ માટે વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૯૭. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં શ્રી. ટીપનીસને નવી નિમણૂક ન થાય ત્યાં સુધી સ્ટેટિસ્ટિક્સના પ્રૉફેસર તરીકે માન્ય કરવા અંગે ઉપર્યુક્ત કૉલેજના આચાર્ય તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અપવાદ તરીકે શ્રી. ટીપનીસને ચાલુ સત્ર પૂરતા આંકડાશાસ્ત્રના પ્રૉફેસર તરીકે કામ કરવા પરવાનગી આપવી અને નવા સત્રથી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવા વાસ્તે કૉલેજના આચાર્યને જણાવવું.

૯૮. અનુસ્નાતક વિદ્યાભવનોના અધ્યક્ષો માટેનાં મકાનોના સિન્ડિકેટે તા. ૨૦/૨૧-૧૧-૧૯૫૯ની સભામાં મંજૂર કરેલા આલેખો તથા અંદાજ પ્રમાણે બાંધકામ શરૂ કરવા બાબત; તથા આ બાંધકામ પર દેખરેખ રાખવાનું સ્થપતિ શ્રી નંદવાણાને સોંપવામાં આવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૯૯. ફાઇનાન્સ કમિટિની તા. ૯-૬-૧૯૫૯ની સભામાં થયેલા ઠરાવ અનુસાર યુનિવર્સિટીની આશરે ૨૫૦ એકરની જમીન પર ૧૯૫૯-૬૦ના વર્ષ દરમિયાન ચરાઈના હક રૂા. ૧૬,૦૦૦માં વેચ્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૦૦. ફાઇનન્સ કમિટીની તા. ૯-૬-૧૯૫૯ની સભાએ કરેલી નીચેની ભલામણ :

૧. લાયબ્રેરીના જર્નલ્સ બાંધવા માટે સિન્ડિકેટની તા. ૬-૧૨-૧૯૫૮ની સભામાં શ્રી સમર્થ બુક-બાઇન્ડિંગ વર્ક્સ, વડોદરાને કામ સોંપવાનું ઠરાવવામાં આવ્યું હતું. પરંતુ તેઓ તરફથી, કાગળ લખવા છતાં કોઈ પણ જાતનો જવાબ ન આવતાં આ અંગે વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સમર્થ બુક-બાઇન્ડિંગ તરફથી કોઈ પણ જાતનો જવાબ ન હોવાથી જર્નલ્સ બાંધવાનું કામ આ કમીટીના ઠરાવ્યા મુજબ મે. યુનાઇટેડ બુક-બાઇન્ડિંગ વર્કસને રૂા. ૮ના ભાવે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. યુનિવર્સિટી છાત્રાલય માટે પાકા રસ્તો બનાવવા ઈંટો પાથરવા માટે છારુંના મગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, મે. નટવરલાલ કાનજી પાસેથી ઈંટો ૧,૫૦,૦૦૦ રૂા. ૩૬.૫૦ના ભાવે અને છારું પ્રાસ ૧૦૦ રૂા. ૧૧.૦૦ના ભાવે ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનાન્સ કમિટીની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૧૦૧. તા. ૩-૭-૧૯૫૯ના રોજ મળેલી બિલ્ડિંગ કમિટીના નીચેના ઠરાવો :

૧. સિન્ડર ટ્રેકના ફેન્સિંગ માટે રૂા. ૬,૦૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. યુનિવર્સિટી પ્રેસ અંગેના અંદાજી ખર્ચમાં ભવિષ્યમાં પહેલો માળ બાંધી શકાય તે પ્રમાણે કરવા માટેના પ્લાન તૈયાર કરવા અને વધુ રૂા. ૧૫,૦૦૦ના ખર્ચનો અંદાજ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટીના હૉસ્ટેલના છાપરાના ટેન્ડર ઉપકુલપતિશ્રીએ રૂા. ૪૧૦૦ સુધીનો ખર્ચ મંજૂર કર્યાના કાર્યની નોંધ લીધી.

૪. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન માટે યુનિયન લેાક વાપરવા ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, બિલ્ડિંગ કમિટીના ઉપરના ઠરાવો મંજૂર કરવા.

૧૦૨. કામકાજ ક્રમાંક ૫૩ અને ૬૩ના પાઠ નીચે પ્રમાણે વાંચવા વિનંતી છે :

"૫૩ : એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૭-૧૯૫૯ની સભાના નીચે મુજબના ઠરાવની નોંધ લેવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદે ૧૯૬૦ના જૂનથી મજકૂર વિષયોના જોડાણ માટે અરજી કરેલી હોવાથી, ઉપરની બાબત પરત્વે એકેડેમિક કાઉન્સિલને અરજી કરવા વાસ્તે તે કૉલેજને જણાવ્યા સિવાય આ તબક્કે હવે કશું વિચારવાપણું રહેતું નથી, એમ સિન્ડિકેટ તથા સેનેટને રિપોર્ટ કરવો."

નોંધ:–મજકૂર વિષયો એટલે અંગ્રેજી (સ્પેશિયલ) અને અર્થશાસ્ત્ર (જનરલ).

૬૩. ૪-૭-૧૯૫૯ની સભામાં કામકાજ નં. ૬૭ તરીકે મોકૂફ રહેલી બાબત આગળ વિચારવા માટે."

મજકૂર બાબતોની નોંધ લેવામાં આવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૦૯૭૯૭-૧૦૯૮૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ :
તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૫૯.

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ફ"
ઠરાવઠાવ નં. ૩૦

8. BOARD OF STUDENTS WELFARE

O. 51 : The Board of Students Welfare shall consist of—

1. The Vice-Chancellor;
2. The Rector (if any);
3. The Chairman of the Board of Sports (ex-officio);
4. The Chief Medical Officer of the University;
5. The University Organiser of Physical Training (Games and Sports);
6. One member elected by the Faculty of Medicine;
7. Six members to be nominated by the Syndicate, at least one of whom shall be from amongst the Principals in the Ahmedabad area, and at least one from amongst the Principals of the Colleges outside the Ahmedabad area, and remaining from amongst the members of the Senate;
8. The Senior Officer amongst the Commanding Officers of the N.C.C.;
9. The Secretary of the Board of Extra-mural Studies;
10. The Secretary of the Youth Welfare Committee will be the Member—Secretary.

O. 52, O. 53, O. 54, O. 55 : As given in the Hand-book.

O. 57 : The functions of the Board shall be—

(i) to advise the Syndicate on—
  (a) the Medical examination of the students;
  (b) the Physical Training of students;
  (c) Hygiene;
  (d) Dietetics;
  (e) students' hostels;
  (f) social service and camps;
  (g) other Youth Welfare work;

(ii) to frame the budget proposals for the succeeding year in respect of the items falling under (i) above and to submit the same to the Registrar before 15th March of each year for consideration by the Syndicate;

(iii) to appoint committee and to take such other steps as may be found necessary in due discharge of their responsibilities;

(iv) to appoint and to delegate to the committees such powers as may be necessary for the discharge by the committee of the duties imposed upon them by the Board.

O. 57 (A) : The Board shall appoint a Youth Welfare Committee whose constitution and functions shall be as follows :—

1. Youth Welfare Committee shall consist of—
  (1) the Vice-Chancellor;
  (2) the Rector (if any);

(3) the Chairman of the Area Committee (to be mentioned hereinafter);

(4) one student-representative from each of the Area Committee to be nominated by the Chairman of the Area Committee concerned;

(5) three members of the Senate from amongst the members of the Students Welfare Board, nominated by the Syndicate as per O. 51 (327).

(6) three members of the College staff, preferably from amongst those trained in Youth Welfare, Youth Leadership and Dramatic Training Camps to be nominated by the Syndicate for three years;

(7) the Secretary of the Board of Extra-mural Studies, Chief Medical Officer, and the Director of Physical Educaticn (ex-officio);

(8) Director of Youth Welfare, if any, or in his absence the Director of Physical Education, will be the Member—Secretary.

2. The members of the Committee appointed by the Syndicate will hold office for three years but shall be eligible for re-appointment.

3. The Committee shall meet at least twice each year and at other times when convened by the Chairman.

4. The quorum for the meeting will be seven.

5. The Vice-Chancellor, or in his absence the Rector, if any, shall, if present, preside at the meeting of the Committee. In absence of both, the meeting shall elect its own Chairman from among members other than student-representatives.

6. The functions of the Committee shall be—

(i) to organise an Annual University Youth Festival and send up entries for the Inter-University Youth Festival;

(ii) to prepare, scrutinize and recommend schemes for grants for Youth Welfare works to the State and the Central Governments;

(iii) to arrange programme of Youth travels, hikes, mountaineering;

(iv) to secure grounds for recreation;

(v) to convene workshops and hobby centres in the University;

(vi) to take up any other project for the Welfare of the Youth;

(vii) to appoint, with prior approval of the Chairman of the Board, sub-committees necessary in due discharge of their responsibilities.

7. The Youth Welfare Committee may delegate to the sub-committees appointed by them such powers as may be necessary for the discharge by the sub-committees of the duties, imposed upon them by the Board. The Board shall also appoint an Area Youth Welfare Committee at every educational centre where there are more than one college. Their Constitution and functions shall be as follows :—

O. 57 (B) : The Area Youth Welfare Committee shall consist of ;—

Chairman : To be elected from amongst such members as are Principals of the colleges in the area.

Members : Principals of local Colleges or their representatives.

(ii) An equal number of student-representatives, one from each college.

(iii) A representative of the Municipal Committee or Board to be nominated by the Students Welfare Board.

(iv) Three persons from amongst those trained at the Youth Leadership or Dramatic Training Camps.

(v) One or two members of the public having interest in such activities.

Secretary : A member of college staff to be nominated by the Board of Students Welfare.

The Area Youth Welfare Committee shall have a Chairman and a Secretary who shall be elected every year at the last meeting of the previous year. The quorum for the meeting of the Committee shall be five or one-third of the total members, whichever is less.

3. Every Area Youth Welfare Committee shall meet at least once every term and may meet oftener on such days as may be fixed by the Chairman of the Committee.

4. The Chairman shall preside at all meetings of the committee. In the absence of the Chairman, the members present shall elect a Chairman who shall be the Principal of a college, if any, is present at the meeting.

5. The functions of the Area Committee shall be—

(i) to organise an Annual Youth Festival for the colleges in the Area, and send up entries for the University Youth Festival;

(ii) to scrutinize and recommend schemes of Youth Work Camps to the University for submission to the Ministry of Education;

(iii) to ask for grants for Youth Welfare work from the State and Central Governments through the University;

(iv) to arrange programme of Youth travel, hikes, mountaineering;

(v) to secure grounds for recreation;

(vi) to provide workshop and hobby centres in the colleges;

(vii) to hold Youth Leadership Training Camps for colleges;

(viii) to take up any other projects for the Welfare of the Youth;

(ix) to appoint sub-committee, if necessary.

6. The Area Committee may, with prior approval of the Chairman of the Board of Students Welfare, appoint sub-committees as it may deem necessary. The Chairman of each sub-committee shall, as far as possible, be the Principal of a college.

પરિશિષ્ટ "ખ"
ઠરાવકાળ નં. ૩૮

"SHRI SARABHAI DAHYABHAI GOLD MEDAL" ENDOWMENT

1. The name of the Donor : Shri Sarabhai Dahyabhai Shah, Gusaparekh-ni-Pole, Ahmedabad-1.
2. The amount of Donation : Cash of Rs. 5,000 invested in Govenment of India 3% Conversion Loan of 1946 of the face-value of Rs. 6,700.
3. Description of the Award : One Gold Medal.
4. Accepted under the Syndicate Resolution No. 47, dated 6-6-1959.

Rules

1. A Gold Medal called "Shri Sarabhai Dahyabhai Gold Medal" of the value of about Rs. 190 shall be awarded annually to a candidate who passes B. E. (Mechanical) and B. E. (Electrical) Examination and secures the highest number of marks alternatively each year in rotation.
2. The Medal shall, as far as possible, be presented to the winner at the annual convocation of the University.
3. The annual income of the Endowment shall be subject to a deduction of five per cent as contribution to the General Fund of the University.

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૩૯

VOLTAS LIMITED, AHMEDABAD-2.

Service Contract for "Tushar" Water cooler

Model R-40-B, Serial No. 60304

Located at : Navrangpura.

Beginning : Ending :

What we give you :

Under the terms of this contract, we undertake to keep your Wate cooler in good running condition for one year, which includes the following services:—

(a) We check up and service your Water cooler thoroughly once every three months.

(b) We attend to the Water cooler whenever called upon by you.

(c) We repair/overhaul your Water cooler or parts thereof in our Service Station free of charge, if necessary.

(d) During repair/overhaul of your Water cooler, we supply you our Water cooler on loan free of charge.

(e) We snpply free of charge all spares and material which are needed as the result of fair wear and tear during the contract period *except filter pads.*

(f) We close down and re-start your Water cooler whenever required by you.

What we ask for :

(g) That the contract fee of Rs. 170.00 be paid in advance.

(h) That we have the option to terminate the contract in case of change of ownership or location, for any reason whatsoever we should find ourselves unable to continue giving service. On such termination, a pro-rata refund of the contract fee for the unexpired period will be made.

Note : (i) Filter pads for the Water filter are to be replaced at regular intervals by your staff.

(ii) Repairs to water piping & electrical installation, if any, are to be attended by your contractors.

Ahmedabad.

(.....)
(Signature of the Contractor)

(.....)
(Signature of the Owner)

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૫૯ના સપ્ટેમ્બર માસની સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર તા. ૫મી સપ્ટેમ્બર ૧૯૫૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઇના પ્રમુખપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડાયરેકટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ	ગેરહાજર
૪.	શ્રી. એસ. એમ. શાહ	ગેરહાજર
૫.	શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૬.	શ્રી. એ. એમ. નાયક	ગેરહાજર
૭.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦.	ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨.	શ્રી. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૪.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર
૧૫.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર
૧૬.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર
૧૭.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૮.	પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	હાજર.

૧. તા. ૮-૮-૧૯૫૯ના રોજ મળેલ સિન્ડિકેટની ઑગસ્ટ માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૮-૮-૧૯૫૯ના રોજ મળેલી સિન્ડિકેટની ઑગસ્ટ ૧૯૫૯ના માસની સભાના કામકાજની નોંધને નીચેના ફેરફાર સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી :

(૧) બાબત નં. ૩૪માં "આ બાબતમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે," ત્યાંથી "તે પરથી ઠરાવવામાં આવ્યું કે," સુધીના શબ્દો કમી કરવા.

(૨) બાબત નં. ૯૧માં ઠરાવનો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણો અનુસાર રેગ્યુલેશન નં. ૧૬ અને ૧૮ને સુધારવા અને આ સુધારેલા રેગ્યુલેશનોને ૧૯૬૨માં લેવાનાર પરીક્ષાઓ માટે પ્રથમ વાર અમલમાં આવે તે રીતે અમલમાં મૂકવા; પરંતુ સુધારેલા રેગ્યુલેશન ૧૮ નો સોશિયોલોજી અંગેનો સંબંધકર્તા ભાગ ૧૯૬૦માં લેવાનાર પરીક્ષામાં પ્રથમ વાર અમલમાં આવે તે રીતે અમલમાં મૂકવો."

(નોંધ :—બાબત નં. ૧૪માં "ડૉ. એમ. ડી. દેસાઈ" એ મુદ્રણદોષ હોઈ "ડૉ. એમ. ડી. પટેલ" એમ વાંચવું.)

૨. એમ.ટી.બી. કૉલેજ સુરતને બી.એ. માનસશાસ્ત્ર (સ્પેશિયલ) વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે તા. ૪-૮-૧૯૫૯ની સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી, નવસારી; અને
૨. ડૉ. પી. એચ. પ્રભુ, અમદાવાદ.

૩. સામળદાસ કૉલેજ, ભાવનગરને બી.એ. હિન્દી (જનરલ) વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા અંગે મુંબઈ રાજ્યના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧. પ્રિન્સિપલ એન. એન. પટેલ, પોરબંદર.

૪. એમ. એન. કૉલેજ, વિસનગરને બી.એ. (સ્પેશિયલ) અંગ્રેજી વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે તા. ૨૧-૭-૧૯૫૯ની કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ અરજી અંગે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ એચ. એ ડિસોઝા, અમદાવાદ; અને
૨. પ્રિન્સિપલ સી. એન. પટેલ, અમદાવાદ.

૫. પીલવાઈ મુકામે શરૂ કરાનાર સાયન્સ કૉલેજને જોડાણ આપવા અંગે ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળના માનદ્ મંત્રી તરફથી તા. ૧૪-૮-૧૯૫૯ની આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક, અમદાવાદ; અને

૨. ડૉ. એ. એમ. ત્રિવેદી, અમદાવાદ.

૬. ત્રિવાર્ષિક તપાસસમિતિઓના હેવાલો તપાસીને રિપોર્ટ કરવા માટે નિમાયેલી સમિતિની તા. ૨૫-૭-૧૯૫૯ના રોજ મળેલ બેઠકમાં થયેલી નીચેની ભલામણો :

ભલામણો

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે મુજબનાં સમિતિએ કરેલાં સૂચનોનો કૉલેજોમાં અમલ થવા માટે ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને વિનંતી કરવી :

(ક) **ટ્યુટોરિયલ્સ** :—સ્નાતક કક્ષાએ ટ્યુટોરિયલ પદ્ધતિ આવશ્યક છે અને તેને અમલમાં મૂકવા માટે કૉલેજોના આચાર્યોને વિનંતી કરવી.

(ખ) **સેમિનાર** :—સ્નાતક કક્ષાએ સ્પેશિયલ વિષય માટે સેમિનાર યોજવા આવશ્યક છે જે અંગે કૉલેજોના આચાર્યોને જાણ કરવી.

(ગ) **હાજરી** :—દરેક સમય (પિરિયડ)માં વિદ્યાર્થીની હાજરી લેવી જોઈએ.

(ઘ) **સામાન્ય ઓરડો (વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો)** :—વિદ્યાર્થી તેમ જ વિદ્યાર્થિનીઓ માટે અલગ સામાન્ય ઓરડો હોવો જરૂરી છે.

(ચ) **વ્યાખ્યાનખંડમાં પંખા** :—વ્યાખ્યાનખંડમાં પંખાની સગવડ તથા વિજ્ઞાન પ્રયોગખંડમાં એક્ઝોસ્ટ પંખાની સગવડ હોવી આવશ્યક છે.

(છ) **સરકારી કૉલેજોના શિક્ષકોના પગાર** :—યુનિવર્સિટીએ માન્ય કરેલાં પગારનાં ધોરણ સરકારી કૉલેજોમાં અમલમાં મૂકવામાં આવ્યાં ન હોવાથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આ અંગે નાણાકીય સહાય આપવા માટે વિનંતી કરવી.

(જ) **વિનયન કૉલેજનો સમય** :—વિનયનના વર્ગો (ટ્યુટોરિયલ સાથે) સવારમાં ચલાવવા દેવા કે કેમ તેની વિચારણા સિન્ડિકેટે કરવી, તેમ આ સમિતિ ઇચ્છે છે.

(ઝ) **જિમ્નેશિયમ** :—વિદ્યાર્થીઓ માટે જિમ્નેશિયમની ખાસ જરૂર છે.

(ટ) **વિદ્યાર્થિનીઓનું છાત્રાલય** :—યુનિવર્સિટી વિસ્તારમાં જ્યાં એક કરતાં વધુ કૉલેજો હોય ત્યાં, અને શક્ય હોય તો બીજાં કેન્દ્રોમાં, વિદ્યાર્થિનીઓ માટે છાત્રાલય હોવું જરૂરી છે.

(ઠ) **પાર્ટ-ટાઇમ શિક્ષકો** :—જ્યાં અમુક વિષયમાં કામના સમયો ઓછા હોય ત્યાં જ પાર્ટ-ટાઇમ શિક્ષકો ચાલુ રાખવા જોઈએ.

સદરહુ ભલામણો પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(ક) સ્નાતક કક્ષાએ ટ્યુટોરિયલ્સની પદ્ધતિ આવશ્યક છે અને તેને અમલમાં મૂકવા માટે કૉલેજોના આચાર્યોને વિનંતી કરવી.

(ખ) સ્નાતક કક્ષાએ 'સ્પેશિયલ' વિષય માટે સેમિનાર યોજવા આવશ્યક છે એમ કૉલેજોના આચાર્યોને જાણ કરવી.

(ગ) દરેક સમય (પિરિયડ)માં વિદ્યાર્થીઓની હાજરી લેવી એ ઇષ્ટ છે, એમ કૉલેજોના આચાર્યોને જણાવવું.

(ઘ) (૧) શિક્ષકો, (૨) વિદ્યાર્થીઓ, અને (૩) વિદ્યાર્થિનીઓ માટે અલગ અલગ સામાન્ય ઓરડા હોવા જોઈએ એમ કૉલેજોના આચાર્યોને જણાવવું.

(ચ) કૉલેજોના વ્યાખ્યાનખંડમાં પંખાની સગવડ તથા વિજ્ઞાનના પ્રયોગખંડમાં 'એક્ઝોસ્ટ' પંખાની સગવડ હોવી આવશ્યક છે એમ કૉલેજોના આચાર્યોને જણાવવું.

(છ) મજકૂર ભલામણની નોંધ લેવામાં આવી.

(જ) (૧) જે કૉલેજોમાં એક જ વિદ્યાશાખાના શિક્ષણની જોગવાઈ હોય તે કૉલેજોનો સમય બપોરનો રાખવો.

(૨) જે કૉલેજોમાં એક જ મકાનમાં પાળી વડે બે વિદ્યાશાખાઓના શિક્ષણની જોગવાઈ કરવામાં આવી હોય, તે કૉલેજોમાં પણ, જરૂર મુજબ, વહેલું શરૂ કરી સળંગ ચાલે એમ વર્ગોનું કામ બપોરનું જ રાખવું અને એ રીતે બન્ને શાખાઓનું કામકાજ સળંગ ગોઠવવું જોઈએ. એ કૉલેજોમાં જો પ્રાયોગિક કામકાજ કરવાનું આવતું હોય તો તે કામકાજ કૉલેજોનો સમય સળંગ જોડાય તે રીતે વર્ગોની સાથે, આગળ કે પાછળ મકાનના ઉપયોગની સવડ જોઈને શરૂ કરી શકાય એવી છૂટ રહેશે.

(૩) ઉપરના પેટાઠરાવ નં. (૧) અને (૨)નો અમલ જૂન, ૧૯૬૧થી શરૂ કરવો.

(ઝ) વિદ્યાર્થીઓ માટે વ્યાયામશાળાની ખાસ જરૂર છે એમ કૉલેજોના આચાર્યોને જાણ કરીને ઘટતી વ્યવસ્થા કરવા વિનંતી કરવી.

(ટ) યુનિવર્સિટી વિસ્તારમાં જ્યાં એક કરતાં વધારે કૉલેજો હોય ત્યાં, અને શકય હોય તો બીજાં કેન્દ્રોમાં, વિદ્યાર્થિનીઓને માટે છાત્રાલય હોવાં જરૂરી છે એ અભિપ્રાય સાથે સિન્ડિકેટ સંમત છે.

(ઠ) જ્યાં અમુક વિષયમાં કામના સમયો ઓછા હોય ત્યાં જ પાર્ટ-ટાઇમ શિક્ષકો રાખવા જોઈએ એ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, અને તે અંગે ઘટતું કરવા કૉલેજોના આચાર્યોને પરિપત્ર પાઠવવો.

૭. શ્રી. આર. એચ. ત્રિવેદીની માનસશાસ્ત્રના પ્રોફેસર તરીકે નિમણૂક કરવા પરવાનગી આપવા વાસ્તે સ્વામીનારાયણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત શિક્ષકોના ફેરફાર અંગેની સ્થાયી સમિતિને અભિપ્રાય માટે મોકલી આપવી.

૮. ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈ, મુકામે જાન્યુઆરી તા. ૨૦થી ૨૭, ૧૯૬૦, દરમિયાન "દક્ષિણ એશિયામાં ગણિતનો અભ્યાસ (Mathematical Education in

South Asia)'' પરિષદ માટે આ યુનિવર્સિટી તરફથી યોગ્ય પ્રતિનિધિની નિમણૂક કરવા વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પી. સી. વૈદ્યને મોકલવા.

૯. આગામી ઑકટોબર, ૧૯૫૯માં લેવાનાર પ્રથમ અને બીજી બી.એ.એમ.એસ.ની લેખિત અને પ્રાયોગિક પરીક્ષાઓ માટે સુરત ખાતે કેન્દ્ર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રથમ અને બીજી બી.એ.,એમ.એસ.ની લેખિત અને પ્રાયોગિક પરીક્ષાઓ માટે સુરત ખાતે કેન્દ્ર રાખવું.

૧૦. એમ.એ. હિસ્ટરી ગ્રુપ 'એફ'નું પેપર ૪થું જે "માસ્ટર એસેઝ"નું છે તે તપાસવા માટેના મહેનતાણાનો દર નક્કી કરવા બાબત.

દરેક પરીક્ષકને રૂા. ૨૫ મહેનતાણું આપવા કાર્યાલયનું સૂચન છે.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ.ની પરીક્ષામાં ગ્રુપ 'એફ' ના પ્રશ્નપત્ર નં. ૪ (માસ્ટર એસેઝ) માટે પ્રત્યેક પરીક્ષકને દરેક નિબંધ દીઠ રૂા. ૨૫ ના મહેનતાણાનો દર મંજૂર કરવો.

બાબત નં. ૧૧ અને ૩૧ ની વિચારણા સાથે કરવામાં આવી હતી.

૧૧. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાં જુનિયર બી.એ.ના વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. બી. બી. બારોટ બાબતમાં એસ. એસ. સી. બોર્ડ, પૂનાના તા. ૧૧-૭-૧૯૫૯ના પત્ર પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થી શ્રી. બી. બી. બારોટનું નામ, એસ. એસ. સી. બોર્ડ, પૂનાની એસ. એસ. સી. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની નામાવલિમાંથી કમી કરવામાં આવ્યું છે કેમ, અને કમી કરવામાં ન આવ્યું હોય તો કરાશે કે કેમ, તે એસ. એસ. સી. બોર્ડ, પૂનાને પુછાવવું.

૩૧. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાંથી ૧૯૫૯માં આપણી યુનિવર્સિટીમાંથી બી.એસસી.ની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થી શ્રી. રજનીકાંત છોટાભાઈ દેસાઈ ઑકટોબર ૧૯૫૭ની એસ.એસ.સી.ની પરીક્ષામાં એક ઉમેદવાર શ્રી. જયેન્દ્રભાઈ બાબુભાઈ દેસાઈને બદલે નામ બદલીને બેઠેલા તે બાબત પર એસ.એસ.સી. બોર્ડના મંત્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રજનીકાન્ત છોટાભાઈ દેસાઈને ૧૯૬૨ના ડિસેમ્બર સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા કે અભ્યાસક્રમમાં દાખલ કરવા નહિ. આ બાબતની જાણ ભારતની બધી યુનિવર્સિટીઓને કરવી.

૧૨. અનુસ્નાતક નિયમ નં. ૨૩ (એ) અનુસાર આર. આર. લાલન કૉલેજ, ભુજ (કચ્છ)નાં ગુજરાતી અને અંગ્રેજીના અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક કરવા બાબત.

(આચાર્યશ્રીનાં સૂચન નીચે મુજબ છે :

૧. અંગ્રેજીનું અનુસ્નાતક કેન્દ્ર–શ્રી. વાય. ડી. ભાવે

૨. ગુજરાતીનું અનુસ્નાતક કેન્દ્ર–શ્રી. સી. એ. શુકલ)

આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કૉલેજ, ભુજમાં અંગ્રેજીના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રિન્સિપલ શ્રી. વાય. ડી. ભાવેની નિમણૂક કરવી તથા ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. સી. એ. શુકલની નિમણૂક કરવી.

૧૩. 'Caste in India' (by Hutton) પુસ્તકના અનુવાદક શ્રી. પાંડુરંગ ગ. દેશપાંડે તરફથી તેમની સાથે કરવામાં આવેલા કરારનામાની કલમ ૬ કે જે નીચે મુજબ છે તે તેમને સંબંધકર્તા ન હોવાથી તેમના કરારનામામાંથી તે રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

"(6) The Translator shall keep the Publisher indemnified against all actions, proceedings, or demands made against the Publisher by reason of anything contained in the said work constituting an infringement of copy right or being defamatory and against all costs, damages or expenses in respect of any such action, proceeding or demand."

આથી ઠરાવવામાં આવે છે કે, "કાસ્ટ ઇન ઇન્ડિયા" (હટન) ના અનુવાદક શ્રી. પાંડુરંગ ગ. દેશપાંડે સાથેના કરારનામાના મુસદ્દાની કલમ નં. ૬ રદ કરવી તથા તે પછીની કલમોના ક્રમાંકમાં ઘટતો સુધારો કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મજકૂર પુસ્તકની સૂચિ (ઇન્ડેક્સ) નું કામ કરવા માટે શ્રી. દેશપાંડેને જુદું મહેનતાણું આપવું, અને તે મહેનતાણાની રકમ નક્કી કરવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૧૪. સ્થાયી સમિતિની તા. ૧૧-૩-૧૯૫૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

૧. રકાબ અને બેજ માટેની ચાર રસીદો ઉપર રૂા. ૪૦.૦૦ ન.પૈ.નું પેમેન્ટ બે વખત થયું તેથી તે રકમ માટે કાર્યાલયના જે સભ્ય કે સભ્યો જવાબદાર હોય તેમની પાસેથી વસૂલ કરવી.

રસીદ નં.	એચ. એસ. બી.	૫૫;
,,	,,	૫૧;
,,	,,	૫૬; અને
,,	,,	૩૧૭.

૨. નીચેની રસીદવાળા વિદ્યાર્થીઓએ રજૂ કરવાની રસીદના બદલામાં ડિપોઝિટના પૈસા પાછા આપવામાં આવ્યા છે, તેથી ફરીથી ડિપોઝિટના પૈસા પાછા આપવાપણું રહેતું નથી.

એચ. એસ. વી. ૪૮, ૫૦, ૫૪, અને ૧૪૭.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ભલામણો મંજૂર કરવી.

૧૫. સમાજવિદ્યા ભવનમાં લેબર વેલ્ફેરના અભ્યાસક્રમ માટે "ફીલ્ડ વર્ક આસિસ્ટંટ"ની જગા માટે લાયકાત તથા પગારનું ધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનમાં 'લેબર વેલ્ફેર'ના અભ્યાસક્રમ માટે "ફીલ્ડ વર્ક આસિસ્ટન્ટ" ની જગા માટે ઓછામાં ઓછી લાયકાત તથા પગારનું ધોરણ નીચે મુજબ રાખવાં:

૧. ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ:

માન્ય યુનિવર્સિટી કે સ્કૂલ ઑફ સોશિયલ વર્કની, "લેબર વેલ્ફેર" અથવા "સોશિયલ વર્ક"ની બીજા વર્ગની અથવા સમકક્ષ ડિગ્રી અથવા ડિપ્લોમા.

૨. પગારધોરણ:

રૂા. ૨૦૦-૨૦-૪૦૦ વત્તા યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબનાં ભથ્થાંઓ.

૧૬. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના મકાનમાં યુનિવર્સિટી કાર્યાલય તા. ૧૪-૯-૧૯૫૦થી તા. ૨-૩-૧૯૫૪ સુધી રાખવા માટે મુંબઈ સરકારે રૂા. ૨૯,૭૬૬.૩૧ ન.પૈ.ના ભાડાની કરેલ માગણી બાબતમાં સિન્ડિકેટે કરેલા ઠરાવ અનુસાર સરકારે ભાડું માફ કરવા અથવા તે મુજબની ગ્રાન્ટ આપવાની અશક્તિ દર્શાવતાં તેમના તા. ૪થી ઑગસ્ટ, ૧૯૫૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમિયાન, આ અંગે મુંબઈ સરકારના સત્તાવાળાઓ સાથે ઘટતી વાતચીત કરવા માટે સિન્ડિકેટના સભ્ય ડૉ. ભારકરભાઈ પટેલને વિનંતી કરવી.

૧૭. સન ૧૯૫૮-૫૯ના વર્ષ માટે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા માટે નિમાયેલ વ્યાખ્યાતા શ્રી. વી. આર. ત્રિવેદીએ તબિયતને કારણે નવેમ્બર ૧૯૫૯માં આ વ્યાખ્યાનો આપવાની ઇચ્છા દર્શાવતાં તેઓશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા માટે નિમાયેલા વ્યાખ્યાતા શ્રી. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીની આ વ્યાખ્યાનો નવેમ્બર ૧૯૫૯માં યોજવા માટેની વિનંતી મંજૂર કરવી.

૧૮. શ્રી ગોરધનદાસ બાલુભાઈ તરફથી ઇન્ટર કૉમર્સની પરીક્ષામાં ઐચ્છિક વિષયો પૈકીના કોઈ એક વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા માટે રૂ. ૫૦૦૦ની દેણગી આપવાની તેમની ઇચ્છા દર્શાવતા તેમના તા. ૧૧-૮-૧૯૫૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ દેણગીનો સાભાર સ્વીકાર કરવો.

૧૯. માણસા મુકામે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને ઇન્ટર આર્ટ્સ સુધીનું જોડાણ આપવા અંગે માણસા કેળવણી મંડળના મંત્રી તરફથી તા. ૨૦-૮-૧૯૫૯ની આવેલી અરજી અંગે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ પ્રેમશંકર હ. ભટ્ટ, અમદાવાદ; અને
૨. પ્રિન્સિપલ સી. એન. પટેલ, અમદાવાદ.

૨૦. રાજકોટ મુકામે વિદ્યાર્થિનીઓ માટે શરૂ કરાનાર વિનયન મહાવિદ્યાલયને પ્રથમ અને દ્વિતીય વર્ષ વિનયનના વર્ગો માટે જોડાણ આપવા અંગે શ્રી કાન્તા સ્ત્રીવિકાસ ગૃહના મંત્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ, અમદાવાદ; અને
૨. ડૉ. તારાબહેન પટેલ, અમદાવાદ

૨૧. માર્ચ, ૧૯૫૯માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૮૦૪ કે જેનું પરિણામ અ૦ ૧૨૭ મુજબ અનામત રાખવું જોઈતું હતું તે કાર્યાલયની ભૂલથી જાહેર થઈ ગયું હોવાથી તે રદ કરી તેને અનામત જાહેર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ ૧૯૫૯માં લેવાયેલી ઇન્ટરમીડિયેટ આર્ટ્સની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી નં. ૩૮૦૪નું જાહેર થયેલું પરિણામ રદ ગણીને તેને અનામત રાખવું.

૨૨. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૮-૭-૧૯૫૯ના રોજની સભાની નીચેની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, આ કમિટી સ્ટાફના સભ્યોને આગળ અભ્યાસ કરવાની છૂટ આપવાની તરફેણમાં નથી. તેમ છતાં અભ્યાસ કરવા સભ્યોને કામકાજને આંચ ન આવે તે રીતે અભ્યાસ કરવા માટે પરવાનગી આપવાનું સિન્ડિકેટને યોગ્ય લાગે તો તે પ્રમાણે વિચારવા સૂચન કરવામાં આવે છે.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, હાલ વાયરમેનની જગા ઊભી કરવાની આ કમિટીને જરૂર જણાતી નથી. પરંતુ આ કામની દેખભાળ રાખવા વાર્ષિક કૉન્ટ્રેકટ આપીને વ્યવસ્થા કરવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે મંજૂર કરેલી ૭ જગા બે વર્ષ માટેની જુનિયર કલાર્કની જગાઓ હાલ કાયમી નહિ કરતાં વધુ બે વર્ષ માટે કામચલાઉ ધોરણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. ડી. ભગતને હેડ કલાર્કની જગા ઉપર શરૂઆતના પગારમાં એક વધારો તેઓની નિમણૂકની તારીખથી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સદરહુ ભલામણો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

[૧] (૧) કાર્યાલયના જે સભ્યો બીજી યુનિવર્સિટીઓ કે બોર્ડની પરીક્ષામાં બેસવા માગતા હોય તેમને કાર્યાલયના કામકાજમાં વિક્ષેપ ન પડે તે બાબત લક્ષમાં લઈને વ્યક્તિગત અરજીઓ પરથી પરવાનગી આપવાની સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલરને આપવી.

(૨) કાર્યાલયના જે સભ્યો આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા ઇચ્છતા હોય તેમને, કાર્યાલયના કામકાજમાં વિક્ષેપ ન પડે તે બાબત લક્ષમાં લઈને, તથા આવા સભ્યો તેમની પરીક્ષા અને તેનું પરિણામ બહાર પડે ત્યાં સુધી એમ કુલ ઓછામાં ઓછા ૭ મહિના સુધી પગારી કે બિનપગારી જે ઘટતી હોય તે રજા પર ઊતરે તે શરતે, વ્યક્તિગત અરજીઓ પરથી પરવાનગી આપવા શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

[૨] સદરહુ ભલામણ મંજૂર કરવી.

[૩] સદરહુ ભલામણ મંજૂર કરવી.

[૪] સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૩. સિન્ડિકેટે તેની તા. ૪-૭-૧૯૫૯ની સભામાં પ્રકાશન અધિકારીની જગા રૂ. ૩૦૦-૨૫-૬૦૦ની ગ્રેડમાં ઊભી કરવા ઠરાવેલું છે. તો આ જગા માટે ઓછામાં ઓછું લાયકાતનું ધોરણ ઠરાવીને તેને માટે જાહેરાત કરી અરજીઓ મંગાવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં પ્રકાશન અધિકારીની જગા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

૧. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજમાં પ્રોફેસરની જગા માટે નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત;

૨. ઓછામાં ઓછાં પાંચ વર્ષનો શૈક્ષણિક અને/અથવા લેખન-પ્રકાશનના કામનો અનુભવ.

(નોંધ : લેખન-પ્રકાશન-કામનો અનુભવ વિશેષ લાયકાત પણ ગણાશે.)

૨૪. સેન્ટ્રલ બોર્ડ ઑફ જિયોફિઝિક્સના ઉપક્રમે વડોદરા ખાતે તા. ૧૫થી ૧૭ ઑગસ્ટ ૧૯૫૯ના રોજ યોજેલ "Symposium in Geograpical Exploration"માં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. એમ. મુકરજીની નિમણૂક સિન્ડિકેટે કરેલી, પરંતુ પાછળથી તબિયતના કારણે તેમણે જવાની અશક્તિ દર્શાવી હોવાથી, તેઓશ્રીની જગાએ ડૉ. કે. આર. રામનાથનની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૫. શ્રી. આધવ રત્નાકર શુકેરને પીએચ.ડી. પદવી માટે તેમનો મહાનિબંધ માન્ય થયેલ હોઈ તેમને તે પરીક્ષામાં પાસ જાહેર કરવા માટે ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૬. સેનેટે તેની તા. ૨૯, ૩૦-૬-૧૯૫૯ની સભામાં પસાર કરેલા કુ. ઉષા મુન્શાના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણનો લાભ વધુ પ્રમાણમાં અનુસ્નાતકનો અભ્યાસ કરતી બહેનો મેળવી શકે તે હેતુને અનુલક્ષીને યુનિવર્સિટી તરફથી તેમને માટે છાત્રાલયની વ્યવસ્થા હોવી જોઈએ

એવું આ સેનેટનું મંતવ્ય હોવાથી સિન્ડિકેટને તે માટે યોગ્ય તથા જરૂરી પગલાં લેવા આ સભા આગ્રહભરી વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. જાન્યુઆરી કથી તા. ૯, ૧૯૬૦ના સમય દરમિયાન મુંબઈ મુકામે ભરાનાર "ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ"ના આગામી અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિમંડળની નિમણૂક કરવા વાસ્તે મજકૂર એસોસિયેશનના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૪-૮-૧૯૫૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. ઑક્ટોબર ૧૯૫૬માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પરીક્ષકો તેમ જ પ્રાશ્નિકોની નિમણૂક અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૬૧-૮-૧૯૫૬ની સભામાં કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

વિષયોના ક્રમાંક ૨૩૪ અને ક્રમાંક ૨૮૩માં જે તે પરીક્ષાસમિતિએ કરેલાં સૂચનો ઉમેરીને એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણેની યાદી મંજૂર કરવામાં આવે તથા મંજૂર કરેલી યાદીની નકલ ચાલુ શિરસ્તા પ્રમાણે આ નોંધની સાથે જોડાવામાં ન આવે.

૨૯. બી.કોમ.ની પરીક્ષા જે ૧૯મી ઑક્ટોબર ૧૯૫૬થી શરૂ થાય છે તેને બદલે તા. ૧૨મી ઑક્ટોબર ૧૯૫૬થી શરૂ કરવાની વિનંતી કરતા તા. ૧૨-૯-૧૯૫૬ના પ્રિન્સિ. એસ. વી. દેસાઈ તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

મજકૂર બાબત વિચારણા માટે આવી ત્યારે પોતાનો આ પત્ર સિન્ડિકેટના સભ્ય પ્રિન્સિપલ એસ. વી. દેસાઈએ પાછો ખેંચી લીધો, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૦. માર્ચ-એપ્રિલ ૧૯૫૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો તેમ જ કાર્યાલયના સભ્યોની થયેલ ભૂલ અંગે વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની તેની તા. ૨૦-૭-૧૯૫૬ની સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત (નોંધની નકલ પરિશિષ્ટ 'ક' તરીકે સામેલ છે.)

સદરહુ નોંધ મંજૂર કરવામાં આવી.

૩૧. જે. અન્ડ જે. કોલેજ, નડિયાદમાંથી ૧૯૫૬માં આપણી યુનિવર્સિટીમાંથી બી.એસસી.ની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થી શ્રી. રજનીકાંત છોટાભાઈ દેસાઈ ઑક્ટોબર ૧૯૫૬ની એસ. એસ. સી.ની પરીક્ષામાં એક ઉમેદવાર શ્રી. જયેન્દ્રભાઈ બાબુભાઈ દેસાઈ ને બદલે નામ બદલીને બેઠેલા તે બાબત પર એસ. એસ. સી. બોર્ડના મંત્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

મજકૂર બાબતની વિચારણા બાબત નં. ૧૧ની સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે સ્થળે આપવામાં આવેલી છે.

૩૨. શ્રી. કે. કા. શાસ્ત્રીએ ડૉ. ટેસિટોરીની નોંધોનો કરેલ ગુજરાતી અનુવાદ બાબત તેમની સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

૨ ડેમી કદના પાના દીઠ રૂા. ૪ લેખે મહેનતાણું કરારનામામાં દર્શાવ્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ 'ખ' તરીકે સામેલ છે.)

૩૩. લાયબ્રેરી કમિટીએ મંજૂર કરેલ સંશોધન વિભાગ માટેના નીચે મુજબના નિયમો (જાણ સારૂ).

૧. લાયબ્રેરીના પહેલા માળ પરનો વિભાગ સંશોધન વિભાગ તરીકે ગણવામાં આવશે.

૨. ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાભવનો અને તેની સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય કરેલી સંસ્થાઓમાં સંશોધનનું કામ કરતા વિદ્યાર્થીઓ આ વિભાગના સભ્યો થઈ શકશે.

૩. આ વિભાગના સભ્ય થવા માટે નિયત કરેલા ફૉર્મમાં જે તે ભવન, કૉલેજ અથવા માન્ય કરેલી સંસ્થાના અધ્યક્ષની સહી લાવેથી સભ્યપદનું કાર્ડ આપવામાં આવશે. આ કાર્ડ આપ-લે વિભાગના સેવકને આપ્યા પછી જ આ વિભાગનો ઉપયોગ કરી શકાશે.

૪. દરેક સભ્યને ગ્રંથાલયનાં પુસ્તકો વાંચવા માટે આ વિભાગની એક ઓરડીનો ઉપયોગ કરવા દેવામાં આવશે.

૫. દરેક સભ્યને એકી સાથે વધારેમાં વધારે દસ પુસ્તકો અંદર બેસીને વાંચવા માટે આપવામાં આવશે. સભ્યે લીધેલાં પુસ્તકો માટેની બધી જવાબદારી સભ્યની રહેશે. વાંચવા લીધેલાં પુસ્તકો તથા સોંપવામાં આવેલા ટેબલનું તાળું તથા ચાવી સભ્યે લાયબ્રેરીના આપ-લે વિભાગમાં કારકુનને મોડામાં મોડા રાત્રે ૭-૪૫ કલાકે સોંપી દઈ પોતાનું સભ્ય કાર્ડ પાછું મેળવી લેવાનું રહેશે.

વાંચવા લીધેલાં પુસ્તકો દિવસ દરમિયાન બહાર લઈ જવા દેવામાં આવશે નહિ. દિવસ દરમિયાન સભ્ય પોતે જો બહાર જાય તો તે દરમિયાન ટેબલના ખાનામાં પુસ્તકો મૂકીને ખાનાને તાળું મારીને તે બહાર જશે.

૬. પુસ્તકાલયના સામાન્ય નિયમો આ વિભાગના સભ્યોને પણ લાગુ પડશે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિયમોની નોંધ લેવી.

૩૪. ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગરને બી.એ. (સ્પેશિયલ અને જનરલ) ગુજરાતી, અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન તથા બી.એ. (જનરલ) સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગણિત અને ઇતિહાસ તથા બી.એસસી. રસાયણશાસ્ત્ર (મુખ્ય) અને વનસ્પતિશાસ્ત્ર (ગૌણ)ના અભ્યાસક્રમો અંગે જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન કર્યા અંગેની જાણ મુંબઈ સરકારને કરવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૫. ચાલુ વર્ષની ઑક્ટોબરની લેવાનાર પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની નિમણૂક કરવા બાબત.

આ સાથે જોડેલી યાદી પ્રમાણે સીનિયર સુપરવાઇઝરોની નિમણૂક કરવામાં આવી.
(યાદીની નકલ પરિશિષ્ટ 'ગ' તરીકે સામેલ છે.)

(**નોંધ :** નિમાયેલા સુપરવાઇઝરો પૈકી જેઓ સેનેટના સભ્યો હોય અને સેનેટની ઑક્ટોબરની આગામી સભામાં હાજર રહેવા ઇચ્છતા હોય તેમને કાર્યાલયે જણાવવું કે, સેનેટની સભાને કારણે તેઓ પરીક્ષા નિરીક્ષણનું કામ કરી શકે નહિ તો તે તેમણે વેળાસર કાર્યાલયને લખી જણાવવું. એટલે તેટલા દિવસો માટે કાર્યાલય અવેજી વ્યવસ્થા કરશે.)

૩૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાની નીચે મુજબની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી માટે અને વિષય પર આવેલા મહાનિબંધો તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

નામ	પદવી	વિષય	રેફરીનાં નામ
૧ શ્રી. એસ. આર. શ્રીનિવાસ	પીએચ.ડી.	ફિઝિક્સ "ધી ડિસ્ટ્રિબ્યુશન ઑફ ઇલેક્ટ્રોન્સ ઇન ધી ઇનોસ્ફીઅર ફ્રોમ ધી વર્ટિકલ સાઉન્ડિંગ્ઝ."	૧. પ્રો. ડબલ્યુ જે. જી. બેયનન, ડિપાર્ટમેન્ટ ઑફ ફિઝિક્સ, યુનિવર્સિટી-કૉલેજ, સ્વાનસી, ઉ. વેલ્સ, (યુ. કે.); અથવા ૨. પ્રો. ડબલ્યુ ડિમીન્ગર, ઇન્સ્ટિટ્યૂટ ફોર આઇનોસ્ફેરિક રિચર્સ લીન્ડો, હેર્ઝ, જર્મની.
૨. શ્રી. એસ. પી. દુગલ	પીએચ.ડી.	ફિઝિક્સ "ટાઇમ વેરિયેશન ઑફ કોસ્મિક રેઝ ઍટ લૉ લૅટિટ્યુડ."	૧. પ્રો. એ. જી. ફિચુટન, યુનિવર્સિટી ઑફ ટાસમાનિયા, ડિપાર્ટમેન્ટ ઑફ ફિઝિક્સ; હોબર્ટ, બોક્સ ૬૪૭, સી. જી. પી. ઓ., ઑસ્ટ્રેલિયા; અથવા ૨. પ્રો. એસ. એફ. સિયોગર, યુનિવર્સિટી ઑફ મેરીલેન્ડ, ડિપાર્ટમેન્ટ ઑફ ફિઝિક્સ, કૉલેજ પાર્ક, મેરીલેન્ડ (યુ. એસ. એ.).
૩. શ્રી. સેતુરામન રાજગોપાલ	પીએચ.ડી.	ફિઝિક્સ "એ સ્ટડી ઑફ ઇનોસ્ફીઅર વિન્ડ ડિફ્ટસ ઑવર અમદાવાદ."	૧. પ્રો. પી. શેફર્ડ, ઇમ્પિરિયલ કૉલેજ ઑફ સાયન્સ, યુનિવર્સિટી ઑફ લંડન, લંડન; અથવા ૨. ડૉ. હાનીસ્કેમચર, આઇનોસ્ફેરિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ફ્રીબર્ગ, પ. જર્મની.

નામ	પદવી	વિષય	રેફરીનાં નામ
૪. શ્રી એસ. આર. પાંડે	એમ.એસસી	ફિઝિકલ્સ "ટાઇમ વેરિયેશન ઑફ કોસ્મિક રે ઇન્ટેન્સિટી ઍટ લો લેટિટ્યુડ."	૧. પ્રૉ. બી. પીટર્સ, ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈ; અથવા ૨. પ્રૉ. એમ. જી. કે. મેનન, ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈ.
૫. શ્રી. કે. એન. દેસાઈ	એમ.એસસી.	ફિઝિકલ્સ "ધી રેટી ઑફ ધી સ્કેટરિંગ ઑફ લાઇટ બાય ધી કોલોઇડલ સોલ્યુશન ઑફ AS_2S_3 & Fe_2O_3."	૧. ડૉ. માતાપ્રસાદ, વાઇસ-ચાન્સેલર, વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન; અથવા ૨. પ્રૉ. એસ. આર. પલીત, યુનિવર્સિટી ઑફ ફિઝિકલ-કેમિસ્ટ્રી, કલકત્તા યુનિવર્સિટી, કલકત્તા.
૬. શ્રી. એન. વી. પંડ્યા	એમ.એસસી.	ફિઝિકલ્સ "થર્મલ એક્સ્પાન્શન ઑફ આલ્કલી હેલાઇડ્સ બાય એક્સ-રે ડિફ્રેક્શન."	૧. ડૉ. ડી. એસ. કોઠારી, પ્રૉફેસર ઑફ ફિઝિકલ્સ, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી; અથવા ૨. પ્રૉ. જી. એન. રામચંદ્ર, પ્રૉફેસર ઑફ ફિઝિકલ્સ, મદ્રાસ યુનિવર્સિટી, મદ્રાસ.
૭. શ્રી. એસ. આર. ડાકોર	એમ.એસસી	ફિઝિકલ્સ "ધી ટાઇમ વેરિયેશન ઑફ કોસ્મિક રે ઇન્ટેન્સિટી ઍટ અમદાવાદ."	૧. પ્રૉ. ટી. એમ. ઓઝ, ઓઝ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, કલકત્તા; અથવા ૨. પ્રૉફેસર બી. એસ. ગીલ, અલીગઢ યુનિવર્સિટી, અલીગઢ.
૮. શ્રી. એચ. એસ. અડવાણિયા	પીએચ.ડી.	ફિઝિકલ્સ "ટાઇમ વેરિયેશન ઑફ કોસ્મિક રેઝ."	૧. પ્રૉ. બ્રુનબર્ગ, રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, સ્ટૉકહોમ; અથવા ૨. પ્રૉ. વાય. સેકિડો, યુનિવર્સિટી ઑફ નાગોયા, નાગોયા (જપાન).
૯. શ્રી. યુ. આર. રાવ	પીએચ.ડી.	ફિઝિકલ્સ "ટાઇમ વેરિયેશન ઑફ કોસ્મિક રેઝ ઍટ લો લેટિટ્યુડ્ઝ વિથ ડાયરેકશનલ કાઉન્ટર-ટેલિસ્કોપ."	૧. ડૉ. એચ. હલિયટ, ઇમ્પિરિયલ કૉલેજ ઑફ સાયન્સ ટેકનોલોજી, લંડન; અથવા ૨. પ્રૉ. બી. રાગેનર, યુનિવર્સિટી ઑફ ન્યૂ મેક્સિકો, આલબુકર્ક, ન્યૂ મેક્સિકો, યુ. એસ. એ."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૭. એકેડેમિક કાઉન્સિલના તા. ૩૧-૮-૧૯૫૯ની સભાની નીચે મુજબની ભલામણ :

"આથી હરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા વિદ્યાર્થીઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય અંગે આવેલા મહાનિબંધો તપાસવા માટે, તેમનાં નામ સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

નામ	પદવી	વિષય	રેફરીનાં નામ
૧. શ્રી. પી. વી. પટેલ, બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિચર્સ, અમદાવાદ.	પીએચ.ડી.	નાકરના નળાખ્યાનની અધિકૃત વાચના અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નળકથાનો વિકાસ.	૧. ડૉ. ભોગીલાલ સાંડેસરા, વડોદરા યુનિ., વડોદરા; ૨. પ્રા. કે. બી. વ્યાસ, મુંબઈ; ૩. ડૉ. હરિવલ્લભ એમ. ભાયાણી, દાદાભાઈ રોડ, સુરેન્દ્ર નિવાસ, વિલે પાર્લે, મુંબઈ.
૨. શ્રી. જે. એચ. પાઠક, એમ. ટી. બી. કૉલેજ, સુરત.	પીએચ. ડી.	૧૯૨૦ પછીની ગુજરાતી કવિતાની સાંસ્કૃતિક ભૂમિકા, તેનાં ચરિબળો ને સિદ્ધિ.	૧. શ્રી. સુંદરમ્, શ્રી. અરવિંદ આશ્રમ, પોંડિચેરી; ૨. શ્રી. જ્યોતીન્દ્ર હરિહરશંકર દવે, પરમાનંદદાસ બિલ્ડિંગ, ફ્રેજર સ્ટ્રીટ, મુંબઈ-૭; ૩. શ્રી. વિજયરાય કે. વૈદ્ય, ૧૫૮૩, કૃષ્ણનગર, ભાવનગર.
૩. શ્રી. આઈ. આર. દવે.	પીએચ. ડી.	કવિશ્રી ન્હાનાલાલનાં ભાવપ્રધાન નાટકો—એક અધ્યયન.	૧. શ્રી. આર. એમ. મેશરી, કૉલેજ રોડ, ભાવનગર; ૨. શ્રી. સુંદરમ્, શ્રી. અરવિંદ આશ્રમ, પોંડિચેરી; ૩. શ્રી. રામપ્રસાદ પી. બક્ષી, ટાગોર રોડ, સાંતાક્રુઝ, વેસ્ટ, મુંબઈ.
૪. શ્રી. એસ. ટી. જેસલપુરા, બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ.	પીએચ. ડી.	તુલનરામકૃત અભિમન્યુ આખ્યાનની અધિકૃત વાચના અને ગુજરાતી સાહિત્યમાં અભિમન્યુની કથાનો વિકાસ.	૧. પ્રૉ. કે. બી. વ્યાસ, મુંબઈ; ૨. ડૉ. હરિવલ્લભ એમ. ભાયાણી, દાદાભાઈ રોડ, સુરેન્દ્ર નિવાસ, વિલે પાર્લે, મુંબઈ; ૩. ડૉ. ભોગીલાલ સાંડેસરા, વડોદરા યુનિવર્સિટી, વડોદરા.
૫. શ્રી. ડી. ટી. દોશી, બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ.	પીએચ. ડી.	ભાલણના "દશમ સ્કંધ"નાં ભાવગીતોની અધિકૃત વાચના અને તત્કાલીન ગુજરાતી ભાષાનું સ્વરૂપ.	૧. ડૉ. હરિવલ્લભ એમ. ભાયાણી, દાદાભાઈ રોડ, સુરેન્દ્ર નિવાસ, મુંબઈ; ૨. ડૉ. ભોગીલાલ સાંડેસરા, વડોદરા; ૩. પ્રૉ. કે. બી. વ્યાસ, મુંબઈ.

નામ	પદવી	વિષય	રેફરીનાં નામ
૯. શ્રી. આર. જે. જોશી.	પીએચ. ડી.	ગોવર્ધનરામ—એ સ્ટડી.	૧. શ્રી. વિશ્વનાથ ભટ્ટ, C/o પ્રિન્સિ. મિસ ભટ્ટ, ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ; ૨. શ્રી. મનસુખલાલ ઝવેરી, નવયુગ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પોરબંદર; ૩. શ્રી. અંબુભાઈ પુરાણી, શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૮. એમ. જે. કૉલેજ આફ કૉમર્સ, ભાવનગરની ત્રિવાર્ષિક તપાસસમિતિના એક સભ્ય શ્રી. એ. એમ. નાયકે પોતે પરદેશ જતા હોવાથી સભ્ય તરીકેની કામગીરી કરવા અશક્તિ દર્શાવી હોઈ તેઓની જગાએ માન્ય સભ્યની નિમણૂક કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર તપાસસમિતિ પર શ્રી. એ. એમ. નાયકની જગાએ શ્રી. બિહારીલાલ પો. શાહની નિમણૂક કરવી.

૩૯. બિલ્ડિંગ કમિટીની તા. ૨૦-૭-૧૯૫૯ની સભામાં કરવામાં આવેલી નીચેની ભલામણો :

"૧. આથી ઠરાવવામાં આવે છે કે, આરોગ્ય કેન્દ્ર માટેના સુધારેલા આલેખોમાં સભા દરમિયાન તેના સ્થપતિને રૂબરૂ આપેલાં સૂચનોનો સમાવેશ કરીને આ આલેખો મંજૂર કરવા અને આ માટેનો અંદાજ રૂા. ૧,૦૩,૧૨૫ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. સભા દરમિયાન નીચેનાં સૂચનો થયાં હતાં :—

(૧) મેડિકલ ઑફિસર માટેના ઓરડાની સામેનો વિશ્રામખંડ (વેઇટિંગ રૂમ) કાઢી નાખવો;

(૨) પ્રયોગશાળાના ઓરડાનું બારણું પરસાળમાં (કૉરિડોર)માં મૂકવું અને નિસરણી ઉપરથી બતાવેલ બારણું કાઢી નાખવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, 'બી', 'સી' અને 'ડી' ટાઇપનાં રહેઠાણોના આલેખો તેમાં જે સુધારાવધારા સ્થપતિને રૂબરૂ સૂચવવામાં આવ્યા છે તે સાથે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

વધુમાં ઠરાવવામાં આવે છે કે, 'ડી' ટાઇપનાં રહેઠાણો માટે દરેકનાં સંડાસ અને સ્નાનાગાર સહિત કુલ ખર્ચ રૂા. ૬,૦૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડર ટ્રેક માટેના વધારાના રૂા. ૨૫,૨૨૮·૩૫ના ખર્ચને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી.

(**નોંધ:** ઉપરની ભલામણ નં. ૨ના સંદર્ભમાં સ્થપતિ શ્રી. દોશીના તા. ૧૭મી ઑગસ્ટ ૧૯૫૯ના પત્રની નોંધ લેવામાં આવી.)

૪૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાની નીચે મુજબની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય અંગે આવેલા મહાનિબંધો તપાસવા માટે તેમનાં નામ સામે જણાવવામાં આવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

નામ	પદવી	વિષય	રેફરીનાં નામ
"૧. શ્રી. એન. બી. મૂલચંદાની	પીએચ.ડી.	કેમિસ્ટ્રી "સ્ટડીઝ ઇન ચાલકોન્સ એન્ડ રિલેટેડ કમ્પાઉન્ડ્સ."	૧. ડા. ટી. એસ. વ્હીલર, પ્રોફેસર ઓફ કેમિસ્ટ્રી, યુનિવર્સિટી ઓફ ડબ્લિન, ડબ્લિન (આયર્લેન્ડ); ૨. પ્રો. વિલ્સન બેન્કર, પ્રોફેસર ઓફ કેમિસ્ટ્રી, યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટલ, બ્રિસ્ટલ (ઇંગ્લેન્ડ)
૨. શ્રી. જે. સી. વોરા	પીએચ.ડી.	કેમિસ્ટ્રી "સ્ટડીઝ ઓફ અકસ્કી સોઇલ્સ ઇન ગુજરાત."	૧. ડો. સી. એફ. બેન્ટલે, યુનિવર્સિટી ઓફ આલ્બર્ટ, કેનેડા; ૨. ડો. સી. ઓ. ઓપ્પર, યુ. એસ. સેલીનીટી લેબોરેટરી, રિવર સાઇડ, કેલિફોર્નિયા (યુ.એસ.એ.).
૩. શ્રી. ટી. કે. ગેન્ગ	પીએચ.ડી.	કેમિસ્ટ્રી "સિન્થેટિક એન્ટેલમેન્ટિક્સ એન્ડ એન્ટિકન્વલઝન્ટ્સ."	૧. ડો. હેન્સ ઝીનર, યુનિવર્સિટી ઓફ સીંસીનાટી સિંસિનાટી ૨૧-ઓહિયો (યુ.એસ.એ.); ૨. પ્રો. સી. ઓ. વિલ્સન, કોલેજ ઓફ ફાર્મસી, યુનિવર્સિટી ઓફ ટેક્સાસ, ઓસ્ટિન-૧૨ (યુ.એસ.એ.)
૪. શ્રી. જે. ટી. તલાટી	પીએચ.ડી.	કેમિસ્ટ્રી "સ્ટડીઝ ઇન કોર્ઝન ઓફ આસ"	૧. ડો. એરિક રાબાલ્ટ, માંહિન રેન્સરટ્રેસા-૭ (પ. જર્મની); ૨. ડો. એસ. સી. બિસ્ટન, ટિન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ગ્રીનફોર્ડ મિડલ સેક્સ, ઇંગ્લેન્ડ.
૫. શ્રી. સી. એમ. મિશ્રન	પીએચ.ડી.	કેમિસ્ટ્રી "સિન્થેસિસ ઓફ [illegible] ચાલકોન્સ એન્ડ રિલેટેડ કમ્પાઉન્ડ્સ એન્ડ સ્ટડીઝ ઇન કોઝ્ડ રી-એરેન્જમેન્ટ."	૧. ડો. એન. એમ. કુલકર્ણીનએન, યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટલ, બ્રિસ્ટલ(ઇંગ્લેન્ડ). ૨. પ્રો. ટી. વૂટ કોક, ડિપાર્ટમેન્ટ, ઓફ એગ્રિકલ્ચર એન્ડ હોર્ટિકલ્ચર, યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટલ, રિસર્ચ સ્ટેશન, લોંગ એશ્ટન, બ્રિસ્ટલ (યુ. કે.).

ઑર્ડ. ૩૨૧ (એ) હેઠળની મૌખિક પરીક્ષા માટે

ડા. કે. એસ. નારયુન્ટ.
સાયન્સ એન્ડ આર્ટસ કોલેજ,
વિલેપાર્લે, મુંબઇ-૫૪.

	નામ	પદવી	વિષય	રેફરીનાં નામ
૬.	કુ. પી. આર. દેસાઈ	એમ.એસસી.	કેમિસ્ટ્રી "સ્ટડીઝ ઇન હીટરોસાયક્લિક કમ્પાઉન્ડઝ."	૧. ડૉ. જી. એસ. સાહરીઆ, યુનિવર્સિટી ઑફ દિલ્હી, દિલ્હી. ૨. ડૉ. એમ. ઓ. ફારૂક, મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ.
૭.	કુ. કે. સી. અમીન	એમ.એસસી.	કેમિસ્ટ્રી "સિન્થેસિસ ઑફ ચાલકોન્સ એન્ડ રિલેટેડ કમ્પાઉન્ડઝ એન્ડ સ્ટડીઝ ઇન ધી ક્રાઇઝ રી એરેન્જમેન્ટ."	૧. ડૉ. એસ. એમ. શેઠના, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા; ૨. ડૉ. જી. વી. જાદવ, બૉમ્બે કૉલેજ દાદર, મુંબઈ-૨૮
૮.	શ્રી. એચ. બી. નાયક	એમ.એસસી.	કેમિસ્ટ્રી "સ્ટડીઝ ઇન નેફ્થુલર આલ્કિલેશન."	૧. ડૉ. ટી. એન. મહેતા, લક્ષ્મીનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નાગપુર; ૨. ડૉ. જી. આર. ગોગ્ટે, સિદ્ધાર્થ કૉલેજ, મુંબઈ-૧.
૯.	શ્રી. આઈ. એમ. ભટ્ટ	એમ.એસસી.	કેમિસ્ટ્રી "સ્ટડીઝ ઇન ઝીરકોનિયમ ઑક્સાઇડ સોલ્સ."	૧. ડૉ. એસ. ઘોષ, યુનિવર્સિટી ઑફ અલ્હાબાદ, અલ્હાબાદ; ૨. ડૉ. એ. સી. ચેટરજી, યુનિવર્સિટી ઑફ લખનૌ, લખનૌ.
૧.	શ્રી. કે. એસ. શાહ	પીએચ.ડી.	મેથેમેટિક્સ "એ માસ પ્રેક્ટીકલ ઇન એ હોમોજીનીઅસ કોમ્પોલોજીકલ મોડલ એન્ડ ઇટ્સ કમ્પલીટ કોન્વરજન્સ ઇન ધ રેડીએશન ઇન ધી સ્કીમ ઑફ ધી થીયરી ઑફ જનરલ રીલેટીવીટી."	૧. ડૉ. ડબલ્યુ. એસ. મેકફીઆ રોયલ હોલોવે કૉલેજ, સરે, (ઇગ્લેન્ડ); ૨. જે. એલ. સ્યંગે, પ્રોફેસર ઑફ થિયોરેટિકલ ફિઝિક્સ ડબ્લિન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ, ડબ્લિન (આયર્લેન્ડ).
૧.	શ્રી. એ. સી. પંડ્યા	એમ.એસસી.	માઇક્રોબાયોલોજી "સ્પોન્ટેનિયસ એન્ડ ઇન્ડ્યુસ્ડ વેરિયેશન્સ ઇન સ્ટ્રેપ્ટોમાઇસીસ ગ્રીસીસ."	૧. ડૉ. કે. કે. આયા, ડાયરેક્ટર, નેશનલ ડેયર રિસર્ચ, ઇન્સ્ટિટ્યૂટ કર્નલ પોસ્ટ ઇરટ પંનળ; ૨. ડૉ. એમ. શિરમલાચર, આસિસ્ટન્ટ ડાયરેક્ટર (રિસર્ચ એન્ડ ડેવલેપમેન્ટ), હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સ પ્રાઈવેટ લિમિટેડ, પિમ્પરી, પૂના પાસે.
૨.	શ્રી. જે. જે. પટેલ	એમ.એસસી	માઈક્રોબાયોજી "માઇક્રોફ્લોરા ઑફ ધી રહીઝોસ્ફીઅર કોટન	૧. ડૉ. એન. પ્રસાદ, પ્લાન પેથોલોજિસ્ટ ટુ ધી ગવર્નમેન્ટ ઑફ રાજસ્થાન, ઉદેપુર (રાજસ્થાન) ૨. ડૉ. એમ. કે. પટેલ, ભુલ-નારામ બંગલો લ્યુન્સીકૂઈ મેદાન સામે નવસારી,

નામ	પદવી	વિષય	રેફરીનાં નામ
૩. શ્રી. જે. એસ. શુકલ	એમ.એસસી	માઈક્રોબાયોલોજી "સ્ટડીઝ ઓન એરોબિક સોઈલ બેક્ટેરિયા શોઇંગ ધી ફિનોમિનન ઓફ કોલોની મોર્ફોલોજી	૧. ડૉ. કે. એમ. પેંડાલાઈ, જોઈન્ટ ડાયરેક્ટર, સેન્ટ્રલ ફૂડટેક્નોલોજીકલ રિસર્ચ સ્ટેશન પોસ્ટ બોક્સ ૨ કાસારગોડ (કેરાલા) ૨. ડૉ. વાય. એમ. ક્રેઇટ્ટાસ હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ ઓફ માઈક્રોબાયોલોજી, સેંન્ટ ઝેવિયર્સ કૉલેજ, મુંબાઈ-૧.
૪. શ્રી. કે. કે. શાહ	એમ.એસસી.	માઇક્રોબાયોલોજી "સ્ટડીઝ ઇન વેરિયેશન્સ ઇન બેસિલસ સબ્ટિલિ."	૧. ડૉ. એમ. આર. એસ. આયંગર, માઇક્રોબાયોલોજી સેક્શન એલેમ્બિક કેમિકલ લિમિટેડ, વડોદરા; ૨. ડૉ. ડી. એસ. રેગે, રીડર ઇન માઇક્રોબાયોલોજી યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ ટેક્નોલોજી, માટુંગા, મુંબઈ-૧૯."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

આ પછી સભાનું કામકાજ સમાપ્ત થયું હતું.

કં. ચં. પરીખ
યુનિવર્સિટી રજિસ્ટ્રાર

નં. સિ./ ૧૨૫૮૩૨-૪૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ : ૯
તા. ૨૮-૯-૫૯

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૩૦

સને ૧૯૫૯ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવેલી પરીક્ષાઓમાં પ્રાધ્યિકો, પરીક્ષકો, નિરીક્ષકો તેમ જ કાર્યાલયના સભ્યોની થયેલી ભૂલો અંગે વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની એક બેઠક તા. ૨૧-૭-૧૯૫૯ના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	પ્રિન્સિલપ એલ. આર. દેસાઈ	હાજર
૩.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	હાજર
૪.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૫.	શ્રી. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર

સમિતિ સમક્ષ મૂકવામાં આવેલ તમામ કેસોના કાગળો તેમ જ તે અંગે લાગતીવળગતી વ્યક્તિઓના આવેલા ખુલાસાઓ રજૂ કરવામાં આવ્યા હતા, જે જોઈતપાસી સમિતિએ સિન્ડિકેટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવા ઠરાવ્યું છે:

૧. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર સાયન્સની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં જુનિયર સુપરવાઇઝર શ્રી. પી. બી. પાલખીવાળાને અંગ્રેજીના વિષયના વિભાગ ૧માં કેટલાક વિદ્યાર્થીઓએ પૂરક ઉત્તર-વહીઓ ઉપર તેમનો પરીક્ષાનો બેઠક નંબર દર્શાવેલ છે કે નહિ તેની કાળજી ન રાખવા બદલ ચેતવણી આપવી અને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે માટે તેમને કાળજી રાખવા જણાવવું.

૨. માર્ચ ૧૯૫૯માં નડિયાદ કેન્દ્ર ઉપર લેવાયેલ એફ. વાય. (પ્રી-યુનિ.) વિજ્ઞાનની પરીક્ષા વખતે જુનિયર સુપરવાઇઝરના એક રિપોર્ટ ઉપર મુખ્ય નિરીક્ષક શ્રી. આર. એચ. ગાંધીની સહી કરવાની રહી જવા બદલ શ્રી. આર. એચ. ગાંધીને ચેતવણી આપવી કે ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે માટે તેમણે કાળજી રાખવી.

૩. ૧૯૫૯ના માર્ચમાં લેવાયેલ ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં જૂનાગઢ કેન્દ્રમાં અંગ્રેજી વિષયના બીજા વિભાગની કેટલીક ઉત્તરવહીઓ મોકલવા અંગેની થયેલ ભૂલ બદલ શ્રી. જે. કે. નાણાવટીના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૪. માર્ચ ૧૯૫૯ના પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં એક પૂરક ઉત્તરવહી ઉપર સહી ન કરવા બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. પી. બી. મોસીસને ચેતવણી આપવી અને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે માટે કાળજી રાખવા તેમને જણાવવું.

૫. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષા દરમિયાન અમદાવાદ કેન્દ્રની અંદર એક વિદ્યાર્થીની ઉત્તરવહી ઉપર પૂરી માહિતી દર્શાવી છે કે નહિ તે જોવાની કાળજી ન રાખવા બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. બી. કે. ભટ્ટને તાકીદ આપવી અને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તેની કાળજી રાખવા તેમને જણાવવું

૬. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષા દરમિયાન અમદાવાદ કેન્દ્રની અંદર જગતના ઇતિહાસની ૬૫૨૧ નંબરની ઉત્તરવહી ઉપર સહી ન કરવા બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એચ. એમ ધ્રુવને તાકીદ આપવી અને ભવિષ્યમા આવી ભૂલ ન થાય તેની કાળજી રાખવા તેમને જણાવવું.

૭. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર આર્ટ્સની પરીક્ષા દરમિયાન જૂનાગઢ કેન્દ્ર ઉપર છપાયેલ લોજિકના પ્રશ્નપત્રમાં થયેલ ભૂલ બદલ મજકૂર પ્રશ્નપત્રનું પ્રૂફ વાંચનાર શ્રી. એ. એસ. પ્રભુદેસાઈના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૮ માર્ચ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં સુરત કેન્દ્રમાં જુનિયર સુપરવાઇઝર શ્રી. એ. એ. શેઠે વિદ્યાર્થી નં. ૨૦૯૪ ફિઝિકસના પેપરમાં ગેરહાજર હોવા છતાં તેમના રિપોર્ટની એક નકલમાં હાજર દર્શાવવા અંગેની થયેલ ભૂલ બદલ તેમને તાકીદ આપવી અને ભવિષ્યમાં વધુ કાળજી રાખવા જણાવવું.

૯. અમદાવાદ કેન્દ્રે ઇન્ટર સાય-સની પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૬૯૧નું ગુજરાતી વિષયનું જવાબ-પત્ર હિન્દીના પરીક્ષકને મોકલવાની થયેલ ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એમ. એફ. પરમારના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા

૧૦. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાંથી જુનિયર સુપર-વાઇઝર શ્રી. વાય. આર વાઘમારેએ કેટલાક વિદ્યાર્થીઓના લોજિક વિષયના વિભાગ બીજાના જવાબ-પત્રો લાગતાવળગતા પરીક્ષકને મોકલવાને બદલે વિભાગ પહેલાના પરીક્ષકને મોકલાવેલ તો આ બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૧૧ માર્ચ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષા દરમિયાન ભુજ કેન્દ્રમાં એક વિદ્યાર્થીની ઉત્તરવહી પર સહી કરવાની ભૂલી જવા બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. પી. એમ. ધોળકિયાને તાકીદ આપવી અને ભવિષ્યમાં વધુ કાળજી રાખવા તેમને જણાવવું.

૧૨. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર કોમર્સની પરીક્ષા દરમિયાન રાજકોટ કેન્દ્રમાં એકાઉન્ટન્સીનું પેપર મોડું છપાયેલ. આ અંગે રાજકોટના ગવર્નમેન્ટ પ્રિન્ટિંગ પ્રેસના મેનેજરના ખુલાસાની નોંધ લેવી.

૧૩. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર આર્ટ્સની પરીક્ષા દરમિયાન અમદાવાદ કેન્દ્રમાં કેટલાક વિદ્યાર્થીઓની પૂરક ઉત્તરવહીઓ ઉપર સહી કરવાની રહી જવા બદલ જુનિયર સુપરવાઇઝરો શ્રી. એસ. એન. પોપ અને શ્રી. એસ. સી. રાંદેરીઆને તાકીદ આપવી અને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તેની કાળજી રાખવા તેમને જણાવવું.

૧૪. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર કોમર્સ પરીક્ષા દરમિયાન ભાવનગર કેન્દ્રની અંદર વિદ્યાર્થી નં. ૧૫૬૦ અને ૧૫૬૧ની ગુજરાતી વિષયની ઉત્તરવહીઓ હિન્દીના પરીક્ષકને મોકલવા અંગેની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝરો શ્રી. એસ. એમ. જોષી તથા શ્રી. જે. એચ. અધ્વર્યુના દરેકના મહેન-તાણામાંથી રૂા. ૫ કાપવા.

૧૫. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર આર્ટ્સની પરીક્ષા દરમિયાન રાજકોટ કેન્દ્રમાં વિદ્યાર્થી નં. ૨૮૭૩ની સોશિયોલોજી વિભાગ પહેલાની ઉત્તરવહી જે પરીક્ષકને મોકલવી જોઈએ તેમને

મોકલાવેલ નહિ અને તેથી આ ભૂલ માટે જુનિયર સુપરવાઇઝરો શ્રી. વાય. એસ મહેતા તેમ જ શ્રી જે. કે. માંકડના દરેકના મહેનતાણામાંથી રૂા ૫ કાપવા.

૧૬. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર કોમર્સની પરીક્ષાના ભાવનગર કેન્દ્રના ફરજિયાત હિન્દીના પ્રશ્નપત્રના સવાલ નં. ૪ અને ૫ સાથે ગુણ દર્શાવવામાં થયેલ ભૂલ બાબતમાં મજકૂર પેપરનું પ્રૂફ વાંચનાર શ્રી મજીઠીઆનો ખુલાસો જોતાં મજકૂર બાબતમાં કાંઈ પગલાં લેવાં નહિ.

૧૭. એપ્રિલ ૧૯૫૯માં અમદાવાદ કેન્દ્ર ઉપર લેવાયેલ એમ. એસ. બ્રાંચ એક અને પાર્ટ બેની પરીક્ષા દરમિયાન જનરલ સર્જરીનુ પેપર છાપવાનું હોવા છતાં નહિ છપાવા બદલ મજકૂર પરીક્ષાના સીનિયર સુપરવાઇઝર પ્રિન્સિપલ આર. ડી. દેસાઇને ધટતી ચેતવણી આપવી.

૧૮. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયન અને વિજ્ઞાનના ગણિતનો પ્રશ્નપત્ર ઘણો જ લાંબો હોવાથી તે પ્રેસમાં સમયસર છાપવામાં ઘણી જ મુશ્કેલી પડેલ અને પરિણામે કેટલીક જગ્યાએ મજકૂર પ્રશ્નપત્ર સમય કરતાં મોડો વિદ્યાર્થીઓને વહેંચવો પડેલ તે ખુલાસાની નોંધ લેવી.

૧૯. માર્ચ ૧૯૫૯માં નડિયાદ કેન્દ્ર ઉપર છપાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષાના સંસ્કૃત પેપરમાં રહેલ ભૂલો બદલ મજકૂર પ્રશ્નપત્રનું પ્રૂફ વાંચનાર શ્રી. આર. એચ. ગાંધીના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૨૦. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર આર્ટ્સની પરીક્ષા દરમિયાન અમદાવાદ કેન્દ્રમાં લૉજિક વિષયના પેપર બીજાના વિભાગ બીજાની કેટલાક વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ મોકલવા અંગે થયેલ ભૂલ માટે જુનિયર સુપરવાઇઝર શ્રી. એચ. એ પટાણના મહેનતાણામાંથી રૂા ૫ કાપવા.

૨૧ માર્ચ–એપ્રિલ ૧૯૫૯માં ભુજ કેન્દ્રમાં લેવાયેલ પ્રથમ વર્ષ, ઇન્ટરમીડિયેટ તેમ જ બી. એ. અને બી. એસસી.ની પરીક્ષાઓ દરમિયાન કેટલાક જુનિયર સુપરવાઇઝરોના વર્તન બાબત ફરિયાદ કરવામાં આવેલ અને તે બાબતમાં મજકૂર કેન્દ્રના સીનિયર સુપરવાઇઝર પ્રિ. ભાવેનો ખુલાસો માગતાં તેમણે ખુલાસામાં જણાવ્યા પ્રમાણે બી. એસસી. (સપ્લિમેન્ટરી) પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી નં. ૧૭૮૫ પાસે પરીક્ષાના હૉલમાં ફિઝિક્સની ચોપડીઓ મળી આવેલ અને આ બાબતની જાણ જુનિયર સુપરવાઇઝરે તેમને કરી હોવા છતાં તે અંગેનો રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને તેમણે કેમ ન કર્યો તે અંગે તેમને પુછાવવું.

૨૨. એપ્રિલ ૧૯૫૯માં લેવાયેલ બી. એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૯૬૦ના અર્થશાસ્ત્રના સિદ્ધાંતોના વિષયના પ્રશ્નપત્ર ૧ના બીજા વિભાગ અને પ્રશ્નપત્ર ૨ના બીજા વિભાગ તેમ જ વિદ્યાર્થી નં. ૮૭૨ના મજકૂર વિષયના પ્રશ્નપત્ર ૨ના વિભાગ પહેલાનાં ગુણ ચેરમેન પાસેથી આવેલ નહિ મજકૂર વિદ્યાર્થીઓ જુનિયર સુપરવાઇઝરના રિપોર્ટ અનુસાર મજકૂર પ્રશ્નપત્રોમાં હાજર હોવાથી આગળ તેમના જવાબપત્રો અંગે તપાસ કરતાં તે પણ મળ્યા નહિ હોવાથી તેમના અન્ય પ્રશ્નપત્રોના ગુણને ધ્યાનમાં લઈ આ બંને વિદ્યાર્થીઓને ઉત્તીર્ણ થયેલા જાહેર કરવા.

૨૩. માર્ચ ૧૯૫૯ની ઇન્ટર કોમર્સની પરીક્ષામાં પ્રિન્સિપલ્સ ઑફ ઇકોનોમિક્સનાં ગુણપત્રકો પરીક્ષક શ્રી. યુ. એફ. પટેલે ઘણાં મોડાં મોકલવા બદલ પરિણામ મોકૂફ રાખવું પડેલ તો તેમને

હવે પછી યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં પરીક્ષક-પ્રાશ્નિક તરીકે નીમવા નહિ તેમ જ તેમના મહેનતાણાની રકમમાંથી અર્ધી રકમ કાપી લેવી.

૨૪. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર સાયન્સની પરીક્ષામાં બાયોલોજીના પ્રશ્નપત્ર બીજાના પ્રશ્ન ૧૦માંના એક પેરાનું ગુજરાતી ભાષાંતર આપવાનું રહી જવા બદલ પ્રાશ્નિક શ્રી. જી. ટી. પંડ્યાને ચેતવણી આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા તેમને જણાવવું.

૨૫. એપ્રિલ ૧૯૫૯માં લેવાયેલ બી. એ.ની પરીક્ષામાં જોગ્રોફી તેમ જ એન્શિયંટ એન્ડ મોર્ડન યુરોપના વિષયોની હસ્તપ્રતોમાં ગુજરાતી ભાષાંતર ન આપવા બદલ મજકૂર વિષયમાં નિમાયેલ પ્રાશ્નિક શ્રી. સી. વી. જોશી અને શ્રીમતી કં. એ. પારેખના મહેનતાણામાંથી મજકૂર પ્રશ્નપત્રનું ગુજરાતી ભાષાંતર કરાવવામાં જે ખર્ચ યુનિવર્સિટીને થયો હોય તે કાપી લેવો.

૨૬. પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૫૮ના ભૌતિકશાસ્ત્રની ઉત્તરવહીની ચકાસણી કરતાં માલૂમ પડેલ ભૂલ અંગે પરીક્ષક શ્રી. એમ પી. ત્રિવેદીના મહેનતાણામાંથી રૂા. ૫ કાપી લેવા.

૨૭. બી. એસસી. (સર્વિસડિયરી) ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી નં. ૬૬૭ના બોટાનીના વિષયના ગુણની ચકાસણી કરતાં મજકૂર વિદ્યાર્થીના પ્રાયોગિક પરીક્ષાની ઉત્તરવહીઓ ઉપર દર્શાવેલ ગુણ તેમ જ ગુણપત્રકમાં દર્શાવેલ ગુણ સરખા ન હોવા અંગે પરીક્ષક શ્રી સી. એમ. પટેલને તાકીદ આપવી.

૨૮ માર્ચ ૧૯૫૯માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૦૫૦ની બાયોલોજી વિષયની ઉત્તરવહીઓની ચકાસણી કરતાં તેમાં આપેલ ગુણમાં માલૂમ પડેલ ભૂલ અંગે પરીક્ષક શ્રી. કે. એન. ગુપ્તેના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૨૯. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૫૯૧ના ભૌતિકશાસ્ત્રના પેપર બે ની ચકાસણી કરતાં માલૂમ પડેલ ભૂલ અંગે પરીક્ષક શ્રી. વી. સી. ઉપાધ્યાયના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૩૦. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૮૯૩ની રસાયણશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષાની ઉત્તરવહીની ચકાસણી કરતાં માલૂમ પડેલ ભૂલ અંગે પરીક્ષક શ્રી. એ. એન. ગોડબોલેના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૩૧. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષાના એકાઉન્ટન્સીના પેપરમાં સવાલ નં. ૨, ૩ અને ૬માં અંગ્રેજી અને ગુજરાતીના ભાષાંતરમાં બતાવેલ આંકડાઓમાં સામ્ય ન હોવાના કારણ માટે પ્રાશ્નિક શ્રી જે. જી. માંકડના મહેનતાણામાંથી રૂા. ૧૫ કાપવા.

૩૨. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ એફ. ઈ.ની પરીક્ષાના મોરબી કેન્દ્ર માટેના ગણિતના પહેલા પ્રશ્નમાં થયેલ ભૂલ બદલ પ્રાશ્નિક શ્રી. પી. યુ. કેસ્કરના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૩૩. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બાયોલોજીના વિષયના ગુણપત્રકોમાં વ્યક્તિગત જવાબોની અંદર અપૂર્ણાંક ગુણ દર્શાવવા બદલ પરીક્ષક શ્રી. આર. જી. સારંગપાણીના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપવા.

૩૪. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં હિંદીના જવાબપત્રોના વ્યક્તિગત જવાબોમાં અપૂર્ણાંક ગુણો દર્શાવવા બદલ તેમ જ વિદ્યાર્થી નં. ૮૨૨૮ના ગુણ ગુણપત્રકમાં ખોટા નંબર સામે દર્શાવવા બદલ પરીક્ષક શ્રી. એસ. એસ શુકલને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.

૩૫. એપ્રિલ ૧૯૫૯માં લેવાયેલ બી. ઈ. (સિવિલ)ની પરીક્ષામાં "કવૉન્ટિટી, સર્વેઇંગ અને કૉસ્ટિંગના પ્રશ્નપત્રોમાંના સ્કેચની અંદર ભવિષ્યમાં પરીક્ષકોને "ઇન્સ્ટેચિંગ" આપવા અંગે સૂચના આપવી.

બાબત નં. ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

ત્યાર બાદ સભા બરખાસ્ત થઈ હતી.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "અ"
કામકાજ નં. ૩૨

AN AGREEMENT made the day of 1959 BETWEEN Shri K. K. Shastri residing at Ahmedabad, hereinafter called the Translator (which expression shall unless excluded by of repugnant to the context, be deemed to include his heirs, successors, assigns, executors, administrators, representatives, etc.) and the Registrar, Gujarat University, Ahmedabad, hereinafter called the 'Publisher' (which expression shall excluded by or repugnant to context be deemed to include the Gujarat University).

WHEREAS

1. The Translator has translated the book entitled "Dr. Tessitori Notes printed in English in India Antiquarry 1914-15" in the Gujarati language and as such he is the owner of the copyright;

2. In order to avoid all manner of doubts and difficulties, it has been agreed by the Translator that he will sell, transfer, and assign all his copyright in the above translation in language including all editions, abridgement, booklets, etc., to the Publisher absolutely at or for Re. 4.00 nP. per printed page of 1/8 demi size to be paid to the Translator on the publication of the work;

NOW IT IS HEREBY AGREED AS FOLLOWS :

1. In consideration of the above amount to be paid to the Translator by the Publisher, the Translator hereby grants, transfers and assigns to the Publisher absolutely all that the copyright in the above mentioned work in and outside the Republic of India for the period of copyright therein and also all and singular the benefit and privileges and advantages thereof and all the right, title, interest, claim and demand whatsoever of the Translator to in or upon the same.

2. The publisher shall pay to the Translator as under :

Conditions

3. The Publisher shall be at liberty to make such alterations or variations in the above work as from time to time the Publisher may think fit.

4. The Translator shall be entitled to receive 10 (Ten) presentation copies of the book from the Publisher on its publication. He shall also be given on demand 5 (Five) presentation copies of the second and subsequent editions and only two copies of reprints, abridgements and booklets of the book by the Publisher after publication.

5. The Translator warrants that he is the owner of the copyright, in the said work, and that he has not made any assignment of or granted any licence in respect of any of the rights in the said work comprised in this AGREEMENT.

6. The Translator shall keep the Publisher indemified against all actions, proceedings or demands made against the Publisher by reason of anything contained in the said work constituting an infringement of copyright or being defamatory, and against all costs, demages or expenses in respect of any such action, proceeding or demand.

7. The full copyright over the said work shall hencefor h be held, used and enjoyed by the Publisher without any interruption, intereference, claim or demand whatever by or from the Translator or any other person.

8. The translator shall correct or get corrected by a competent person the last proof of the printed matter of the first edition.

9. For all purposes, the jurisdiction will be of Ahmedabad.

IN WITNESS WHEREOF the above named parties have set their hands hereto the day and year first above written.

(.....)
(Signature of the Translator)

Witnesses :

(1) _____

(2) _____

(.....)
(Signature of the Publisher)

Witnesses :

(1) _____

(2) _____

પરિશિષ્ટ "ગ"
ઠરાવ નં. ૩૪

પરીક્ષા	કેન્દ્ર	નામ
બી.એસસી. (સર્વિસ.) સોની પરીક્ષાઓ બી. ફાર્મ પી.એચ.ડી. ટ્રા. ટેસ્ટ	અમદાવાદ	૧. ડૉ. વાય. જી. નાયક, ૨. પ્રિ. એમ. એસ. પંડિત, ૩. પ્રિ. આર. પી. પટેલ.
*બી.કૉમ.	,,	૧. પ્રિ. એમ. વી. દેસાઈ, ૨. પ્રિ. એમ. સી. દેસાઈ.
ફર્સ્ટ એન્ડ થર્ડ એમ.બી.,બી.એસ. એમ.ડી.,એમ.એસ.	,,	૧. ડૉ. એ. ડી. જોસેફ, ૨. ડૉ. ઇ. એમ. એસ્ટ.
બી.ઈ.	,,	૧. પ્રિ. ટી. એ. દેસાઈ, ૨. પ્રૉ. કુલકર્ણી.
બી.એસસી. (સર્વિસ.) સોની પરીક્ષા	સુરત	૧. પ્રિ. કે. એલ. દેસાઈ, ૨. પ્રિ. સી. ડી. વ્યાસ.
*બી.કૉમ.	,,	૧. પ્રિ. એ. આર. દેસાઈ, ૨. પ્રૉ. કે. એમ. તલાટી.
બી.એસસી. (સર્વિસ.) સોની પરીક્ષાઓ	રાજકોટ	૧. પ્રિ. જી. આર. કોટવાલ, ૨ પ્રિ. એસ. એસ. સંઘવી.
બી.એસસી. (સર્વિસ.) *બી.કૉમ.	ભાવનગર	૧. પ્રિ. જે. વી. સાંડિલ, ૨. પ્રિ. એસ. સી. પાઠક.
પ્રથમ એમ.બી.,બી.એસ. પ્રથમ અને દ્વિતીય બી.એ.,એમ.એસ.	જામનગર	૧. પ્રિ. એમ. બી. રાજપુરકર, ૨. પ્રિ ડી. કેસરબાની.
,, ,,	સુરત	૧. પ્રિ. બાપાલાલ વૈદ્ય અને તેમના મદદનીશ.
બી.ઈ.	મોરબી	૧. પ્રિ. એમ. એમ. યાજ્ઞિક અને તેમના સાથી.

*ઉપર મુજબની ગોઠવણ જો બી.કૉમ.ની પરીક્ષા બી.એસસી. સાથે લેવાય તો અને તે એક જ સ્થળે હોય તો ચાલુ રહેશે નહિ. વધુમાં અમદાવાદ ખાતે પરીક્ષાનાં સ્થળો પણ તેની તારીખ પર આધાર રાખે છે, તેથી જરૂરી ફેરફાર કરવાનો થાય તો શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબની મંજૂરી લઈ કરવામાં આવશે.

Gujarat University Press, Ahmedabad—9

G.U.P. 263-300-10-'59

આનગી

સિન્ડિકેટ (ઑક્ટોબર)
તા. ૩-૧૦-'૫૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૫૯ના ઑક્ટોબર માસની સભા, શનિવાર, તારીખ ૩-૧૦-૧૯૫૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઈ રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ	હાજર
૪.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૫.	શ્રી. એ. એમ. નાયક	ગેરહાજર
૬.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૭.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૮.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર
૯.	ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	હાજર
૧૦.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૧.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૨.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૩.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર
૧૪.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર
૧૫.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	હાજર
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૧૭.	પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	હાજર

૧. તા. ૫-૯-૫૯ના રોજ મળેલી સિન્ડિકેટની સપ્ટેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૫-૯-૧૯૫૯ના રોજ મળેલી સિન્ડિકેટની સપ્ટેમ્બર ૧૯૫૯ના માસની સભાના કામકાજની નોંધ, બાબત નં. ૨૨નો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને, મંજૂર કરવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી :

"સદરહુ ભલામણો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. (૧) કાર્યાલયના જે સભ્યો બીજી યુનિવર્સિટીઓ કે બોર્ડની પરીક્ષામાં બેસવા માગતા હોય તેમને કાર્યાલયના કામકાજમાં વિક્ષેપ ન પડે તે બાબત લક્ષમાં લઈને વ્યક્તિગત અરજીઓ પરથી પરવાનગી આપવાની સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલરને આપવી.

(૨) કાર્યાલયના જે સભ્યો આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા ઇચ્છતા હોય તેમને, કાર્યાલયના કામકાજમાં વિક્ષેપ ન પડે તે બાબત લક્ષમાં લઈને, તથા આવા સભ્યો તેમની પરીક્ષા અને તેનું પરિણામ બહાર પડે ત્યાં સુધી એમ કુલ ઓછામાં ઓછા ૭ મહિના સુધી પગારી કે બિનપગારી જે ઘટતી હોય તે રજા પર ઊતરે તે શરતે વ્યક્તિગત અરજીઓ પરથી પરવાનગી આપવા શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી

૨. સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩. સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪. સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને બી.એસસી. (મુખ્ય) પ્રાણીશાસ્ત્રના વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે તા. ૨-૯-૧૯૫૯ના રોજ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજી અંગે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવા :

૧. પ્રોફેસર જે. જે. ચિનોય, અમદાવાદ; અને

૨. પ્રોફેસર જે. ડી. ઓઝા, વિસનગર.

૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના અન્ડર-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને માનસિક રોગો અંગે તાલીમ આપવા માટે મેન્ટલ હૉસ્પિટલ, અમદાવાદને તા. ૨૦મી જૂન ૧૯૬૦થી કાયમી માન્યતા આપવા બાબતની મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત અંગે સ્થાનિક તપાસસમિતિમાં ડૉ. એમ. ડી. દેસાઈ, (અમદાવાદ) ઉપરાંત થાણા અને પૂનાની મેન્ટલ હૉસ્પિટલોના સુપરિન્ટેન્ડેન્ટોનાં નામ, લાયકાત વગેરે અંગે માહિતી મંગાવી, તેઓ પૈકી એકની નિમણૂક કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદના સંચાલન હેઠળ અમદાવાદ ખાતે પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ જે. એચ. અધ્વર્યુ, રાજકોટ; અને
૨. પ્રિન્સિપલ એ. આર દેસાઈ, સુરત.

૫. પબ્લિક હેલ્થ લેબોરેટરી, વિજ્ઞાનની વિદ્યાશાખામાં પૂનાને એમ.એસસી. તથા પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા 'Approved Institution' તરીકે માન્યતા આપવા અંગે સંસ્થાના ડાયરેક્ટર તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૬. વિક્રમ યુનિવર્સિટીના આશ્રયે, ઉજ્જૈન મુકામે કાળિદાસ વાર્ષિક સમારોહ તા. ૧૨થી ૧૩ નવેમ્બર ૧૯૫૯ના રોજ યોજાનાર હોઈ આ યુનિવર્સિટીના યોગ્ય પ્રતિનિધિની નિમણૂક કરવા ઉપરોક્ત સમારોહ અંગેના મંત્રી તરફથી આવેલ તા. ૨૮-૮-૧૯૫૯ના પત્રાંક એફ/૩-૧૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમારોહમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર જે. ટી. પરીખને મોકલવા.

૭. જાન્યુઆરી તા. ૩થી ૯, ૧૯૬૦ના સમય દરમિયાન મુંબઈ મુકામે ભરાનાર "ઇન્ડિયન સાયન્સ કાંગ્રેસ"ના આગામી અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મંડળની નિમણૂક કરવા વાસ્તે મજકૂર એસોસિયેશનના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૪-૮-૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડિયન સાયન્સ કોન્ગ્રેસના મજકૂર અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. પ્રોફેસર જે. જે. ચિનોય, અમદાવાદ;
૨. પ્રોફેસર સી. એમ. દેસાઈ, સુરત; અને
૩. શ્રી. ડી. જી. વશી.

૮. "ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સ"ની ૧૯મી વાર્ષિક સભા, એમ.એસ યુનિવર્સિટી ઑફ બરોડાના આશ્રયે અને વડોદરા મુકામે તારીખ ૨૫થી ૨૭ ડિસેમ્બર ૧૯૫૯ના રોજ મળનાર હોઈ આ સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સ કે તેના સંબંધક વિષયોમાં ખ્યાતનામ હોય તેવા, સભ્યની નિમણૂક કરવા વાસ્તે મજકૂર સોસાયટીના પ્રમુખ તરફથી આવેલ તા. ૨૨-૮-૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. એચ. એન. પાઠકની નિમણૂક કરવી.

૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાએ કરેલી નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે :—

૧. વનયનની વિદ્યાશાખામાં કૉલેજના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોમાં નીચેનો નિયમ પેટાનિયમ ૭ તરીકે ઉમેરવો :

"7 (a) : Ph.D. of this or any other statutory University with second class M A. and pass class B.A. and three years' teaching experience in the subject in post-intermediate classes of an affiliated college."

૨. વિજ્ઞાનની વિદ્યાશાખામાં કૉલેજના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતના નિયમોમાં નીચેનો નિયમ પેટાનિયમ ૬ તરીકે ઉમેરવો :

"6 (a) : Ph.D. of this or any other statutory University with second class M.Sc. and pass class B.Sc. and five years' teaching experience in the subject in the post-intermediate classes of an affiliated college."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલી ભલામણ (૧) મંજૂર કરવી અને તે અનુસાર વિનયનની વિદ્યાશાખામાં કૉલેજોના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોમાં ઉપર જણાવેલી પેટાકલમ ૭ (એ) ઉમેરવી.

(૨) એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલી ભલામણ (૨) મંજૂર કરવી અને તે અનુસાર વિજ્ઞાનની વિદ્યાશાખામાં કૉલેજોના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોમાં ઉપર જણાવેલી પેટાકલમ ૬ (એ) ઉમેરવી.

૧૦. આયુર્વેદ વિદ્યાશાખામાં કૉલેજના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતના ધોરણ બાબત એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભામાં કરેલી નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, આયુર્વેદ ફેકલ્ટીમાં કૉલેજના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવું :

"The following shall be the minimum standards for appointment of teachers in the Faculty of Ayurvedic Medicine :

(A) (1) The minimum general education shall be the passing of the S.S.C. or its equivalent examination;

and

(2) the teachers must have qualified from an Ayurvedic Institution recognised by the Government provided the Institution offers 4½ years' training course.

(B) The minimum teaching experience for teachers in the subjects of Ayurveda shall be as follows :

For Lecturers : Two years
For Asstt. Professors : Three years
For Professors : Five years

Note : For appointment to the posts of Demonstrators, no teaching experience shall be insisted upon.

(C) In case of teachers imparting instructions in the subjects of Modern Medicine, the following shall be the minimim qualifications ;

(1) The teachers shall have a post-graduate qualification;

or

(2) The Degree of M.B.,B.S. of a recognised University with two years' teaching experience in the subject;

or

(3) The Degree of M.B.,B.S. with a minimum professional standing of five years."

આથી ફરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા નિયમો પૈકી નિયમ "બી"માં શૈક્ષણિક અનુભવનો ઉલ્લેખ છે, પણ વ્યવસાયી અનુભવનો ઉલ્લેખ નથી. તો તે અંગે ઘટતી વિચારણા કરવા માટે એકેડેમિક કાઉન્સિલને વિનંતી કરવી.

૧૧. ઑ. ૭૫માં સુધારો કરવા બાબત.

સુધારેલો ઑ. ૭૫ નીચે પ્રમાણે વંચાશે :

"O. 75 : The following is the arrangement of terms in all the Faculties except the Faculties of Medicine and Ayurvedic Medicine :

First Term		Second Term	
Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
15th June	15th October	5th November	15th March

(Inclusive of holidays from 25th December to 1st January)

The arrangement of terms in the Faculties of Medicine and Ayurvedic Medicine is as follows :

	First Term		Second Term	
	Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
Medical Colleges & Ayurvedic Medical Colleges.	15th June	15th October	5th November	15th April
Pharmacy Colleges.	15th June	15th October	5th November	15th March

(Inclusive of holidays from 25th December to 1st January.)"

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિન-સ નં. ૭૫ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તા. ૫મી નવેમ્બર ૧૯૫૯થી અમલમાં મૂકવો.

૧૨. ઑ. ૭૮ સુધારવા બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાની નીચે મુજબની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિન-સ ૭૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા વારતે સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 78 : The following shall be the minimum requirements for attendance necessary for keeping the terms :

Faculty		*First Term*	*Second Term*
Arts including Education	:	70	70
Science	:	70	70
Technology including Engineering	:	70	70
Agriculture	:	85	85
Law	:	70	70
Medicine	:	75% of the total No. of working days provided the student concerned has attended 75% of the total No. of (1) Lectures, and (2) Practicals Clinicals held during the term.	75% of the total No. of working days provided the student concerned has attended 75% of the total No. of (1) Lectures, and (2) Practicals Clinical held during the term,

Faculty		*First Term*	*Second Term*
Commerce	:	70	70
Ayurvedic Medicine	:	75% of the total No. of working days provided the student concerned has attended 75% of the total No. of (1) Lectures,and (2) Practical and Clinicals held during the term.	75% of the total No. of working days provided the student concerned has attended 75% of the total No. of (1) Lectures, and (2) Clinicals held during the term"

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૭૮ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તા. ૫મી નવેમ્બર ૧૯૫૯થી અમલમાં મૂકવો.

૧૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાએ ઓ. ૧૭૪ (એએ) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા કરેલી ભલામણ :

O. 174 (AA) : A candidate who has passed the Law Preliminary Examination after passing the Intermediate Arts Examination will be eligible to take the B.A. (General) Examination provided that he keeps two terms in the Senior B.A. class at a college affiliated to the University and selects the following subjects :

1. Constitutional History, Group 'C';
2. Elements of Political Science, Group 'C' or 'D';
3. Principles of Economics, Group 'D';
4. General Sociology, Group 'E'.

In addition to the above subjects he shall take COMPULSORY ENGLISH.

(*Note :* A candidate taking the advantage of this Ordinance will not be allowed to keep terms simultaneously both for Senior B A. and First LL.B. Examinations.)"

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૭૪ (એએ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

Ordi. 174 (AA) : "A candidate who has passed the Law Preliminary Examination after passing the Intermediate Arts Examination will be eligible to take the B.A. (General) Examination provided that he keeps two terms in the Senior B.A. class at a College affiliated to the University and selects the following subjects :

1. Constitutional History 'C';
2. Political Science, Group 'C' or 'D';
3. Principles of Economics, Group 'D';
4 General Sociology, Group 'E'.

In addition to the above subjects he shall take COMPULSORY ENGLISH.

Note: A candidate taking the advantage of this Ordinance will not be allowed to keep terms simultaneously both for Senior B.A. and First LL.B. Examinations."

૧૪. સિન્ડિકેટે તેની તા. ૪-૭-૧૯૫૯ની સભામાં યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી ઍન્ડ ફિલોસોફી"નું નામ ફેરવવા ઠરાવેલ હોવાથી તેને લગતા સ્ટે. ૨૦૨માં નીચે પ્રમાણે ફેરફાર કરવા બાબત.

St. 202 : The following shall be the University Departments for Teaching and Research :

1. Department of Social Sciences (Known as the University School of Social Sciences) with effect from 20-6-1954;
2. Department of Gujarati (Known as University School of Gujarati Language and Literarure) with effect from 20-6-1954;
3. Department of **Philosophy, Psychology and Education** (Known as the University School of **Philosophy, Psychology and Education** with effect from 20-6-1957;
4. Department of Sciences (Pure and Applied)—(Known as the University School of Sciences) with effect from 20-6-1959.

These Departments shall provide post-graduate instruction and guide research work in the following subjects :—

(1) *In the University School of Social Sciences :*

1. Economics,
2. Sociology,
3. Politics,
4. Statistics,
5. Labour Welfare.

The University School of Social Sciences may also impart instruction in Diploma courses and Certificate courses which may be instituted by the Senate in the subjects mentioned against (1) above from time to time.

(2) *In the University School of Gujarati Language & Literature :*

1. Gujarati.

(3) *In the University School of Psychology, Philosophy and Education :*

1. Psychology.

(4) *In the University School of Sciences (Pure and Applied) :*

1. Physics (both Pure and Applied), and all its branches;
2. Chemistry (both Pure and Applied), and all its branches;
3. Mathematics (both Pure and Applied), and all its branches; and
4. Botany and all its branches."

આથી ઠરાવવામાં આવે છે કે ભારતની બીજી યુનિવર્સિટીઓમાં, પ્રત્યેક વિષય દીઠ જુદું જુદું અનુસ્નાતક વિદ્યાભવન હોય છે કે કેમ તેની માહિતી અને વિગતો મંગાવીને પછી આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝમાં "Pure and Applied Botany"ના વિષયનો જે ઉલ્લેખ છે તેને બદલે "Biology Botany and all its Branches" એવો સુધારો કરવાનું સૂચવવામાં આવે છે.

૧૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાની નીચે મુજબની ભલામણને અનુલક્ષીને સ્ટેટ્યૂટ ૧૭૯માં જરૂરી સુધારો કરવા બાબત :

સુધારેલો સ્ટેટ્યૂટ નીચે પ્રમાણે વંચાશે :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, બિઝનેસ મેનેજમેન્ટ અને ઇન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટના અનુસ્નાતક અભ્યાસ માટે ડિપ્લોમાના અભ્યાસક્રમો સ્થાપવા માટે એકેડેમિક કાઉન્સિલે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરી હતી તે બરોબર છે તેમ જણાવવું, અને આ વિષયો માટે ડિગ્રીનો અભ્યાસક્રમ ઘડવા માટે સ્વતંત્ર રીતે વિચાર કરવાનું રાખવું."

સુધારેલા સ્ટેટ્યૂટનો પાઠ

S. 179 : The University shall grant the following Diploma to such persons as have undergone the prescribed course at an institution or institutions affiliated to the University under Sec 33 of the Act and have passed the qualifying examinations for the same in accordance with the Ordinances and Regulations.

Faculty of Arts including Education :

1. Diploma in Teaching (T.D.);
2. Diploma in Journalism (D.J.);
3. Diploma in Labour Welfare (Dip.L.W.).

Faculty of Law :

4. Diploma in Labour Laws and Practice (D.L.P.);
5. Diploma in Taxation Laws and Practice (D.T.P.).

Faculty of Medicine :

6. Diploma in Opthalmology (D.O.);
7. Diploma in Anaesthesia (D.A.);
8. Diploma in Paediatrics (D.Paed.);
9. Diploma in Public Health (D.P.H.);
10. Diploma in E.N.T. (D.L.O.);
11. Diploma in Gynaecology (D.G.O.);
12. Diploma in Veneriology and Dermotology (D.V. & D.);

13. Diploma in Medical Radiology and Electro-Therapeutics (D.M.R.E.);
14. Diploma in Pharmacy (D.P.).

Faculty of Commerce :

15. Diploma in Statistics (D S.);
16. Diploma in Business Management (D.B.M);
17. Diploma in Industrial Management (D.I.M.);

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૭૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા વાસ્તે સેનેટને ભલામણ કરવી :

S. 179 : "The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed course at an affiliated College or a recognised Institution or a University department, as the case may be, and have passed the qualifying examinations for the same in accordance with relevant Ordinances and Regulations :

Faculty of Arts including Education :

1. Diploma in Teaching (T. D.);
2. Diploma in Journalism (J.D.);
3. Diploma in Labour Welfare (D.L.W.).

Faculty of Law :

4. Diploma in Labour Laws and Practice (D.L.P.);
5. Diploma in Taxation Laws and Practice (D.T.P.).

Faculty of Medicine :

6. Diploma in Ophthalmology (D.O.);
7. Diploma in Anaesthesia (D.A.);
8. Diploma in Paediatrics (D.Paed.)
9. Diploma in Public Health (D.P.H.);
10. Diploma in E.N.T. (D.L.O.);
11. Diploma in Gynaecology (D.G.O.);
12. Diploma in Veneriology and Dermatology (D.V. & D.);
13. Diploma in Medical Radiology and Electro-Therapeutics (D.M.R.E.);
14. Diploma in Pharmacy (P.D.).

Faculty of Commerce :

15. Diploma in Statistics (D.S.);
16. Diploma in Businese Management (D.B.M.);
17. Diploma in Industrial Management (D.I.M.)."

૧૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલી વિદ્યાશાખાઓમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી:—

૧. શ્રી. એસ. આર. ડોંગરીકરી : ફેકલ્ટી ઑફ લૉ,
૨. શ્રી. જી. વી. બાડકાશ : ફેકલ્ટી ઑફ લૉ,
૩. શ્રી. મનહરલાલ તુળજાશંકર શુકલ : ફેકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલુડિંગ એજ્યુકેશન".

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૫૯ની સભાની નીચેની ભલામણ:

"ચાલુ ઇન્ટરમીડિયેટ સાયન્સ અથવા પહેલી બી.એસસી. ('એ' ગ્રુપ)ના અભ્યાસક્રમને પ્રી-એન્જિનિયરિંગ અભ્યાસક્રમ તથા ઇન્ટરમીડિયેટ સાયન્સ અથવા પહેલી બી.એસસી. ('બી' ગ્રુપ)ના અભ્યાસક્રમને પ્રી-મેડિકલ અભ્યાસક્રમ એવા નામથી પણ દર્શાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૮. પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ. ની પરીક્ષાઓ માટે પરીક્ષકોની લાયકાત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાની ભલામણ અનુસાર હાલના નિયમોને બદલે નીચેના નિયમો પર વિચારણા કરવા બાબત:

1. No person shall ordinarily be recommended for appointment as an Examiner in the clinical subjects unless he has at least five years' teaching experience in the subject in an affiliated college or a recognised institution of this or any recognised University, provided that he has taken at least five years previously a Doctor's or Master's degree or a Post-Graduate Diploma of a recognised University or an equivalent qualification. Under exceptional circumstances, eminent persons who have been teaching before may also be appointed. Further more, in Anatomy, one of the Examiners should be or should have been not more than three years previously a teacher in Surgery, while in Physiology and Pharmacology one of the Examiners should be or should have been not more than three years previously a teacher in Medicine.
2. An Examiner should not be below the rank of a Lecturer (Senior) or a Reader.
3. In each subject, as far as possible, the number of external Examiners should be fifty per cent. and not more; and in any case at least one of the Examiners in each subject should be invited from another University.
4. In Forensic Medicine, one of the Examiners should be a person who is actually a University Teacher for at least one year or has been so not more than three years previously a University teacher in the subject and the other may be one

who has sufficient practice and clinical experience of Medico-legal work. In Preventive Medicine, one may be a Health Officer of a city Municipality or an officer of comparable rank and the other a person who is or has been not more than three years previously a teacher in the subject.

5. In clinical and non-clinical subjects, a person may ordinarily be appointed for not more than three years consecutively thereafter, he should not be appointed for a period of at least one year and in the case of internal Examiners till all the names on the panel in the relavent subject are exhausted. Where because of absence of suitable person an examiner has to be appointed to work as Senior Examiner inspite of the above rules, such appointment should not be for more than one year, save in exceptional circumstances.

6. In the clinical subjects, the same person may not be appointed as an Examiner both in the paper and clinical and oral.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૬. સીનિયર સુપરવાઇઝરોને અપાતી સૂચનાઓમાં રાઇટર (લહિયો) આપવા અંગેની નીચેની સૂચના ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

The Sr. Supervisor is authorised to give, in his discretion, help of writer to any candidate solely on medical grounds for answering the question-paper provided the Sr. Supervisor is fully satisfied regarding the need for a writer. The medical certificate submitted by the candidate that the candidate concerned is physically unfit to write the question paper shall be forwarded to the University office immediately. The Sr. Supervisor is also required to ensure and satisfy himself before permitting the candidate to take help of writer that writer so employed by the candidate possesses a lower academic qualification than that of the candidate. The expenses such as remuneration of the writer, extra supervision charges, etc., will have to be borne by the candidate concerned and should be collected from the candidate in advance. The name of the writer so permitted with particulars of his academic qualification, his address, etc., should invariably be reported immediately to the Registrar, alongwith the application supported by an appropriate medical certificate received from the candidate for such permission.

આથી ઠરાવવામાં આવે છે કે, સીનિયર સુપરવાઇઝરોને અપાતી સૂચનાઓમાં લહિયો (writer) આપવા અંગેની નીચેની સૂચના ઉમેરવી :

"The Senior Supervisor is authorised to give, in his discretion, help of writer to any candidate solely on medical grounds for answering the question-paper

provided the Senior Supervisor is fully satisfied regarding the need for a writer. The medical certificate submitted by the candidate that the candidate concerned is physically unfit to write the answer-papers shall be forwarded to the University office immediatelv. The Senior Supervisor is also required to ensure and satisfy himself before permitting the candidate to take help of a writer that the writer so employed by the candidate possesses an academic qualification lower than that of the candidate, and further that the writer so employed cannot be of undue help to the candidate in answering his question-paper

The expenses such as remuneration to the writer, extra supervision charges, etc., will have to be borne by the candidate concerned and should be collected from the candidate in advance The name of the writer so permitted with particulars of his academic qualification, his address, etc., should invariably be reported immediately to the Registrar, along with the application supported by an appropriate medical certificate received from the candidate for such permission."

૨૦. સને ૧૯૫૮-૫૯ના વર્ષમાં જે વિદ્યાર્થીઓએ હજુ સુધી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી ન લીધાં હોય તેવા નિયમિત વિદ્યાર્થીઓનાં સત્રો રદ કરવાં અને એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ :** આવા નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫ની છે, જ્યારે બહારના વિદ્યાર્થીઓની સંખ્યા ૩૬ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિયમિત વિદ્યાર્થીઓનાં સત્રો રદ કરવાં તથા બહારના વિદ્યાર્થીઓની નોંધણી (રજિસ્ટ્રેશન) રદ કરવી.

૨૧. પરીક્ષાની સમકક્ષા બાબતની સ્થાયી સમિતિની તા. ૧૦-૬-૧૯૫૯ના રોજ મળેલી સભાના નીચેના ઠરાવો જે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦-૭-૧૯૫૯ની સભામાં મંજૂર કરવા ભલામણ કરેલી છે :

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે, આગ્રા યુનિવર્સિટીની બી.એ., બી.એસસી., બી.ટી., એમ.એ., એમ.એસસી., એલએલ.બી. અને બી.કોમ (ફક્ત એલએલ.બી માં પ્રવેશ માટે) પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરવા ભલામણ કરવી."

(૨) "આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગ્લોરના ડિપ્લોમા ઇન ઇલેક્ટ્રિકલ ટેકનોલોજીને આપણી બી.ઈ. (ઇલે.) પરીક્ષા તુલ્ય માન્ય કરવો નહિ એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

(૩) "આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી."
(શ્રી. જી. એસ. માથુરને પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવા બાબત)

(૪) "આથી આ સમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે કેરાળા યુનિવર્સિટીની એમ.બી., બી.એસ. પરીક્ષા જો ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલે માન્ય કરી હોય તો તે વિ

તપાસ કરીને અરસપરસના ધોરણે આ યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ. પરીક્ષા તુલ્ય માન્ય કરવી."

(૫) "આથી આ સમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે દિલ્હી યુનિવર્સિટીની બી.ઈ. (ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ અને સિવિલ) અરસપરસના ધોરણે આ યુનિવર્સિટીની જે તે પરીક્ષા તુલ્ય માન્ય કરવી."

(૬) આથી ઠરાવવામાં આવે છે કે :

વેંકટેશ્વર યુનિવર્સિટીની નીચે જણાવેલી પરીક્ષાઓને તેમની સામે જણાવેલી આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓની તુલ્ય ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વેંકટેશ્વર યુનિવર્સિટી	ગુજરાત યુનિવર્સિટી
૧. પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય (વિષય પ્રમાણે)	પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વિનયન વિજ્ઞાન અને વાણિજ્ય (પ્રમાણે)
૨. ઇન્ટરમીડિયેટ એક્ઝામિનેશન ઇન આર્ટ્સ	ઇન્ટરમીડિયેટ એક્ઝામિનેશન ઇન આર્ટ્સ
૩. ઇન્ટરમીડિયેટ એક્ઝામિનેશન ઇન સાયન્સ	ઇન્ટરમીડિયેટ એક્ઝામિનેશન ઇન સાયન્સ
૪. બી.એ. ડિગ્રી ઇન આર્ટ્સ એન્ડ સાયન્સ	બી.એ.
૫. બી.એસસી. ડિગ્રી ઇન સાયન્સ	બી.એસસી.

(૭) આથી ઠરાવવામાં આવે છે કે, ત્રાવણકોર યુનિવર્સિટીની નીચેની પરીક્ષાઓ માન્ય કરવી.

૧. ઇન્ટરમીડિયેટ આર્ટ્સ,
૨. ઇન્ટરમીડિયેટ સાયન્સ,
૩. બી.એ.,
૪. બી.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલી ભલામણો મંજૂર કરવી.

૨૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભા નીચે મુજબની ભલામણ :

ભલામણ

સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં તેમની ઇજનેરી અને/અથવા તબીબી વિદ્યાશાખાઓમાં આ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) સાયન્સની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાં વિદ્યાર્થીઓની ફેરપરીક્ષા લેવામાં આવે છે, તેથી પરસ્પરની બિનશરતી માન્યતાનું ધોરણ સચવાતું નથી, તેવો અભિપ્રાય સિન્ડિકેટને જણાવીને આ બાબતમાં ઘટતું કરવા વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીની નીચે જણાવેલી પરીક્ષાઓની સામે જણાવવામાં આવેલી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની પરીક્ષાઓ, પરસ્પરના ધોરણે માન્ય કરવામાં આવે તે શરતે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ગુજરાત યુનિવર્સિટી	મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી	સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ
૧. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિ.) વિનયન	પ્રેપરેટરી વિનયન	પ્રેપરેટરી વિનયન
૨. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિ.) વિજ્ઞાન	પ્રેપરેટરી વિજ્ઞાન	પ્રેપરેટરી વિજ્ઞાન
૩. ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિ.) વાણિજ્ય	પ્રેપરેટરી વાણિજ્ય	પ્રેપરેટરી વાણિજ્ય
૪. ઇન્ટરમીડિયેટ (પ્રથમ પદવીવર્ષ) વિનયન	પહેલી બી.એ	પહેલી બી.એ.
૫. ઇન્ટરમીડિયેટ કૉમર્સ (પ્રથમ પદવીવર્ષ વાણિજ્ય)	પહેલી બી.કૉમ.	પહેલી બી.કૉમ.
૬. ઇન્ટરમીડિયેટ સાયન્સ ગ્રુપ "એ" અથવા "બી" (ફક્ત વિજ્ઞાન)	ફર્સ્ટ બી.એસસી. (વિજ્ઞાન અને કાયદાના અભ્યાસક્રમો માટે જ)	ફર્સ્ટ બી.એસસી. વિજ્ઞાન અને કાયદાના અભ્યાસક્રમો માટે જ)
૭. ઇન્ટરમીડિયેટ સાયન્સ (પ્રથમ પદવીવર્ષ વિજ્ઞાન) (ગ્રુપ "એ" અથવા પ્રી-એન્જિનિયરિંગ)	પ્રી-એન્જિનિયરિંગ કે એફ.ઈ.નો નવો અભ્યાસક્રમ	પ્રી-એન્જિનિયરિંગ
૮. ઇન્ટરમીડિયેટ સાયન્સ (પ્રથમ પદવીવર્ષ વિજ્ઞાન) (ગ્રુપ "બી" અથવા પ્રી-મેડિકલ)	પ્રી-મેડિકલ અથવા ફર્સ્ટ બી.એસસી.બી. (ફાર્મસી કે આયુર્વેદ—ના અભ્યાસક્રમો માટે જ).	ફર્સ્ટ બી.એસસી—બી

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલી ભલામણો મંજૂર કરવી, તથા, આ બાબતની જાણ જે તે યુનિવર્સિટીને, મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સલેરોના સંયુક્ત બોર્ડને, ડાયરેક્ટર ઑફ ટેકનીકલ એજ્યુકેશન, મુંબઈ ને તથા મુંબઈ રાજ્યના સર્જન-જનરલને કરવી.

૨૩. સર્વોદય કૉલેજમાંથી આ યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષા (૧૯૫૯)માં ઉત્તીર્ણ થઈને આ યુનિવર્સિટીમાં એમ.એ.નો અભ્યાસ કરતા કુ. જે. એમ. ત્રિવેદીને બી.એ.માં વિષયો બદલીને ૧૯૬૦માં લેવાનારી બી.એ.ની પરીક્ષા માટે બહારનાં વિદ્યાર્થિની તરીકે નામ નોંધાવવા વાસ્તે પરવાનગી આપવાની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. જે. એમ. ત્રિવેદીને બી.એ.માં વિષયો બદલીને ૧૯૬૦માં લેવાનારી બી.એ.ની પરીક્ષા માટે બહારની વિદ્યાર્થિની તરીકે નામ નોંધાવવા પરવાનગી આપવી.

૨૪. એ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટમાં એલએલ.એમ.નો અભ્યાસ કરતા શ્રી. સી. એન. વ્યાસને ૧૯૬૦માં લેવાનારી બી.એ.ની પરીક્ષામાં બહારના વિદ્યાર્થી તરીકે બેસવા માટે પરવાનગી આપવા વાસ્તેની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. એન. વ્યાસને ૧૯૬૦માં લેવાનારી બી.એ.ની પરીક્ષામાં બહારના વિદ્યાર્થી તરીકે બેસવા માટે નામ નોંધાવવા પરવાનગી આપવી.

૨૫. શ્રી. એમ. એચ. પટોરિયા શૈક્ષણિક વર્ષ ૧૯૫૯-૬૦માં બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં ઇન્ટર આર્ટ્સના વર્ગમાં દાખલ થયેલા, પરંતુ જ્ઞાતિ તરફથી લોન તેમ જ હૉસ્ટેલમાં પ્રવેશ નહિ મળવાથી તેમ જ ભોજનની અગવડને લીધે તબિયત બગડવાના કારણે અભ્યાસ ચાલુ રાખી શકે તેમ નહિ હોવાથી ઇન્ટર આર્ટ્સ પરીક્ષામાં બહારના વિદ્યાર્થી તરીકે બેસવા માટે નામ નોંધાવવા દેવાની પરવાનગી આપવાની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. એચ. પટોરિયાને, અપવાદ તરીકે ૧૯૬૦માં લેવાનારી ઇન્ટરમીડિયેટ આર્ટ્સની પરીક્ષામાં બહારના વિદ્યાર્થી તરીકે બેસવા માટે નામ નોંધાવવા પરવાનગી આપવી.

૨૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ "Objectives to be attained and methods of Planning by the Universities during the Third Five-Year Plan" એ અંગે એક યોજના ઘડવા માટે સમિતિની નિમણૂક કરવા વાસ્તે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ઉપકુલપતિશ્રી.—અધ્યક્ષ;
૨. મુંબઈ રાજ્યના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન;
૩. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના અધ્યક્ષો;
૪. યુનિવર્સિટીની વિદ્યાશાખાઓના અધ્યક્ષો;
૫. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ;
૬. શ્રી. સી. સી. શાહ; અને
૭. શ્રી. રજિસ્ટ્રાર—મંત્રી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિને ઘટતી સંખ્યામાં સભ્યો કો-ઑપ્ટ કરવાની સત્તા આપવી.

૨૭. યુનિવર્સિટીમાં ફિલ્મ ક્લબ સ્થાપવા અંગે સિન્ડિકેટે તા. ૪-૬-૧૯૫૯ના ઠરાવ અનુસાર યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓના વડાઓ તથા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના અધ્યક્ષોના અભિપ્રાય વિચારી જોઈ તે અંગે યુનિવર્સિટીમાં ફિલ્મ ક્લબ સ્થાપવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફિલ્મ ક્લબની યોજનામાં આ યુનિવર્સિટી હાલ જોડાઈ શકે તેમ નથી એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

૨૮. યુનિવર્સિટી તરફથી અપાતાં ઇનામો રોકડ રકમમાં નહિ આપતાં નૅશનલ પ્લાન સર્ટિફિકેટમાં આપવા અંગે ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, પૂના, તરફથી આવેલ તા. ૨૫મી જુલાઈના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ** : ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનની ભલામણ ફરજિયાત પાળવા અંગેની નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી તરફથી જે ઇનામો આપવામાં આવે તે શક્ય હોય

ત્યાં સુધી નેશનલ પ્લાન સર્ટિફિકેટોમાં આપવાનું રાખવું.

(નોંધ: યુનિવર્સિટી તરફથી દાતાઓની સખાવતોમાંથી અપાતાં ઇનામોને આ ઠરાવ લાગુ પડી શકશે નહિ.)

૨૯. દર વર્ષની માફક આ વર્ષે યુ.પી.એસ.સી.ના વર્ગો ચાલુ કરી શકાયા નથી તેની નોંધ લેવા બાબત.

(નોંધ: યુ.પી.એસ.સી.ના વર્ગમાં દાખલ થવા માટે સુધારેલા નિયમો પ્રમાણે ફરીથી અરજીઓ મંગાવતા અને તે અંગે ચકાસણી કરતાં આવેલ અરજીઓમાંથી ફક્ત એક જ વિદ્યાર્થી યુ.પી.એસ.સી.ના વર્ગમાં દાખલ થવાની લાયકાત ધરાવે છે અને તેથી એક જ વિદ્યાર્થી માટે વર્ગ ચલાવવો જરૂરી લાગ્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૩૦. સ્થાયી સમિતિની તા. ૨૮-૭-૧૯૫૯ ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સફાઈ કામદારોનું કામ જોતાં તેમને હાલ અપાતાં ગણવેશમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી ઑડિટરોને જણાવવું કે, તેઓની નોંધમાં જણાવેલાં ભથ્થાં પર પ્રોવિડન્ટ ફંડ આપીને તેને અંગત ભથ્થાં જેવાં ભથ્થાં ગણે છે અને તેથી તે રજાઓ દરમિયાન આપવામાં આવે છે તે બાબત વાંધો લઈ શકાય નહિ.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, આ અંગે સરકારી ઑફિસોમાં તપાસ કરતાં જણાય છે કે, ત્યાં પણ યુનિવર્સિટી જે પ્રમાણે રજાઓની ગણતરી કરે છે તે પ્રમાણે કરવામાં આવતી હોવાથી યુનિવર્સિટીમાં કરવામાં આવેલ ગણતરીમાં વાંધો લઈ શકાય નહિ.

૩. યુનિવર્સિટી કાર્યાલય મ્યુનિસિપાલિટી હદ બહાર હોવા છતાં યુનિવર્સિટીએ રાજ્ય સરકારના દરેક કર્મચારીને ઘરભાડા ભથ્થું આપવાનું માન્ય કરેલું છે તે હકીકત જોતાં સરકારી ઑડિટરોએ કાઢેલો વાંધો વ્યાજબી લાગતો નથી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના આ અંગેના ધારાધોરણ પ્રમાણે ચાલવું જોઈએ, તેમાં અપવાદ ન કરવા. તેથી શ્રી. કે. સી. જાની તથા એ. એન. દેસાઈની વધારે ભથ્થું આપવાની વિનંતી માન્ય થઈ શકે તેમ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાયી સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૧. નીચે જણાવેલ સભ્યોનો તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પ્રોબેશન સમય પૂરો થતો હોવાથી તેઓને કાયમ કરવા બાબત:

૧.	શ્રી. બી. એલ. જાડાવાલા	૩-૧૦-૧૯૫૯ કલાર્ક, સિન્ડિકેટ વિભાગ.
૨.	શ્રી. એમ. એમ. શાહ	૩-૧૦-૧૯૫૯ લેબો. આસિ., મનોવિજ્ઞાન ભવન.
૩.	શ્રી. એમ. એમ. દેસાઈ	૩-૧૦-૧૯૫૯ કલાર્ક, ટાઇપિસ્ટ, ડી.પી.ઈ. ની ઑફિસ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલી જગા અને તારીખથી કાયમ કરવા.

૩૨. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન સોશિયોલોજી તરીકે કામ કરતા શ્રી. આર. ડી. પરીખનો પ્રોબેશન સમય પૂરો થતો હોવાથી તેઓને તારીખ ૧૮-૬-૫૯થી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. ડી. પરીખને સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના લેક્ચરરની જગા પર તા ૧૮-૬-૧૯૫૯થી કાયમ કરવા.

૩૩. સમાજવિદ્યા ભવનમાં સફાઇ કામદાર શ્રી ફૂલા મેલાનો પ્રોબેશન સમય પૂરો થયેલ હોવાથી તેઓને તા. ૧૭-૮-૧૯૫૮ થી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનમાં કામ કરતા સફાઇ કામદાર શ્રી. ફૂલા મેલાને તા. ૧૭-૮-૧૯૫૮થી તેમની જગાએ કાયમ કરવા.

૩૪. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ખાલી પડેલ રાજ્યનીતિશાસ્ત્રના લેક્ચરરની જગા માટેની વરણીસમિતિની તા. ૫-૯-૧૯૫૯ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનમાં રાજ્યનીતિશાસ્ત્રના લેક્ચરરની જગા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

(વરણીસમિતિની તા. ૫-૯-૧૯૫૯ની સભાની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૫. ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં ઉત્તરપત્રો વગેરેના કામને માટે બીજી પાળી માટે માણસો રાખવા માટે રૂા. ૩૫ રોજનો ખર્ચ થાય તેમ છે અને આ વ્યવસ્થા ચાર માસ માટે ચાલુ રહેનાર હોઈ તે માટે થનાર આશરે રૂા. ૪,૫૦૦નો ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર સૂચવેલી વ્યવસ્થા મંજૂર કરવી અને તે માટે રૂા. ૪,૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસમાં બીજી પાળી જો અને જ્યારે ચલાવવાની જરૂર જણાય તો અને ત્યારે તે ચલાવવા માટે તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૬. યુનિવર્સિટી પ્રેસના કોમ્પોઝિટર શ્રી. બી. જે. પટેલને તા. ૨૦-૮-૧૯૫૯થી છૂટા કરેલ હોવાથી તેઓને ખાતે નીકળતી રૂા. ૪૫.૫૨ની તેમના પ્રોવિડન્ટ ફંડફાળાની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના કોમ્પોઝિટર શ્રી. બી. જે. પટેલને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડફાળાની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર પરત કરવી.

(નોંધ:—આ રકમ રૂા. ૪૫.૫૨ ન.પૈ. નહિ પણ રૂા. ૭૨.૧૨ ન.પૈ. થાય છે.)

૩૭. યુનિવર્સિટી પ્રેસમાં બૉલરમૅન તરીકે કામ કરતા એન. એન. ઉપાધ્યાયનું રાજીનામું મંજૂર થઈ ગયેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના બૉલરમેન શ્રી. એન. એન. ઉપાધ્યાયને તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડફાળાની રકમ પરત કરવી.

૩૮. આ વર્ષે ડૉ. અગ્રવીઝની સેવાઓ યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશન ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા તરફથી યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનને અપાયેલી હોવાથી તેઓને મદદ કરવા માટે ટાઇપિંગ જાણનાર કામચલાઉ મદદનીશની તા. ૧૫-૩-૧૯૬૦ સુધી એક હંગામી જગા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કામ માટે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં તા ૧૫-૩-૧૯૬૦ સુધી એક કામચલાઉ મદદનીશની હંગામી જગા માસિક રૂા. ૧૦૦ના ઉચ્ચક પગારથી મંજૂર કરવી.

૩૯. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ખાલી પડેલી લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની જગા માટે અરજીઓ મંગાવતાં કુલ અઢાર ઉમેદવારોની અરજીઓ આવેલી છે, પણ તેમાંથી કોઈ લાયક ઉમેદવાર નથી; તો તે બાબતમાં શું કરવું તે વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની જગા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાતના ધોરણમાં ફેરફાર કરવો નહિ, પણ ઓછામાં ઓછા બે વર્ષનો શૈક્ષણિક અનુભવ પર્યાપ્ત લેખવો, અને તે પ્રમાણે જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

૪૦. ધી અમદાવાદ બુલિયન બ્રોકર્સ એસોસિયેશન, અમદાવાદ, તરફથી (૧) બી.એ.ની પરીક્ષામાં ગુજરાતી સાથે સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને રૂા. ૧૦૦નું એક ઇનામ, તથા (૨) બી.એસસી.ની પરીક્ષામાં ગણિતના વિષય સાથે સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને રૂા. ૧૦૦નું એક ઇનામ એમ બે ઇનામો આપવા માટે રૂા. ૫,૦૦૦ની દેણગી સ્વીકારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બે ઇનામો માટે સખાવતની રકમ ઓછામાં ઓછા રૂા. ૬,૦૦૦ની રાખવામાં આવે તો યુનિવર્સિટી તે સ્વીકારશે એમ અમદાવાદ બુલિયન બ્રોકર્સ એસોસિયેશનના મંત્રીને જણાવવું.

૪૧. શ્રી. "હરિલાલ નાથાભાઈ વકીલ અને શ્રીમતી ધનલક્ષ્મી હરિલાલ પારેખ સુવર્ણચંદ્રક"ના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર નિયમો સભામાં સૂચવાયેલા ફેરફાર સાથે મંજૂર કરવા. (નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૨. મુંબઈ સરકારે પ્રાદેશિક ભાષામાં હિંદી ભાષામાં પુસ્તકો પ્રગટ કરવા માટે રૂા. ૪૦,૦૦૦ની લોન યુનિવર્સિટીને મંજૂર કરી છે તે માટેના કરાર કરવા (Bond execute) તથા તે કરારમાં શ્રી. રજિસ્ટ્રારને સહી કરવાની સત્તા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર મુસદ્દો મંજૂર કરવો તથા તે પર સહી કરવા વાસ્તે શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી. (મંજૂર કરેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૩. લીગલ કમીટીની તા. ૨૯-૮-૫૯ની સભાએ કરેલી નીચેની ભલામણ:

"મેસર્સ દિલીપ પબ્લિશિંગ હાઉસ અને પોપ્યુલર બુક સ્ટોલ, સુરતે યુનિવર્સિટીના પ્રશ્નપત્રો બાબતમાં યુનિવર્સિટીના કોપીરાઇટના હક્કના ભંગ બદલ તેમણે સુરત અને અમદાવાદનાં વર્તમાન-પત્રોમાં તાકીદે જાહેર દિલગીરી દર્શાવવામાં આવે તથા ભવિષ્યમાં તેમ નહિ કરવા માટે લેખિત બાંયધરી આપવા જણાવવામાં આવે તે શરતે આગળ પગલાં લેવાનું માંડી વાળવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૪. યુનિવર્સિટી તરફથી બંધાતા આરોગ્ય કેન્દ્ર માટે સ્થપતિ શ્રી. એલ.કે. નંદવાણા સાથે કરવાના કરારનામા મંજૂર કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એલ. કે. નંદવાણા સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો. (મંજૂર કરેલા કરારનામાના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૫. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટસની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર દર્શાવેલ ગ્રાન્ટની રકમ (જે રૂા. ૧૧,૦૦૦ની છે)ની પહેલાં દરેક ઝોનની એથ્લેટિકસના હરીફોનું જમવાનું, રેલવેભાડું તથા સિલેકશન ટ્રાયલ્સ માટે મોકલવાનું રેલવે ભાડું વગેરેની જરૂરિયાત નકકી કરીને આપ્યા પછી વધતી રકમની પ્રો-રેટા વહેંચણી કરવી અને તે નીચે પ્રમાણે વહેંચી આપવી:"

વિભાગનું નામ:	એથ્લેટિકસ માટે તથા સિલેકશન ટ્રાયલ્સ માટેના ખર્ચની વિભાગની જરૂરિયાત	વધતી રકમની પ્રો-રેટા વહેંચણી	વિભાગને મળતી રકમ
૧. અમદાવાદ વિભાગ	રૂા. ૧,૦૦૦	રૂા. ૨,૮૦૦	રૂા. ૩,૮૦૦
૨. ઉ. દ. વિભાગ	રૂા. ૧,૮૦૦	રૂા. ૧,૫૦૦	રૂા. ૩,૩૦૦
૩. પશ્ચિમ વિભાગ	રૂા. ૨,૬૦૦	રૂા. ૧,૩૦૦	રૂા. ૩,૯૦૦

ઉપર મુજબની વહેંચણીને મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્પૉર્ટસની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૬. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની પ્રવૃત્તિઓ અંગે સિન્ડિકેટે તેની તારીખ ૨૨-૮-૧૯૫૯ની સભામાં મંજૂર કરેલી યોજનામાં કેટલીક કૉલેજોના આચાર્યો તરફથી આવેલાં સૂચનો અનુસાર બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝે સૂચવેલા નીચેના ફેરફારો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત:

ભલામણ

૧. બોર્ડની યોજનામાં વ્યાખ્યાનના વધુમાં વધુ રૂા. ૧૦૦ છે તેને બદલે પ્રતિષ્ઠિત વિદ્વાનના વ્યાખ્યાન માટે અમદાવાદ અને અમદાવાદ બહારનાં કેન્દ્રોમાં રૂા. ૧૦૦ રાખવા અને તે પ્રમાણે સુધારો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. ભાષણના ટાઇપિંગનું ખર્ચ આપવા અંગેના સૂચનનો સ્વીકાર કરવો નહિ.

અમદાવાદ બહારની કૉલેજોમાં જ્યાં ફક્ત એક જ કૉલેજ હોય તેવાં સ્થળોએ ગામડાંમાં અપાતાં પ્રૉફેસરો દ્વારા એક્સ્ટેન્શન લેક્ચરોનાં ભાષણ દીઠ રૂા. ૧૦ મુજબ વધુમાં વધુ રૂા. ૧૦૦ની મદદ યુનિવર્સિટીએ આપવી. તે માટે યોજનાની છપેલી પુસ્તિકાના પાના ૭ પરની કંડિકા સુધારતાં નીચે પ્રમાણે વંચાશેઃ

"તે સ્થળના કૉલેજના શિક્ષકોનાં વ્યાખ્યાનો જે એક્સ્ટેન્શન લેક્ચર્સ જેવાં ગામડાંનાં માણસો સમજી શકે તેવાં વ્યાખ્યાનો એક્સ્ટેન્શન લેક્ચર્સ યોજવાં. આવાં વ્યાખ્યાનોનો વિષય અને વ્યાખ્યાન આપનાર શિક્ષકોનું તે નામ યુનિવર્સિટી પાસે અગાઉથી મંજૂર કરાવેલાં હોવાં જોઈએ. આવાં વ્યાખ્યાનો માટે વ્યાખ્યાન દીઠ રૂા. ૧૦ સુધી અને વધુમાં વધુ રૂા. ૧૦૦ સુધીની આર્થિક મદદ જે તે કૉલેજને યુનિવર્સિટીએ આપવી."

૩. આથી ઠરાવવામાં આવે છે કે, યોજનાની છપેલી પુસ્તિકામાં પાના ૭ પર અ-(૩) પછી અ-(૪) તરીકે અને બ-(૩)થી બ-(૪) તરીકે નીચેની કંડિકા ઉમેરવી.

"ઉપર્યુક્ત સ્થળોએ યુનિવર્સિટી સપ્તાહ દરમિયાન પ્રદર્શન જેમાં વિદ્યાર્થીઓના Cultural hobby અને Scientific exhibition હોય તેવું યોજી શકાય અને તેને માટેના ખર્ચ પેટે યુનિવર્સિટીએ તે કેન્દ્રને કુલ રૂા. ૫૦ની મદદ આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૪૭. આગામી યુવક મહોત્સવ અંગે સ્થાનિક સ્પર્ધાઓ અને અન્ય આનુષંગિક બાબતો માટે એક સમિતિ નીમવા અંગે બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણને ઉપકુલપતિશ્રીએ મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, યુવક મહોત્સવ અંગે હરીફાઈઓ યોજી યુનિવર્સિટીના જૂથની પસંદગી કરવા માટે તથા તેને લગતી બાબતો નક્કી કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. પ્રૉ. ઉમાશંકર જોશી;

૨. પ્રિ. વાય. પી. શુકલ;

૩. પ્રૉ. ડી. એન. પાઠક;

૪. ડૉ. ધીરુભાઈ ઠાકર;

૫. ડૉ. તારાબેન પટેલ."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૮. આગામી યુવક મહોત્સવ માટે કન્વિજનર-ઇન-ચાર્જ તરીકે એક પુરુષ અને એક સ્ત્રી શિક્ષક અંગે બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણ ઉપરથી ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે કન્વિજનર-ઇન-ચાર્જ તથા બીજા કન્વિજનર-ઇન-ચાર્જ તરીકે

પસંદગી માટે નીચેનાં નામોની સિન્ડિકેટને ભલામણ કરવી :

કન્ટિજન્ટ-ઇન-ચાર્જ	સ્ત્રી કન્ટિજન્ટ-ઇન-ચાર્જ
૧. શ્રી. ધીરુભાઈ પી. ઠાકર, ગુજરાત કૉલેજ, અમદાવાદ.	૧ ડૉ. તારાબેન પટેલ, સમાજવિદ્યા ભવન, અમદાવાદ.
૨. પ્રૉ. પી. એચ. ભટ્ટ, શ્રી. સ્વામીનારાયણ કૉલેજ, અમદાવાદ.	૨. ડૉ. પ્રિયબાળા શાહ, રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.
૩. પ્રિ. વાય. પી. શુકલ, રામાનંદ કૉલેજ, અમદાવાદ.	૩. શ્રીમતી હર્ષિદા પંડિત, સ્વામીનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૪. શ્રી. ઉમાશંકર જોષી, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ.	
૫. શ્રી. અનંતરાય રાવળ, ડી. કે. વી. કૉલેજ, જામનગર.	
૬. શ્રી. આર. એમ. શુકલ, એલ. ડી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	
૭. શ્રી. ડી. એન. પાઠક, સમાજવિદ્યા ભવન, અમદાવાદ.	
૮. શ્રી. વી. જે. ત્રિવેદી, સામળદાસ કૉલેજ, ભાવનગર.	
૯. શ્રી. જિતેન્દ્ર દવે, એમ. એન. કૉલેજ, વિસનગર.	

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર એક પુરુષ શિક્ષક અને એક સ્ત્રી શિક્ષકની કન્ટિન્જન્ટ-ઇન-ચાર્જ તરીકે ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૪૯. યુવક મહોત્સવમાં ભાગ લેવા જનાર વિદ્યાર્થીઓને મુસાફરીના સમય માટે દર ૨૪ કલાકના રૂા. ૨.૫૦ લેખે મળતું ભથ્થું વધારવા અંગે બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણ :

"હવે પછી મહોત્સવમાં જનાર દરેક વિદ્યાર્થીને તેમને સરકાર તરફથી મળતા પ્રવાસખર્ચ ઉપરાંત આવવાજવા માટે વધારાના ભથ્થા તરીકે રૂા. ૫ યુનિવર્સિટીએ આપવા."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. ઑર્ડિનન્સ ૪૧ હેઠળ ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો પર મેડિકલ ફેકલ્ટીના પ્રિ. જી. વી. બર્વેની તા. ૪ થી માર્ચ ૧૯૬૦ સુધીની ખાલી પડેલી જગ્યાએ તે ફેકલ્ટીના એક સભ્યને નીમવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો ઉપર મેડિકલ ફેકલ્ટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ ડૉ. જી. વી. બર્વેની તા. ૪થી માર્ચ ૧૯૬૦ સુધીની ખાલી પડેલી જગા પર ડૉ. એસ. બી. અંકલેસરીઆની નિમણૂક કરવી.

૫૧. એમ જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરને બી.કૉમ.માં (૧) એકાઉન્ટિંગ અને ઑડિટિંગ, (૨) બેન્કિંગ, અને (૩) ઇકોનોમિક્સ ઑફ કોટનના વિષયો માટે ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં સ્ટેટિસ્ટિક્સ વિષય માટે વધારાનું જોડાણ આપવા અંગે સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન કર્યા અંગેની જાણ મુંબઈ સરકારને કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

મજકૂર બાબતની નોંધ લેવામાં આવી.

૫૨. શ્રી. પ્રિયાલકર એસ. આર. કે જેમણે સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની એફ.વાય. બી.એસસી.ની પરીક્ષા પાસ કરી છે તેમને એફ.ઈ.માં દાખલ થવા માટે ઉપકુલપતિશ્રીના આદેશ અનુસાર પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવામાં આવેલ છે તેની નોંધ લેવા બાબત.

મજકૂર બાબતની નોંધ લેવામાં આવી.

૫૩. આગામી સેનેટ સમક્ષ રજૂ થનાર શ્રી. ચંદ્રવદન ચુ. શાહના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરી સેનેટને રિપોર્ટ કરવા બાબત :

"માતૃભાષા દ્વારા સઘળા તબક્કાનું શિક્ષણ આપવાના સિદ્ધાંતમાં પોતાની અવિચળ શ્રદ્ધા ફરીથી વ્યક્ત કરતાં ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ગુજરાતી પરિભાષા તેમ જ પાઠ્ય-પુસ્તકોની બાબતમાં કેટલીક વિદ્યાશાખામાં જોઈએ તેટલી પ્રગતિ થઈ ન હોવાથી વિદ્યાર્થીઓને કફોડી સ્થિતિમાં મુકાવું પડે છે અથવા નજીકના ભવિષ્યમાં મુકાવું પડશે એ પરિસ્થિતિ વિષે પોતાની ઊંડી ચિંતાની લાગણી દર્શાવે છે. આવશ્યક પરિભાષા તથા પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા સારુ તેમ જ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાના સિદ્ધાંતનો ગુજરાત યુનિવર્સિટીની બધી વિદ્યા-શાખામાં અસરકારક રીતે અમલ થાય તે માટે જરૂરી યોજના ને સમયપત્રક ઘડી કાઢવા સારુ અને વચગાળાના સમયમાં માધ્યમ અને પાઠ્યપુસ્તકોની શી વ્યવસ્થા કરવી એ વિષે પ્રત્યેક વિદ્યાશાખાની અનુકૂળતા-પ્રતિકૂળતા લક્ષમાં રાખી ચોક્કસ ભલામણો કરવા સારુ એક સમિતિ નીમવા અને તેનો હેવાલ પોતાની ભલામણ સાથે માર્ચ ૧૯૬૦ના અંત પહેલાં સેનેટ સમક્ષ રજૂ કરવા આ સભા સિન્ડિકેટને આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

ગુજરાતી પરિભાષા તેમ જ પાઠ્યપુસ્તકોની બાબતમાં જે કાંઈ કામ થયું છે અને જે કામની વિચારણા હાલ ચાલી રહી છે તે જોતાં સદરહુ ઠરાવમાં જે સમિતિ નીમવા માટે સૂચન થયું છે તેવી

સમિતિને નીમવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય જણાવવો તથા આ બાબતમાં કાર્યાલય તરફથી ઘટતી નોંધ પરિપત્રિત કરવી.

૫૪. આગામી સેનેટ સમક્ષ રજૂ થનાર શ્રી. ચંદ્રવદન ચુ. શાહના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરી સેનેટને રિપોર્ટ કરવા બાબત :

"અખિલ હિંદ માટે સૂચવાયેલી ઉચ્ચ શિક્ષણની તરાહને અનુરૂપ બનવા તેમ જ રાજ્યની જુદી જુદી વિદ્યાપીઠો વચ્ચેનો વ્યવહાર સરળ બનાવવા ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ત્રિવાર્ષિક સ્નાતક અભ્યાસક્રમ (Three-Year Degree Course)ની યોજના સ્વીકારવા અને જૂન ૧૯૬૧થી તેને અમલી બનાવવા સારુ યોગ્ય પગલાં લેવા આગ્રહભરી વિનંતી કરે છે."

ત્રણ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ મોડામાં મોડો જૂન ૧૯૬૨થી દાખલ કરવાનું વિચારવું જોઈએ અને તે માટે ઘટતા ઑર્ડિનન્સો, રેગ્યુલેશનો વગેરે ઘડવા માટે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓને જણાવવું જોઈએ, એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે.

(**નોંધ** : સિન્ડિકેટની ઉપરની ભલામણ અનુસાર, સેનેટમાં રજૂ થનાર ઉપરના ઠરાવ પરત્વે ઘટતો સુધારો રજૂ કરવા માટે સિન્ડિકેટના કોઈ એક સભ્યને વિનંતી કરવામાં આવે.)

૫૫. સેનેટે તેની તા. ૨૯/૩૦-૬-૧૯૫૬ની સભામાં પસાર કરેલા ફૂ. ઉષા મુન્શાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણનો લાભ વધુ પ્રમાણમાં અનુસ્નાતકનો અભ્યાસ કરતી બહેનો મેળવી શકે તે હેતુને અનુલક્ષી યુનિવર્સિટી તરફથી તેમને માટે છાત્રાલયની વ્યવસ્થા હોવી જોઈએ એવું આ સેનેટનું મંતવ્ય હોવાથી સિન્ડિકેટને તે માટે યોગ્ય તથા જરૂરી પગલાં લેવા આ સભા આગ્રહભરી વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૬. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (રૂપે.) અંગ્રેજી તથા બી.એ. (જનરલ)માં અર્થશાસ્ત્રના વિષય માટે વધારાનું જોડાણ આપવા માટે તા. ૧૭-૯-૧૯૫૬ની આચાર્યશ્રી તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧. પ્રિન્સિપલ એન. એન. ભરૂચા, જૂનાગઢ; અને
૨. પ્રિન્સિપલ જે. એચ. અધ્વર્યુ, રાજકોટ.

૫૭. પાટણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણને બી.એ. તથા બી.એસસી.માં નીચેના વિષયો શીખવવા સારુ વધારાનું જોડાણ આપવા અંગે તા. ૨૧-૯-૧૯૫૬ની કૉલેજના

આચાર્યશ્રી તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

બી.એ. (સ્પેશિયલ અને જનરલ) : (૧) અંગ્રેજી, (૨) ગુજરાતી, (૩) હિંદી, (૪) સંસ્કૃત, (૫) ફિલોસોફી-'એ', (૬) સાયકોલોજી, (૭) ઇતિહાસ, અને (૮) અર્થશાસ્ત્ર.

બી.એસસી. (મુખ્ય) : (૧) રસાયણશાસ્ત્ર, અને (૨) ગણિત.

બી.એસસી. (ગૌણ) : (૧) ભૌતિકશાસ્ત્ર

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. ડૉ. પી સી. વૈદ્ય, વિસનગર;
૨. પ્રિન્સિપલ એચ. એ. ડિસોઝા, અમદાવાદ; અને
૩. ડૉ. સી. એમ. દેસાઈ, સુરત.

૫૮. મુંબઈ રાજ્યના ગાર્ગોતિ મુકામે ભૌની વિદ્યાપીઠમાં તા. ૧થી ૨ ડિસેમ્બર ૧૯૫૯ દરમિયાન શ્રી. મગનભાઈ દેસાઈના અધ્યક્ષપદ હેઠળ યોજનાર "અખિલ ભારતીય પ્રૌઢશિક્ષણ" પરિષદના સોળમા અધિવેશનમાં ઓછામાં ઓછા બે પ્રતિનિધિઓને મોકલવા વાસ્તે ભારતીય પ્રૌઢશિક્ષણ મંડળના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૪-૯-૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈની નિમણૂક કરવી.

૫૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૧૮૫ (એ) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવી :

"R. 185 (A) : The standards of passing for M.D. (Part II) Examination shall be as under :

PASS CLASS : 60% marks separately in each, viz., (1) Papers., (2) Practical and Oral examination; and where applicable in (3) Clinical examination.

DISTINCTION : 75% of the total marks, provided the candidate passes the examination *at the first attempt.*

રેગ્યુલેશન ૧૮૫માં નોંધ નં. ૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી:

I. Clinical subjects :

(a) 4 papers (each of 3 hours' duration) : 200 marks (i.e., 50 marks for each paper)

(b)	Practical and Oral examination	:	100 marks
(c)	Clinical examination	:	100 marks
	Total	:	400 marks

II Non-clinical subjects :

(a)	4 papers (each of 3 hours' duration)	:	200 marks (i.e., 50 marks for each paper)
(b)	Practical and Oral examination	:	200 marks
	Total	:	400 marks"

"આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૧૮૭ (એ) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

R. 187 (A) : The standards of passing for M.S. (Part II) Examination shall be as under.,

PASS CLASS : 60% marks separately in each, viz., (1) papers., (2) Practical and Oral examination; and (3) Clinical examination.

DISTINCTION : 75% of the total marks, provided the candidate passes the examination *at the first attempt.*"

રેગ્યુલેશન નં. ૧૮૭માં નોંધ નં. ૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"3 : (a) 4 papers (each of 3 hours' duration) : 200 marks (i.e., 50 marks for each paper)

(b) Practical and Oral examination : 100 marks

(c) Clinical examination : 100 marks

Total : 400 marks."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરીક્ષાઓમાં પાર્ટ ૧ માટે ઉત્તીર્ણતાના અને વર્ગો આપવાના ધોરણ પર ઘટતી વિચારણા કરીને ફરી રજૂ કરવા માટે આ બાબત એકેડેમિક કાઉન્સિલને મોકલી આપવી.

૬૦. સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ વિ. બાબતો પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૯-૯-૧૯૫૯ના રોજ મળેલી સભાએ કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મજકૂર સમિતિની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૧. યુનિવર્સિટી આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૫-૯-૧૯૫૯ના રોજ મળેલી તેરમી બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે).

૬૨. યુનિવર્સિટી વિજ્ઞાન ભવન માટે હાલ પૂરતા એક કારકુન, એક કારકુન-ટાઇપિસ્ટ અને બે પટાવાળાઓની જગા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિજ્ઞાન ભવન માટે હાલ પૂરતી એક કારકુન, એક કારકુન-ટાઇપિસ્ટ અને બે પટાવાળાની જગાઓ મંજૂર કરવી.

૬૩. ફાઇનાન્સ કમિટીની તા. ૧-૧૦-૧૯૫૯ના રોજ મળનારી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે).

૬૪. સુધારેલા ઓ. ૫૭ (એ) પ્રમાણે યુનિવર્સિટી યુથ વેલ્ફેર કમિટીની રચના કરવાની તૈયારીરૂપે નીચે જણાવેલી નિયુક્તિઓ કરવા બાબત :

(અ) ઓ. ૫૭ (એ) (૫) પ્રમાણે બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર સિન્ડિકેટે નીમેલા સભ્યો પૈકી ૩ સભ્યોને આ કમિટી ઉપર નિયુક્ત કરવા બાબત.

(**નોંધ:**-સેનેટે બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર નીચેના સભ્યોને નિયુક્ત કરેલા છે :

૧. શ્રી. પી. જી. શાહ,
૨. શ્રી. બદુભાઈ દેસાઈ,
૩. ડૉ. નાનુભાઈ દેસાઈ,
૪. પ્રિ. ડૉ. આર. પી. પટેલ,
૫. પ્રિ. જે. બી. સાંડિલ,
૬. પ્રિ. જી. આર. કોઠવાલ).

(બ) ઓ. ૫૭ (એ) (૬) પ્રમાણે યુવકપ્રવૃત્તિ, નાટચપ્રવૃત્તિ, તાલીમશિબિરોમાં ભાગ લીધો હોય તેવા કૉલેજના પ્રાધ્યાપકોમાંથી ૩ સભ્યો આ યુથ વેલ્ફેર કમિટી ઉપર નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. તા. ૧૪-૮-૧૯૫૯ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેન ભલામણ :

"૧. (અ) આથી ઠરાવવામાં આવે છે કે બન્ને શિબિરોના હેવાલોને તથા તેમાં થયેલાં વ્યાખ્યાનોની નોંધોને પ્રસિદ્ધ કરવા યોગ્ય રીતે ગોઠવવા માટે નીચેના સભ્યોની સમિતિ

નીમવા અને તે તૈયાર થયે તેને આપવાની મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. શ્રી. ઉમાશંકર જોશી,
૨. ડૉ. પી. સી. વૈદ્ય,
૩. ડૉ. ધીરુભાઈ ઠાકર,
૪. પ્રૉ. પ્રફુલ્લભાઈ ઠાકોર,
૫. શ્રી. વી. પી. મહેતા.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ફરીથી આવા શિબિરો યોજાય ત્યારે કૉલેજોમાં ચાલતી આવા પ્રકારની પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રીતે, આ બાબતમાં નિષ્ણાત અધ્યાપકોથી ચાલે તે હેતુથી, દરેક કૉલેજમાંથી એક પ્રાધ્યાપકને તાલીમ લેવા જરૂર મોકલાવી આપવાનું જણાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, પરિશિષ્ટ "ઝ"માં આપેલા અદાલત અંગેના માહિતીપત્રને મંજૂર કરવા અને તે મુજબ હકીકતને મંગાવવા તજવીજ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી. (માહિતીપત્રની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે).

૬૬. અમદાવાદ મ્યુનિસિપલ કારપોરેશનના તા. ૪-૯-૧૯૫૯ના પત્રમાં જણાવ્યા પ્રમાણે અમદાવાદ શહેરની રમતગમતની પ્રવૃત્તિઓના વિકાસ માટે સ્થપાનાર "અમદાવાદ રમત-વિકાસ મંડળ"ના સ્થાપક સંસ્થા સભ્ય બનવાનું નિમંત્રણ સ્વીકારવા બાબત તથા તે નિમંત્રણ સ્વીકારવામાં આવે તો તેના ઉપર મોકલવાના યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ નીમવા બાબત.

(નોંધ: સંસ્થા સભ્યની વાર્ષિક ફી રૂા. ૫૦ છે).

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ રમતવિકાસ મંડળના સ્થાપક સંસ્થા સભ્ય બનવાનું મજકૂર નિમંત્રણ સ્વીકારવું તથા તે માટે વાર્ષિક ફી તરીકે રૂા. ૫૦નો ખર્ચ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મજકૂર વિકાસમંડળમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચે જણાવેલી વ્યક્તિઓની નિમણૂક કરવી:

૧. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષ (હોદ્દાની રૂએ); અને
૨. યુનિવર્સિટીના શારીરિક શિક્ષણના અધિકારી (ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન).

૬૭. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરને ત્રીજી બી.એ.,એમ.એસ.માં સિન્ડિકેટના તા. ૪-૭-૧૯૫૯ની સભાના ઠરાવ અનુસાર વિદ્યાર્થીઓ દાખલ કરવા અંગેની કામચલાઉ પરવાનગી આપવા મુંબઈ સરકારના શિક્ષણ ખાતાના મંત્રીને લખતાં આવી પરવાનગી આપવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારામાં જોગવાઈ ન હોવાથી તે આપવામાં આવતી નથી એમ જણાવ્યું છે તે બાબત (જાણ માટે).

મજકૂર બાબતની નોંધ લેવામાં આવી.

૬૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને સને ૧૯૫૯-૬૦ના વર્ષ માટેની વિજ્ઞાન માટેની શિષ્યવૃત્તિઓ માટેની અરજીઓ મોકલવાની બાબતમાં સિન્ડિકેટની સ્થાયી સમિતિની નીચેની ભલામણ અનુસાર ઉપકુલપતિશ્રીએ લીધેલા પગલાની નોંધ લેવા બાબત :

ભલામણ

"હજુ કોઈ પણ અરજી આવી ન હોવાથી તા. ૧૫મી સુધીમાં જે અરજીઓ આવે તેમાંથી યોગ્ય લાયકાત ધરાવનારાઓની અરજીઓ જોઈ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવા શ્રી. વાઇસ-ચાન્સેલરને આ સમિતિ વિનંતી કરે છે."

(**નોંધ :** આવેલી બેઉ અરજીઓ મોકલવામાં આવી છે).

મજકૂર બાબતની નોંધ લેવામાં આવી.

૬૯. પટણા મુકામે તા. ૨૦થી ૨૨ ઑક્ટોબર ૧૯૫૯ દરમિયાન મળનાર "ઑલ-ઇન્ડિયા એજ્યુકેશનલ અૅન્ડ વોકેશનલ ગાઇડન્સ"ની આગામી વાર્ષિક પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર મંડળના મંત્રી તરફથી આવેલ તા. ૧૦-૯-૧૯૫૯ના પત્રને અનુલક્ષીને તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ તરફથી આવેલા તા. ૨૨-૧૦-૧૯૫૯ના પત્રાંક એમ-૧-૩૦૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદના આગામી અધિવેશનમાં નીચે જણાવેલી વ્યક્તિઓને તેમના અનુક્રમમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવી :

૧. શ્રી. વી. કે. સિંગ, યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવન; અથવા
પછી ૨. પ્રોફેસર કે. જી. દેસાઈ, એ. જી. ટીચર્સ કૉલેજ.

૭૦. જબલપુર ખાતે તા. ૨૭થી ૩૧ ડિસેમ્બર ૧૯૫૯ દરમિયાન મળનાર અખિલ ભારતીય શિક્ષણ પરિષદના ૩૪મા અધિવેશન માટે આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના માનદ્ મંત્રી તરફથી આવેલ તા. ૧૯-૯-૧૯૫૯ના પત્રાંક ૪૯૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદના આગામી અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચે જણાવેલી વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. શ્રી. ચન્દ્રવદન ચુ. શાહ; અને
૨. શ્રી. છગનભાઈ પી. પટેલ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા બે પ્રતિનિધિઓ પૈકી કોઈ જઈ શકે એમ ન હોય તો તેમને બદલે શ્રી. જી. બી. ઓઝાને પ્રતિનિધિ તરીકે મોકલવા.

૭૧. ફાઇનાન્સ કમિટી ઉપર શ્રી. એસ. એમ. શાહની ખાલી પડેલી જગ્યાએ બીજા સિન્ડિકેટના એક સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિ પર શ્રી. એસ. એમ. શાહની ખાલી પડેલી જગાએ શ્રી. બિહારીલાલ પો. શાહની નિમણૂક કરવી.

૭૨. "સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા" સાથેની સેવિંગ્સ કરન્ટ એકાઉન્ટ ચાલુ રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયામાં યુનિવર્સિટીનો "સેવિંગ્સ કરન્ટ એકાઉન્ટ" ચાલુ રાખવો.

૭૩. યુનિવર્સિટી પ્રેસમાં કૉપી-હોલ્ડર તરીકે કામ કરતા શ્રી. ડી. એમ. પંડ્યાનો પ્રોબેશન સમય તા. ૨૭-૧૦-૧૯૫૯ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. એમ. પંડ્યાને યુનિવર્સિટી પ્રેસમાં કૉપી-હોલ્ડર તરીકે તા. ૨૭-૧૦-૧૯૫૯થી કાયમ કરવા.

૭૪. ત્રીજી એમ.બી.,બી.એસ.ની એમ.બી.,બી.એસ. પદવીની પાત્રતા માટે પરીક્ષા પછી તાલીમ (Internship)ને આવશ્યક ગણાતી હોઈ મજકૂર પદવી માટે અપાતા પદવીદાન પ્રમાણપત્રના પાઠમાં "having undergone the prescribed period of internship" એટલા શબ્દો ઉપકુલપતિશ્રીની અનુમતિથી ઉમેરીને પ્રમાણપત્રનો પાઠ સુધાર્યો છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૭૫. ક્રારકા ખાતે જૂન ૧૯૬૦થી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજની ઇન્ટરમીડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા સારુ જોડાણ આપવા અંગે શ્રી. શારદાપીઠ વિદ્યા સભાના મંત્રી તરફથી આવેલી તા. ૧૭-૯-૧૯૫૯ની અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

(નોંધ : મજકૂર સોસાયટીનું રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આવી છે).

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ જે. બી. સાન્ડિલ, ભાવનગર; અને
૨. પ્રિન્સિપલ અનંતરાય મ. રાવળ, જામનગર.

૭૬. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં શ્રી. ટીપનીસની સ્ટેટિસ્ટિક્સના પ્રૉફેસર તરીકેની નિમણૂકની માન્યતા, એ જગાએ યોગ્ય નિમણૂક થાય ત્યાં સુધી ચાલુ રાખવા માટે કૉલેજના આચાર્યના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં સ્ટેટિસ્ટિક્સ શીખવવા માટે શ્રી. ટીપનીસને તા. ૧૫-૩-૧૯૬૦ સુધી, અપવાદ તરીકે, પરવાનગી આપવી.

૭૭. અલ્હાબાદ યુનિ.ના આશ્રયે અલ્હાબાદ મુકામે તા. ૨૫થી ૨૭ ડિસેમ્બર ૧૯૫૯ દરમિયાન મળનાર 'Indian Mathematical Society'ની ૨૫મી વાર્ષિક સભામાં પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના મંત્રી તરફથી આવેલ તા. ૧૫મી સપ્ટેમ્બર ૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સોસાયટીની આગામી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પી. સી. વૈદ્યની નિમણૂક કરવી, અને સંજોગવશાત્ તેઓ જઈ શકે તેમ ન હોય તો તેમને બદલે શ્રી. એચ. એન. રાવળને મોકલવા.

૭૮. ગેરરીતિઓ અને ભૂલો સંબંધમાં પરીક્ષાસમિતિની તા. ૧૭-૯-૫૯ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની તા. ૧૭-૯-૧૯૫૯ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવી. (મંજૂર કરેલી નોંધની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે).

૭૯. આ યુનિવર્સિટીની આગામી પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં બેસવા દેવા અંગે બી.જે. મેડિકલ કૉલેજ અમદાવાદના આચાર્ય તરફથી આવેલ કુ. આર. જી. મલેકની તા. ૧૬-૭-૧૯૫૯ તેમ જ તા. ૧૧-૮-૧૯૫૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ** :-મજકૂર વિદ્યાર્થિની મુંબઈ યુનિવર્સિટીમાં ત્રણ અને આપણી યુનિવર્સિટીમાં એક એમ કુલ્લે ચાર વખત પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં બેઠેલા છે. ગુજરાત યુનિવર્સિટીમાં નવેસરથી સત્રો રાખ્યા પછી એક વખત તે પરીક્ષામાં બેઠાં છે).

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. આર. જી. મલેકને પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં હવે વધુમાં વધુ બીજી બે વખત બેસવા દેવા માટે પરવાનગી આપવી.

૮૦. શિષ્યવૃત્તિઓ, સંશોધન શિષ્યવૃત્તિઓ, ફેલોશિપ વિ. બાબતો અંગેની સ્થાયી સમિતિની તા. ૨૬-૯-૧૯૫૯ના રોજ મળેલી સભાએ કરેલી નીચેની ભલામણો :

"૧. આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શ્રી. જે. ડી. તલાટીની ખાલી પડતી ભારત સરકારની "Research Training Scholarship Scheme–special allotment for teachers of affiliated college" યોજના નીચેની શિષ્યવૃત્તિ નીચે પ્રમાણે આપવી :

(૧) શ્રીમતી પારઘી–જ્યોતિ વિજયશંકર, બી. ડી. કૉલેજ, અમદાવાદને તેઓ પીએચ.ડી. માટે રજિસ્ટર થાય તે શરતે.

(૨) જો શ્રીમતી પારઘી નં. ૧ આ શિષ્યવૃત્તિ ન સ્વીકારે તો શ્રી. મહેતા વિનોદચંદ્ર કાન્તિલાલ, એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગરને આ શિષ્યવૃત્તિ આપવી.

૨. આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શ્રી. એચ. બી. બક્ષી અને શ્રી. એ. બી. વાસાને આપવામાં આવેલી દક્ષિણા ફેલોશિપ ખાલી પડતાં તે બન્ને ફેલોશિપ નીચે પ્રમાણે આપવી :

(૧) શ્રી. ગૌર મહેન્દ્રકુમાર મણિલાલ,
જુનિયર એમ.એસસી.,
એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.

(૨) શ્રીમતી બૅંકર નીલા ડાહ્યાભાઈ,
જૂનિયર એમ એ.,
સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૮૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં રીડર (લેબર વેલ્ફેર) શ્રી. ફિલિપ બસે "A study of the organisation and functions of Labour and Welfare Department

in certain Textile Mills in Ahmedabad" એ વિષય પરત્વે રજૂ કરેલી યોજના અને ખર્ચ મંજૂર કરવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર યોજના મંજૂર કરવી તથા તે અંગે કુલ રૂા. ૩,૧૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો. (યોજના તથા ખર્ચની વિગતોની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે).

૮૨. યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા તરફથી મનોવિજ્ઞાનના નિષ્ણાત ડો. જયોર્જ ઈ. પેસેની મનોવિજ્ઞાન ભવનમાં યુનિવર્સિટી માટે "મુલાકાતી પ્રાધ્યાપક" તરીકેની સેવાઓ સ્વીકારવા સંમતિ દર્શાવ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૮૩. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં ૧૩૭૬ નંબરથી બેઠેલ વિદ્યાર્થી મજકૂર પરીક્ષાના આવેદનપત્રમાં મુક્તિના ખાનામાં પોતાની સરતચૂકથી જગતના ધર્મોની રૂપરેખાના વિષયમાં આગળના વર્ષે મળેલ મુક્તિ દર્શાવવાનું ભૂલી ગયેલ હોવાથી તેમનું પરિણામ નાપાસ જાહેર કરેલ. આ અંગે તેમની થયેલી ભૂલ માફ કરીને પરિણામ સુધારવા અંગેની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર વિદ્યાર્થીની ભૂલ, અપવાદ તરીકે માફ કરીને તેનું પરિણામ સુધારવું, તથા આ ઠરાવને ભવિષ્યમાં શિરસ્તા તરીકે લેખવો નહિ.

૮૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના સભ્યોનો પ્રોબેશન સમય તેઓનાં નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોવાથી કાયમ કરવા બાબત.

૧.	શ્રી પી. એમ. મકવાણા	પટાવાળા	(યુનિવર્સિટી કાર્યાલય)	૨૬–૧૧–૧૯૫૯
૨.	શ્રી. સી. સી. દવે	ક્લાર્ક	(,,)	૩૦–૧૧–૧૯૫૯
૩.	શ્રી. પી. પી. દોશી	,,	(,,)	૩૦–૧૧–૧૯૫૯
૪	શ્રી. સી. સી. શાહ	,,	(,,)	૩૦–૧૧–૧૯૫૯
૫.	શ્રી. એમ. એ. ત્રિવેદી	,,	(,,)	૩૦–૧૧–૧૯૫૯

મજકૂર બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી ત્યારે શ્રી. રજિસ્ટ્રારે સ્પષ્ટતા કરી કે, સદરહુ બાબત નવેમ્બર માસમાં મળનાર સિન્ડિકેટની સભા સમક્ષ મૂકવાની હોઈ કાર્યાલયની સરતચૂકથી આ વખતની સભાની કામકાજની યાદીમાં સામેલ થઈ હતી, તેથી તે પરત્વે હાલ કશું કરવાપણું રહ્યું નહિ.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી.

૮૫. યુનિવર્સિટી વિજ્ઞાનભવનમાં વનસ્પતિશાસ્ત્રના રીડર તરીકે નિમાયેલા શ્રી. સી. એમ. પટેલને, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં, બી.એસસી.ના વર્ગોમાં વનસ્પતિશાસ્ત્રનો વિષય

શીખવવા માટે પરવાનગી આપવા સારુ સફરહુ કૉલેજના આચાર્યની વિનંતી અંગે તેમના તરફથી આવેલ તા. ૩૦મી સપ્ટેમ્બર ૧૯૫૯નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. એમ. પટેલને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં બી. એસસી. ના વર્ગમાં વનસ્પતિ વિજ્ઞાન શીખવવા સારુ તા. ૧૫મી માર્ચ ૧૯૬૦ સુધી અપવાદ તરીકે પરવાનગી આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૧૪૧૦૧૬–૧૪૧૦૩૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, અમદાવાદ.
૨૦મી ઓકટોબર, ૧૯૫૯.

ક. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૩૪

સમાજવિદ્યાભવન માટે રાજ્યનીતિશાસ્ત્રના લેક્ચરરની એક જગા પર નિમણૂક કરવા વાસ્તે ભલામણ કરવા માટે સિન્ડિકેટની વરણી સમિતિની એક સભા તા. ૫-૬-૧૯૫૯ ના રોજ બપોરે ૧૨-૦૦ વાગ્યે મળી હતી, જે વખતે હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨.	ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	શ્રી. હિંમતલાલ પી. શુક્લ	ગેરહાજર
૪.	શ્રી. એસ. એમ. શાહ	ગેરહાજર
૫.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬.	શ્રી. એ. એમ. નાયક	ગેરહાજર
૭.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૮.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર
૧૦.	ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	ગેરહાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૪.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર
૧૫.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	હાજર
૧૬.	પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	હાજર
૧૭.	પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	હાજર
૧૮.	પ્રિન્સિ. ટી. એ. દેસાઈ	ગેરહાજર
૧૯.	પ્રોફેસર બી. આર. શેનોય	ગેરહાજર
૨૦.	શ્રી. ડી. એન. પાઠક	હાજર

જે ઉમેદવારોની અરજીઓ આવી હતી તે પૈકી યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે જરૂરી લાયકાત ધરાવતા એક માત્ર ઉમેદવાર ડૉ. દેવેન્દ્ર હીરાલાલ સુતરિયાને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા.

તેમની મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું કે, તેમને ત્રણથી ચાર જેટલાં વધારાનાં "ઇન્ક્રીમેન્ટ" આપવામાં આવે તો જ તેઓ આ જગા સ્વીકારવા માટે તૈયાર છે.

મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ જગા માટે ડૉ. દેવેન્દ્ર હીરાલાલ મુતરિયાની નિમણૂક કરવાની ભલામણ આ સમિતિ કરી શકતી નથી તે માટે દિલગીર છે અને સદરહુ જગા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવાનું સૂચવે છે."

અમદાવાદ,
તા. ૧૭–૯–૧૯૫૯.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "અ"
ઠરાવક્રમાંક નં.

"Shri Harilal Nathabhai Vakil and Smt. Dhanlaxmi Harilal Parekh Gold Modal" Endowment :

1. *The name of the Donor :* Executors of the estate of the deceased Smt. Dhanlaxmi Harilal Parekh, C/o. Shri Shantilal N. Parekh, Khadayata Colony, Ahmedabad–6.
2. *Amount of the Donation :* Cash of Rs. 5,000/– invested in Government of India 3% Conversion Loan of 1946 of the face value of Rs. 6,700/–.
3. *Description of the Award :* One Gold Medal.
4. Accepted under The Syndicate Resolution No. 31, dated 4–7–1959.

Rules

1. A Gold Medal called "Shri Harilal Nathabhai Vakil & Smt. Dhanlaxmi Harilal Parekh Gold Medal" of the value of about Rs. 190/– shall be awarded annually to a candidate who stands first at the Second LL.B. Degree Examination held in the academic year immediately preceding the award.
2. The Medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.
3. The Annual income of the endowment shall be subject to a deduction of five percent as contribution to the General Fund of the University.

પરિશિષ્ટ "ગ"
ઠરાવઠાલ નં. ૪૨

FORM OF AGREEMENT

1. I, K. C. Parikh, Registrar, Gujarat University, hereby undertake to abide by all the conditions laid down or that may be laid down by Government in this behalf subject to which a loan of Rs. 40,000/- (Rupees forty thousand only) has been sanctioned to the Gujarat University, Ahmedabad-9 (Government Resolution, Education Department, No. G. R./USG./1158-U, dated 18-7-1959), for Rs. forty thousand only.

2. I also undertake to execute an agreement bond in respect of the said loan in such form as may be prescribed by Government.

*(Signature)*_____

(Dseignation) *Registrar.*

(Seal of the office)

Witnesses	*Signature*	*Occupation and Address*
1.		
2.		

પરિશિષ્ટ "ધ"
ઠરાવઠાલ નં. ૪૪

AGREEMENT MADE THIS day of September, 19 between the Gujarat University, Ahmedabad, hereinafter referred to as the 'Employers' (which expression shall, wherever the context so requires or admits, include their successors and assignees) of the one part and Lakheji Kalyanji Nandwana, resident of Ahmedabad and carrying on business as Architects under the Name of L. K. Nandwana, People's Bank Bldg., Ahmedabad, hereinafter referred to as 'The Architects' (which expression shall wherever the context so requires or admits, include their respective heirs, executors, administrators and assignees) of the other part.

WHEREAS the Employers are desirous for construction of a building for the Health Centre hereafter to as 'The Building', of obtaining the services of the Architects to get the building constructed and whereas the Architects have agreed to serve the Employers as Architects on the terms and conditions hereinafter set out.

NOW, THEREFORE THIS AGREEMENT Witnesseth and the Employers do hereby agree with the Architects—

1. That they, the Employers will pay to the Architects as follows :

Terms :—

(i) Preparing sketch design according to requirements. (ii) Making 1/8" Scale plans (Floor plans, Elevation & Sections).	1% One per cent.
(iii) Preparing ½" and full size details. (iv) Preparing appoximate estimate (bills of Quantities). (v) Inviting tenders and advising upon the same.	1% One per cent.
(vi) Supervising the works and giving instructions to the Clerk of Works and the Contractors. (vii) Checking and certifying the bills of the Cantractors.	1% One per cent.

The amount payable to the Architects as aforesaid shall be paid to them from time to time as the work proceeds on the value of the Architects' Certificates issued in favour of the Building Contractors.

And the Architects do, in consideration of the covenant aforesaid, hereby undertake and agree with the Employears—

2. That they, the Architect, shall take all instructions, prepare preliminary plans, final and detailed plans, a Bill of Quantities, prepare requirements of steel and cement, assist to obtain the N. A. permission, advise to prepare necessary tender forms, specifications and conditions of contract for the purpose of obtaining tenders and advise on all tenders and in the preparation of all contracts, select and instruct consultants, furnish to all Contractors and the Employers all copies of plans, specifications, and conditions, render all services in the construction of the building, measure, check materials, workmanship, value and issue all certificates for payments and pass and certify all accounts and generally perform each and all duties whatsoever as Architects incidental to the carrying out and completion of the building without any extra charge whatever and shall be responsible for seeing that the completed building is handed over to the satisfaction of the Vice-Chancellor of the Gujarat University in Ahmedabad.

3. The Architects shall prepare the plans and estimates for minor alterations and variations in the works to be carried out and he shall advise the Employers for settling the rates of extra items.

AND it is hereby mutually agreed between the parties—

1. That the Architect has authority to give such orders on behalf of the Employers as are necessitated in the Employers' interests by constructional emergencies without increasing any cost to the Employers and in accordance with the conditions of the Contract.

2. That the Architect is empowered to make such deviations, alterations, additions and omissions as they may reasonably consider desirable in the Employers' interests in carrying out the works provided that no addition to the cost of the contract is caused thereby, *and with the permission of Employers.*

3. That all drawings, specifications and documents prepared by the Architect shall remain their property, the copyright in the same being reserved to them.

4. The Architect shall supply to copies of the final plans when the building is completed.

And it is further agreed that this engagement may be terminated by either party by giving one month's notice.

In witness the parties hereto have hereunto set their hands the day and year first above written.

Signed by :—

In the presence of—

1.

2.

Signed by :—

In the presence of—

1.

2.

On behalf of the Gujarat University.

L. K. Nanćwana,
Chartered Architects, Ahmedabad.

પરિશિષ્ટ "ચ"
કામકાજ નં. ૬૦

સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો પર વિચારણા કરી સિન્ડિકેટને હેવાલ રજૂ કરવા માટે નિમાયેલ સ્થાયી સમિતિની આઠમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બુધવાર તા. ૯-૯-૧૯૫૯ના રોજ સાંજે ૩-૩૦ કલાકે મળી હતી તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	પ્રૉ. ઉમાશંકર જોશી	હાજર
૨.	ડૉ. વાય. જી. નાયક	હાજર
૩.	પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	ગેરહાજર

ડૉ. વાય. જી. નાયકે સભાનું પ્રમુખસ્થાન લીધું હતું.

૧. સને ૧૯૫૮-૫૯ના વર્ષ માટે નીચેના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી દક્ષિણા ફેલોશિપ આ વર્ષે ચાલુ રાખવા બાબત.

	વિદ્યાર્થીનું નામ		કૉલેજ
૧.	શ્રી. બક્ષી એચ. બી.	...	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૨.	શ્રી. વાસા એ. બી.	...	સામળદાસ કૉલેજ, ભાવનગર.
૩.	શ્રી. શાહ સી. આર.	...	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૪.	શ્રી. ત્રિવેદી જે. બી.	...	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.
૫.	શ્રીમતી ભાઉનીક એસ. આર.	...	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.

સને ૧૯૫૮-૫૯ના વર્ષમાં જુનિયર વર્ષના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી દક્ષિણા ફેલોશિપ ૧૯૫૯-૬૦ના વર્ષ માટે ચાલુ રાખવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૨. ચાલુ વર્ષે માસિક રૂા. ૬૦ની બાકીની ત્રણ દક્ષિણા ફેલોશિપ કોને આપવી તે નક્કી કરવા બાબત.

નોંધ:—જરૂરી માહિતી આ સાથે સામેલ છે.

સમિતિ ૧૯૫૯-૬૦ના વર્ષ દરમિયાન નીચેના વિદ્યાર્થીઓને દક્ષિણા ફેલોશિપ આપવા માટે ભલામણ કરે છે:

૧.	શ્રી. પરીખ અરુણકુમાર રસિકલાલ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ.	જુનિ. એમ. એસસી.
૨.	શ્રી. શર્મા પરમેશ્વર નારાયણ	સ્ટેટિસ્ટિકસ	સમાજવિદ્યા ભવન	જુનિ.એમ. એસસી.
૩.	શ્રી. શુકલ કિશોર કરુણાશંકર	સાયકોલૉજી	મનોવિજ્ઞાન ભવન	જુનિ.એમ.એ.

આ ઉપરાંત સમિતિ ભલામણ કરે છે કે જો કોઈ દક્ષિણા ફેલોશિપ ખાલી પડે તો નીચેનાને આપવીઃ

સાયન્સમાં ખાલી પડે તો શ્રી. ગોર મહેન્દ્રકુમાર મણિલાલ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અને આર્ટસમાં ખાલી પડે તો શ્રીમતી બેંકર નીલા ડાહ્યાભાઈ, સેંટ ઝેવિયર્સ કૉલેજ.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આપવામાં આવનારી અનુસ્નાતક અને સંશોધન અંગેની શિષ્યવૃત્તિઓ માટે આવેલી અરજીઓ પર વિચારણા કરી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને નામોની ભલામણ કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની વિનયન (હ્યુમેનિટીસ) વિભાગની અનુસ્નાતક અભ્યાસ અંગેની શિષ્યવૃત્તિ માટે નીચેનાઓની અરજીઓ જરૂરી ભલામણ કરી યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવા સમિતિ ભલામણ કરે છે :

૧.	શ્રીમતી કવિ અંજનીબ્યાનંદ	ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન	પ્રથમ પસંદગી
૨.	શ્રી. શુકલ કિશોર કરુણાશંકર	મનોવિજ્ઞાન ભવન	,, ,,
૩.	શ્રીમતી પારેખ ધરા પ્રતાપરાય	સમાજવિદ્યા ભવન	,, ,,
૪.	શ્રીમતી જ્યોતિ ઠાકોરલાલ	ફિલોસોફી ગુજરાત કૉલેજ	દ્વિતીય પસંદગી

સંશોધન માટે કોઈ અરજી ન હોવાથી કોઈની અરજી મોકલવાનો પ્રશ્ન રહેતો નથી.

૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આપવામાં આવનારી સાયન્સ, ટેકનોલોજી અને એન્જિનિયરિંગ વિષયોમાં સંશોધન દ્વારા અનુસ્નાતક અભ્યાસ કરતા વિદ્યાર્થી માટેની શિષ્યવૃત્તિઓ માટે આવેલી અરજીઓ પર વિચારણા કરી કમિશનને નામોની ભલામણ કરવા બાબત.

હજુ સુધી કોઈ અરજી આવેલ ન હોવાથી તા. ૧૫મી સુધીમાં જે અરજીઓ આવે તેમાંથી યોગ્ય લાયકાત ધરાવનારાઓની અરજીઓ જોઈ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવા શ્રી. વાઇસ–ચાન્સેલરને આ સમિતિ વિનંતી કરે છે.

૫. સને ૧૯૫૯–૬૦ના વર્ષ માટે માસિક રૂા. ૧૦૦ની એક એવી દસ પીએચ.ડી.ની પદવી માટેના વિદ્યાર્થીઓ માટેની સંશોધન શિષ્યવૃત્તિ કોને આપવી તે નક્કી કરવા બાબત.

૧૯૫૯–૬૦ના વર્ષ માટે પીએચ.ડી. માટેની સંશોધન શિષ્યવૃત્તિઓ આપવા માટે નીચે પ્રમાણે ભલામણ છે :

૧. ૧૯૫૭–૫૮ અને ૧૯૫૮–૫૯ના વર્ષ દરમિયાન શ્રી. અંજારિયા ભૃગુરામ દુલ્લભજીને આપવામાં આવેલી શિષ્યવૃત્તિ ૧૯૫૯–૬૦ના વર્ષમાં ચાલુ રાખવી.

૨. ૧૯૫૯–૬૦ના વર્ષ માટે નીચેનાઓને આપવી :
શ્રી. શાહ જેસિંગભાઈ મણિભાઈને તેઓ પીએચ.ડી.નું કાર્ય અમદાવાદમાં રહી કરે તે શરતે આપવી.

૩. શ્રી. જોષી રતિલાલ રામકૃષ્ણને તેઓ અમદાવાદમાં રહીને અને નોકરી છોડી પીએચ.ડી.નું કામ કરે તે શરતે આપવી.

૪. ડૉ. સુધીર જયંતિલાલને સંશોધન શિષ્યવૃત્તિ આપવી.

૫. શ્રી. ભટ્ટ અશ્વિનકુમાર હરિપ્રસાદની બાબતમાં પ્રથમ સત્ર દરમિયાનના તેઓનો અભ્યાસ વિષે મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષનો વિગતવાર હેવાલ મંગાવી કમિટી સમક્ષ રજૂ કરવો.

આ પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

જ. મ. મહેતા,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "છ"
કામકાજ નં. ૧૧

ગુજરાત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તેરમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર તા. ૧૫-૯-૧૯૫૯ના રોજ સાંજના ૪-૩૦ કલાકે ઉપકુલપતિશ્રીના અધ્યક્ષપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	પ્રિન્સિ. કે. જી. નાયક	હાજર
૩.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	હાજર
૪.	પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	ગેરહાજર
૫.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૬.	ડૉ. વિક્રમ સારાભાઈ	હાજર
૭.	ડૉ. કે. આર. રામનાથન	હાજર

૧. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૨૯-૮-૫૮ના રોજ મળેલી બારમી બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૨૯-૮-૧૯૫૮ના રોજ મળેલી બારમી બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને ઉપકુલપતિશ્રીએ તેના પર સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી સંશોધન કરવા માટે સને ૧૯૫૯-૬૦ની સાલ માટે સંશોધન ગ્રાન્ટ્સની માગણી માટે આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

ભવિષ્યમાં આ સંશોધન ગ્રાન્ટ અંગે આવેલ અરજીઓની ચકાસણી યોગ્ય રીતે થાય તે માટે નીચે પ્રમાણેની કાર્યવાહીને અનુસરવાની સૂચના આપવામાં આવી:

ભવિષ્યમાં જ્યારે આ સંશોધન ગ્રાન્ટ માટેની અરજીઓ પરિપત્ર દ્વારા મંગાવવામાં આવે અને તે સ્વીકારવાની છેલ્લી તારીખ પૂરી થયા બાદ આવેલ અરજીઓનું તારણ (સિનોપ્સીસ) તૈયાર કરી પ્રથમ સમિતિના બધા સભ્યોને ચકાસણી અને માહિતી માટે મોકલી આપવું અને શક્ય તેટલી વહેલી અનુકૂળતાએ સમિતિની સભા બોલાવવી.

ઉપરાંત પાછલા વર્ષમાં અદા કરવામાં આવેલ સંશોધન ગ્રાન્ટ બાબતમાં નિયમો અનુસાર આવેલાં છમાસિક પ્રગતિ નિવેદનો (પ્રોગ્રેસ રિપોર્ટ્સ) પણ સમિતિના સભ્યોમાં પરિપત્રિત કરવાં એમ વધુમાં ઠરાવવામાં આવ્યું.

વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, આવેલ અરજીઓમાંથી નીચે દર્શાવ્યા પ્રમાણે અરજીઓ બાબતમાં વિચારણા મુલતવી રાખવી :

અ. રસાયણશાસ્ત્રની શાખા (કેમિસ્ટ્રી)ના સંશોધન માટેની આવેલ અરજીઓ સમિતિના સભ્ય ડૉ. કે. જી. નાયકને;

બ. ભૌતિકશાસ્ત્રની શાખા (ફિઝિક્સ)ના સંશોધન માટેની આવેલ અરજીઓ સમિતિના સભ્ય ડૉ. કે. આર. રામનાથનને; અને

ક. વૈદ્યકીય શાસ્ત્રની શાખા (મેડિસિન)ના સંશોધન માટેની આવેલ અરજીઓ સમિતિના સભ્ય ડૉ. એમ. ડી. પટેલને, તેની યોગ્ય ચકાસણી અને અભિપ્રાય માટે મોકલી આપવી અને અભિપ્રાય આવ્યા બાદ સમિતિની બીજી સભા સમક્ષ તે રજૂ કરવી.

યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તરફથી આવેલ અરજીઓ બાબતમાં તે જે તે ભવનના અધ્યક્ષોને મોકલી આપી સંશોધનના પ્રકાર બાબત તેમ જ ભવન તેમાં કેટલો હિસ્સો આપી શકે વગેરે બાબત વિગતવાર માહિતી અધ્યક્ષના અભિપ્રાય સહિત મંગાવવી અને તે આવ્યા બાદ સમિતિ સમક્ષ ફરીથી રજૂ કરવી એમ ઠરાવવામાં આવ્યું.

બાકીની અરજીઓ બાબતમાં નીચે પ્રમાણે નિર્ણય લેવામાં આવ્યો :

આથી ઠરાવવામાં આવે છે કે :—

અ. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં તથા માન્ય સંસ્થાઓમાં કામ કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ રકમની સંશોધન ગ્રાન્ટ સને ૧૯૫૯-૬૦ના વર્ષ માટે આ યુનિવર્સિટીના સંશોધન ગ્રાન્ટ અંગેના નિયમોને અધીન રહીને યોગ્ય જર્નલમાં પ્રસિદ્ધ કરવાની શરતે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

	નામ	વિષય	રકમ
૧.	શ્રી. બી. જે. ઝવેરી, બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.	સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ખારવાઓની બોલીઓનું ક્ષેત્રતપાસ પદ્ધતિ ઇત્યાદિ દ્વારા આકલન-આલેખન.	રૂા. ૩૦૦. રહેવાજમવાના ખર્ચ અંગે ગ્રાન્ટ આપવામાં આવતી નથી એમ તેમને વધુમાં જણાવવું.
૨.	શ્રી. જે. એમ. શુકલ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	Study of Philosophic concepts in Pre-Paninian works on grammar.	રૂા. ૧૦૦ હસ્તપ્રતો માટે. મુસાફરીખર્ચ અંગે મદદ આપવામાં આવતી નથી એમ તેમને જણાવવું.

બ. નીચેના અધ્યાપકોની બાબતમાં તેમનાં નામ સામે જણાવેલી વિગતો મંગાવવી :

	નામ	વિષય	રકમ તથા મંગાવવાની વિગત
૧.	શ્રી. એમ. જે. મહેતા, સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.	History of infanticide in Gujarat under the British rule.	રૂા. ૩૦૦. શાને માટે રૂા. ૩૦૦ની માગણી કરી છે તે બાબતના ખર્ચ અંગેની વિગતો મંગાવવી.

નામ	વિષય	રકમ તથા મંગાવવાની વિગત
૨. શ્રી. એમ. એ. ફરકી, ગુજરાત કૉલેજ, અમદાવાદ.	Life and works of Chandli Bhan Barhmana a celebrated persian Poet and Author of the court of Shahjahan.	રૂા. ૫૦૦. ઉપર ક્રમાંક પ્રમાણે વિગતો મંગાવવી.
૩. ડૉ. બી. સી. હલદર, ગુજરાત કૉલેજ, અમદાવાદ.	Nucler Chemistry, Chemical effects of (n, y) reaction on platinum complexes.	રૂા. ૧૦,૨૦૦. તેઓ તેમને મિનિસ્ટ્રી ઑફ સાયંટિફિક રિસર્ચ અને કલ્ચરલ એફેર્સ તરફથી રૂા. ૩૦,૩૨૦ની જે ગ્રાંટ મળવાની છે, ને જે હજુ આવી નથી તે અંગે આ રકમ માગે છે કે ક્રેમ અથવા એડવાન્સ તરીકે માગે છે કે ક્રેમ તે પુછાવવું. જો એડવાન્સ તરીકે માગતા હોય તો તેવી રીતની તેમણે માગણી કરવી જોઈએ એમ પણ તેમને જણાવવું.

૬. નીચેના અધ્યાપકોની અરજીઓ નામંજૂર કરવી :

૧. શ્રી. સુદર્શન સિંધ મજીયઠિા,
એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

૨. શ્રી. કે. એમ. આચાર્ય,
શ્રી. સ્વામીનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ.

૩. શ્રી. આર. કે. ગાંધી,
પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ.

અને

શ્રી. ઈ. જી. કડિયા,
પી. ડી. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ.

૪. શ્રી. સી. બી. શેઠ,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

૫. શ્રી. એ. એસ. પ્રભુદેસાઈ,
બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.

૬. શ્રી. એસ. આર. શાહ,
બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

૭. શ્રી. બી. બી. જોશી,
શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચ.

શ્રી. બી. ડી. પંડ્યા,
શ્રી. સ્વામીનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

૯. શ્રી. બી. પી. ભટ્ટ,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

૩. ડૉ. એમ. એસ. કાન્વી-દેને " Haemorrhagic diathesis in Gujarat " એ વિષય પરત્વે ૧૯૫૮–૫૯માં આપવામાં આવેલ રૂા. ૫૦૦ની ગ્રાન્ટ તેમને અપૂરતી લાગી હોવાથી તેમને રૂા.૫૦૦ની વધારાની ગ્રાન્ટની માગણી અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:—ચાલુ વર્ષે આવેલ અરજીઓમાં શ્રી. કાન્વી-દેની ઉપરના વિષયમાં સંશોધન કાર્ય ચાલુ રાખવા માટે રૂા. ૧,૭૦૦ની ગ્રાન્ટની માગણી માટે અરજી આવેલી છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. કાન્વી-દેની અરજી ઉપર આઇટેમ નં. ૨ માં ઠરાવ્યા પ્રમાણે ડૉ. મોતીભાઈ ડી. પટેલને અભિપ્રાયાર્થે મોકલી આપવી.

૪. વર્ષ ૧૯૫૮–૫૯ દરમિયાન નીચેની વ્યક્તિઓને આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટ ચાલુ (રીન્યુ) કરીને તેમનાં નામ સામે જણાવેલ રકમનો બાકીનો બીજો હપ્તો આપવા બાબત. (આ કામ માટે બાકીના હપ્તાઓ ૧૯૫૯–૬૦ના વર્ષમાં આપવાના હોવાથી તે અંગે ચાલુ વર્ષમાં આપવાના હોવાથી તે અંગે ચાલુ વર્ષ દરમિયાન જોગવાઈ કરવાની રહેશે.)

નામ	વિષય	બીજા હપ્તાની રકમ
૧. ડૉ. એ. એમ. ત્રિવેદી	"Studies in corrosion"	રૂા. ૧,૦૦૦
૨. ડૉ. એચ. એચ. શાહ	"Study of Tuberculostatic & Other bacteriostatic activity of Radanti".	૧. ૨૭૫
૩. ડૉ. એમ. એસ. કાન્વીન્દે	"Haemorrhagic diathesis in Gujarat"	રૂા. ૨૫૦
૪. ડૉ. જે. એમ. જલુંધવાલા	"Incidence of ulmonary Tuberculosis in Patient following surgery for Peptic ulcer"	રૂા. ૨૫૦
૫. ડૉ. વાય. જી. નાયક વર્ષ ૧૯૫૭=૫૮.	"Optical properties of Films of metal microscope ande quipment".	રૂા. ૨,૫૦૦.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૫૮–૫૯માં જેઓને સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હોય અને તે પ્રમાણે પ્રથમ હપ્તો અગર બંને હપ્તા અદા કરવામાં આવ્યા હોય તેવા દરેક અધ્યાપક પાસેથી સંશોધન ગ્રાન્ટ અંગેના નિયમો પરત્વે તેમનું પુનઃ ધ્યાન ખેંચી તેમના સંશોધન કાર્યની પ્રગતિ અંગેનું વિગતવાર નિવેદન (પ્રોગ્રેસ રિપોર્ટ) મંગાવવું અને તે આવ્યા બાદ સમિતિના સભ્યોમાં પરિપત્રિત કરવું.

હવે પછીની સમિતિની બીજી બેઠક તા. ૧૫મી ઑક્ટોબર ૧૯૫૯ પછીથી અનુકૂળ દિવસે રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જ. મ. મહેતા,
રજિસ્ટ્રાર વતી

પરિશિષ્ટ "જ"
કામકાજ નં. ૬૩

તા. ૧-૧૦-૧૯૫૮ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની સિન્ડિકેટને ભલામણો

૧. યુનિવર્સિટી કેન્ટીન માટે ૧૯૫૯-૬૦નો કોન્ટ્રેક્ટ આપવા મંગાવેલાં ટેન્ડરો તાપાસી નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેન્ટીનનો કોન્ટ્રેક્ટ ટેન્ડરની શરતો પ્રમાણે ૩૧મી ડિસેમ્બર ૧૯૬૦ સુધીનો શ્રી. એસ. જે. ભરૂચાને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. ફાઇનાન્સ કમિટીની તા. ૯-૪-૧૯૫૯ના ઠરાવ્યા મુજબ મે. શ્રીપત ગોરધનદાસ એન્ડ સન્સને ક્રીમલેઇડ ફુલ્સકેપ ૧૬½" × ૨૧½" (૧૮ રતલી) રીમ ૩૦૦૦નો ઑર્ડર મૂકેલ. પરંતુ તેઓ ઉપરનો માલ હાલ આપી શકે તેમ નથી; પણ તેને બદલે ફુલ્સકેપ વાઇટ પ્રિન્ટિંગ આપવા તૈયાર છે. આ જથ્થામાંથી મેં વાઇસ-ચાન્સેલર સાહેબના હુકમથી ૨૦૦૦ રીમ ખરીદેલા છે તેની નોંધ લેવા બાબત અને બાકીના ૧૦૦૦ કાગળ ખરીદવા મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મે. વાઇસચાન્સેલર સાહેબના કાર્યની નોંધ લેવી અને મે. શ્રીપત ગોરધનદાસ એન્ડ સન્સ પાસેથી ફુલ્સકેપ વાઇટ પ્રિન્ટિન્ગ રીમ ૧૦૦૦ કંપનીના ભાવે ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૩. યુનિવર્સિટી લાયબ્રેરી માટે વાઇટ આઇવરી ફોરેન કાર્ડ્ઝની જરૂરત હોઈ તે અંગે મંગાવેલ ટેન્ડર તપાસી નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી માટે વાઇટ આઇવરી ફોરેન કાર્ડ્ઝ ૩૬ રતલી ૪૦ ગ્રોસ મે. કલ્યાણ પેપર માર્ટ પાસેથી રૂા. ૧૦૧.૧૬ ન. પૈ.ના ભાવે ખરીદવા મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૪. સિન્ડિકેટે મે. પ્રમોદ પેપર માર્ટ પાસેથી ડુપ્લિકેટિંગ પેપર પેકેટ્સ ૧૬૦૦ ખરીદવાનું મંજૂર કરેલું. પરંતુ તેઓના કાગળ ચારે બાજુથી કાપીને ન આવતા હોવાથી ડુપ્લિકેટિંગ મશીનમાં ચાલી શકે તેમ ન હોવાથી તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મે. પ્રમોદ પેપર માર્ટે આપેલા કાગળ યુનિવર્સિટી પ્રેસમાં ચારે બાજુ કપાવી લેવા અને તે માટે તેમના બિલમાંથી દરેક પેકેટે ચાર આના કાપી લેવા. અને બાકી રહેલો તેમનો ઑર્ડર રદ કરવો. હાલ ડુપ્લિકેટિંગ પેપરની બજારમાં અછત હોવાથી મે. જેસ્ટેટનર ડુપ્લિકેટર્સ લિ. પાસેથી ૮૦૦ પેકેટ્સ (સાડપાંચ રતલી) ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ નં. ૬૫

ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટીની કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓના નિવાસ અંગેનું માહિતીપત્ર

૧. કૉલેજનું નામ :
સરનામું :

૨. કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા—
વિદ્યાર્થીઓ :
વિદ્યાર્થિનીઓ :
કુલ સંખ્યા :

૩. કૉલેજના છાત્રાલયમાં રહેતા છાત્રોની સંખ્યા—

(ક) વિદ્યાર્થીઓ :
વિદ્યાર્થિનીઓ (જુદું છાત્રાલય હોય તો) :

(ખ) ગૃહપતિ (રેક્ટર)નું નામ :
સરનામું :
(૧) સુપરિન્ટેન્ડન્ટની સંખ્યા (નામ સાથે) :

(ગ) કૉલેજ છાત્રાલયની ઓરડીની
લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ :

(ઘ) ઓરડીદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા :

(ચ) છાત્રાલયમાં ભોજનની વ્યવસ્થાની ઢબ
(કૉન્ટ્રાક્ટથી કે વિદ્યાર્થીઓ જાતે) :

(છ) વિદ્યાર્થીદીઠ ભોજનખર્ચનો માસિક અંદાજ :

(જ) પીવાના પાણીની, નાહવાધોવાની તથા
જાજરૂ, પેશાબખાનું વગેરેની સગવડ :

(ઝ) દાક્તરી સારવારની સગવડ (તે કઈ ઢબની
છે તે જણાવવું) તથા—
(૧) વર્ષે આ સારવાર માટેનો ખર્ચ :
(૨) દાક્તરી સારવાર, માંદગી અથવા
અકસ્માત અંગે નોંધ :

(૮) વિદ્યાર્થીઓનાં શિસ્ત તથા નિયમન માટેની વ્યવસ્થા :

(૯) રોજ હાજરી લેવાય છે? કયે સમયે? :

(૩) કૉલેજ છાત્રાલયમાં વ્યાયામ, રમતગમત, વાચનાલય તથા પુસ્તકાલય બાબત જે વ્યવસ્થા હોય તેની વિગત :

આ ઉપરાંત નિયમન વિષેની જાણવાજેવી બીજી કોઈ બાબત હોય તો તેની નોંધ :

૪. કૉલેજના અન્ય વિદ્યાર્થીઓના નિવાસ વિષે વિગત —

(૬) પોતાનાં માતાપિતા સાથે ઘેર રહેતા વિદ્યાર્થી-ઓની સંખ્યા — :

(૧) વિદ્યાર્થીઓ :
(૨) વિદ્યાર્થિનીઓ :

(૫) સગાંસંબંધી કે અન્ય વાલીઓ સાથે રહેતા વિદ્યાર્થીઓની સંખ્યા —

(૧) વિદ્યાર્થીઓ :
(૨) વિદ્યાર્થિનીઓ :

(૭) સ્વતંત્ર રીતે મકાન ભાડે રાખીને રહેતા વિદ્યાર્થીઓની સંખ્યા —

(૧) વિદ્યાર્થીઓ :
(૨) વિદ્યાર્થિનીઓ :

(૯) (૧) કૉલેજ સિવાયનાં બીજાં છાત્રાલયો જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ રહેતા હોય તે છાત્રાલયોનાં નામઠામ :

(૨) અન્ય છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ ઉપર કૉલેજ તરફથી કશી દેખરેખ રખાય છે? :

દેખરેખની શી વ્યવસ્થા છે? :

પરિશિષ્ટ "૬"
કામકાજ નં. ૭૮

સને ૧૯૫૯ના માર્ચ-એપ્રિલની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ ગેરરીતિઓ વાપરી હોય તેમના કેસોની તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોએ કરેલ ભૂલો બાબત વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની સભા તા. ૧૭-૯-૧૯૫૯ના રોજ સાંજે ૪-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. એચ. પી. શુકલ	હાજર
૩.	શ્રી. એમ. ડી. પટેલ	હાજર
૪.	શ્રી. બિહારીલાલ પી. શાહ	હાજર
૫.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	હાજર

બેઠકનું પ્રમુખસ્થાન ઉપકુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

તા. ૨૩-૬-૧૯૫૯ અને તા. ૨૪-૬-૧૯૫૯ના રોજ મળેલ આ સમિતિના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

આ સભા સમક્ષના કામકાજના બધાં કાગળો સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. સમિતિ દરેક કેસના કાગળો જોઈ તપાસી ચર્ચાવિચારણા કરી સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરે છે.

વિદ્યાર્થીના પરીક્ષાનંબર	પરીક્ષા	સમિતિની ભલામણ
૩૧૧૧	પ્રથમ વર્ષ (પ્રી. યુનિ.) વિનયન	આ વિદ્યાર્થીને ચાલુ વર્ષે નાપાસ ગણી તા. ૩૧-૧૨-૧૯૬૦ સુધી યુનિ.ની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવો નહિ અને આ પરીક્ષામાં કે અગાઉ મેળવેલ એક્ઝમ્પશન રદ ગણવાં.
૧૬૪૯	પ્રથમ વર્ષ (પ્રી.યુનિ.) વિજ્ઞાન	નં. ૧૬૪૮ની ઉત્તરવહી કાઢી તે સાથે આ કેસની આગામી બેઠકમાં વિચારણા કરવી.
૧૪૭૪	પ્રથમ વર્ષ (પ્રી. યુનિ.) વાણિજ્ય	આ વિદ્યાર્થીને ચાલુ વર્ષે નાપાસ ગણી તા. ૩૧-૧૨-૧૯૬૦ સુધી યુનિ.ની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવો નહિ અને આ પરીક્ષામાં કે અગાઉ મેળવેલ એક્ઝમ્પશન રદ ગણવાં.

વિદ્યાર્થીના પરીક્ષાનંબર	પરીક્ષા	સમિતિની ભલામણ
૮૦૪	બી.એ.	આ બાબતમાં કાંઈ વધુ કરવાનું રહેતું નથી એમ ઠરાવામાં આવ્યું હતું.
૧૮૨૫	બી.એ.	આ બાબતમાં પ્રો. આર. એન. દેસાઈને ૧૦ વર્ષ સુધી પરીક્ષક કે પ્રાશ્નિક તરીકે નીમવા નહિ.
૨૩૧	એમ.એ.	આ બાબતમાં હકીકતની નોંધ લીધી હતી અને કોઈ પગલાં લેવાં નહિ.
૧૧૦	એફ.ઈ.	આ વિદ્યાર્થીને ચાલુ વર્ષે નાપાસ ગણી તા. ૩૧-૧૨-૧૯૬૦ સુધી યુનિ.ની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવો નહિ અને આ પરીક્ષામાં કે તે અગાઉ મેળવેલાં એક્ઝમ્પશન રદ ગણવાં.
૧૭૯૨	બી.એસસી.	આ વિદ્યાર્થીને ચાલુ વર્ષે નાપાસ ગણી તા. ૩૧-૧૨-૧૯૬૧ સુધી યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવો નહિ અને આ પરીક્ષામાં કે અગાઉ મેળવેલાં એક્ઝમ્પશન રદ ગણવાં.

પ્રાશ્નિકો, પરીક્ષકો વગેરેની ભૂલો બાબત સમિતિ ભલામણ કરે છે કે:—

૧. ૧૯૫૯ ના માર્ચમાં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૧૫૭૭ ના માર્ક્સ ૮૪ને બદલે ૩૪ બતાવેલ તે ભૂલ બદલ શ્રી. કે. આર. દવે, શ્રી. ડી. એમ. પટેલ, અને શ્રી. એસ. આર. ભવાનીના મહેનતાણામાંથી દરેકના રૂા. ૧૫ કાપી લેવા.

૨. માર્ચ ૧૯૫૯માં લેવાયેલી દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૮૫૨ની એકાઉન્ટસની બીજા વિભાગની ઉત્તરવહીની ચકાસણી કરતાં, સવાલ નં. ૪ના પાંચને બદલે ત્રણ માર્ક્સ દર્શાવવાની થયેલ ભૂલ બદલ પ્રો. જે. જી. માંકડના મહેનતાણામાંથી રૂા. ૧૫ કાપવા.

૩. એપ્રિલ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ એન્જિનિયરિંગ પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૭૩ની એન્જિનિયરિંગ ડ્રોઇંગની ઉત્તરવહીની ચકાસણી કરતાં, સવાલ નં. ૧ તપાસવાનો રહી ગયેા તે માલમ પડેલ ભૂલ બદલ શ્રી. ટી. એન. જોષીના મહેનતાણામાંથી રૂા. ૨૦ કાપી લેવા.

૪. બી.એ.ની પરીક્ષામાં ૫૦૬ નંબરની ઉત્તરવહી અંગે શ્રી. અકોલકર અને શ્રી. મધુરી શાહના પત્રોની નોંધ લીધી છે અને તેમાં હવે કાંઈ કરવાનું રહેતું નથી.

૫. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષાના કૉમર્શિયલ કૉરસ્પોન્ડેન્સના પેપરમાં સવાલ નં. ૪ પર "વિભાગ બીજો" છપાયું ન હતું તે ભૂલ બદલ પ્રૂફ વાંચનાર પ્રૉ. હકાણીના મહેનતાણામાંથી રૂા. ૫ કાપી લેવા.

૬. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયન અને વાણિજ્યની પરીક્ષાના મેથેમેટિક્સ પેપર બેના સવાલ નં. ૧૩માં ગુજરાતી ભાષાંતરમાં $y = x + an$ ને બદલે $y = \tan$ છપાયું હતું તે ભૂલ પ્રૂફ વાંચનાર શ્રી. પી. ડી. મામતોરાના મહેનતાણામાંથી રૂા. ૨ કાપી લેવા.

૭. એપ્રિલ ૧૯૫૯માં લેવાયેલ એમ.એ.ની પરીક્ષાના ઇકોનોમિક્સ ડેવલપમેન્ટ ઍન્ડ ફ્લુક્ટચ્યુએશનના માર્કસશીટ્સ પરીક્ષક શ્રી. રાંગણેકરે મોડા આપેલ તે બદલ તેમના મહેનતાણામાંથી રૂા. ૫૦ કાપી લેવા અને વધુમાં ઠરાવવામાં આવ્યું કે પાંચ વર્ષ સુધી તેમને આ યુનિ.માં પરીક્ષક તરીકે નીમવા નહિ.

૮. પ્રથમ વર્ષ મેડિકલની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૭૫ની ફિઝિયોલૉજી પેપર એકની ઉત્તરવહીમાં સવાલ નં. ૬ના માર્કસ ૫ને બદલે ૨ દર્શાવવાની થયેલ ભૂલ બદલ ડૉ. જે. સી. સચદેવના મહેનતાણામાંથી રૂા. ૧૫ કાપી લેવા.

૯. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૦૬૫ની બાયોલૉજીની મુખ્ય ઉત્તરવહીની ઉપર જુનિ. સુપરવાઇઝર શ્રી. બક્ષીની સહી રહી જવા અંગે તેમને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.

બાબત નં. ૧૦થી ૩૩ની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

ત્યાર બાદ સભા બરખાસ્ત થઈ હતી.

પરિશિષ્ટ "ઠ"
ક્રમાંક નં. ૮૧

UNIVERSITY SCHOOL OF SOCIAL SCIENCES

A study of the Organisation and Functions of Labour and Welfare Departments in Certain Textile Mills in Ahmedabad.

Introduction and Scope :

Many of the mills in Ahmedabad have created Labour Welfare Departments in recent years, mainly as a result of the Factories Act, 1948, which makes provision for the appointment of Welfare Officers. The present study is intended to indicate the organization and functions of such departments. The areas of investigation are broadly speaking :

1. The view of top management regarding the role of Welfare Officers;
2. The view of Welfare Officers regarding their role;
3. The view of line management regarding the role of Welfare Officers;
4. The view of workers regarding the role of Welfare Officers;
5. The view of Union regarding the role of Welfare Officers;
6. The tasks assigned to Welfare Officers and their compatibility;
7. The relation of the Welfare Department of other departments.

This study will indicate the factors making for the successful functioning of Labour and Welfare Departments.

Method of Study :

It is proposed to employ a full-time Research Assitant-cum-Investigator to interview Labour Welfare Officers and Union Officials. Members of the top management will be interviewed by the Reader and Dr. Berkowitz.

A representative sample of cotton textile in Ahmedabad will be chosen and the interviews will be conducted on the basis of a Schedule to be prepared.

Time :

The study may take about six months to complete.

Expenditure :

Salary of one Research Assistant at the rate of Rs. 150·00 to Rs. 300·00 p.m. (depending on qualifications)	..	Rs. 900 to 1800
Transport	..	Rs. 200
Stationery	..	Rs. 500
Salary for a part-time Typist at Rs. 100·00 p.m. for six months	..	Rs. 600
Total..		Rs. 2200 to 3100

Philip Thomas,
Reader in Labour Welfare.

Gujarat University Press, Ahmedabad—9.

G.U.P 350-300-11-'59.

મુસદ્દો

આનગી

સિન્ડિકેટ (નવેમ્બર)
તા. ૧૪-૧૧-'૫૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૫૯ના નવેમ્બર માસની સભા, શનિવાર, તા. ૧૪-૧૧-૧૯૫૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. વી. એચ. ભાનોટ, ડેપ્યુટી ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર
૩.	શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ	ગેરહાજર
૪.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૫.	શ્રી. એ. એમ. નાયક	ગેરહાજર
૬.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૭.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૮.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૯.	ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૧૦.	શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૧૧.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૨.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૩.	પ્રૉફેસર ઉમાશંકર જોશી	હાજર
૧૪.	પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	હાજર
૧૫.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ	ગેરહાજર
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭.	પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	હાજર

૧. તા. ૩-૧૦-૧૯૫૯ના રોજ મળેલ સિન્ડિકેટની ઑક્ટોબર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૩-૧૦-૧૯૫૯ના રોજ મળેલી સિન્ડિકેટની ઑક્ટોબર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. સેનેટે તેની તા. ૧૩/૧૪-૧૦-૧૯૫૯ની સભામાં "રિફર બૅક" કરેલ રૂટે. ૧૩૬ના મુસદ્દા પરત્વે વિચારણા કરવા બાબત :

S. 136. For all purposes of the Act —

(a) The term 'Teacher' within the meaning of Section 2, sub-clause (12), shall include —

(i) Professors, Readers and Lecturers giving instruction in a recognised Institution or an affiliated College or other persons holding appointments of similar character;

(ii) Every person who is appointed or recognised as a teacher of the University as defined by Section 2 (13);

(iii) Instructors of Physical Training who are on the permanent staff of a College;

(iv) Honoraries or Assistant Honoraries who are Tutors in Medical Colleges.

Notwithstanding anything contained in this sub-clause the name of a part-time teacher who does not work for at least four periods a week in any one affiliated College, recognised Institution or University department shall not be included in the electoral roll of teachers in any Faculty.

(b) Teachers imparting instruction in High Schools in the University area for not less than twelve hours or eighteen periods per week, whichever is less, are declared to be Secondary Teachers, under Sec. 2 (10).

(c) The term "Head Master" shall mean the head of a High School.

(**નોંધ.**—પુનર્વિચારણા માટે નીચેના મુદ્દાઓ ચર્ચા દરમિયાન રજૂ થયા હતા :

૧. તબીબી વિદ્યાશાખામાં ક્લિનિકલ વિષયોના શિક્ષણનું કામ ગણતરીમાં લેવામાં આવશે એવી સ્પષ્ટતા કરવા બાબત;

૨. અનુસ્નાતક શિક્ષકો પૈકી જેઓ કેવળ સંશોધન માટે માર્ગદર્શન આપતા હોય તેવા શિક્ષકોના કામની સ્પષ્ટતા કરવા બાબત;

૩. તબીબી વિદ્યાશાખા સિવાયની બીજી વિદ્યાશાખાઓમાં ટ્યુટરોને મતાધિકાર આપવાનું વિચારવા બાબત; અને

૪. માનદ શિક્ષકો તરીકે કામ કરતી વ્યક્તિઓનું ઓછામાં ઓછું કામ નક્કી કરવા બાબત.)

ચર્ચાવિચારણાને અંતે એમ ઠરાવવામાં આવ્યું કે, યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓમાં કામ કરતી બધી કૉલેજોમાં ટ્યુટર, ડેમોન્સ્ટ્રેટર, આસિસ્ટન્ટ લેક્ચરર વગેરે નામથી ઓળખાતા બધા શિક્ષકો માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ તથા પગારધોરણની વિગતો મેળવીને આ બાબત રજિસ્ટ્રારે વિગતવાર રિપોર્ટ તૈયાર કરીને ફરીથી રજૂ કરવી.

૩. સેનેટે તેની તા. ૧૩/૧૪-૧૦-૧૯૫૯ની સભામાં પસાર કરેલ શ્રી. ચંદ્રવદન ચુ. શાહના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"માતૃભાષા દ્વારા સઘળા તબક્કાનું શિક્ષણ આપવાના સિદ્ધાંતમાં પોતાની અવિચળ શ્રદ્ધા ફરીથી વ્યક્ત કરતાં ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ગુજરાતી પરિભાષા તેમ જ પાઠ્યપુસ્તકોની બાબતમાં કેટલીક વિદ્યાશાખામાં જોઈએ તેટલી પ્રગતિ થઈ ન હોવાથી વિદ્યાર્થીઓને કફોડી સ્થિતિમાં મુકાવું પડે છે અથવા નજીકના ભવિષ્યમાં મુકાવું પડશે એ પરિસ્થિતિ વિષે પોતાની ઊંડી ચિંતાની લાગણી દર્શાવે છે. આવશ્યક પરિભાષા તથા પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા સારુ તેમ જ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાના સિદ્ધાંતનો ગુજરાત યુનિવર્સિટીની બધી વિદ્યાશાખામાં અસરકારક રીતે અમલ થાય તે માટે જરૂરી યોજના ને સમયપત્રક ઘડી કાઢવા સારુ અને વચગાળાના સમયમાં માધ્યમ અને પાઠ્યપુસ્તકોની શી વ્યવસ્થા કરવી એ વિષે પ્રત્યેક વિદ્યાશાખાની અનુકૂળતા-પ્રતિકૂળતા લક્ષમાં રાખી ચોક્કસ ભલામણો કરવા સારુ એક સમિતિ નીમવા અને તેનો હેવાલ પોતાની ભલામણ સાથે માર્ચ ૧૯૬૦ના અંત પહેલાં સેનેટ સમક્ષ રજૂ કરવા આ સભા સિન્ડિકેટને આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપરોક્ત ઠરાવ પરત્વે વિચારણા કરી રિપોર્ટ કરવા વાસ્તે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :—

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ (અધ્યક્ષ);
૨. શ્રી. ચન્દ્રવદન સી. શાહ;
૩. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક;
૪. પ્રોફેસર ઉમાશંકર જોશી;
૫. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ;
૬. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;
૭. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ;
૮. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૯. પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઈ;
૧૦. પ્રિન્સિપલ યશવંત પ્રા. શુક્લ;
૧૧. પ્રિન્સિપલ એમ. એસ. પંડિત;
૧૨. ડૉ. એમ. ડી. દેસાઈ;
૧૩. શ્રી. ડી. એન. પાઠક;
૧૪. પ્રોફેસર એમ. એમ. પટેલ; અને
૧૫. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર (મંત્રી).

૪. સેનેટે તેની તા. ૧૩/૧૪-૧૦-૧૯૫૯ની સભામાં પ્રિન્સિ. એલ. આર. દેસાઈના સુધારાસહ પસાર કરેલ શ્રી. ચંદ્રવદન ચુ. શાહના નીચે ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

" અખિલ હિન્દ માટે સૂચવાયેલી ઉચ્ચ શિક્ષણની તરાહને અનુરૂપ બનવા તેમ જ રાજ્યની જુદી જુદી વિદ્યાપીઠો વચ્ચે વ્યવહાર સરળ બનાવવા ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ત્રિવાર્ષિક સ્નાતક અભ્યાસક્રમ (Three-year Degree Course)ની યોજના સ્વીકારવા અને મોડામાં મોડી જૂન ૧૯૬૨થી તેને અમલી બનાવવા સારુ યોગ્ય પગલાં લેવા આગ્રહભરી વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવ પરત્વે સમગ્રપણે વિચાર કરીને રિપોર્ટ કરવા સારુ નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ (અધ્યક્ષ);
૨. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક;
૩. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૪. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૫. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ;
૬. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ; અને
૭. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર (મંત્રી).

૫. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગરને બી. એ. (રૂપે.) અર્થશાસ્ત્ર અને ગુજરાતી અને બી.એ. (જન.) અંગ્રેજી, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સંસ્કૃત, હિન્દી, તત્ત્વજ્ઞાન, માનસ-શાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના વિષયોમાં જોડાણ ચાલુ રાખવા અંગેની આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રોફેસર બી. આર. શેનોય; અને
૨. પ્રિન્સિપલ યશવંત પ્રા. શુકલ.

૬. શ્રી. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરને ત્રીજી બી.એ. એમ.એસ.ના અભ્યાસક્રમો માટે તા. ૧૦-૧૧-૧૯૬૦થી જોડાણ ચાલુ રાખવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. એમ. ડી. દેસાઈ;
૨. ડૉ. પી. એમ. મહેતા; અને
૩. પ્રિન્સિપલ બાપાલાલ જી. વૈદ્ય

૭. સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિ માટે નિમાયલા બે સભ્યો પૈકી ડૉ. ધૂર્યેએ આ આમંત્રણ સ્વીકાર્યું ન હોઈ તેમની જગાએ બીજી લાયક વ્યક્તિને નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિ પર ડૉ. ધૂર્યેની જગ્યાએ પ્રૉફેસર કે. એમ. કાપડિયાની નિમણૂક કરવી.

૮. અધ્યાપકગણમાં થતા ફેરફારો અંગેની સ્થાયી સમિતિની તા. ૩૦-૯-૧૯૫૯ના રોજ મળેલ સત્તરમી બેઠકની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર નોંધ મંજૂર કરવી.

(નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૯. ઉત્કલ યુનિવર્સિટીના આશ્રયે, કટક મુકામે તા. ૨૮થી ૩૧ ડિસેમ્બર ૧૯૫૯ દરમિયાન ભરાનાર અખિલ ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદના ૩૪મા અધિવેશનમાં આ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન ભવનના સભ્યોને, પ્રતિનિધિ તરીકે મોકલવા મજકૂર પરિષદ તરફથી આવેલા તા. ૨૬-૯-૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પી. એમ. મોદીને મોકલવા.

૧૦. ઇન્ડિયન ઇકૉનોમિક એસોસિયેશનનું બેતાલીસમું અધિવેશન, અન્નામલાઈ યુનિવર્સિટીના આશ્રયે ૩૧મી ડિસેમ્બર ૧૯૫૯થી ૨ જાન્યુઆરી ૧૯૬૦ દરમિયાન અન્નામલાઈ મુકામે મળનાર હોઈ, આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિ મોકલવા મજકૂર મંડળના માનદ મંત્રી અને ખજાનચી તરફથી આવેલ તા. ૮ ઑક્ટોબર ૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રતિનિધિઓ, જો ઉપરોક્ત મંડળના સભ્ય ન હોય તો, પ્રતિનિધિ ફી રૂા. ૧૫ આપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રૉફેસર બી. આર. શેનોય અને પ્રિન્સિપલ એ. આર. દેસાઈને મોકલવા.

(નોંધ.—સંજોગવશાત્ પ્રૉફેસર શેનોય જઈ શકે તેમ ન હોય તો તેમને બદલે શ્રી. એચ. એન. પાઠકને મોકલવા.)

૧૧. મદ્રાસ યુનિવર્સિટીના આશ્રયે તા. ૨થી ૪ જાન્યુઆરી ૧૯૬૦ દરમિયાન "ઑલ-ઇન્ડિયા લેબર ઇકૉનોમિક્સ"ની ત્રીજી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે "ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકૉનોમિકસ્"ના સહાયક મંત્રી તરફથી આવેલ તા. ૨૯-૧૦-૧૯૫૯ના વિજ્ઞપ્તિપત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ફિલિપ થોમસને મોકલવા.

૧૨. પંજાબ યુનિવર્સિટીના આશ્રયે, ચંદીગઢ મુકામે "ધી ઇન્ડિયન કૉમર્સ એસોસિયેશન"નું ૧૩મું અધિવેશન તા. ૩૦, ૩૧ ડિસેમ્બર ૧૯૫૯ અને ૧લી જાન્યુઆરી ૧૯૬૦

દરમિયાન મળનાર હોઈ, આ અંગે આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે "ધી ઇન્ડિયન કૉમર્સ ઍસોસિયેશન" ના સહમંત્રી તરફથી ૨૩ ઑક્ટોબર ૧૯૫૯ના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૩. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના આશ્રયે "ઑલ-ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ કૉન્ફરન્સ"નું ૧૦મું અધિવેશન તા. ૨૯થી ૩૧મી ડિસેમ્બર ૧૯૫૯ દરમિયાન મળનાર હોઈ એ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર પરિષદના સ્થાનિક મંત્રી તરફથી આવેલ તા. ૧૦મી ઑક્ટોબર ૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ અને પ્રિન્સિપલ એન. એન. ભરૂચાને મોકલવા.

૧૪. મુંબઈ મુકામે આગામી ડિસેમ્બર માસના છેલ્લા અઠવાડિયામાં અખિલ ભારતીય લોકસાહિત્ય પરિષદનું બીજું અધિવેશન મળનાર હોઈ આ અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. ઉમાશંકર જોષીને મોકલવા વાસ્તે મજકૂર પરિષદના મંત્રી તરફથી આવેલ તા. ૬–૧૦–૧૯૫૯ના પત્રાંક એફ. સી. વી. સી. ૧૫–૫૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૫. મદ્રાસ મુકામે "ધી મદ્રાસ સાયકોલોજિકલ સોસાયટી"ના ઉપક્રમે યોજનાર "ઇન્ડસ્ટ્રિયલ સાયકોલોજી" અંગેના સેમિનારમાં ડૉ. પ્રભુને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા વાસ્તે મજકૂર સોસાયટીના પ્રમુખ તરફથી આવેલ તા. ૮મી ઑક્ટોબર ૧૯૫૯નાં પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર "સેમિનાર"માં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પી. એચ. પ્રભુને મોકલવા.

૧૬. ઉત્તરપ્રદેશ સરકારના આશ્રય હેઠળ "ઑલ-ઇન્ડિયા કાઇમ પ્રીવેન્શન સોસાયટી" તરફથી લખનૌ મુકામે ફેબ્રુઆરી તા. ૪થી ૬, ૧૯૬૦ દરમિયાન યોજનાર "કરેક્શનલ એડમિનિસ્ટ્રેશન" અંગેના સેમિનારમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના પ્રમુખના તા. ૧૦–૧૦–૧૯૫૯ના પત્રાંક A/c. PS/Pr ૬૭૦–૫૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર "સેમિનાર"માં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૭. અમૃતસર મુકામે તા. ૨૯થી ૩૦ ડિસેમ્બર ૧૯૫૯ દરમિયાન યોજનાર "એનેટોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા"ની ૯મી વાર્ષિક પરિષદમાં ભાગ લેવા, યુનિવર્સિટી સાથે સંલગ્ન મેડિકલ

કૉલેજોના એનેટોમી વિષય શીખવતા શિક્ષકોમાંથી બે શિક્ષકોને પ્રતિનિધિઓ તરીકે મોકલવા વાસ્તે મજકૂર સોસાયટીના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૨૧-૮-૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૧૮. તા. ૨૪-૧-૧૯૫૯ અને તા. ૪-૭-૧૯૫૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાઓના નીચે મુજબના ઠરાવો ઉપરની તા. ૨૯-૮-૧૯૫૯ના રોજ મળેલ અંગ્રેજીની અભ્યાસસમિતિની ભલામણ :—

સિન્ડિકેટનો ઠરાવ, સભા તા. ૨૪-૧-૧૯૫૯

"આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ યર (પ્રી-યુનિ.) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના પરીક્ષાઓ માટે પસંદ કરેલા પાઠો (Selections) રાખવા બાબતમાં મજકૂર અભ્યાસસમિતિઓનો સ્પષ્ટ મત છે પણ ઇન્ટરમીડિયેટ પદવીના પ્રથમ વર્ષમાં પસંદ કરેલા પાઠો (Selections) રાખવાની બાબત ફરીથી વિચારણા કરવા માટે અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત અને હિન્દીની અભ્યાસસમિતિઓને વિનંતી કરવી."

સિન્ડિકેટનો ઠરાવ, સભા તા. ૪-૭-૧૯૫૯

"આર્ટ્સ, સાયન્સ અને ફાર્મસીના પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમમાં ભાષાઓના વિષયોને માટે, તે તે ભાષાઓને અંગે મૂળ એસ. એસ. સી.નું ધોરણ ધ્યાનમાં રાખીને તેની આગળ વધતી યોગ્ય શ્રેણીએ ધોરણે ગદ્ય અને પદ્યની પસંદ કરેલી કૃતિઓના સંગ્રહો (Selections) તૈયાર કરવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓનાં સૂચનો મેળવવાં."

અંગ્રેજીની અભ્યાસસમિતિની ભલામણ

"The Board approves of the suggestion that the selection of reading material in English for the various University courses should be made on the principle of gradation from the less to the more difficult, the text-book for the Pre-University year being so compiled as to make it a follow-up on the S.S.C. Examination text-book.

The Board is of the view that to produce such reading material a systematic investigation of the problem of gradation beyond the S.S.C. Examination stage will have to be undertaken and that this will involve considerable research and consequent expenditure. The Board recommends to the Syndicate that such a project be undertaken by the University.

In view of the above, the Board resolves to recommend for the present, the compilation of a book of selections for the Pre-University year only; it is not in favour of compiling a book of selections for the Intermediate year also."

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજીની અભ્યાસસમિતિની ઉપરની ભલામણની નોંધ લેવી તથા નીચેની ભલામણ યુનિવર્સિટીના બોર્ડ ઑફ પબ્લિકેશન્સની વિચારણા માટે મોકલી આપવી :

"The Board resolves to recommend for the present, the compilation of a book of selections for the Pre-University year only; it is not in favour of compiling a book of selections for the Intermediate year also."

૧૯. આંતરદેશીય યુવક છાત્રાલય મંડળ અને ભારતના છાત્રાલય મંડળના સંયુક્ત ઉપક્રમે, તા. ૨૧થી ૨૫ નવેમ્બર ૧૯૫૯ દરમિયાન દિલ્હી મુકામે બીજી Asian Youth Hostels Conference યોજનાર હોઈ આ અંગે આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે, મજકૂર મંડળના રાષ્ટ્રીય મંત્રી તરફથી આવેલ તા. ૨૬–૯–૧૯૫૯ના પત્રાંક ૧૦૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૨૦. સિન્ડિકેટની તા. ૪–૭–૧૯૫૯ની સભાના નીચે મુજબના ઠરાવ પરત્વે તા. ૨૬–૮–૧૯૫૯ના રોજ મળેલ હિન્દીની અભ્યાસસમિતિની ભલામણ :

સિન્ડિકેટનો ઠરાવ (તા. ૪–૭–૧૯૫૯ની સભા)

"આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ અને ફાર્મસીના પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમમાં ભાષાઓના વિષયોને માટે તે તે ભાષાઓને અંગે મૂળ એસ.એસ.સી.નું ધોરણ ધ્યાનમાં રાખીને તેની આગળ વધતા યોગ્ય ગણાય એ ધોરણે ગદ્ય અને પદ્યની પસંદ કરેલી કૃતિઓના સંગ્રહો (Selections) તૈયાર કરાવવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓનાં સૂચનો મેળવવાં."

હિન્દીની અભ્યાસસમિતિની ભલામણ

"આ અભ્યાસસમિતિએ પ્રથમથી જ આ સૂચનને અનુમોદન આપ્યું છે તે તરફ સિન્ડિકેટનું ધ્યાન દોરવામાં આવે છે."

(નોંધ.—હિન્દીનીઅભ્યાસસમિતિનો અગાઉનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે હિન્દી માટેના આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ, અને ફાર્મસીના પ્રથમ વર્ષના અભ્યાસક્રમ માટે સંચયન તૈયાર કરવાના સૂચન સાથે આ અભ્યાસ-સમિતિ સહમત છે અને તે માટેનાં આવશ્યક પગલાં સિન્ડિકેટ લે ત્યારે આ અભ્યાસસમિતિ સહમત છે.)"

આથી ઠરાવવામાં આવે કે, મજકૂર અભ્યાસસમિતિની ભલામણ બોર્ડ ઑફ પબ્લિકેશન્સને વિચારણા માટે મોકલી આપવી.

૨૧. તા. ૪–૭–૧૯૫૯ની સિન્ડિકેટની સભાના ઠરાવ પરત્વે તા. ૨૬–૮–૧૯૫૯ના રોજ મળેલ હિન્દીની અભ્યાસસમિતિની ભલામણ :

સિન્ડિકેટનો ઠરાવ (તા. ૪-૬-૧૯૫૯ની સભા)

"યુનિવર્સિટીનાં પ્રકાશનો તૈયાર કરવા માટે અભ્યાસક્રમ અને કયાં પ્રકાશનો તાત્કાલિક છપાવવાં તથા કયાં પ્રકાશનો ત્યાર પછી આગળ હાથ ધરવાં તે બાબત અંગેની ક્રમવાર સૂચનાઓ આપવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓને વિનંતી કરવી."

હિન્દીની અભ્યાસસમિતિની ભલામણ

"સિન્ડિકેટના ઠરાવની વિચારણા કરતાં જણાય છે કે ગુજરાતી ભાષામાં વિવિધ વિષયો માટે આધારભૂત ગ્રંથોનો અનુવાદ પ્રાપ્ત થાય તે હેતુથી સૂચનાઓ માંગવામાં આવી છે. આ અભ્યાસસમિતિ માને છે કે ભાષા સિવાયના વિષયો માટે આવાં પ્રકાશનોની તાત્કાલિક અગત્યતા છે. એટલે અત્યારે હિન્દીમાંથી ભાષાંતર કરવા યોગ્ય પુસ્તકોની યાદી તત્કાળ આપવામાં આવી નથી, પરંતુ જ્યારે પણ એવું પ્રકાશનકાર્ય હાથ ધરાય ત્યારે હિન્દીની અભ્યાસસમિતિ, આવી યાદી સુપરત કરશે."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર અભ્યાસસમિતિની ઉપરની ભલામણની નોંધ લેવી.

૨૨. મેડિકલ ફેકલ્ટીના સ્નાતકો માટે ઑ. ૨૭૨ (એ) હેઠળ અભ્યાસોત્તર તાલીમ (ઇન્ટર્નશિપ) સંબંધમાં નીચેની બાબતો ઉપર વિચારણા કરવા બાબત:

૧. સિન્ડિકેટે તેની તા. ૮-૮-૧૯૫૯ની સભામાં સુરતની હૉસ્પિટલો ઇન્ટર્નીઝને રહેવાજમવાની સગવડ આપે તો જ તેઓને ઇન્ટર્નશિપ માટે મંજૂર કરવાના ઠરાવને અનુલક્ષીને મજકૂર કૉલેજોને તેઓ આ સગવડો આપી શકશે કે કેમ તે પુછાવતાં આવેલા જવાબો.

૨. મ્યુનિસિપલ મેડિકલ યુનિટ, મહુવા (સૌરાષ્ટ્ર)ને ઇન્ટર્નશિપ માટે માન્ય કરવા તથા હાલ પૂરતું ચાર વિદ્યાર્થીઓની તાલીમ મર્યાદિત રાખવા મજકૂર હૉસ્પિટલ માટે યુનિવર્સિટીએ નીમેલ મુલાકાતીઓની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર હૉસ્પિટલોમાં કેટલા તાલીમી વિદ્યાર્થીઓને સગવડ આપી શકાય તેમ છે તે માહિતી સાથે આ બાબત ફરીથી રજૂ કરવી.

૨૩. તા. ૨૯-૮-૧૯૫૯ના રોજ મળેલ અંગ્રેજીની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ:

"It further resolves that the chairman of the Board of Examiners at each examination be requested to record in their reports as far as possible the typical errors found in the answer-books of the candidates."

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજીની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. માર્ચ ૧૯૬૦માં લેવાનાર પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓની તારીખો મજકૂર માસમાં લેવાનાર એસ.એસ.સી.ની પરીક્ષાઓની તારીખો સાથે અંતરાતી હોવાથી આગામી મજકૂર પરીક્ષાઓ શરૂ કરવાની તારીખો સંબંધી વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓ તા. ૧૪મી માર્ચથી (બીજે સોમવાર માર્ચ મહિનાનો) શરૂ થાય જ્યારે ૧૬મી માર્ચથી એસ.એસ.સી.ની પરીક્ષા શરૂ થનાર છે અને તા. ૨૪મી સુધી ચાલુ રહેનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ યર (પ્રી-યુનિવર્સિટી) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની આગામી પરીક્ષાઓ તા. ૨૧મી માર્ચ ૧૯૫૯થી શરૂ કરવાનું રાખવું, અને તે પ્રમાણે કરતાં બીજી પરીક્ષાઓના સમયપત્રકમાં ફેરફાર કરવાનું થાય તો તે વિચારીને તે અંગેનો પ્રસ્તાવ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

૨૫. પોસ્ટ-ગ્રેજ્યુએટ-એમ.એ. અને એમ.એસસી.ની પરીક્ષાના વિષયો જે કેન્દ્ર પર શીખવવામાં આવે છે તે કેન્દ્રોના મથકો પર મજકૂર પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો રાખવા માટે શ્રી. આચાર્ય, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્યનું ઉપરનું સૂચન મંજૂર કરવું નહિ.

૨૬. ડૉ. તારાબેન પટેલકૃત "સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો" એ પુસ્તક માટે અનુવાદક-લેખક અને પ્રકાશક વચ્ચે કરવાના કરારનામાની કલમોમાં ફેરફાર કરવા અંગે ડૉ. તારાબેન પટેલ તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. તારાબેન પટેલ સાથે કરવાના કૉન્ટ્રેક્ટની કલમ ૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવી:

"2. In order to avoid all manner of doubts and difficulties, it has been agreed by the Author that she will sell, transfer and assign all her copyrights in the above work in Gujarati to the Publisher absolutely for a sum of Rs. 1,000 for the first edition (1500 copies) and for subsequent editions royalty to be paid to the Author at the rate of 15 per cent. on sales of the book by way of royalty payable at the end of each financial year of the University.

It is further agreed by the Author that, in the event of her selling of the copy-right in the above work in languages other than Gujarati, she shall give first preference to the present Publisher, viz, the Gujarat University."

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કલમ ૮ રદ કરવાનું ડૉ. તારાબેન પટેલનું સૂચન મંજૂર કરવું નહિ.

૨૭. રાષ્ટ્રીય નવા કૅલેન્ડરનો ઉપયોગ કરવા બાબતમાં ભારત સરકારના તા. ૧૫મી ઑક્ટોબર ૧૯૫૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. ૧૯૫૮-૧૯૫૯ના વર્ષ માટેના ફૅરેન યુનિવર્સિટીઝ ઇન્ફરમેશન બ્યુરોનો વાર્ષિક હેવાલ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર હેવાલ મંજૂર કરવો.

(મંજૂર થયેલા હેવાલની નકલ **પરિશિષ્ટ 'ખ'** તરીકે સામેલ છે.)

૨૯. પ્રેસના કૉપી-હોલ્ડરના પગારના ધોરણમાં (રૂા. ૫૫-૩-૮૫-૪-૧૨૫-૫-૧૩૦માં) ફેરફાર કરવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસમાં કૉપી-હોલ્ડરની જગ્યા માટેનું પગારધોરણ બદલીને રૂા. ૫૫-૫-૧૧૦-ઈ. બી.-૮-૧૫૦નું રાખવું.

૩૦. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના સભ્યોનો પ્રોબેશન સમય તેમનાં નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોવાથી કાયમ કરવા બાબત.

૧.	શ્રી. પી. એમ. મકવાણા	પટાવાળા,	યુનિ. કાર્યાલય	૨૬-૧૧-૧૯૫૯
૨.	શ્રી. સી. સી. દવે	જુનિયર ક્લાર્ક	,, ,,	૩૦-૧૧-૧૯૫૯
૩.	શ્રી. પી. પી. દોશી	,, ,,	,, ,,	૩૦-૧૧-૧૯૫૯
૪.	શ્રી. સી. સી. શાહ	,, ,,	,, ,,	૩૦-૧૧-૧૯૫૯
૫.	શ્રી. એમ. એ. ત્રિવેદી	,, ,,	,, ,,	૩૦-૧૧-૧૯૫૯

મજકૂર સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. તે પરત્વે વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે, નીચે જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે બતાવેલ જગા પર અને તારીખથી કાયમ કરવા :

૧.	શ્રી. પી. એમ. મકવાણા	પટાવાળા	તા. ૨૭-૧૧-૧૯૫૯
૨.	શ્રી. પી. પી. દોશી	જુનિ. ક્લાર્ક	તા. ૧-૧૨-૧૯૫૯
૩.	શ્રી. સી. સી. શાહ	જુનિ. ક્લાર્ક	તા. ૧-૧૨-૧૯૫૯
૪.	શ્રી. એમ. એ. ત્રિવેદી	જુનિ. ક્લાર્ક	તા. ૧-૧૨-૧૯૫૯

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. સી. દવેને કાયમ ન કરતાં તેમને ઘટતી નોટિસ આપીને છૂટા કરવા.

૩૧. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન લેબર વેલ્ફેર તરીકે કામ કરતાં શ્રીમતી ધીરુબહેન પંડિતનો પ્રોબેશન સમય તા. ૪-૧૧-૧૯૫૯ના રોજ પૂરો થતો હોવાથી તેમને કાયમ કરવા બાબતમાં ભવનના અધ્યક્ષના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત.

શ્રી. રજિસ્ટ્રારે ભવનના અધ્યક્ષનો રિપોર્ટ રજૂ કર્યો હતો.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી ધીરુબહેન પંડિતને સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની જગ્યાએ કાયમ ન કરતાં ચાલુ સત્ર પૂરતો તેમના પ્રોબેશનનો સમય લંબાવવામાં આવે તથા આ સત્રને અંતે તેમને છૂટાં કરવામાં આવે.

૩૨. મનોવિજ્ઞાન ભવનમાં ખાલી પડેલી રીડર ઇન સાયકોલોજીની જગા પૂરવા બાબતમાં વરણીસમિતિની તા. ૪-૧૦-૧૯૫૯ના રોજ મળેલી સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર ડૉ. સી. ટી. ભોપટકરની, રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી મનોવિજ્ઞાન ભવનમાં મનોવિજ્ઞાનના રીડર તરીકે નિમણૂક કરવી.

(સમિતિની નોંધની નકલ **પરિશિષ્ટ 'ગ'** તરીકે સામેલ છે.)

૩૩. સિન્ડિકેટે તેની તા. ૯-૨-૧૯૫૯ની સભામાં નીમેલી ઇન્સ્યોરન્સ કમિટીની ભલામણો મંજૂર કરવા બાબત તથા તે ભલામણો તા. ૮-૫-૧૯૫૯થી અમલમાં આવેલી ગણવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ 'ઘ'** તરીકે સામેલ છે.)

૩૪. "પ્રિ. ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે આવેલી અરજીઓ તપાસી સિન્ડિકેટને ભલામણ કરવા માટે, નિયમ પ્રમાણે જે તે વિષયના નિષ્ણાતોની બનેલી એક સમિતિ નીમવા બાબત. (આ વખતે આ સુવર્ણચંદ્રક વિનયન શાખામાં આપવાનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત વારતે વિચારણા કરીને ભલામણ કરવા વારતે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. શ્રી. ક. મા. મુનશી;

૨. પ્રોફેસર એમ. એલ. દાંતવાલા; અને

૩. પ્રોફેસર કે. એમ. કાપડિયા

૩૫. (૧) તા. ૭-૮-૧૯૫૯ના રોજ મળેલી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભામાં આંતર-વિભાગીય હરીફાઈઓ માટે અમ્પાયર્સ વગેરેને આપવાનાં પ્રવાસ તથા અન્ય ભથ્થાં અંગે થયેલો નીચેનો ઠરાવ :

ઠરાવ

"અમ્પાયર્સ-રેફરીઝને બહારગામ જવાઆવવા માટે ફર્સ્ટ ક્લાસનું રેલવે ભાડું, પાંચ રૂપિયા મુસાફરીખર્ચ ભથ્થાના તથા મેચનો રેફરીઝ-અમ્પાયરિંગ ચાર્જ બોર્ડે નક્કી કરેલાં છે તે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ, ઇન્ટર-ગ્રુપ માટે નક્કી કરેલા રૂા. ૫૦૦ના ફંડમાંથી આપવા."

૨. તા. ૧૨-૯-૧૯૫૯ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો :

(અ) આથી ઠરાવવામાં આવે છે કે આંતરયુનિવર્સિટી ખોખો (ભાઈઓ-બહેનો)ની હરીફાઈના સંચાલન માટે જરૂરી ઉપસમિતિઓ નીમવાની તથા વધુમાં વધુ ત્રણ સભ્યો કો-ઑપ્ટ કરવાની સત્તા સહિત નીચેના સભ્યોની બનેલી એક

સમિતિ નીમવાની આ બોર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે.

૧. પ્રિ. એસ. આર. ભટ્ટ
૨. પ્રિ. ડૉ. પી. સી. વૈદ્ય
૩. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી
૪. શ્રી. છગનભાઈ પી. પટેલ
૫. પ્રિ. ટી. એ. દેસાઈ
૬. પ્રિ. ર. પ્રા. શુકલ
૭. શ્રી. શાંતિલાલ સી. શાહ
૮. પ્રૉ. એમ. એમ. પટેલ
૯. શ્રી. વી. પી. મહેતા.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે પ્રૉ. વી. કે. સિંગના સૂચન પ્રમાણે યુનિવર્સિટીનાં ત્રણે ભવનો માટે એક જ જિમખાના રાખવાનું મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્પૉર્ટ્સની સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૨) (અ) આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્પૉર્ટ્સની સદરહુ ભલામણ મંજૂર કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં તમામ વિદ્યાભવનોનું એક સંયુક્ત રમતગમત મંડળ (જિમખાના) રાખવું, તથા આ માટે ઘટતા નિયમો ઘડવા માટે તમામ ભવનોના અધ્યક્ષોની બનેલી એક સમિતિ નીમવી.

૩૬. યુનિવર્સિટીને નીચે મુજબની ગ્રાન્ટો મળી છે તેની નોંધ લેવા બાબત :

(૧) મુંબઈ સરકાર તરફથી મેઇન્ટેનન્સ ગ્રાન્ટ પેટે મળેલ રૂા. ૨,૮૨,૭૮૯નો હપ્તો.

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂા. ૨,૦૦,૦૦૦ (રૂા. બે લાખ). (Grant for Development of Higher Scientific Educational Research, Second Five Year Plan)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૩૭. અમદાવાદ મુકામે તા. ૨૩થી ૨૫ ઑક્ટોબર ૧૯૫૯ દરમિયાન મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૦મા સંમેલનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ઉપકુલપતિશ્રી અને પ્રૉ. ઉમાશંકર જોષીની નિમણૂક કર્યાની તથા રૂા. ૫૦૧ની આર્થિક સહાય આપ્યાની ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના મજકૂર કાર્યની નોંધ લેવી.

૩૮. ઑક્ટોબર ૧૯૫૯માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ માટે સિન્ડિકેટે નીમેલા પ્રાશ્નિકો અને પરીક્ષકો પૈકી જેઓ પ્રાશ્નિક કે પરીક્ષક તરીકે કામ ન કરી શકેલા તેમને બદલે અન્ય નિમણૂકો કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના મજકૂર કાર્યની નોંધ લેવી.

૩૯. ઓકટોબર ૧૯૫૯માં લેવાયેલ પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની નિમણૂકોમાં કરવામાં આવેલા ફેરફારોને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના મજકૂર કાર્યની નોંધ લેવી.

૪૦. કુમારી અમીન કુમુદ છોટાભાઈને એમ.એસસી.ની પદવી માટે તેમનો મહાનિબંધ માન્ય થયેલ હોઈ તેમને તે પરીક્ષામાં પાસ જાહેર કરવા માટે ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના મજકૂર કાર્યની નોંધ લેવી.

૪૧. તલોદ ખાતે જૂન ૧૯૬૦થી આર્ટસ અને સાયન્સ કોલેજ શરૂ કરવા માટે જોડાણ માગતી શ્રી. સાબરકાંઠા મહાવિદ્યામંડળના મંત્રી તરફથી તા. ૭–૧૧–૧૯૫૯ના રોજ આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

(**નોંધ.**—સોસાયટીએ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ માટે અરજી કરી છે, જે આવ્યેથી મોકલી આપવા જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી;
૩. પ્રિન્સિપલ પ્રેમશંકર હ. ભટ્ટ; અને
૪. પ્રિન્સિપલ સી. એન. પટેલ.

૪૨. નવયુગ આર્ટસ અને કોમર્સ કૉલેજ, પોરબંદરને યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતી વ્યક્તિઓ મળતી નહિ હોવાથી સર્વશ્રી. મહેતા અને પારેખને અનુક્રમે એકાઉન્ટન્સી અને સમાજશાસ્ત્રના વ્યાખ્યાતાઓ તરીકે જ્યાં સુધી લાયક વ્યક્તિઓ નિમાય નહિ ત્યાં સુધી ચાલુ રાખવા દેવાની આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સર્વશ્રી. મહેતા અને પારેખને અનુક્રમે એકાઉન્ટન્સી અને સમાજશાસ્ત્રના વ્યાખ્યાતાઓ તરીકે વધુમાં વધુ ચાલુ સત્ર પૂરતા ચાલુ રાખવાની પરવાનગી આપવી, તથા મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું કે, નવા સત્રથી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪૩. આસામ રાજ્યમાં, ગૌહતી મુકામે તા. ૨૭થી ૨૮ ડિસેમ્બર ૧૯૫૯ દરમિયાન ભારતીય ઇતિહાસ પરિષદના ૨૨મા અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૩૧ ઑકટોબર ૧૯૫૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીની નિમણૂક કરવી.

૪૪. ટોકિયો અને ક્યોટો મુકામે, ૧૯૬૦ના જુલાઈ માસમાં "Earthquake Engineering"-ની બીજી વિશ્વપરિષદ યોજનાર હોઈ આ અંગે આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે, સેન્ટ્રલ બોર્ડ ઑફ જિયોફિઝિક્સ, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાના મંત્રી તરફથી આવેલ તા. ૫ ઑગસ્ટ ૧૯૫૯ના પત્રાંક ૪-૨-૫૯ Int. ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—જે ભારતીય વૈજ્ઞાનિકો પ્રતિનિધિ તરીકે જશે તેમને ભારત સરકારના પ્રતિનિધિ તરીકેનો મોભો મળશે નહિ તેમ જ આ અંગે કોઈ પણ ખર્ચ ભારત સરકાર ભોગવશે નહિ તેમ સરકારના પત્રમાં જણાવેલ છે)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૫. તા. ૨૪-૮-૧૯૫૯ના રોજ મળેલ વિજ્ઞાનની વિદ્યાશાખાની નીચેની ભલામણ:

"The Faculty recommends to the Academic Council that the rules of double assessment at the M Sc. Examination be so amended as to direct each Examiner to send his marks of assessment (first or the second) not to the Chairman of the Board of the Examiners as at present, but to the Registrar who shall open all marks-sheets received by him, initial them and send them to the Chairman concerned for further action."

આથી ઠરાવવામાં આવે છે કે, તમામ વિદ્યાશાખાઓની અનુસ્નાતક પરીક્ષાઓમાં, બેઉ પરીક્ષકો સ્વતંત્ર રીતે પોતાનાં ગુણપત્રકો યુનિવર્સિટીને મોકલી આપવાનું રાખે, તથા તેનો સરવાળો કરીને ઘટતું પરિણામ તારવવાનું કામ યુનિવર્સિટી કાર્યાલય કરવાનું રાખે.

૪૬. સાયકોલોજીની અભ્યાસસમિતિની તા. ૨૬-૮-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ:

"૧૯૬૦ના વર્ષમાં લેવાનારી આ અભ્યાસસમિતિને લગતા જુદા જુદા વિષયોના પરીક્ષકોની પેનલો બનાવવામાં આવી હતી. વધુમાં ઠરાવવામાં આવ્યું હતું કે બી.એ. અને એમ.એ.ની પરીક્ષાઓ માટેની પેનલ્સ નીચે "In the examination of M.A. Practical paper in Psychology, one person familiar with local laboratory should be appointed as an assistant to the Examiner" એમ ઉમેરવું.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૭. મેડિસિન અને સર્જરીની અભ્યાસસમિતિની તા. ૩-૯-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ અંગે યોગ્ય કરવા બાબત:

"૧૯૬૦ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓની આ અભ્યાસસમિતિને લગતા જુદા જુદા વિષયોના પરીક્ષકોની પેનલો બનાવવામાં આવી હતી.

(નોંધ.—આ પેનલ બનાવતી વખતે હાજર રહેલા સભ્યોએ બહુમતીથી એવો નિર્ણય કર્યો હતો કે એમ.બી., બી.એસ.ની પરીક્ષા માટે અથવા ગ્રેજ્યુએશન સુધીની પરીક્ષા માટેની સ્પેશિયાલિટીવાળા

સભ્યોને જનરલ વિષયોમાં પરીક્ષક તરીકે ન નીમવા : ઉદાહરણ તરીકે, "ચિલ્ડ્રન સ્પેશિયાલિસ્ટ"ને મેડિસિનમાં નહિ નીમવા ઇ.એન.ટી. વાળાને સર્જરીમાં ન નીમવા.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૪૮. સિન્ડિકેટના નીચેના ઠરાવો ઉપર તા. ૨૮-૯-૧૯૫૯ના રોજ મળેલ મરાઠીની અભ્યાસસમિતિની ભલામણ :

તા. ૪-૭-૧૯૫૯ના રોજ મળેલ સિન્ડિકેટના ઠરાવો

"આર્ટ્સ, સાયન્સ, કોમર્સ અને ફાર્મસીના પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમમાં ભાષાના વિષયોને માટે તે તે ભાષાઓને અંગે મૂળ એસ.એસ.સી.નું ધોરણ ધ્યાનમાં રાખીને તેની આગળ વધતી યોગ્ય ગણાય એ ધોરણે ગદ્ય અને પદ્યની પસંદ કરેલી કૃતિઓના સંગ્રહો (Selections) તૈયાર કરાવવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓનાં સૂચનો મેળવવાં.

અને

યુનિવર્સિટીનાં પ્રકાશનો તૈયાર કરવા માટે અભ્યાસક્રમ અને કયાં પ્રકાશનો તાત્કાલિક છપાવવાં તથા કયાં પ્રકાશનો ત્યાર પછી આગળ હાથ ધરવાં તે બાબત અંગેની ક્રમવાર સૂચનાઓ આપવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓને વિનંતી કરવી."

અભ્યાસસમિતિનો ઠરાવ

"વિદ્યાર્થીની સંખ્યા ઘણી જ જૂજ હોવાથી મરાઠી ભાષામાં આવી કૃતિઓના સંગ્રહો (Selections) તૈયાર કરવાની આ અભ્યાસસમિતિને જરૂર જણાતી નથી, પરંતુ સંખ્યા વધશે ત્યારે આ સવાલની વિચારણા કરવી એમ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત યુનિવર્સિટી બોર્ડ ઑફ પબ્લિકેશન્સને વિચારણા માટે મોકલી આપવી.

૪૯. સિન્ડિકેટની તા. ૨-૭-૧૯૫૯ની સભાના નીચેના ઠરાવ ઉપર પ્રાકૃત અને પાલિ, સિન્ધી તથા અંગાળીની એડ-હોક અભ્યાસસમિતિઓની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટનો ઠરાવ

"આર્ટ્સ, સાયન્સ, કોમર્સ અને ફાર્મસીના પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમમાં ભાષાઓના વિષયોને માટે તે તે ભાષાઓને અંગે મૂળ એસ.એસ.સી.નું ધોરણ ધ્યાનમાં રાખીને તેની આગળ વધતાં યોગ્ય ગણાય એ ધોરણે ગદ્ય અને પદ્યની પસંદ કરેલી કૃતિઓના સંગ્રહો (Selections) તૈયાર કરાવવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓનાં સૂચનો મેળવવાં."

પ્રાકૃત અને પાલિની એડ-હોક સમિતિની ભલામણ

"આ સમિતિનો એવો અભિપ્રાય છે કે એસ.એસ.સી.ની પછીનાં બે વર્ષ માટે યોગ્ય ગણાય તે ધોરણે ગદ્ય અને પદ્યની પસંદ કરેલી કૃતિઓના સંગ્રહો (Selections) યુનિવર્સિટી તરફથી તજ્ઞો પાસે તૈયાર કરાવવામાં આવે તે ઇષ્ટ છે."

સિન્ધીની એડ-હોક સમિતિની ભલામણ

"આ સમિતિ ઉપર જણાવેલા સંગ્રહો તૈયાર કરવાની તરફેણમાં છે.

બંગાળીની એડ-હોક સમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અત્યારે આપણી પાસે બંગાળીના વિદ્યાર્થીઓ જ નથી એટલે હમણાં આ પ્રશ્ન આ સમિતિ માટે ઉપસ્થિત થતો નથી."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ભલામણો યુનિવર્સિટી બોર્ડ ઑફ પબ્લિકેશન્સને વિચારણા માટે મોકલી આપવી.

૫૦. આપશ્રી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ ભરેલાં સત્રો મુંબઈ યુનિવર્સિટીમાં દાખલ થવા માટે જૂન ૧૯૬૦ પછી માન્ય ગણાશે નહિ તેમ જણાવતો મુંબઈ યુનિવર્સિટીના રજિસ્ટ્રારના તા. ૨૩-૧૦-૧૯૫૯નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત પર વિચારણા કરવા વાસ્તે મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓના વાઇસ-ચાન્સેલરોના સંયુક્ત બોર્ડના મંત્રીને ઘટતો પત્ર લખવો.

૫૧. વિજ્ઞાન ભવન માટે અધ્યક્ષની નિમણૂક થાય ત્યાં સુધી ખર્ચ પેટે "એડવાન્સ" આપવા બાબત તથા વિભાગો માટે અમુક હદ સુધી ખર્ચ (Sundry expenses) કરવાની સત્તા આપવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન ભવન માટે અધ્યક્ષની નિમણૂક થાય ત્યાં સુધી, ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનના રીડરોને, અને વનસ્પતિવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રના પ્રોફેસરોને, પ્રત્યેકને જે તે વિભાગના ખર્ચ પેટે રૂા. ૫૦૦ સુધીની રકમ અગાઉથી (એડવાન્સ તરીકે) આપવી, તથા તેમને રૂા. ૫૦ સુધીનો ખર્ચ મંજૂર કરવાની સત્તા આપવી.

૫૨. યુનિવર્સિટીમાં ફાઇનાન્સ ઑફિસરની નવી જગા ઊભી કરવા બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૫૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂર થયેલી વિજ્ઞાન ભવનોનાં મકાનો માટેની ગ્રાન્ટના ઉપયોગ માટે પગલાં નહિ લેવાયેલાં હોવાથી રદ કરવામાં આવી છે તેમ જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો નં. એફ. ૧૨૨-૧૪-૫૯-એસ.વાળા તા. ૧૪ ઑક્ટોબર ૧૯૫૯નો પત્ર.

(નોંધ.—ગ્રાન્ટ ફરીથી તાજી કરવા માટે વિનંતી કરવામાં આવેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૫૪. ગુજરાત યુનિવર્સિટીને મળેલી નીચે પ્રમાણેની આર્થિક સહાય (ગ્રાન્ટ)ની નોંધ લેવા બાબત:

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન

૧. લાયબ્રેરી પુસ્તકખરીદી (વિજ્ઞાન ભવનો માટે) ... રૂ. ૯૫,૦૦૦.

૨. યુનિ.ના શિક્ષકોના પગાર ખાતે ... રૂ. ૨,૩૪૬.૩૧ ન.પૈ.

૩. ડેવલપમેન્ટ ઑફ હાયર સાયન્ટિફિક એજ્યુકેશન અને રિસર્ચ ડેવિલપમેન્ટ માટે ... રૂ. ૨,૦૦,૦૦૦.

મુંબઈ સરકાર

મેઇન્ટેનન્સ ગ્રાન્ટ (આખરી હપતો) ... રૂ. ૨,૮૨,૭૮૯.

મધ્યસ્થ સરકાર

મોરફો-ફોનેમિક એનાલિસિસ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ... રૂ. ૨,૫૭૫.

નેશનલ પ્લાન ડેની ઉજવણી કરવા ... રૂ. ૪૦૦.

રામાનંદ મહાવિદ્યાલયમાં રિક્રીએશન હૉલ બાંધવા માટે (આખરી હપતો) ... રૂ. ૧૯,૦૦૦.

સેંટ ઝેવિયર્સ કૉલેજમાં રિક્રીએશન હૉલ બાંધવા માટે (આખરી હપતો) ... રૂ. ૧૧,૦૦૦.

ઇન્ડિવિડ્યુલ રિસર્ચ વર્ક્સ ફોર ફન્ડામેન્ટલ રિસર્ચ

૧૯૫૯-૬૦ : પ્રો. શ્રી. બી. સી. હલદાર, ગુજરાત કૉલેજ માટે ... રૂ. ૧૨,૯૧૯.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૫૫. ઇન્ટરનેશનલ સેન્ટરના ફાઉન્ડેશન મેમ્બર થવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળેલી રૂ. ૨૦,૦૦૦ની ગ્રાન્ટ (જાણ માટે).

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૫૬. યુનિવર્સિટીના દરેક પ્રકાશનોની એકેક નકલ સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓને વિના મૂલ્યે મોકલવા અંગે પ્રિન્સિપલ શ્રી. અ. ક. ત્રિવેદીના તા. ૩૦-૯-૧૯૫૯ના પત્રાંક ૨૯૪૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પ્રત્યેક પ્રકાશનની એક એક નકલ સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓને વિનામૂલ્યે મોકલવાનું પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદીનું સૂચન મંજૂર કરવું.

૫૭. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૧૯૫૯ સુધી લંબાવવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના મજકૂર કાર્યની નોંધ લેવી.

૫૮. શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઈ મેટર્નિટી હોમ, અમદાવાદનું નામાભિધાન "શ્રી. કનૈયાલાલ મોતીલાલ સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન

ઍન્ડ રિસર્ચ" રાખવા અંગે તથા સંસ્થાના વડા તરીકે "ડાયરેક્ટર"ના હોદ્દો રાખવા અંગે મજકૂર સંસ્થાના હંગામી ડાયરેક્ટર તરફથી આવેલ તા. ૨-૧૧-૧૯૫૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઈ મેટર્નિટી હોમ"નું નામ ફેરવીને સંસ્થાનું નામાભિધાન "શ્રી. કનૈયાલાલ મોતીલાલ સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ" રાખવાની વિનંતી મંજૂર કરવી.

૫૯. ખંભાત મુકામે જૂન ૧૯૬૦થી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને જોડાણ આપવા અંગે ખંભાત સાર્વજનિક કેળવણી મંડળના કન્વીનર તરફથી તા. ૬-૧૧-૧૯૫૯ની આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

(નોંધ.—સદરહુ કેળવણી મંડળની નોંધણીનું પ્રમાણપત્ર આવ્યેથી મોકલવા જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ કે. એલ. દેસાઈ; અને
૨. પ્રિન્સિપલ બી. પી. કોઠારી.

૬૦. ગુજરાત યુનિવર્સિટી અને તત્ત્વજ્ઞાન પરિષદના સંયુક્ત આશ્રયે, ગત વર્ષમાં તા. ૨૭ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર દરમિયાન અમદાવાદ મુકામે યોજાયેલ અખિલ ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદના ૩૩મા અધિવેશન અંગે રચાયેલ સ્વાગતસમિતિની તા. ૨૪-૯-૧૯૫૯ની સભાની નોંધ. (જાણ સારૂ).

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સ્વાગતસમિતિએ રજૂ કરેલી નોંધ તથા હિસાબો મંજૂર કરવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મજકૂર અધિવેશનના અર્થ અંગેનાં કોઈ બિલ બરપાઈ થયા વગરનાં રહ્યાં હોય તો તે અંગે ઘટતી તપાસ કરીને તે મંજૂર કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

(મંજૂર થયેલી નોંધ અને હિસાબોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૧. ફર્સ્ટ ડયર (પ્રી-યુનિવર્સિટી) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓ માટે પસંદ કરેલા પાઠો (સિલેક્શન્સ) તૈયાર કરવા બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૨૪-૧૧-૧૯૫૯ની સભામાં કરેલ નીચેના ઠરાવ ઉપર ગુજરાતીની અભ્યાસસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ડયર (પ્રી-યુનિવર્સિટી) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓ માટે પસંદ કરેલા પાઠો (સિલેક્શન્સ) રાખવા બાબતમાં મજકૂર અભ્યાસસમિતિઓનો સ્પષ્ટ મત છે. પણ ઇન્ટરમીડિયેટ પદવીના પ્રથમ વર્ષમાં પસંદ કરેલા પાઠો (સિલેક્શન્સ) રાખવાની બાબત ફરીથી વિચારણા કરવા માટે અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દીની અભ્યાસસમિતિઓને વિનંતી કરવી."

ગુજરાતીની અભ્યાસસમિતિની ભલામણ

"ઇન્ટરમીડિયેટ કક્ષાએ સંગ્રહો (સિલેકશન્સ) આપવાની તરફેણમાં આ અભ્યાસસમિતિ નથી. સ્વભાષાના અભ્યાસમાં વિદ્યાર્થી એવી કક્ષાએ આવે છે કે વિદ્યાર્થી પ્રશિષ્ટ કવિ કે સાહિત્યકૃતિનો અભ્યાસ કરી શકે.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત યુનિવર્સિટી બોર્ડ ઑફ પબ્લિકેશન્સની વિચારણા માટે મોકલી આપવી.

૬૨. સિન્ડિકેટે તેની તા. ૮–૮–૧૯૫૯ની સભામાં તાલીમ (ઇન્ટર્નશિપ) માટે નીચે જણાવેલી ત્રણ હૉસ્પિટલો માન્ય કરી છે તે અંગે દરેક હૉસ્પિટલમાં વધુમાં વધુ કેટલા તાલીમી વિદ્યાર્થીઓ (ઇન્ટર્નીઝ) મોકલી શકાય તે નક્કી કરવા બાબત.

૧. શેઠ જે. બી. મહેતા જનરલ હૉસ્પિટલ, કપડવંજ;

૨. સર તખ્તસિંહજી હૉસ્પિટલ અન્ડ ગોપનાથજી મેટર્નિટી હોમ, ભાવનગર;

૩. ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ, અમદાવાદ.

(નોંધ.—આ અંગે મેડિકલ ફેકલ્ટીના ડીનને પુછાવતાં વધુમાં વધુ ઉપરની હૉસ્પિટલોમાં અનુક્રમે ૨, ૪ અને ૪ ઇન્ટર્નીઝ મોકલી શકાય તે મુજબનો અભિપ્રાય આપ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાર્થીઓની તાલીમ (ઇન્ટર્નશિપ) માટે માન્ય કરવામાં આવેલી હૉસ્પિટલોની યાદીમાં ઉપરની ત્રણ હૉસ્પિટલોને ઉમેરવામાં આવી છે તે માહિતી તથા ડીનનો અભિપ્રાય આ યુનિવર્સિટીની બેઉ મેડિકલ કૉલેજોને જાણ માટે મોકલી આપવાં.

(નોંધ.—માન્ય થયેલી હૉસ્પિટલોમાં તાલીમ માટે કેટલા વિદ્યાર્થીઓને મોકલી શકાય તે નક્કી કરવાનું કામ, જે તે હૉસ્પિટલના સત્તાવાળાઓ સાથે ઘટતો પત્રવ્યવહાર કરીને, મેડિકલ કૉલેજોના આચાર્યોનું રહે છે.)

૬૩. ગેરરીતિઓ અને ભૂલો સંબંધમાં પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૪–૧૧–૧૯૫૯ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો:

૧. પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વિજ્ઞાનની પરીક્ષા, વિદ્યાર્થી નં. ૧૬૪૯:

આ વિદ્યાર્થીને ચાલુ વર્ષે નાપાસ ગણી તા. ૩૧–૧૨–૧૯૬૦ સુધી યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવો નહિ અને આ પરીક્ષામાં કે અગાઉ મેળવેલ છૂટ (એકઝમ્પશન્સ) રદ ગણવી.

બી.એસસી., વિદ્યાર્થી નં. ૧૭૯૨:

આ વિદ્યાર્થીનો ખુલાસો જોતાં સમિતિને લાગે છે કે, તેને ચાલુ વર્ષે નાપાસ ગણી તા. ૩૧–૧૨–૧૯૬૧ સુધી યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવો નહિ અને આ પરીક્ષામાં કે અગાઉ મેળવેલ છૂટ (એકઝમ્પશન્સ) રદ કરવી એવી જે ભલામણ કરી હતી તેમાં કોઈ ફેરફારની જરૂર નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

૬૪. તા. ૧૦-૧૧-૧૯૫૯ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનાન્સ કમિટીની તા. ૧૦-૧૧-૧૯૫૯ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની નોંધની નકલ પરિશિષ્ટ 'છ' તરીકે સામેલ છે.)

૬૫. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને બી.એસસી. બૉટાની (મુખ્ય) અને પ્રાણીશાસ્ત્ર (ગૌણ)ના વિષયોમાં જોડાણ આપવા અંગે કૉલેજના આચાર્ય તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

(નોંધ.—કૉલેજ તરફથી ડિપોઝિટની રકમ આવેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, મંજૂર કૉલેજ તરફથી ડિપોઝિટની રકમ આવશે તે અપેક્ષાએ નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રોફેસર જે. જે. ચિનોય; અને
૨. પ્રોફેસર જે. ડી. ઓઝા.

૬૬. જૂનાગઢ ખાતે જૂન ૧૯૬૦થી શરૂ કરાનાર સરકારી ખેતીવાડી કૉલેજને જોડાણ આપવા અંગે ખેતીવાડી કાર્યાલયના અમદાવાદની શાખાના વડા તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. શ્રી. વાય. ટી. દેસાઈ; અને
૨. શ્રી. એચ. એમ. દેસાઈ.

૬૭. માર્ચ ૧૯૫૯માં લેવાયેલ ઇન્ટર કૉમર્સની પરીક્ષામાં નાપાસ જાહેર થયેલ વિદ્યાર્થી નંબર ૧૧૮ને બી.કૉમ.નાં સત્રો ભરવાની છૂટ આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મંજૂર બાબતની નોંધ લેવી.

૬૮. સિન્ડિકેટના નીચેના ઠરાવ ઉપર તા. ૧૯-૮-૧૯૫૯ના રોજ મળેલ આયુર્વેદિક મેડિસિનની અભ્યાસસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"યુનિવર્સિટીનાં પ્રકાશનો તૈયાર કરવા માટે અભ્યાસક્રમ અને કયાં પ્રકાશનો તાત્કાલિક છપાવવાં તથા કયાં પ્રકાશનો ત્યાર પછી આગળ હાથ ધરવાં તે બાબત અંગેની કુમવાર સૂચનાઓ આપવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓને વિનંતી કરવી."

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેવાં પ્રકાશનો છપાવવા ઇચ્છે છે અને તે અંગે જે નિયમો તથા ધારાધોરણ નકકી કરવામાં આવ્યાં હોય તે આયુર્વેદિક મેડિસિનની સંલગ્ન કૉલેજોના પ્રિન્સિપલોને મોકલી આપવા યુનિવર્સિટીને વિનંતી કરે છે. ત્યાર પછી આ બાબતની આગળ વિચારણા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, આયુર્વેદના વિષયોને લગતાં કયાં પુસ્તકોનાં પ્રકાશનો હાથ ધરવાં જોઈએ તે અંગે સ્પષ્ટ સૂચનોની મજકૂર વિષયની અભ્યાસસમિતિ પાસેથી અપેક્ષા રહે છે એમ જણાવીને આ બાબત મજકૂર અભ્યાસસમિતિને ફરી વિચારણા માટે મોકલી આપવી.

૬૯. **"Attitude Survey of Married Persons in the Ahmedabad City towards Birth-control and Family-planning" એ વિષય પરત્વે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ મારફતે આવેલી ડૉ. તારાબેન પટેલની યોજના પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર યોજના તથા તે અંગે રૂા. ૩,૩૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો. (યોજનાની નકલ **પરિશિષ્ટ 'જ'** તરીકે સામેલ છે.)

૭૦. **"Society" (by Maclver) ના અનુવાદક શ્રી. એ. આર. દેસાઈ સાથે કરવાના કરાર બાબતમાં તેમના તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. દેસાઈના સૂચન પ્રમાણે મજકૂર બાબતમાં શું ફેરફાર કરવાનો થાય છે તે અંગે વિગતવાર નોંધ સાથે આ બાબત ફરીથી રજૂ કરવી.

૭૧. **તા. ૨૪–૧–૧૯૫૯ના રોજ મળેલ સિન્ડિકેટના નીચેના ઠરાવ ઉપર હિન્દીની અભ્યાસસમિતિની તા. ૧–૭–૧૯૫૯ના રોજ મળેલ સભાની ભલામણ:**

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ યર (પ્રી-યુનિવર્સિટી) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓ માટે પસંદ કરેલા પાઠો (સિલેકશન્સ) રાખવા બાબતમાં મજકૂર અભ્યાસસમિતિઓનો સ્પષ્ટ મત છે. પણ ઇન્ટરમીડિયેટ પદવીના પ્રથમ વર્ષમાં પસંદ કરેલા પાઠો (સિલેકશન્સ) રાખવાની બાબત ફરીથી વિચારણા કરવા માટે અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દીની અભ્યાસસમિતિઓને વિનંતી કરવી."

હિન્દીની અભ્યાસસમિતિની ભલામણ

"હિન્દીની અભ્યાસસમિતિની આ સભા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરે છે કે હાલના તબક્કે દ્વિતીય વર્ષની વિચારણા મોકૂફ રાખવી જેથી પ્રથમ વર્ષના સંપાદનના પરિણામ ધ્યાનમાં લઈ એ કામ આગળ વધારી શકાય. ૧૯૬૧ પછીનાં વર્ષો માટે પ્રથમ વર્ષના હિન્દી પાઠ્ય-પુસ્તકના સંપાદનની જવાબદારી બૉર્ડ સ્વીકારશે."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રથમ વર્ષના સંગ્રહના સંપાદન અંગેની ચોક્કસ ભલામણો રજૂ કરવા માટે મજકૂર અભ્યાસસમિતિને જણાવવું.

૭૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી ગૃહવિજ્ઞાનમાં બી.એસસી.ની પરીક્ષા પાસ કર્યા પછી મનોવિજ્ઞાનના વધારાના એક વિષયમાં પરીક્ષા આપીને નાગપુર યુનિ. ની બી.એ.ની પરીક્ષા પાસ કરીને આવતાં કુ. લીનાબેન પાઠકને જુનિયર એમ.એ. (મનોવિજ્ઞાન) માં પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. લીનાબેન પાઠકને જુનિયર એમ.એ. (મનોવિજ્ઞાન)માં પ્રવેશ આપવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું.

૭૩. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

અમદાવાદ મુકામે તા. ૩૦મી ડિસેમ્બર ૧૯૫૯થી તા. ૧લી જાન્યુઆરી ૧૯૬૦ના રોજ ભરાનાર બારમી ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉંગ્રેસના અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર અધિવેશન અમદાવાદમાં મળનાર હોઈ, નીચેના ત્રણ સભ્યોને આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે મોકલવા :

૧. પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ;
૨. પ્રોફેસર સી. આર. મહેતા; અને
૩. ડૉ. સી. એસ. શાહ.

ત્યાર બાદ સભાનું કામકાજ સમાપ્ત થયું હતું.

નં. સિં./૧૬૦૭૩૦-૫૨/૧૯૫૯
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ.
૩૦ મી નવેમ્બર, ૧૯૫૯.

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૮

સંલગ્ન કૉલેજોના તથા માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફારો ઉપર વિચારણા કરવા અને અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની સત્તરમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૩૦-૯-૧૯૫૯ના રોજ સાંજના ૪-૩૦ વાગે ઉપકુલપતિશ્રી ભગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૨.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	હાજર
૩.	પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	હાજર
૪.	પ્રિન્સિ. ટી. એ. દેસાઈ	હાજર
૫.	પ્રિન્સિ. કે. એલ. દેસાઈ	ગેરહાજર
૬.	ડૉ. એન. આર. દેસાઈ	ગેરહાજર.

૧. તા. ૨૭-૧-૧૯૫૯ના રોજ મળેલ સોળમી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા ૨૭-૧-૧૯૫૯ના રોજ મળેલ સોળમી બેઠકના કામકાજની નોંધને સભાગૃહે બહાલી આપી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. કૉલેજના વ્યાખ્યાતા તરીકે લાયક ગણવા માટે શ્રી. રમેશ ભટ્ટની આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓએ એમ.એ. પાસ વર્ગ અને બી.એ. બીજા વર્ગમાં પસાર કરી છે જેથી બે વર્ષનો ટ્યુટર તરીકેનો અનુભવ જરૂરી છે, જે અંગે તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં મહાદેવ સભાજસેવા વિદ્યાલયમાં બે વર્ષની અધ્યાપક તરીકેની બજાવેલી કામગીરી લક્ષમાં લઈને નીમવા માટે વિનંતી કરે છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શ્રી. રમેશ ભટ્ટે બી. ડી. કૉલેજમાં બે વર્ષ ટ્યુટર તરીકે કામ કરેલ હોઈ, તેઓ વ્યાખ્યાતા તરીકેની લાયકાત ધરાવે છે.

૩. પ્રો. નાગામિયાને અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે લાયક ગણવા અંગે જે. એન્ડ જે. કૉલેજ નડિયાદના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓએ બી. એ. (ઓનર્સ) (મું. યુ.) ૧૯૨૪ બીજે વર્ગ અને લંડન યુનિવર્સિટી ૧૯૩૩માં ત્રીજા વર્ગમાં અંગ્રેજી વિષય સાથે પસાર કરી છે અને ૨૪ વર્ષનો શૈક્ષણિક અનુભવ છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, લાંબો શૈક્ષણિક અનુભવ ધરાવતા હોઈ શ્રી. નાગામિયાને અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે લાયક ગણવા.

૪. શ્રી. ડી. કે. બંકરને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે લાયક ગણવા અંગે મુંબઈ રાજ્યના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી તા. ૪–૬–૧૯૫૯ના રોજ આવેલ પત્રાંક એસ.૨૪–બી. ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. બંકર બી.એ. (ઑનર્સ) બીજો વર્ગ અને એમ.એ. ત્રીજો વર્ગ અર્થશાસ્ત્ર સાથે છે. તેમને ૧૬ વર્ષનો શૈક્ષણિક અનુભવ છે અને માતૃભાષા ગુજરાતી છે. ડીનનો અભિપ્રાય, અનુભવ જોતાં લાયક ગણી શકાય એવો છે.)

11.	Leeds & Northrup, U.S.A. make P.H. Meter	,,	2,740
12.	Klott-Summerson Photo-electric Colorimeter	,,	1,472
13.	Spencer's Rotarymicrotome	,,	3,760
14.	LEITZ (German make) Model SM Laboratory Microscope	Twelve	2,098
15.	,, ORTHOLUX III Binocular Research ,,	One set	7,257
16.	,, Micro-manipulator	One	8,766

બાકીનાં ઓપરેટ્સો માટે નીચેની કંપનીના ટેન્ડર પ્રમાણે અમદાવાદ ડિલિવરીનું કુલ શું ખર્ચ આવે તે અંગેનું પત્રક તૈયાર કરી આ સમિતિની બીજી એક સભા બોલાવવી.

૧. સાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટ કું.

૨. એસોસિયેટેડ ઇન્સ્ટ્રુમેન્ટ મેન્યુ. કું.

૩. ટેક્નીવાલ ખર્ચ.

ત્યાર બાદ સભાનું કામકાજ સમાપ્ત થયું હતું.

બ્રૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "બ"
ઠરાવઠાલ નં. ૬૯

A Scheme of or the proposed Attitude Survey of Married persons in the Ahmedabad City towards Birth-Control and Family-Planning.

The problems of growing population in India is an acute one. The framers of the First Five-Year Plan observed that "the recent increase in the population of India and the pressure exercised on the limited resources of the country have brought to the fore-front the urgency of the problems of family-planning and population control" and subsequently the First and the Second Five-Year Plans have provided for the Family Planning Programmes to a certain extent. It is but natural that any programme should in its initial stage, take up the work of collecting various data on the problem as preliminary. Somehow or other, it is observed that the planners have so far not undertaken any survey work on a nation-wide scale to study the attitude of the people towards the problem of family-planning. The proposed survey attempts to form itself a miniature of such and extensive survey. The survey envisages to study the atttitude of married persons having different socio-economic environments.

Scope :

It is proposed to undertake 5% random sampling of the total married men and women falling under the age-group 15 to 14 years, which generally is a reproductive period. According to the statistics of the Census Report of 1951, there were under this age-group 17,635 married men and 10,894 married women in the Ahmedabad city area. Allowing for the increase in the number of married men and women after 1951, it can be roughly estimated that there are about 30,000 married men and women together in the Ahmedabad city area, who fall under the age-group 15 to 44 years.

Methods :

Before proceeding with the actual scheme, it is proposed to carry out a pilot survey of 1%, i.e., 300 married persons out of the toal of 30,000. The result of the pilot survey will help shaping the actual survey in view of the response enlisted towards various aspects of the problem. The questionnaire prepared on the result of the pilot survey will be filled in by the field-worker personally.

સિન્ડિકેટ (નવેમ્બર)
તા. ૧૪-૧૧-'૫૯

Budget :

Remuneration to field-workers and statistical assistants	..	Rs. 1,800
Transport charges	..	Rs. 500
Printing, Stationary and typing charges	..	Rs. 700
Overhead Charges @ 10%	..	Rs. 300
		Rs. 3,300/–

It is proposed to complete the pilot survey by June, 1959, and the actual survey by June, 1960.

February 3, 1959.

Tara Patel,
Reader in Sociology.

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P. 422 300-12-59.

મુસદ્દો

ખાનગી

સિન્ડિકેટ (ડિસેમ્બર)
તા. ૫-૧૨-'૫૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૫૯ના ડિસેમ્બર માસની સભા શનિવાર, તા. ૫-૧૨-૧૯૫૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૬. ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૭. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	હાજર
૮. શ્રી. જયંતીલાલ જી. દલાલ	હાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦. શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૫. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર
૧૬. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	હાજર
૧૮. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	હાજર.

૧. તા. ૧૪-૧૧-૧૯૬૯ના રોજ મળેલ સિન્ડિકેટની નવેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૪-૧૧-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની નવેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. "લિંગ્વિસ્ટિક સોસાયટી ઑફ ઇન્ડિયા" ની આગામી વાર્ષિક સભા, રેક્કન કૉલેજ પૂના. મુકામે તા. ૨થી ૩ જાન્યુઆરી ૧૯૬૦ દરમિયાન મળનાર હોઈ આ સભામાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓની નિમણુક કરવા વાસ્તે મજકૂર સોસાયટીના મંત્રી તરફથી આવેલ તા. ૧૭ નવેમ્બર, ૧૯૬૯ ના પત્રાંક ૪૩૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર વાર્ષિક સભામાં આ યુનિવર્સિટી તરફથી ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના રીડર ડૉ. પી. બી. પંડિતને મોકલવા.

૩. વોલ્ટર ખાતે, આંધ્ર યુનિવર્સિટીના આશ્રયે આગામી વર્ષના ફેબ્રુઆરી ૨૫, ૨૬ દરમિયાન યોજનાર ચતુર્થ પરિસંવાદ "Low Energy Nuclear Physics Symposim-1960"માં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે ભારત સરકારના અણુશક્તિ ખાતા તરફથી આવેલ તા. ૧૬-૪-૧૯૬૯ના પત્રાંક એફ. ૪૬૨-સી-૩૮-૫૯-૨૨૫ ઉપર વિચારણા કરી ફેકલ્ટી ઑફ મેડિસિનની તા. ૨૨-૮-૧૯૬૯ની સભાએ કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

૪. અધ્યાપકગણમાં થતા ફેરફાર અંગે વિચારણા કરવા અને અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સ્થાયી સમિતિ નીચેના સભ્યોની રચવી.

૧. ઉપકુલપતિશ્રી—અધ્યક્ષ;
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૩. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ;
૪. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ;
૫. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૬. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;
૭. શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ; અને
૮. શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય.

૫. વિદ્યાર્થીઓને મેડિકલ કૉલેજોમાં દાખલ કરવા અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની એકઝીકયુટિવે કરેલા ઠરાવને અનુલક્ષીને કાઉન્સિલના સેક્રેટરી તરફથી આવેલ તા. ૧૬-૪-૧૯૬૯ના પત્રાંક એફ. ૪૬૨-સી-૩૮-૫૯-૨૨૫ ઉપર વિચારણા કરી ફેકલ્ટી ઑફ મેડિસિનની તા. ૨૨-૮-૧૯૬૯ની સભાએ કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ

મેડિકલ કાઉન્સિલની એક્ઝીક્યુટિવ કમિટીએ વિદ્યાર્થીઓને મેડિકલ કૉલેજમાં દાખલ કરતી વખતે ત્રણ વરસ નોકરી કરવાની બાંયધરી લેવા બાબતના ઠરાવ બાબતના પત્ર ઉપર વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"This Faculty carefully considered the resolution passed by the Executive Committee of Indian Medical Council and came to the unanimous decision that it is against the interest of the Students to pass the resolution."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાનો ઉપરોક્ત અભિપ્રાય માન્ય રાખવામાં આવે છે અને તે અનુસાર ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના મંત્રીને ઘટતો ઉત્તર કાર્યાલયે મોકલવો.

(નોંધ.—તબીબી વિદ્યાશાખાના ઠરાવમાં "to pass the resolution" એ શબ્દો છે તે "to accept the resolution of the Medical Council of India"ના પર્યાયરૂપે છે એમ સ્પષ્ટતા કરવામાં આવી હતી.)

૬. તા. ૧૨-૧૦-૧૯૫૯ના રોજ મળેલ તર્કવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને રાજકીય તત્ત્વજ્ઞાનની નિયમેતર સમિતિની ભલામણ :

"આ એડહોક સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, બી.એ. ફિલોસોફી ગ્રુપ 'એ' અને 'બી' માં 'સામાન્ય અને સામાજિક મનોવિજ્ઞાન'ના પ્રશ્નપત્રો માટે નિદાન છ સ્વતંત્ર પરીક્ષકો હોવા જરૂરના છે કારણ કે આ વિષયોમાં વિદ્યાર્થીઓની ઘણી જ મોટી સંખ્યા હોય છે."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત તે અંગેની પરીક્ષાસમિતિના ધ્યાન ઉપર લાવવી.

૭. સિન્ડિકેટની તા. ૨૪-૧-૧૯૫૯ની સભાના નીચેના ઠરાવ ઉપર સંસ્કૃતની અભ્યાસસમિતિની ભલામણ :

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ યર (પ્રી-યુનિવર્સિટી) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓ માટે પસંદ કરેલા પાઠો (Selections) રાખવા બાબતમાં મજકૂર અભ્યાસસમિતિઓનો સ્પષ્ટ મત છે, પણ ઇન્ટરમીડિયેટ પદવીના પ્રથમ વર્ષમાં પસંદ કરેલા પાઠો (Selections) રાખવાની બાબત ફરીથી વિચારણા કરવા માટે અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દીની અભ્યાસસમિતિઓને વિનંતિ કરવી."

અભ્યાસસમિતિની ભલામણ

"ઇન્ટરમાં પસંદ કરેલા પાઠો (Selections) રાખવા નહિ પણ નિયત પાઠ્યપુસ્તકો હોવાં જોઈએ એવો આ અભ્યાસસમિતિનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી)ના અભ્યાસ માટે પસંદ કરેલા પાઠો (Selections) તૈયાર કરવા વાસ્તે મજકૂર અભ્યાસસમિતિને જણાવવું, તથા ઇન્ટરમીડિયેટ આર્ટ્સના સંસ્કૃત અભ્યાસક્રમ માટે પસંદ કરેલા પાઠો (Selections) નિયત કરવામાં આવતા નથી, તે બાબત અંગેના મજકૂર અભ્યાસસમિતિના ઠરાવની નોંધ લેવી.

૮. તા. ૪-૭-૧૯૫૯ના રોજ મળેલ સિન્ડિકેટના ઠરાવ ઉપર જર્મન અને ફ્રેન્ચની એડ-હોક સમિતિની તા. ૩૧-૮-૧૯૫૯ની ભલામણ:

સિન્ડિકેટનો ઠરાવ

"આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ અને ફાર્મસીના પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમમાં ભાષાઓના વિષયોને માટે તે તે ભાષાઓને અંગે મૂળ એસ.એસ.સી. નું ધોરણ ધ્યાનમાં રાખીને તેની આગળ વધતા યોગ્ય ગણાય એ ધોરણે ગદ્ય અને પદ્યની પસંદ કરેલી કૃતિઓના સંગ્રહો (Selections) તૈયાર કરાવવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓનાં સૂચનો મેળવવાં."

જર્મન અને ફ્રેન્ચની એડ-હોક સમિતિની ભલામણ

"Regarding the suggestions about the resolution of the Syndicate, it observed that shorter and simpler books may be prescribed fc. F.Y. and Intermediate Arts, Science and Commerce students in view of S.S.C. Examination standard."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર અભ્યાસસમિતિના ઉપરના કરાવની નોંધ લેવી, તથા પાઠ્યપુસ્તકોની ભલામણ કરતી વખતે મજકૂર સમિતિ આ ઠરાવ ખ્યાલમાં રાખી શકે છે એમ તેને જણાવવું.

૯. ૧૯૬૦ની સાલ માટે રજાઓ નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૦ના વર્ષ માટે યુનિવર્સિટી કાર્યાલય તથા તેના જુદા જુદા વિભાગો અને ભવનોનાં કાર્યાલયો માટે આ સાથે જોડેલી યાદી પ્રમાણેની રજાઓ મંજૂર કરવી. (રજાઓની યાદીની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૦. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, પૂના તરફથી આવેલ પત્ર નં. ૭૭૬/૩૨૭ (૩)-P(B), તા. ૭-૭-૧૯૫૯, અને તે સાથે "Minutes of the meeting of the Sub-Committee of the State Executive Committee of the University Planning Forums held on the 27th March, 1959."ની નોંધની સૂચના એન્જિનિયરિંગ, મેડિકલ અને એગ્રિકલ્ચરના સ્નાતકો માટે અમુક વર્ષ ગ્રામ્ય વિસ્તારોમાં કામ કર્યા પછી પદવી એનાયત કરવાની પ્રથા દાખલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચના વિચારવા જેવી છે; તે યોજનાની વિગતો આવે ત્યારે તે બાબત પર ઘટતી વિચારણા કરવામાં આવશે, એમ ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, પૂનાને જણાવવું.

૧૧. સને ૧૯૬૦ના પ્રથમ ભાગમાં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની ઑ. ૧૨૯ મુજબની તારીખોમાં ફેરફાર કરીને કાર્યાલયે સૂચવેલ તારીખોએ પરીક્ષાઓ શરૂ કરવા માટેના સમયપત્રક પર વિચારણા કરવા બાબત.

આથી હરાવવામાં આવે છે કે, ૧૯૬૦ના વર્ષના પ્રથમ ભાગમાં લેવાનારી આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવા માટે કાર્યાલયે સૂચવેલી તારીખો, સભામાં થયેલા બે ફેરફારો સાથે મંજૂર કરવી. (મંજૂર કરવામાં આવેલા કાર્યક્રમની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૨. ૧૯૬૦ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક માટેની ભલામણો કરવા માટેની "પરીક્ષા સમિતિ"માં સિન્ડિકેટ તરફથી ઑ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખા અંગેની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી હરાવવામાં આવે છે કે, ૧૯૬૦ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓ માટે, જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષાસમિતિઓ પર નીચે પ્રમાણે પ્રતિનિધિઓ નીમવા :

શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા	:	૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ, ૨. શ્રી. જયંતીલાલ દલાલ.
વિજ્ઞાનની વિદ્યાશાખા	:	૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક, ૨. ડૉ. વિક્રમ સારાભાઈ.
વાણિજ્યની વિદ્યાશાખા	:	૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન, ૨. શ્રી. બિહારીલાલ પી. શાહ.
કાયદાની વિદ્યાશાખા	:	૧. શ્રી. બિહારીલાલ પી. શાહ, ૨. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ.
તબીબી વિદ્યાશાખા	:	૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ, ૨. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ.
ઇજનેરી વિદ્યાશાખા	:	૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક, ૨. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક.
આયુર્વેદની વિદ્યાશાખા	:	ડૉ. ભાસ્કર આર. પટેલ.

૬૩. મનોવિજ્ઞાન ભવનમાં લેક્ચરર ઇન સાયકોલોજીની જગા ઉપર કામ કરતા શ્રી. ગોપાળ ડી. દાસનો પ્રોબેશન સમય તા. ૨-૧૨-૧૯૫૯ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમી કરવાનું વિચારવા બાબત.

મનોવિજ્ઞાન ભવનના મનોવિજ્ઞાનના લેક્ચરર ડૉ. ગોપાળ ડી. દાસની કામગીરી બાબત ભવનના અધ્યક્ષનો ખાનગી હેવાલ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. તેના સંદર્ભમાં મનોવિજ્ઞાન ભવનના બીજા લેક્ચરર શ્રી. વી. કે. સિંગ, કે જેમના પ્રોબેશનનો સમય સિન્ડિકેટે તેની તા. ૮-૮-૧૯૫૯ની સભામાં એક વર્ષ લંબાવવાનું ઠરાવ્યું હતું તેમની કામગીરી અંગે પણ ભવનના અધ્યક્ષનો બીજો હેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

તે પછી સભાગૃહે ઠરાવ્યું કે, શ્રી. વી. કે. સિંગને તથા ડૉ. ગોપાળ ડી. દાસને બેઉને તા. ૨-૧૨-૧૯૫૯થી પોતપોતાની જગા પર કાયમ કરવા.

૧૪. શ્રી. આર. એન. મકવાણાને તેઓ રાજીનામું આપી છૂટા થયેલા હોવાથી તેઓને આતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. એન. મકવાણાને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ ફાળાની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૫. યુનિવર્સિટીને મળેલી મકાનો માટેની ગ્રાન્ટ ઉપર વ્યાજની રકમ યુનિવર્સિટી કેપિટલ ફંડ ખાતે જમા લેવામાં આવેલી તે સામે સરકારી ઑડિટરોની ઑડિટ નોંધ નં. ૨-૩૦-૧૩૬૫૮-૧૬૫૭-૫૮, તા. ૨૧-૫-૧૬૫૮ની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૬૫૬ની સભામાં ઠરાવ્યા પ્રમાણે સરકારને જાણ કરતાં તેમના પત્રાંક L. 30/B-II-9917, તા. ૧૬-૧૦-૧૬૫૬, ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મકાનો માટેની ગ્રાન્ટ પર વ્યાજનું રૂા. ૩૧,૦૨૧·૬૮ ન.પૈ. તું જે મળતર થયું છે તે રકમ યુનિવર્સિટીના જનરલ ફંડ ખાતે જમા લેવામાં આવી નથી, પણ બાંધકામ સમિતિના ફંડ ખાતે જમા લેવામાં આવી છે, તે હકીકત ફરીથી સરકારના ધ્યાન પર લાવવી, અને મંજૂર રકમ જે મકાનોના બાંધકામ માટે સરકારે યુનિવર્સિટીને આપી છે તે મકાનોના બાંધકામ માટે ખર્ચવા વાસ્તે વપરાશે એટલે સદરહુ વાંધો રહેતો નથી.

૧૬. બાંધકામ સમિતિ ઉપર સિન્ડિકેટે નીમેલા ચાર સભ્યોની મુદત તારીખ ૧૬-૧૨-૧૬૫૯ના રોજ પૂરી થતી હોવાથી તેમની બાલી પડે તે જગાઓ પર ઓ. ૩૩ (૪) હેઠળ ત્રણ વર્ષ માટે ચાર સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૭-૧૨-૧૬૫૯થી વધુ ત્રણ વર્ષ માટે બાંધકામ સમિતિ પર સિન્ડિકેટના નીચે જણાવેલા ચાર પ્રતિનિધિઓને ફરીથી નીમવા :

૧. શ્રી. કસ્તુરભાઈ લાલભાઈ;
૨. શ્રી. નવનીતલાલ શોધન;
૩. શ્રી. ગિરધરીલાલ પો. શાહ; અને
૪. શ્રી. પ્રિન્સિપલ ડી. એ. દેસાઈ.

૧૭. પરીક્ષકો પરીક્ષાને લગતું બાનગી કામ જેવું કે ટાઇપિંગ, સાયક્લોસ્ટાઇલિંગ વગેરે બીજા પાસે કરાવે તે માટે કયા દરે મહેનતાણું આપવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રાયોગિક પરીક્ષાને લગતા પ્રશ્નપત્રો સિવાયના ટાઇપિંગના કામકાજના મહેનતાણા માટે ફુલ્સકેપ કદના એક પાના દીઠ ૫૦ ન. પૈ.નો દર મંજૂર કરવો, તથા સાયક્લોસ્ટાઇલિંગ અંગે કશું જુદું મહેનતાણું આપવું નહિ.

૧૮. બી.એસસી. અને એમ.એસસી. માયક્રોબાયોલોજી, વનસ્પતિ વિજ્ઞાન તથા પ્રાણી વિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટેના કૉલેજને અપાતા લેબોરેટરી અંગેના ખર્ચ (cost of materials)ના દર નક્કી કરવા બાબત.

(નોંધ.—ડીનની ભલામણ નીચે પ્રમાણે છે :

બી.એસસી. રૂા. ૫૦. દરેક વિદ્યાર્થી દીઠ (રૂા. ૨૫૦ ઓછામાં ઓછા.)
એમ.એસસી. રૂા. ૭૫. ,, ,, (,,)

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એસસી. અને એમ.એસસી.ની માયક્રોબાયોલોજી, વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાના ખર્ચ માટે, જે તે કૉલેજને નીચેના દર પ્રમાણે ખર્ચના પૈસા આપવા :

	પરીક્ષાનું નામ	વિષયનું નામ	દર
૧.	બી.એસસી. (સબ્સિડિયરી)	માયક્રોબાયોલોજી, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણી વિજ્ઞાન	પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂા. ૧૫.૦૦ અગર રૂા. ૧૦૦.૦૦, બેમાંથી જે વધુ હોય તે.
૨.	બી.એસસી. (પ્રિન્સિપલ)	,,	પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂા. ૨૦.૦૦ અગર રૂા. ૧૦૦.૦૦, બેમાંથી જે વધુ હોય તે.
૩.	એમ.એસસી.	,,	પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂા. ૫૦.૦૦ અગર રૂા. ૧૦૦.૦૦, બેમાંથી જે વધુ હોય તે.

૧૯. એમ.એસસી. વનસ્પતિવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે એક લેબોરેટરી આસિસ્ટન્ટને પૂર્વતૈયારી કરવા માટે એક દિવસ આપવા અંગેના ડીનના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડીનનું મજકૂર સૂચન મંજૂર કરવું.

૨૦. સને ૧૯૫૮-૫૯ના વર્ષ માટે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા માટે નિમાયેલ વ્યાખ્યાતા પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીના પોતાની તબિયતને કારણે આ વ્યાખ્યાનો નવેમ્બર ૧૯૫૯ને બદલે ફેબ્રુઆરી ૧૯૬૦માં રાખવાનું સૂચન કરતા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યાખ્યાનમાળામાં, પ્રોફેસર વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીનાં વ્યાખ્યાનો ફેબ્રુઆરી ૧૯૬૦માં રાખવા અંગેનું તેમનું સૂચન મંજૂર કરવું.

૨૧. લાયબ્રેરીના ફર્નિચર માટે રૂા. ૯,૯૭૨.૯૯ની ગ્રાન્ટ રીન્યૂ કરવા બાબત.

(નોંધ.—૧૯૫૮-૫૯ના વર્ષમાં લાયબ્રેરી ફર્નિચર માટે રૂા. ૨૦,૦૦૦ની રકમ અંદાજપત્રમાં હતી તે પૈકી રૂા. ૧૦,૦૨૭.૦૧નું ખર્ચ થયેલ છે તો બાકીની ગ્રાન્ટ ચાલુ વર્ષે રીન્યૂ કરવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરીના ફર્નિચર માટે ચાલુ વર્ષે રૂા. ૯,૯૭૨.૯૯ની રકમ મંજૂર કરવી.

૨૨. સુધારેલા ઓ. ૫૭(એ) પ્રમાણે યુનિવર્સિટી યૂથ વેલ્ફેર કમિટીની રચના કરવાની તૈયારીરૂપે નીચે જણાવેલી નિયુક્તિઓ કરવા બાબત:

(અ) ઓ. ૫૭ (એ) (૫) પ્રમાણે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર સિન્ડિકેટે નીમેલા સભ્યો પૈકી ત્રણ સભ્યોને આ કમિટી ઉપર નિયુક્ત કરવા બાબત.

(**નોંધ.**—સેનેટે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર નીચેના સભ્યોને નિયુક્ત કરેલા છે:

૧. શ્રી. પી. જી. શાહ,
૨. શ્રી. બટુભાઈ દેસાઈ,
૩. ડૉ. નાનુભાઈ દેસાઈ,
૪. પ્રિ. આર. પી. પટેલ,
૫. પ્રિ. જે. બી. સાન્ડિલ,
૬. પ્રિ. જી. આર. કોટવાલ.)

(બ) ઓ. ૫૭ (એ) (૬) પ્રમાણે યુવકપ્રવૃત્તિ કે નાટ્યપ્રવૃત્તિ તાલીમશિબિરોમાં ભાગ લીધો હોય તેવા કૉલેજના પ્રાધ્યાપકોમાંથી ત્રણ સભ્યો આ યૂથ વેલ્ફેર કમિટી ઉપર નીમવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે, મજદૂર સમિતિ પર નીચેના ત્રણ સભ્યોની નિમણૂક કરવા:

૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ;
૨. ડૉ. નાનુભાઈ ર. દેસાઈ; અને
૩. પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે, મજદૂર સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવા:

૧. ડૉ. પી. સી. વૈદ્ય;
૨. ડૉ. ધીરુભાઈ ઠાકર; અને
૩. શ્રી. હકૂમત દેસાઈ.

૨૩. આયુર્વેદ ઉપર ડૉ. પ્રાણજીવનદાસ મહેતાનાં છ વ્યાખ્યાનોની શ્રેણી અભ્યાસેતર પ્રવૃત્તિ તરીકે યોજવાનું નક્કી થયેલ હોઈ તે માટે તેમને માનદ વેતન આપવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આયુર્વેદ ઉપર છ વ્યાખ્યાનોની શ્રેણી માટે ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને માનદ વેતન તરીકે રૂા. ૩૦૦.૦૦ તથા યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ભાડું ભથ્થું આપવું.

૨૪. માણસા કેળવણી મંડળ તરફથી માણસા મુકામે જૂન ૧૯૬૦થી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા સારુ જોડાણ આપવા અંગે આવેલ વિનંતી પરત્વે અગાઉ આર્ટ્સ માટે નીમેલી સ્થાનિક તપાસસમિતિમાં વિજ્ઞાન માટે વધારાના

સભ્યો નીમવા બાબત, પીલવાઈ સાયન્સ કૉલેજ માટે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના વિજ્ઞાન અંગેના બે સભ્યોને તપાસસમિતિમાં નીમીને અને સાયન્સના વિષયના સભ્યોએ સંયુક્ત હેવાલ મોકલવા માટે ઉપકુલપતિશ્રીએ આપેલ નિમંત્રણની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—આથી સ્થાનિક તપાસસમિતિના સભ્યો નીચે પ્રમાણે થાય છે:—

૧. પ્રિ. વાય. જી. નાયક;
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી;
૩. પ્રિ. પી. એચ. ભટ્ટ;
૪. પ્રિ. સી. એન. પટેલ)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૨૫. શ્રી. એન.બી. મૂલચંદાનીનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ (રસાયણશાસ્ત્રના વિષયમાં) રેફરીએ સ્વીકાર્યો હોઈ તેમને સદરહુ પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવા વાસ્તે મહામાત્રશ્રીને ઉપકુલપતિશ્રીએ આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૨૬. મનોવિજ્ઞાન ભવનમાં મનોવિજ્ઞાનના નિદર્શક (ડેમોન્સ્ટ્રેટર)ની જગા માટે સિન્ડિકેટની વરણીસમિતિની તા. ૩-૧૦-૧૯૫૯ના રોજ મળેલી સભામાં કરેલી ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી અને શ્રી. એસ. એમ. આપટેને મનોવિજ્ઞાન ભવનમાં રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂા. ૨૦૦ના પગારથી નિદર્શક (ડેમોન્સ્ટ્રેટર) તરીકે બે વર્ષના પ્રોબેશન પર નીમવા. (વરણીસમિતિની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

***૨૬(અ). શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહા વિદ્યાલય, જામનગરની જોડાણ માટે આવેલી અરજી ઉપર તા. ૧૪-૧૧-૧૯૫૯ની સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસ સમિતિના સભ્યોમાંના શ્રી. આપાલાલ જી. વૈદ્યે પોતાની નાદુરસ્ત તબિયતને કારણે તે સભ્ય તરીકે કામ કરવાની અનિચ્છા દર્શાવી હોઈ તેમની જગ્યાએ નવા સભ્યની નિમણૂક કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી, તથા બાકી રહેલા સભ્યો ડૉ. એમ. ડી. દેસાઈ અને ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને સમિતિ તરીકે કામ કરવા અને પોતાનો રિપોર્ટ મોકલવા માટે વિનંતી કરવી.

૨૭. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના શ્રી. જી. એસ. કૂડકેની તથા એમ. એન. કૉલેજ, વિસનગરના શ્રી. કે. ટી. પતકીની અંગ્રેજીના વ્યાખ્યાતાઓ તરીકેની નિમણૂકો ચાલુ સત્ર પૂરતી માન્ય કરવા અંગે ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ તા. ૧૮-૧૧-૧૯૫૯ના પત્રાંક એસ-૨૬/૬૯.બી. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને શ્રી. જી. એસ. કૂડકેને તથા એમ. એન. કૉલેજ, વિસનગરને શ્રી. કે. ટી. પતકીને ફક્ત ચાલુ સત્ર પૂરતા અંગ્રેજીના લેક્ચરર તરીકે

* કામકાજની યાદી નં. ૨માં પહેલું કામ નં. ૨૬ ગણાવ્યું છે તે સુધારીને ૨૬(અ) ગણવું, જેથી ક્રમાંકની ભૂલ ન રહે.

કામ કરવા વાસ્તે પરવાનગી આપવી, અને મજકૂર કૉલેજના આચાર્યોને જણાવવું કે, નવા સત્રથી તેમની જગાએ યોગ્ય લાયકાત ધરાવતા લેકચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૨૮. "ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ" અને "સી.એસ.આઇ.આર.ની ફિઝિકલ રિસર્ચ કમિટી"ના સંયુક્ત આશ્રયે બેંગલોર મુકામે ફેબ્રુઆરી ૧૯૬૦ના પ્રથમ સપ્તાહમાં યોજાનાર પરિસંવાદ–"Solid Sfate Physics"માં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના ભૌતિકશાસ્ત્રના વડા તરફથી આવેલ તા. ૧૧-૧૧-૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ રૉ. વાય. જી. નાયકને મોકલવા.

૨૯. ગૌહતી મુકામે, આસામ એન્જિનિયરિંગ કૉલેજના ઉપક્રમે તા. ૧૮થી ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૦ દરમિયાન યોજાનાર "ઍસોસિયેશન ઑફ પ્રિન્સિપલ્સ ઑફ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂશન્સ (ઇન્ડિયા)"ની ૧૯મી વાર્ષિક પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે દિલ્હી યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી અને મજકૂર સંસ્થાના પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૨૫-૧૧-૧૯૫૯ના પત્રાંક ૧૧૬૨૧-૮૨૦-૦૨૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ઍસોસિયેશનની આગામી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર એમ. એમ. પટેલને મોકલવા.

(**નોંધ.**—ઇજનેરી વિદ્યાશાખાના ડીન અને સિન્ડિકેટના સભ્ય પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ, મજકૂર ઍસોસિયેશનની કારોબારી સમિતિના સભ્ય તરીકે હાજર રહેવાના છે એમ તેમણે સભામાં જણાવ્યું હતું.)

૩૦. કલકત્તા મુકામે, તા. ૨૮ થી ૩૦ જાન્યુઆરી, ૧૯૬૦ દરમિયાન યોજાનાર "ઇકોનોમેટ્રિક સોસાયટી" પરિષદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાના સ્ટેટિસ્ટિકલ એડવાઇઝરના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આંકડા-શાસ્ત્રના રીડર શ્રી. ડી. જી. વશીને મોકલવા.

૩૧. યુનિવર્સિટી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૮-૧૧-૧૯૫૯ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સ્થાયી સમિતિની તા. ૧૮-૧૧-૧૯૫૯ની સભાએ કરેલી ભલામણો મંજૂર કરવી. (મંજૂર કરેલી ભલામણો દર્શાવતી નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૨. નીચેના સભ્યો હવે સિન્ડિકેટના સભ્ય તરીકે ચાલુ રહેતા નહિ હોવાથી બૅંક ઑફ ઇન્ડિયા લિ. સાથે યુનિવર્સિટીનાં ખાતાંઓ માટે વ્યવહાર કરવા તેમની જગાએ બીજા સભ્યોની નિમણૂક કરવા બાબત :

૧. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ;
૨. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ;
૩. પ્રૉફેસર ઉમાશંકર જોશી;
૪. શ્રી. એસ. એમ. શાહ.

આથી ઠરાવવામાં આવે છે કે, બૅન્ક ઑફ ઇન્ડિયા લિ., નવરંગપુરા, સાથે (૧) યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ, (૨) યુનિવર્સિટી બિલ્ડિંગ ફંડ એકાઉન્ટ, તથા (૩) યુનિવર્સિટી ઇયરમાર્ક્ડ ફંડ એકાઉન્ટનાં ચાલુ ખાતાંઓની લેવડદેવડ કરવા માટે ઉપરના સભ્યોને બદલે નીચેના સિન્ડિકેટના સભ્યોને સત્તા આપવી :

૧. ડૉ. પી. એચ. પ્રભુ;
૨. ડૉ. વિક્રમ સારાભાઈ;
૩. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ;
૪. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક.

૩૩. ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટરના સ્થાપક-સભ્ય થવા માટે સાકરહુ કેન્દ્રને રૂા. ૨૦,૦૦૦ની ગ્રાન્ટ આપવા બાબત.

(નોંધ.—આ ગ્રાન્ટ આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આપણી યુનિવર્સિટીને રૂા. ૨૦,૦૦૦ની ગ્રાન્ટ મળેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીને ગ્રાન્ટ તરીકે મળેલી રૂા. ૨૦,૦૦૦ની રકમ, ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટરને, આ યુનિવર્સિટી તરફથી સ્થાપક-સભ્ય (Founder-member) થવા માટે ગ્રાન્ટ તરીકે આપવી.

૩૪. "Society" by MacIverના અનુવાદક શ્રી. એ.આર. દેસાઈ સાથે કરવાના કરાર બાબતમાં તેમની તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. દેસાઈના સૂચન પ્રમાણે મજકૂર બાબતમાં શો ફેરફાર કરવાનો થાય છે તે અંગે વિગતવાર નોંધ સાથે આ બાબત ફરીથી રજૂ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતમાં ઘટતું કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૫. યુનિવર્સિટી પ્રેસના જુનિયર કૉમ્પોઝિટર શ્રી. બાબુભાઈ ત્રિભોવનદાસ પરીખને તા. ૮-૧૨-૧૯૫૯ના રોજ વર્ષ પૂરું થતું હોઈ તેમને તેમની જુનિયર કૉમ્પોઝિટરની જગા પર કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી મુદ્રણાલયમાં શ્રી. બાબુભાઈ ત્રિભોવનદાસ પરીખને જુનિયર કૉમ્પોઝિટર તરીકે તા. ૮-૧૨-૧૯૫૯થી કાયમ કરવા.

૩૬. તા. ૨૩-૧૧-૧૯૫૯ના રોજ મળેલી બિલ્ડિંગ સમિતિની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, પ્રેસના મકાન તથા મૅનેજરના બંગલા માટે આવેલાં ૧૦ ટેન્ડરોમાંથી સૌથી ઓછા દર ટાંકનાર પેઢી સ્ટાન્ડર્ડ કન્સ્ટ્રકશન કું. નું ટેન્ડર રૂા. ૧,૯૦,૯૬૭. ૫૦ ન.પૈ. (બાદ ૦.૯૮ ટકા રીબેટ)નું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સેનેટ ખંડનું છાપરું વેલ્ડેડ સ્ટ્રકચરલ સ્ટીલના લેટીસ ગર્ડર્સ મારફતે આર.સી.સી.નું કરવું અને તે માટે આવેલાં ૭ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. સ્ટ્રકચરલ એન્જિનિયરિંગ વર્કર્સ લિ. નું રૂા. ૧,૦૬,૦૦૦નું તેઓના તા. ૪-૧૧-૧૯૫૯ના પત્રમાં જણાવેલી, માલસામાન અનલોડિંગ અને સ્ટોર કરવા બાબતની શરતો સિવાયની અન્ય શરતો પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

અમદાવાદ સ્ટેશનેથી અનલોડિંગ અને સ્ટોર કરવા બાબતમાં સદરહુ પેઢી સાથે ઘટતી વાટાઘાટો કરીને આ કામની તમામ જવાબદારી તેમને સોંપવા માટે અને તે અંગે જરૂરી ખર્ચ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૭. યુનિવર્સિટીના વિજ્ઞાન ભવન માટે નીચે પ્રમાણે જગાઓ ઊભી કરવા માટે જે તે વિભાગના વડા તરફથી આવેલાં સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત.

જગાનું નામ	જગા	પગારનું સૂચિત ધોરણ	લાયકાતનું સૂચિત ધોરણ
૧. સ્ટોરકીપર-કમ-ટાઇપિસ્ટ	૧	૫૫-૫-૧૧૦-ઈ.બી. ૮-૧૫૦.	એસ.એસ.સી. અને ત્રણ વર્ષનો અનુભવ.
૨. લેબોરેટરી આસિસ્ટન્ટ	૩	૧૦૦-૫-૧૫૦	એસ.એસ.સી. અને ત્રણ વર્ષનો અનુભવ.
૩. ડેમોન્સ્ટ્રેટર	૬	૨૦૦-૧૫-૩૫૦	બી. એસસી.-મુખ્ય વિષય-ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને વનસ્પતિ વિજ્ઞાનને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
૪. લેબોરેટરી તથા ઑફિસ માટે પટાવાળાઓ	૭	૩૦-૧-૪૫	યુનિ. એ નક્કી કરેલી લાયકાત.
૫. મિકેનિક-કમ-ઇન્સ્ટ્રુમેન્ટ રીપેરર	૧	૧૦૦-૮-૧૮૦	મિકેનિકલ અથવા ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનું પ્રમાણપત્ર અથવા કોઈ જાણીતા સાધનોનું સમારકામ કરતી સંસ્થામાં દશ વર્ષનો અનુભવ.
૬. ફીલ્ડ-કલેક્ટર	૧		વનસ્પતિ વિજ્ઞાનના ક્ષેત્ર (ફીલ્ડ)નો અનુભવ.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાનભવન માટે નીચે પ્રમાણે જગાઓ ઊભી કરવી :

	જગાનું નામ	જગા
૧.	સ્ટોર-કીપર-કમ-ટાઇપિસ્ટ	એક
૨.	લેબોરેટરી ઍસિસ્ટન્ટ	ત્રણ
૩.	ડેમોન્સ્ટ્રેટર	છ

આ જગાઓ માટે લાયકાત અને પગારધોરણ વગેરે વિચારીને હવે પછી તે બાબત રજૂ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાનભવન માટે પટાવાળાઓની પાંચ વધુ જગાઓ રૂા. ૩૦-૧-૪૫ના પગારધોરણમાં ઊભી કરવી.

૩૮. સ્વ. સાક્ષર શ્રી. રણછોડભાઈ ઉદયરામનો આશરે ૧૧૦૦ પુસ્તકોનો ગ્રંથસંચય યુનિવર્સિટીને ભેટ આપવા બાબતના તેઓશ્રીના પુત્ર શ્રી. કનૈયાલાલ ર. દવેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્વ. સાક્ષર શ્રી. રણછોડભાઈ ઉદયરામના આશરે ૧૧૦૦ પુસ્તકોના ગ્રન્થસંચયની ભેટનો સાભાર સ્વીકાર કરવો.

૩૯. પ્રિન્સિ. એસ. વી. દેસાઈની ફાઇનેન્સ કમિટી ઉપર ખાલી પડેલી જગા ઉપર ઑ. ૬૨ (એ) (૩) અનુસાર એક સભ્યની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—ઑ. ૬૨ (એ) (૩) નીચે પ્રમાણે છે :

"Three other persons appointed by the Syndicate from amongst its members.")

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સમિતિ પર પ્રિન્સિપલ એસ. વી. દેસાઈની ખાલી પડેલી જગાએ પ્રિન્સિપલ એમ. સી. દેસાઈની નિમણૂક કરવી.

૪૦. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-ઇકોનોમિક્સની જગા પૂરવા બાબતમાં વરણી સમિતિની તા. ૩૦-૧૧-૧૯૫૯ની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર વરણીસમિતિની ભલામણો મંજૂર કરવી, તથા તે અનુસાર રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી, ડૉ. બી. સી. દેસાઈ અને શ્રી. જે. એલ. ધોલકિયાની નિમણૂક બે વર્ષના પ્રોબેશન પર કરવી. (વરણીસમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.

૪૧. ઑ. ૮ પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ ઉપર સિન્ડિકેટની તા. ૪-૬-૧૯૫૯ની બેઠકમાં ઉત્તર-દક્ષિણ વિભાગની કૉલેજોના આચાર્યોમાંથી એક તરીકે નિયુક્ત થયેલ સભ્ય ડૉ. પી.સી. વૈદ્ય, એમ. એન.-કૉલેજ, વિસનગરના આચાર્યપદે હવે નથી તો તેમની ખાલી પડેલી જગાએ અન્ય સભ્યને નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બોર્ડ પર ડૉ. પી. સી. વૈદ્યની ખાલી પડેલી જગા પર પ્રિન્સિપલ એ. આર. દેસાઈની નિમણૂક કરવી.

૪૨. રાજસ્થાન યુનિ.ના આશ્રયે, જયપુર મુકામે "ઇન્ડિયન પૉલિટિકલ સાયન્સ એસોસિયેશન"નું ૨૨મું અધિવેશન ડિસેમ્બર ૧૯૫૯ના છેલ્લા અઠવાડિયામાં મળનાર હોઈ આ અધિવેશનમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર મંડળના સામાન્ય મંત્રી અને ખજાનચી તરફથી આવેલ તા. ૧૫ ઑક્ટોબર, ૧૯૫૯ના પરિપત્રાંક ૧૮૦/(૨૫૭) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ડી. એન. પાઠક અને શ્રી. પી. જી. માવળંકરને મોકલવા.

૪૩. અલ્લાબાદ મુકામે ચાલુ ડિસેમ્બર માસના છેલ્લા અઠવાડિયામાં "ઇન્ડિયન "ઇન્સ્ટિટ્યૂટ ઑફ લૉ"ની ત્રીજી પરિષદ મળનાર હોઈ આ પરિષદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના કાર્યકારી સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૨૭ નવેમ્બર, ૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ઇન્સ્ટિટ્યૂટની આગામી પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ એમ. એસ. પંડિતને મોકલવા.

૪૪. ચાલુ વર્ષ દરમિયાન નિયમિત તેમ જ એકસ્ટર્નલ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કામચલાઉ એનરોલમેન્ટ સર્ટિફિકેટોને કાયમી સર્ટિફિકેટો ગણી લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન નિયમિત તેમ જ એકસ્ટર્નલ વિદ્યાર્થીઓને આપવામાં આવેલાં કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફિકેટોને કાયમી સર્ટિફિકેટો તરીકે ગણી લેવાં.

૪૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૨૦-૧૧-૧૯૫૯ની સભામાં નીચે જણાવેલાઓને પીએચ.ડી.નો અભ્યાસ તેમનાં નામ સામે જણાવેલી યુનિવર્સિટી બહારના શિક્ષકોના હાથ નીચે-સામે જણાવેલા વિષયો કરવા દેવા પરવાનગી આપવાની સિન્ડિકેટને ભલામણ કરી છે, તો તે બાબતમાં વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ	યુનિ. બહારના શિક્ષક	વિષય
૧.	શ્રી. શર્મા રમાકાંત રામરાજ, એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.	ડૉ. આર. વાય. સિંગ	હિંદી
૨.	શ્રી. શુકલ અંબાપ્રસાદ નર્મદાશંકર, સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.	ડૉ. ગોવર્ધનનાથ શુકલ	હિંદી
૩.	શ્રીમતી પટેલ સુભદ્રા એન., મહિલા માધ્યવિદ્યાલય, પોરબંદર.	ડૉ. ગોવર્ધનનાથ શુકલ	હિંદી
	શ્રી. ત્રની વિષ્ણુપ્રસાદ કાળિદાસ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	ડૉ. ચંદ્રપ્રકાશસિંગ	હિન્દી

૫.	શ્રી. ગિરીન્દ્ર તનુભાઈ પંડ્યા, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.	ડૉ. એન. એમ. મૂર્તિ	મૂલોજી

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૬. માન્ય અનુસ્નાતક શિક્ષક અગર તેમના મદદનીશ શિક્ષકોની માન્યતા એક કૉલેજ અગર સંસ્થામાંથી બીજી કૉલેજ અગર સંસ્થામાં બદલી આપવા બાબતમાં બોર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૦-૧૧-૧૯૫૯ની બેઠકનો નીચેનો ઠરાવ:

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગનો ઠરાવ

"આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, નીચે જણાવેલ શિક્ષકોની માન્યતા તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે તે તે વિષયોમાં અને કૉલેજમાં બદલી આપવી.

	નામ	વિષય તથા ડિગ્રી	પ્રથમની કૉલેજ	માન્યતા બદલી આપીતે કૉલેજ અગર સંસ્થાનું નામ
૧.	શ્રી. દવે જિતેન્દ્ર અમૃતલાલ (માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ)	ગુજરાતી એમ.એ.	એમ. એન. કૉલેજ, વિસનગર.	નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદર.
૨.	શ્રી. પટેલ ચીમનલાલ નારણદાસ (માન્ય અનુસ્નાતક શિક્ષક)	અંગ્રેજી એમ.એ.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	પ્રકાશ કૉલેજ, અમદાવાદ.
૩.	શ્રી. રાવલ અનંતરાય મણિશંકર (માન્ય અનુસ્નાતક શિક્ષક)	ગુજરાતી એમ. એ.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	ડી. કે. વી. આર્ટ્સ કૉલેજ, જામનગર.
૪.	શ્રી. રાવલ અનંતરાય મણિશંકર (માન્ય અનુસ્નાતક શિક્ષક)	ગુજરાતી પીએચ.ડી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	ડી. કે. વી. આર્ટ્સ કૉલેજ, જામનગર.
૫.	શ્રી. ત્રની કનકરાય ઝેઠાલાલ (માન્ય અનુસ્નાતક શિક્ષક)	ગુજરાતી એમ.એ.	ડી. કે. વી. આર્ટ્સ કૉલેજ, જામનગર.	આર. આર. લાલન કૉલેજ, ભુજ.
૬.	શ્રી. દવે મહેન્દ્ર અમૃતલાલ (માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ)	ગુજરાતી એમ.એ.	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.	એમ. એન. કૉલેજ, વિસનગર.
૭.	શ્રી. શુકલ રમેશચંદ્ર મહાશંકર (માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ)	ગુજરાતી એમ.એ.	આર. આર. લાલન કૉલેજ, ભુજ.	શામળદાસ કૉલેજ. ભાવનગર.
૮.	શ્રી. કોટેચા મનસુખલાલ ગોપાલજી (માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ)	ઇનોર્ગેનિક કેમિસ્ટ્રી (રિક્ષણથી) એમ.એસસી.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.
૯.	શ્રી. કોટેશ્વર શ્રીનિવાસ કૃષ્ણ (માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ)	અંગ્રેજી એમ.એ.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.	પેટલાદ કૉલેજ, પેટલાદ.
૧૦.	શ્રી. મિશ્રા રામ દારાસ (માન્ય અનુસ્નાતક શિક્ષક)	હિંદી એમ.એ.	સેંટઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.
૧૧.	શ્રી. યાજ્ઞિક જે. એ. (મદદનીશ અનુસ્નાતક શિક્ષક)	ફિલોસોફી એમ.એ.	ડી. કે. વી. આર્ટ્સ કૉલેજ, જામનગર.	રામાનંદ મહાવિદ્યાલય અમદાવાદ.

૧૨.	શ્રી. પરમાર તખ્તસિંહજી વહેરાભાઈ (માન્ય અનુસ્નાતક શિક્ષક)	એમ.એ. ગુજરાતી (શિક્ષણથી)	શામળદાસ કૉલેજ ભાવનગર.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.
૧૩.	શ્રી. પંડ્યા દિનકરરાય હરિલાલ	એમ.એ. એમ.એસસી. મેથ્સ, ગ્રુપ 'એ' (શિક્ષણથી)	શામળદાસ કૉલેજ, ભાવનગર.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૧૪.	શ્રી. દેસાઈ મગનલાલ નારણજી	એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	શામળદાસ કૉલેજ, ભાવનગર."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવમાં કરવામાં આવેલી ભલામણો મંજૂર કરવી.

૪૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧૧-૧૯૫૯ની બેઠકમાં થયેલો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષયો કે શાખાઓ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

ક્રમાંક	નામ	કૉલેજ અગર સંસ્થા	વિષય	ડિગ્રી	શિક્ષણ કે સંશોધન
૧.	શ્રીમતી રાવ લક્ષ્મી	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	અંગ્રેજી	એમ.એ.	શિક્ષણ
૨.	શ્રી. કોટેચા મનસુખલાલ ગોપાળજી	એમ. પી. શાહ આર્ટ્સ કૉલેજ, સુરેન્દ્રનગર.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	શિક્ષણ
૩.	ડૉ. રાધાકૃષ્ણન	અટીરા અમદાવાદ.	ફિઝિક્સ.	પીએચ. ડી.	સંશોધન
૪.	ડૉ. પ્રફુલ્લકુમાર ગાંગુલી	શેઠ વી. એસ. જનરલ હૉસ્પિટલ, અમદાવાદ.	ડિપ્લોમા ઇન રેડિયોલોજી.	ડી.એમ. આર-ઈ.	–

વિશેષમાં ઠરાવવામાં આવે છે કે, સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના શ્રી. આર. એન. ભટ્ટને એમ.કૉમ.ના વિષયો માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી.

ત્યાર પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં ૧૭૦૨૯૦-૩૦૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, અમદાવાદ.
૨૮મી ડિસેમ્બર, ૧૯૫૯.

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૬

સને ૧૯૬૦ના વર્ષના તહેવારોની યાદી

૧	નવું વર્ષ	૧	જાન્યુઆરી	૧૯૬૦	શુક્રવાર
૨	પ્રજાસત્તાક દિન	૨૬	જાન્યુઆરી	૧૯૬૦	મંગળવાર
૩	મહાશિવરાત્રી	૨૫	ફેબ્રુઆરી	૧૯૬૦	ગુરુવાર
૪	જમશેદજી નવરોઝ	૨૧	માર્ચ	૧૯૬૦	સોમવાર
૫	ગુડી પડવો	૨૮	માર્ચ	૧૯૬૦	સોમવાર
૬	રમઝાન ઇદ (ઇદ-ઉલ-ફિત્ર)	૨૯	માર્ચ	૧૯૬૦	મંગળવાર
૭	રામનવમી	૫	એપ્રિલ	૧૯૬૦	મંગળવાર
૮	મહાવીર જયંતી	૯	એપ્રિલ	૧૯૬૦	શનિવાર
૯	ગુડ ફ્રાઇડે	૧૫	એપ્રિલ	૧૯૬૦	શુક્રવાર
૧૦	શિવાજી જયંતી	૨૭	એપ્રિલ	૧૯૬૦	બુધવાર
૧૧	બકરી ઇદ (ઇદ-ઉલ-આઝા)	૬	જૂન	૧૯૬૦	સોમવાર
૧૨	મહોરમ	૫	જુલાઈ	૧૯૬૦	મંગળવાર
૧૩	તિલક જયંતી	૧	ઓગસ્ટ	૧૯૬૦	સોમવાર
૧૪	નાળિયેરી પૂર્ણિમા	૬	ઓગસ્ટ	૧૯૬૦	શનિવાર
૧૫	સ્વાતંત્ર્ય દિન	૧૫	ઓગસ્ટ	૧૯૬૦	સોમવાર
૧૬	ગણેશચતુર્થી (સંવત્સરી)	૨૬	ઓગસ્ટ	૧૯૬૦	શુક્રવાર
૧૭	પારસી નવું વર્ષ	૩૧	ઓગસ્ટ	૧૯૬૦	બુધવાર
૧૮	ખોરદાદ સાલ	૫	સપ્ટેમ્બર	૧૯૬૦	સોમવાર
૧૯	દશેરા	૩૦	સપ્ટેમ્બર	૧૯૬૦	શુક્રવાર
૨૦	દિવાળી	૨૦	ઓકટોબર	૧૯૬૦	ગુરુવાર
૨૧	દિવાળી નવું વર્ષ	૨૧	ઓકટોબર	૧૯૬૦	શુક્રવાર
૨૨	યુનિ. સ્થાપના દિન	૨૩	નવેમ્બર	૧૯૬૦	બુધવાર

નોંધ.—નીચેના તહેવારો રવિવારના દિવસે આવતા હોવાથી રજાની યાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી.

(૧) ધૂળેટી, (૨) ગોકુલાષ્ટમી, (૩) ઇદ-એ-મિલાદ, (૪) મહાત્મા ગાંધી જન્મદિવસ, (૫) નાતાલ.

પરિશિષ્ટ "ખ"
કામકાજ નં. ૧૧

યુનિવર્સિટી પરીક્ષાઓ – ૧૯૬૦ (માર્ચ – એપ્રિલ)

	પરીક્ષા	ઓ. ૧૨૯ મુજબ આવતી તારીખ	સૂચવવામાં આવેલી તારીખ	રિમાર્ક્સ
૧	બી.એડ., ભાગ ૧	૨૧–૩–૬૦	૧૪–૩–૬૦	૭ દિવસ વહેલી
૨	,, ભાગ ૨	૭–૩–૬૦	૨૯–૨–૬૦	૭ ,, ,,
૩	ટી.ડી., ભાગ ૧	૨૧–૩–૬૦	૧૪–૩–૬૦	૭ ,, ,,
૪	,, ભાગ ૨	૨૦–૨–૬૦	૨૯–૨–૬૦	૯ દિવસ મોડી
૫	પ્રી-યુનિ. આર્ટ્સ	–	૨૨–૩–૬૦	–
૬	,, સાયન્સ	–	૨૨–૩–૬૦	–
૭	,, કૉમર્સ	–	૨૨–૩–૬૦	–
૮	ઇન્ટર આર્ટ્સ	૩૦–૩–૬૦	૩૦–૩–૬૦	ફેરફાર નથી.
૯	,, સાયન્સ	૩૦–૩–૬૦	૩૦–૩–૬૦	,,
૧૦	,, કૉમર્સ	૩૦–૩–૬૦	૩૦–૩–૬૦	,,
૧૧	બી.કૉમ.	૩૦–૩–૬૦	૩૦–૩–૬૦	,,
૧૨	એફ.વાય.ડિપ.ફાર્મ.	૩૦–૩–૬૦	૩૦–૩–૬૦	,,
૧૩	ઇન્ટર ફાર્મ.	૩૦–૩–૬૦	૩૦–૩–૬૦	,,
૧૪	ફર્સ્ટ બી.ફાર્મ	૩૦–૩–૬૦	૩૦–૩–૬૦	,,
૧૫	સેકન્ડ ,,	૩૦–૩–૬૦	૩૦–૩–૬૦	,,
૧૬	બી.એ. (જનરલ)	૪–૪–૬૦	૪–૪–૬૦	,,
૧૭	,, (સ્પેશિયલ)	૪–૪–૬૦	૪–૪–૬૦	,,
૧૮	બી.એસસી. (સબ્સિડિયરી)	૪–૪–૬૦	૪–૪–૬૦	,,
૧૯	,, (પ્રિન્સિપલ)	૪–૪–૬૦	૪–૪–૬૦	,,
૨૦	બી.ફાર્મ	૪–૪–૬૦	૪–૪–૬૦	,,
૨૧	લૉ પ્રીલિમિનરી	૧૧–૪–૬૦	૧૧–૪–૬૦	,,
૨૨	ફર્સ્ટ એલએલ.બી.	૧૧–૪–૬૦	૧૧–૪–૬૦	,,
૨૩	સેકન્ડ ,,	૧૧–૪–૬૦	૧૧–૪–૬૦	,,
૨૪	ફર્સ્ટ બી.એ., એમ.એસ.	૮–૪–૬૦	૧૧–૪–૬૦	૩ દિવસ મોડી
૨૫	સેકન્ડ ,, ,,	૮–૪–૬૦	૧૧–૪–૬૦	૩ ,, ,,
૨૬	ફર્સ્ટ એમ.બી., બી.એસ.	૮–૪–૬૦	૧૧–૪–૬૦	૩ ,, ,,

	પરીક્ષા	ઓ. ૧૨૯ મુજબ આવતી તારીખ	સૂચવવામાં આવેલી તારીખ	રિમાર્કસ
૨૭	સેકન્ડ એમ.બી., બી.એસ.	૮-૪-૬૦	૧૧-૪-૬૦	૩ દિવસ મોડી
૨૮	થર્ડ ,, ,, (ઓલ્ડ)	૮-૪-૬૦	૧૧-૪-૬૦	૩ ,, ,,
૨૯	,, ,, ,, (ન્યૂ)	૮-૪-૬૦	૧૧-૪-૬૦	૩ ,, ,,
૩૦	ડિપ. ઇન સ્પેંચ વેલ્ફેર	૧૮-૪-૬૦	૧૧-૪-૬૦	૭ દિવસ વહેલી
૩૧	એમ.એસસી. (અધર ધેન મેથ્સ.)	૧૧-૪-૬૦	૧૧-૪-૬૦	ફેરફાર નથી.
૩૨	એમ.એસસી. (મેથ્સ.)	૧૧-૪-૬૦	૧૮-૪-૬૦	૭ દિવસ મોડી
૩૩	એમ.એ.	૧૧-૪-૬૦	૧૮-૪-૬૦	૭ ,, ,,
૩૪	એમ.કૉમ.	૧૧-૪-૬૦	૧૮-૪-૬૦	૭ ,, ,,
૩૫	પી.એચડી. ટ્રાન્સ. ટેસ્ટ.	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	ફેરફાર નથી.
૩૬	બી.એસસી. (મેડ.)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૩૭	એમ.એસસી. (મેડ.)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૩૮	એમ.ડી., ભાગ ૧ (સિક્સ બ્રાન્ચીઝ)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૩૯	,, ભાગ ૨ (,,)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૦	એમ.એસ., ભાગ ૧ (ફોર બ્રાન્ચીઝ)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૧	,, ભાગ ૨ (,,)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૨	એફ. ઈ. (સી.,એમ.,ઈ.)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૩	એસ.ઈ. (સિવિલ)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૪	એસ.ઈ. (એમ. એન્ડ ઈ.)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૫	બી.ઈ. (સિવિલ)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૬	,, (મિકેનિકલ)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૭	,, (ઇલેક્ટ્રિકલ)	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૮	એમ.ફાર્મ.	૧૮-૪-૬૦	૧૮-૪-૬૦	,,
૪૯	એમ.ઈ.	૩૦-૫-૬૦	૩૦-૫-૬૦	,,
૫૦	એલએલ.એમ.	૬-૬-૬૦	૩૦-૫-૬૦	૭ દિવસ વહેલી
૫૧	એમ.એડ.	૬-૬-૬૦	૩૦-૫-૬૦	૭ દિવસ વહેલી

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૨૬

યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવન માટે મનોવિજ્ઞાનના નિર્દેશક (ડેમોન્સ્ટ્રેટર)ની જગા માટે ભલામણ કરવા વાસ્તે સિન્ડિકેટના સભ્યોની બનેલી વરણી સમિતિની એક સભા, યુનિવર્સિટી કાર્યાલયમાં શનિવાર, તા. ૩-૧૦-૧૯૫૯ના રોજ સવારના ૧૧-૩૦ વાગ્યે મળી હતી. તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. શ્રી. હિંમતલાલ પી. શુકલ	ગેરહાજર
૪. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. અંબેલાલ એમ. નાયક	ગેરહાજર
૬. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૭. ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૮. શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર
૯. શ્રી. નાનુભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૧૦. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૧. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૩. પ્રૉ. ઉમાશંકર જે. જોશી	હાજર
૧૪. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	ગેરહાજર
૧૫. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	ગેરહાજર
૧૬. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૧૭. પ્રિન્સિ. ટી. એ. દેસાઈ	ગેરહાજર

આ સમિતિ પર, નિષ્ણાત સભ્ય તરીકે મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુ પણ હાજર હતા.

નીચે જણાવેલા ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રીમતી ઘાબર એફ. કે.	હાજર
૨. શ્રીમતી વીરબાલા ગુપ્તા	હાજર
૩. શ્રી. એસ. એમ. આપ્ટે	હાજર
૪. શ્રી. અહમદ ખ્વાજા મહમદ	ગેરહાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લઈને સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું:

" શ્રી. એસ. એમ. આપ્ટેને સદરહુ જગા પર નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે. "

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ફ. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ નં. ૩૧

સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી કાયમી સમિતિની એક સભા તા. ૧૮-૧૧-૧૯૫૯ના રોજ બપોરના ૪. ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના કામકાજ માટે વિચારણા કરવા માટે મળી હતી. તેમાં નીચેના સભ્યો હાજર હતા:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર, ચેરમેન	હાજર
૨. શ્રી. એલ. આર. દેસાઈ	હાજર
૩. શ્રી. વિક્રમ સારાભાઈ	ગેરહાજર
૪. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર

શ્રી. વિક્રમ સારાભાઈનો તા. ૧૮-૧૧-૧૯૫૯નો કાગળ સભા સમક્ષ મૂકવામાં આવ્યો હતો અને તેની નોંધ લેવામાં આવી હતી.

૧. કાર્યાલયના નિયામકોનું પરીક્ષાભથ્થું નક્કી કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, કાર્યાલયના નીચે જણાવેલા ત્રણ નિયામકોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી માસિક રૂા. ૩૦નું પરીક્ષાભથ્થું પર્સનલ ઓલાવન્સ તરીકે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. શ્રી. કે. સી. જાની	.....	તા. ૧૫-૪-૧૯૫૯
૨. શ્રી. જી. એ. દેસાઈ	.....	તા. ૧૬-૨-૧૯૫૯
૩. શ્રી. એસ. વી. શાસ્ત્રી	.....	તા. ૧૬-૨-૧૯૫૯

૨. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના મકાન માટે એક સફાઈ કામદારની જગા મંજૂર કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના મકાનની સફાઈના વધેલા કામકાજ સારૂ સફાઈ કામદારની એક નવી જગા રૂા. ૩૦-૧-૪૫ ના પગાર ધોરણમાં ઊભી કરવી તથા આ અને સમાજવિદ્યા ભવનના મકાન માટે મંજૂર થયેલી સફાઈ કામદારની જગા યુનિવર્સિટી કાર્યાલયના એસ્ટેટ વિભાગ નીચે રાખવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. મનોવિજ્ઞાન ભવનની પ્રયોગશાળા માટે પટાવાળાની એક જગા ઊભી કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાન ભવનની પ્રયોગશાળા માટે વધારાના પટાવાળાની જગા ઊભી કરવાની જરૂર આ સમિતિને હાલ જણાતી નથી, તેથી તેની ભલામણ કરવામાં આવતી નથી.

૪. કાર્યાલયના ચોકીદારોને છત્રીઓ આપવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે, ચોકીદારોને તથા સફાઈ કામદારોને યુનિ.નાં ધારાધોરણ પ્રમાણે ત્રણ વર્ષે એક છત્રી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. સિન્ડર ટ્રેક માટે એક ચોકીદાર તથા ગ્રાઉન્ડ્સમેનની જગાઓ ઊભી કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે, સિન્ડર ટ્રેક, પેવેલિયન તથા યુનિવર્સિટીની છૂટી જગાની સંભાળ રાખવા તથા સિન્ડિર ટ્રેક ઉપર બાગબગીચાનું કામ કરી શકે એવા એક ગ્રાઉન્ડ્સમેનની રૂા. ૩૦-૧-૪૫ના પગારધોરણમાં એક નવી જગા ઊભી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી સ્ટાફના વર્ક-લોડની તપાસ કરવા માટે શ્રી. વાય. ડી. ખાન એપ્રિલ ૧૯૬૦ પહેલાં આવી શકશે નહિ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની નોંધ લેવી, તથા તેઓ વહેલામાં વહેલા આવી શકે તેવી વ્યવસ્થા કરવા તેઓને જણાવવું.

૭. યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા, નવી કૉલેજોનાં જોડાણો, હિસાબ, એસ્ટાબ્લિશમેન્ટ, રવાનગી વગેરેના વધેલા કામકાજ માટે કેટલીક કાયમી જગાઓ ઊભી કરવા બાબત.

૮. ૧૯૬૦ના વર્ષ દરમિયાન પરીક્ષા અને ચૂંટણી વગેરેના કામકાજ અંગે કામચલાઉ મદદનીશો નીમવા વાસ્તે રૂ. ૧૫,૦૦૦ના ખર્ચની ભલામણ કરવા બાબત.

આ બંને કામ ભેગાં સાથે લેવામાં આવ્યાં હતાં. તે અંગે લંબાણ ચર્ચાવિચારણા બાદ સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું:

(૧) કાર્યાલય માટે ૨૫ ક્લાર્ક, ક્લાર્ક-ટાઇપિસ્ટની અને ૩ લીવ વેકેન્સી મળીને ૨૮ ક્લાર્ક કે ક્લાર્ક-ટાઇપિસ્ટોની અને ૨ ટાઇપિસ્ટોની એમ કુલ ૩૦ નવી જગાઓ રૂ. ૫૫-૫-૧૧૦ ઈ.બી.-૮-૧૫૦ના પગારધોરણમાં નવી ઊભી કરવી.

(૨) કામચલાઉ મદદ માટેની જગાઓ વાસ્તે રૂ. ૧૫,૦૦૦ નું ખર્ચ મંજૂર કરવું.

નોંધ.—(૧) અને (૨) અંગે વધુમાં સમિતિએ એમ સૂચવ્યું છે કે ઓવર-ટાઇમ કામ લેવાની પ્રથાને ઉત્તેજન આપવું ન ઘટે તથા કાયમી સ્ટાફ ૩૦ જેટલો વધારવામાં આવશે તે જોતાં, તે રીતે કામ લેવાનું નહિવત્ જરૂરનું થવું જોઈએ.

(૩) ઠરાવવામાં આવે છે કે હિસાબ વિભાગમાં એક જુનિયર ક્લાર્કની જગા રદ કરીને તેને બદલે એક સુપરિન્ટેન્ડેન્ટની કક્ષાની જગા ઊભી કરવાનું વિચારવામાં આવ્યું હતું. તે પરત્વે ઠરાવવામાં આવ્યું કે આ માટે નામાભિધાન, પગારધોરણ, લાયકાત વગેરેનું શું કરવું ઘટે તે વિષે રજિસ્ટ્રાર રિપોર્ટ કરે તે પછીની સભા પર મુલતવી રાખવું.

૯. એસ્ટેટ માટે મંજૂર થયેલી પટાવાળાની જગા (વર્કમેન)ની જગામાં પટાવાળાના પગારધોરણમાં ફેરવવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મંજૂર થયેલી પટાવાળાની જગાને વર્કમેનની જગામાં રૂ. ૩૦-૧-૪૫ના પગારધોરણમાં ફેરફાર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ચ"
ઠરાવ નં. ૪૬

A meeting of the Selection Committee for recommending appointment to two posts of Readers in Economics in the University School of Social Sciences was held on Monday, the 30th of November, 1959, at 9-30 a m. at the office of the University of Bombay, Bombay. Shri M. P. Desai, Vice-Chancellor, presided. The following members were present:

1. Shri M. P. Desai, Vice-Chancellor;
2. Prof. M. L. Dantwala;
3. Prof. D. T. Lakdawala;
4. Prof. B. R. Shenoy.

Prof. C. N. Vakil and Prof. V. Y. Kohlatkar could not remain present.

The following candidates were called for interview:

1.	Shri N. G. Gujar	Present
2.	Shri R. N. Desai	Present
3.	Shri J. L. Dholakia	Present
4.	Shri K. M. Talati	Present
5.	Shri P. M. Bhatt	Present
6.	Shri Lakshmi Narayan	Absent
7.	Shri J. D. S. Paul	Absent

After interviewing the present candidates, the Committee found Shri J. L. Dholakia to be qualified and suitable for appointment as a Reader in Economics. The Committee, therefore, resolved to recommend that Shri J. L. Dholakia be appointed to one of the posts of Readers in Economics. No other candidate was found suitable for the other posts.

The Committee then took into account the following two candidates who were (vide its resolution, dated 2/3-8-58) recommended for the posts of Reader in Economics:

1. Shri B. C. Desai,
2. Miss Ranadive,

of whom the Committee learns the latter was not available.

The Committee observed that though Shri B. C. Desai does not possess the seven year's post-intermediate teaching experience (though he has acquired the necessary teaching experience under old rules which have now been revised) in view of his doctorate degree and his entire teaching experience being of five years in post-graduate work, his deficiency in experience under the revised rules be condoned. The Committee has found him otherwise suitable and recommend that he may be appointed to another post of Reader in Economics.

(Sd/-) M. P. Desai,
(Sd/-) M. L. Dantwala,
(Sd/-) D. S. Lakdawala,
(Sd/-) B. R. Shenoy.

Bombay,
30th November, 1959.

Gujarat University Press, Ahmedabad-9.